
કુમાર

સંસ્થાપક • સ્વ. રવિશંકર મ. રાવળ   આદ્યતંત્રી • સ્વ. બચુભાઈ રાવત


આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક

વર્ષ ૫૯મું • અંક ૪થો • એપ્રિલ ૧૯૮૨ • સળંગ અંક ૭૦૦

તંત્રી • બિહારીલાલ ટાંક



'રાણી રાધાજીના ઘર પછવાડે કાનુડો બંસરી વગાડે રે...'
લોકશૈલીના વિનિયોગ કરીને પોતાની આગવી ચિત્રશૈલી વિકસાવનાર
કલાકાર વિનય ત્રિવેદીની એક ભાતીગળ કૃતિ. (જુઓ આ અંકની 'કલાવાર્તા')



માથેરાનના બાળકો

કલાકાર
વજુભાઈ ભગત

માત્ર થડ દ્વારા જ સૂચિત વૃક્ષો
અને મૂંજડી રતૂમડી
પશ્ચાદ્‌ભૂની વચ્ચે, માથે બોજ
ઊંચકીને આવતા માથેરાનની
કટોડી કોમના આ બે
બાળકોના શ્યામ દેહને
કલાકારે કૌશલપૂર્વક
આ ચિત્રમાં આલેખ્યા છે.
પણ તેમાં યે પ્રથમ આકર્ષે છે
બાળકોની વિસ્ફારિત આંખો.
તેમાં આગન્તુક પ્રવાસીઓમાં
દેખાતી નગરસંસ્કૃતિ પ્રત્યેનું
વિસ્મય અને કુતૂહલ
જોવા મળે છે. કે પછી તેમાં
હજી યે પોતાની આવી હાલત
હોવા અંગેની ફરિયાદ હશે?
બંને હોઈ શકે.
પણ કલાકારે પોતાની સચોટ
ને સાદગીભરી ચિત્રશૈલીમાં
સુંદર રીતે તેની રજૂઆત
કરી છે. ચિત્રમાં સરળ
આલેખન અને સપાટ
રંગાવટમાં યે એમણે વૃક્ષોનાં
થડ તથા બાળકોના પગની
સ્થિતિ દ્વારા પૂરતું
ઊંડાણ સિદ્ધ કર્યું છે.
વજુભાઈની ચિત્રશૈલીની
આ એક લાક્ષણિકતા છે.
(બ્લૉક-કલાકારના સૌજન્યથી)

કૃતિ યોગ્ય કદના કાગળની એક જ બાજુએ પૂરતો હાંસિયો રાખીને શાહીથી જ તથા સ્પષ્ટ સુવાચ્ય અક્ષરે લખીને મોકલવી. લખાણમાં લીધેલાં અન્ય ભાષાનાં અવતરણો અનુવાદ સાથે, અને નામ, તારીખો, પારિભાષિક શબ્દો વગેરે છૂટા અક્ષરે સ્પષ્ટ લખવાં, ઇતર ભાષાનાં અલ્પ-પરિચિત નામ, ટેક્નિકલ વિષયના શબ્દો વગેરે સાથે કૌંસમાં અથવા હાંસિયામાં અલગ તેના મૂળ અંગ્રેજી, લૅટિન વગેરે જે શબ્દ હોય તે સુવાચ્ય રીતે દર્શાવવાં.

અસ્વીકૃત કૃતિ પાછી મેળવવા માટે પણ કૃતિની સાથે જ પોતાનું નામ-સરનામું લખેલું તથા પૂરતું પોસ્ટેજ લગાડેલું યોગ્ય કદનું કવર (છૂટી ટપાલટિકિટો નહિ) મોકલવું આવશ્યક છે.

લવાજમ, રવાનગી વગેરે વ્યવસ્થા અંગેનો પત્રવ્યવહાર 'વ્યવસ્થા વિભાગ' સાથે કરવો.

એપ્રિલ ૧૯૮૨

સળંગ અંક ૭૦૦

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

'કુમાર' કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત - મુદ્રણ અને પ્રકાશન-સ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિટેડ ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ - વાર્ષિક લવાજમ : રૂ. ૩૦-૦૦; પરદેશ : રૂ. ૬૦-૦૦ અથવા પાઉન્ડ ૪ અથવા ડૉ. ૧૦; છૂટક નકલ : રૂ. ૩-૦૦

ઊડણુ ચકલી / સ્નેહરશ્મિ

· મનહર ·

પંખી મારું ઊડી ગયું
મૂકી માળો સૂનો;
મને ય તે છોડી ગયું
નિતનો લેખીને જૂનો.

સમય તો ફેરા ફર્યા કરે,
સ્થાવર નહિ રે કોઈ અહીં:
રહી ગયો હું યે ભોં-ખોડાયો–
ઊડણુ ચકલી જતી રહી.

તણખલાં તાજાં લઈ પંખી
માળા પાછા બાંધે,
તનમન મારાં ખંડેરોમાં
ચીંથરાં જીરણ સાંધે.

લાજે નહીં રે
જતાં ચઢીને
કોક બીજાની ખાંધે.

અંધકારમાં પ્રવાસ : એક અનુભૂતિ

જયન્ત પાઠક

· કટાવ ·

અંધકાર ને તીર ગતિલું યાન:
આભભૂમિ વચ્ચે ના દેતી દેખા
કોઈ ભેદની રેખા;

ઉપરનીચે દશે દિશા – સૌ સરખું
બ્રહ્માંડે નખશિખ લગીનું
સળંગ જાણે અંધકારનું ઓઢેલું અંગરખું!

આઘે ઊંચે અંધકારનો ઉચ્છલ દરિયો
તરંગપટ ચંચલ તારા-પરપોટે ભરિયો
દેશપ્રાન્ત પરદેશ –

શાન્ત હવે સૌ સીમસરહદની માયા
તરતુંઊડતું વ્યોમભોમમાં જાણે કેવલ મન
ના ક્યાંય યાન કે કાયાની કળું છાયા!

મારી ભીતર / પન્ના નાયક

· ગાન ·

આભ આખું દીવાલ થઈ કનડતું રહ્યું
મારી ભીતર એક પંખી ફફડતું રહ્યું.

એ તો ચૂગે છતાં ય કાંઈ ચૂગે નહીં
તરસ છીપે નહીં તરસ ઊગે નહીં
આંખ કોરી ને આંસુ એક દડતું રહ્યું...
મારી ભીતર એક પંખી ફફડતું રહ્યું.

મને સળિયાની લોખંડી માયાની ભીંસ
એક કરમાયા ફૂલ જેવા પીંછાની ચીસ
કોઈ કોરી કોરીને કરડતું રહ્યું
એનું ઝેર મને ધીમેથી ચડતું રહ્યું...
મારી ભીતર એક પંખી ફફડતું રહ્યું.

હાઈકુ

રાજેન્દ્ર શાહ

નીલ અંચલે
ધરતી ઝીલે નીર–
આભનું હૈયું.

*

અંધાર–અબ્ધિ
તે આચમની–જલ
ઘરને દીવે.

*

ઉદર અન્ન
પશુ વાગોળ્યા કરે
શૂન્ય થૈ વેળા.

*

ઝરણું ગાતું
જાય નર્તતું: લાધી
વગડે શાન્તિ.

*

શ્વેત કમલ
મહીં શ્યામ ભ્રમર:
તારે લોચન.

હું / હસમુખ મઢીવાળા

· ગઝલ ·

હું શબ્દ એકાકી અને હું શબ્દ ફેરો ફોશ છું,
હું જ ગંભીર મૌન છું ને મૌનનો પ્રતિઘોષ છું.

એક પડખે વજ્ર છું ને એક પડખે પુષ્પ છું,
હું જ આશુરોષ છું ને હું જ આશુતોષ છું.

હું હર્ષની છું વેદના ને હું વ્યથાની ચેતના,
હું જ માનવમાત્રના અસ્તિત્વનો આક્રોશ છું.

હું જ રણની રેત છું ને હું જ રણનું ઝાંઝવું,
હું જ જલની તૃપ્તિ છું ને હું જ જલનો શોષ છું.

હું વિધાતા થઈ લખું છું લેખ છઠ્ઠીના બધા,
હું જ જગનો જોષી છું ને હું જ જગનો જોષ છું.

હું જ મય છું, હું જ પ્યાલી, હું જ મયનું ઘેન છું,
પ્રત્યેક ક્ષણુ છું ભાનમાં, પ્રત્યેક ક્ષણુ બેહોશ છું.

હું ચૈત્ર છું, આષાઢ છું, હું ઘામ છું, હું ભેજ છું,
હું જ ઠંડીથી થથરતો માગસર છું, પોષ છું.

ઇચ્છા થાય છે / ચિનુ મોદી

· ગઝલ ·

પાંદડાને પિંજરું બનવાની ઇચ્છા થાય છે,
ડાળથી પંખી ઊડે તો ઝાડ બ્હૌ સૌરાય છે.

ખૂબ ખપ લાગ્યો હતો એકાંત ભરવામાં મને
આપ્તજન આ આયનો પણુ છેવટે તરડાય છે.

નામ-સરનામું કદી હોતું નથી વાદળ ઉપર
એ ય મારી જેમ, રણુની રેતમાં ઝીંકાય છે.

તેં મને મુઠ્ઠીમાં પકડાવી દીધો'તો જે બરફ
એ બરફ વરસોથી મારી મુઠ્ઠીમાં સચવાય છે.

પુષ્પ ઝાકળને ત્યજી દે, એ પછી ઝાકળ ઉપર
શી વીતે છે, એ ફક્ત 'ઈર્શાદ'ને સમજાય છે.

ધર્મગ્રંથોના મનસ્વી અર્થઘટનોનાં કારણે અનેક સંપ્રદાયો અને મતમતાંતરોમાં છિન્નભિન્ન બની ગએલા ભારતમાં, પોતાના અલ્પ આયુષ્યકાળમાં આસેતુ-હિમાલય દિગ્વિજયયાત્રા કરીને પોતાના કેવલાદ્વૈત મતનું પ્રતિપાદન કરી દેશ સમસ્તને એકસૂત્રે સંગઠિત કરનાર; અનેક ગ્રંથો તથા સંખ્યાબંધ મધુર સ્તોત્રો રચી ભ્રાંતચિત્ત અને મૂઢવિકલ બની ગએલી પ્રજામાં પુનઃ ધર્મજાગૃતિ પ્રકટાવીને વૈદિક ધર્મની યશદુંદુભી ગાજતી કરનાર ઋષિતુલ્ય મહાન દાર્શનિક 'શંકરસમ'



આદ્ય શંકરાચાર્ય

લેખક · પ્રફુલ્લ રાવલ

ભારતના અનેક પ્રાચીન મહાપુરુષોની જીવનલીલાનાં વૃત્તાન્ત એમના ભક્તોની અસીમ શ્રદ્ધા દ્વારા કલ્પિત અલૌકિક ઘટનાઓ અને ચમત્કારોથી રંગાએલાં મળે છે. આદ્ય શંકરાચાર્યનાં જીવનવૃત્તાન્તો પણ એમના યુગ પછી અનેક વર્ષો બાદ એમના અનુયાયીઓ દ્વારા લખાએલાં 'શંકર-દિગ્વિજયો'માં સંકલિત છે. આ વિવિધ વૃત્તાન્તોમાં પણ અનેક મતાંતરો જોવા મળે છે. અહીં એ ઋષિ-તુલ્ય મહાપુરુષના દિવ્ય વ્યક્તિત્વની અને જીવનની ઝલક માત્ર આપી છે.

◁ રેખાચિત્ર 'સમર્પણ'ના સૌજન્યથી

સાંસ્કૃતિક અવ્યવસ્થા અને કટોકટીના કાળમાં તાત્ત્વિક વિચારકો ને બુદ્ધિમાન આગેવાનોની ખોટ ભારતને ક્યારેય સાલી નથી, બલ્કે એવા સમયે ભારતને માર્ગદર્શન આપનાર, સમાજને દોરનાર અને ભારતના સાંસ્કૃતિક અસ્તિત્વને બુદ્ધિમાન પુરુષોની એક પરંપરા આપણે ત્યાં ઊભી થઈ છે. આ પરંપરાથી ભારતની ભાવાત્મક એકતા ટકી રહી છે. એ તત્ત્વજ્ઞાની અને વિચારક ઋષિઓની પરંપરા છે. આ પરંપરામાં અદ્વૈત સિદ્ધાંતના પ્રચારક તત્ત્વચિંતક આચાર્ય શંકરનું સ્થાન અનોખું છે, અનુપમ છે. બત્રીસ વર્ષની જીવનમર્યાદામાં શંકરનું તત્ત્વાચતન અને બૌદ્ધિક સિદ્ધિના સર્વોચ્ચ શિખર પરનું આરોહણ એ વિશ્વના ઇતિહાસની એક ઉજ્જ્વળ-અનોખી ઘટના છે.

ભારતની સાંસ્કૃતિક એકતાને સહુ પ્રથમ આઘાત પહોંચ્યો ઈસુના પાંચમા શતકમાં. એ પછી વિદેશી આક્રમકોના સતત આક્રમણથી અને બૌદ્ધો-જૈનોની અલગ વિચારધારાએ ભારતનું સાંસ્કૃતિક ઐક્ય ક્રમશઃ જોખમાતું ગયું. ઈસુનો આઠમો સૈકો એ અંધાધૂંધી, અવ્યવસ્થા અને ધાર્મિક અરાજકતાનો કાળ હતો. સમાજવ્યવસ્થા છિન્નભિન્ન થવાની અણી પર હતી. હિંદુ ધર્મ અનેક સંપ્રદાયોમાં વિભક્ત થવાની સ્થિતિએ પહોંચ્યો હતો. સંપ્રદાયમાં પણ વાડાઓ હતા. હિન્દુ ધર્મશાસ્ત્રનાં સ્વૈચ્છિક અર્થઘટનો થતાં હતાં. ધર્મ-ખંડનની પરંપરા ચાલી રહી હતી. માનવસમાજને સાચું માર્ગદર્શન આપી શકે તેવો કોઈ ધાર્મિક નેતા નહોતો. શાસ્ત્રોમાં નિરૂપિત સિદ્ધાંતોની અવગણના થતી હતી. ધર્મની હાંસી ઉડાવાતી હતી. વેદ જેવા ધર્મગ્રંથનું ખંડન થતું હતું. અને તેમાંના સિદ્ધાંતોનું વિસ્મરણ થતું હતું. વિભિન્ન સંપ્રદાયોની હુંસાતુંસીએ પરસ્પર વેરભાવની આગ મૂકી હતી. ધર્મથી શાતા મળવી એક બાજુ રહી, તે જ અશાંતિનું મૂળ બની રહ્યો હતો. ધર્મ શાંતિનો જનક છે એ મહાસત્યનું વિસ્મરણ થયું હતું. આવી વિષમ પરિસ્થિતિમાં આચાર્ય શંકરનો જન્મ થયો.

શંકરાચાર્યના જન્મ અંગે વિભિન્ન મતો છે. ડૉ. વિન્સેન્ટ ને નિખિલનાથ રાયનો મત શંકર ઈ. પૂર્વે પાંચમી સદીમાં થઈ ગયાનો છે. ભાસ્કરાચાર્ય શંકર ઇ. પૂર્વે ૪૯માં થયા હોવાનું જણાવે છે. 'કેરલો-ત્પત્તિ'માં શંકરનો સમય ઈ. ૪૦૦ની આસપાસનો દર્શાવ્યો છે. ભાષ્યાચાર્ય છઠ્ઠી શતાબ્દીમાં શંકરાચાર્ય થઈ ગયાનું જણાવે છે. મેક્સમુલર, બુહ્લર, ફ્લીટ, વેબર, કૃષ્ણસ્વામી, રામનારાયણ શર્મા, યજ્ઞેશ્વર શાસ્ત્રી, નીલકંઠ ભટ્ટ, ગૌરીશંકર ઓઝા ઇત્યાદિ વિદ્વાનો ઈ. ૭૮૮ થી ૮૨૦ના ગાળામાં શંકરાચાર્યનો જન્મ થયો હોવાનું માને છે. ડૉ. રાધાકૃષ્ણ આ જ મતને સમર્થન આપે છે. જ્યોતિષના આધારે પિચ્ચુ ઐયર અને ડૉ. પિલ્લાઈ ઈ. ૮૦૫માં તેમનો જન્મ થયો હોવાનું માને છે. આ વિભિન્ન મતો પૈકી બુદ્ધ પૂર્વે શંકરનો જન્મ થયો માનવો ઉચિત નથી. શંકર કુમારિલ ભટ્ટના સમકાલીન હતા. કુમારિલ ભટ્ટે જૈમિનીના મીમાંસાસૂત્ર પર ટીકા લખી છે. જેમાં કાલિદાસનો ઉલ્લેખ છે, જેનાથી તે કાલિદાસના સમકાલીન કે ઉત્તરકાલીન હોવાનું સમર્થન મળે છે. કુમારિલનો સમય ઈ. ૭૦૦ પૂર્વે નથી. એ જ રીતે ભર્તૃહરિ ઈ. ૭૦૦ પૂર્વે નથી. એ જ રીતે ભર્તૃહરિ ઈ. ૬૦૦ પૂર્વે નથી થયા અને શંકર ભર્તૃહરિના ઉત્તરકાલીન છે. શંકરના 'સૌન્દર્ય લહરી'માં 'દ્રાવિડશિશુ'નો ઉલ્લેખ છે તે રાજા સાતમી સદીમાં થઈ

ગયો હોઈ શંકરનો સમય એ પછીનો લેખી શકાય છે. આ વિભિન્ન મતોમાં ઈ. સ. ૭૮૮માં શંકરનો જન્મ થયો એ મત વિશેષ શ્રદ્ધેય છે. આમ, શંકરનો જન્મ ઈ. સ. ૭૮૮માં વૈશાખ સુદ પાંચમ ને રવિવારે આર્દ્રા નક્ષત્રમાં કેરળમાં આવેલા કાલડી નામના ગામમાં વૈદિક ક્રિયાકાંડના આગ્રહી અને જ્ઞાતા એવા નામ્બૂદરી બ્રાહ્મણ કુટુમ્બમાં થયો હતો. કાલડી આજના એરનકુલમ જિલ્લાના આલવાઈ તાલુકામાં પેરિયર અથવા પૂર્ણા કે ચૂર્ણા નદીના કિનારે આવેલું છે. એમના પિતાનું નામ શિવગુરુ હતું. માતાનું નામ હતું આર્યમ્બા. સતી અને વિશિષ્ટા એમનાં અપર નામો હતાં. શિવગુરુના પિતાનું નામ વિદ્યાધિરાજ હતું. તેઓ સદાશિવના પરમ ભક્ત હતા. વળી, વિદ્યાપ્રેમી હોઈ એમણે શિવગુરુને વેદાદિનું અધ્યયન કરાવ્યું. શિવગુરુનું મન બાળવયે જ સંસારથી વિરક્ત થવા માંડયું અને એમને સંન્યાસ લેવાની પ્રબળ ઇચ્છા જન્મી. વિદ્યાધિરાજને આ વાતની જાણ થતાં એમણે પુત્રને સમજાવીને મઘ નામના પંડિતની પુત્રી સાથે લગ્ન કરાવ્યું. શિવગુરુ સંસારી બન્યા, પરંતુ એમનું મન સદાય સંસારથી અલિપ્ત રહેતું. અવારનવાર સંન્યાસ લેવાની ઇચ્છા જાગતી. એ સંસારી હોવા છતાં એમનું મન સંન્યાસી રહ્યું હતું. આમ સંન્યસ્ત ધારણ કરવાની સતત મનીષાવાળા પિતાના સંસ્કારો શંકરને જન્મથી મળ્યા હતા, જે સંસ્કારોના બળે જ શંકરે બાળવયે સંન્યાસ ધારણ કર્યો હશે.

સંન્યાસી થવાની આકાંક્ષાવાળા શિવગુરુ અને વિદ્યાપ્રિય પંડિતની પુત્રી આર્યમ્બા એ ઉભયનું દામ્પત્યજીવન આદર્શ અને ભક્તિવાન હતું. બન્ને શિવનાં પરમ ભક્ત હતાં. પરંતુ આ પરમ શિવભક્ત દંપતીને સંતાનની ખોટ હતી. કાલડીની નજીકમાં વૃષ નામનો પર્વત છે. આ પર્વત પર કેરળના રાજવી રાજશેખરે મહાદેવનું એક સુંદર મંદિર બંધાવીને શિવલિંગની સ્થાપના કરી હતી. એ સ્થાન મોટું શિવક્ષેત્ર ગણાતું હતું. આજે ય લોકો એને તિરુકુર તરીકે ઓળખે છે. દક્ષિણમાં 'તિરુ' એ શબ્દ પવિત્ર સ્થળની પૂર્વે લાગે છે. આ સ્થળે મહાશિવના સાન્નિધ્યમાં માસ-બેમાસ રહેવું, ત્યાં જ સ્નાનાદિ કર્મો કરવાં, વિરામ પણ ત્યાં જ લેવો અને દેવને પ્રસન્ન કરીને તેમના ઔદાર્યની પ્રતીક્ષા કરતાં રહી શિવને ભજવાની પરંપરા ચાલે છે. આ પરંપરાને 'ભજન' એવું નામ અપાયું છે. 'ભજન' શબ્દ મૂળે સંસ્કૃત 'ભજ' ભજવું પરથી વ્યુત્પન્ન થયેલો છે. આ ભજનનો પારંપારિક રિવાજ આજપર્યન્ત ચાલુ છે. જે આ પ્રકારનું ભજન કરતા તેના પર ભગવાનની કૃપા વર્ષતી. શિવગુરુ-આર્યમ્બાએ આ સ્થળે ઉક્ત પ્રકારનું ભજન કરીને વૃષપર્વતના મહાસદાશિવની કૃપા મેળવી અને આ દંપતીના ઘરે મોટીવયે પુત્રનો જન્મ થયો. આ પુત્રજન્મ માટે એક અનુશ્રુતિ એવી છે કે આ દંપતીના ભજન પછી સ્વયં સદાશિવે શિવગુરુ અને આર્યમ્બાને સ્વપ્નમાં આવીને પૂછેલું : 'તમારે સો પુત્રો જોઇએ છે કે એક? જો તમો સો પુત્રો ઇચ્છશો તો તે લાંબું જીવશે, પરન્તુ તેઓ મૂર્ખ રહેશે અને જો તમે એક જ પુત્ર ઇચ્છશો તો તે અલ્પ આયુષ્યવાન પણ સર્વજ્ઞ બનશે.' શ્રદ્ધાળુ દંપતીએ આપેલો ઉત્તર કેવો અદ્‌ભુત હતો!! 'ભગવન્, કૃપા કરીને અમારી પરીક્ષા ન કરશો. જે તમો ઇચ્છો છો તે પ્રમાણે કરો.' દંપતીના ભક્તિભાવભર્યા આવા નમ્ર ઉત્તરે સદાશિવે પ્રસન્ન થઇને કહ્યું કે: 'હું સ્વયં તમારે ત્યાં પુત્ર રૂપે અવતરીશ, પરન્તુ હું વિશ્વ પર અલ્પ વર્ષો જ રહીશ.' આ દિવ્ય વાણીના શ્રવણ પછી જાગ્રત થયેલાં શિવગુરુ-આર્યમ્બા પોતાના નિવાસસ્થાન કાલડી પાછાં ફર્યાં. ભજનના સમારાધન રૂપે બ્રાહ્મણોને બ્રહ્મભોજન કરાવ્યું, એ પછી એમને ત્યાં પુત્ર રૂપે શિવ અવતર્યા. આ પુત્ર એ જ આદ્ય શંકરાચાર્ય. એમને શંકરના અવતાર રૂપે ઓળખવાની અનુશ્રુતિ પ્રચલિત છે. જન્મથી અગિયારમા દિવસે એમનું નામકરણ થયું. શિવની કૃપાથી પુત્રનો જન્મ થયો હોઈ શિવગુરુએ એનું શંકર નામ પાડયું. આ શંકરનો જન્મ નંદન વર્ષના આર્દ્રા નક્ષત્રમાં કર્ક લગ્નમાં થયેલો એવો મત છે. કેન્દ્રમાં લગ્નસ્થાને ગુરુ હતો અને સાતમે મંગળ હતો. મેષનો સૂર્ય, વૃષભના બુધ-શુક્ર અને મિથુનનો ચંદ્ર તથા તુલાનો શનિ હતો.

શિવગુરુના પિતા વિદ્યાધિરાજ એ મંદિરના પરમ ઉપાસક હતા. ગાયના ઘી વડે અભિષેક કરતા હતા. કેરળના બ્રાહ્મણો વેદના પ્રખર અભ્યાસી ગણાય છે. વેદાધ્યયન સમયે મૃગચર્મ ઓઢવાની પરંપરા હતી, જે આજ સુધી થોડાક ફેરફારથી પ્રચલિત છે. આવા બ્રાહ્મણ કુટુમ્બમાં વેદના સમુદ્ધારાર્થે શંકરનો જન્મ થયો હતો.

બાળપણથી શંકર અતિ બુદ્ધિમાન હતા. માત્ર ત્રણ વર્ષની અલ્પ વયે એમણે માતૃભાષાનું જ્ઞાન ઉપલબ્ધ કરી લીધું હતું. પાંચ વર્ષના થતાં સંસ્કૃત પર પ્રભુત્વ મેળવી લીધું. પિતાની ઇચ્છા પુત્રને ઉપનયન સંસ્કાર આપવાની હતી. એ સમયમાં ઉપનયન સંસ્કાર સાત વર્ષે આપવાની પરંપરા હતી. પરન્તુ બ્રહ્મતેજ ધરાવનારને આ સંસ્કાર પાંચ વર્ષે પણ અપાતા. એ દૃષ્ટિએ શંકરને પાંચ વર્ષની વયે ઉપનયન સંસ્કાર આપવામાં આવ્યા. એ પછી શંકર ગુરુને ત્યાં વેદાદિના અધ્યયન અર્થે ગયા અને આઠ વર્ષની વયે વેદ અને શાસ્ત્રોમાં પારંગત થઇને ગુરુને ત્યાંથી ઘેર પાછા ફર્યા. એ દરમિયાન પિતા શિવગુરુનું અવસાન થયું હતું. આથી શંકરના ઉછેરની સઘળી જવાબદારી આર્યમ્બા પર આવી પડી. આર્યમ્બા શંકર સંસારી બને તેમ ઇચ્છતાં હતાં. પુત્ર લગ્નગ્રંથિથી જોડાય તેવી એમની શુભ ભાવના હતી. પરન્તુ વેદાદિનું ઊંડું અધ્યયન કરનાર અને સંન્યાસી બનવા જેમનું મન સતત ઝંખતું એવા પિતા શિવગુરુના પુત્ર શંકરનું મન માયાવી દુનિયાથી પર હતું. માતા પુત્રના લગ્નનું ચિંતન કરતી હતી તો પુત્ર સંન્યાસી બનવાનો નિશ્ચય કરીને બેઠો હતો. સંન્યાસી થવા માટે પુત્રને માતાની સંમતિની આવશ્યકતા હતી. પણ આર્યમ્બા સંમતિ આપે તેમ નહોતાં. આથી સંન્યસ્ત ધારણ કરવાની ઇચ્છાવાળા પણ માતાની સંમતિની પ્રતિક્ષા કરતા શંકર કાલડીમાં માતા સાથે રહેવા લાગ્યા, અને શુભ ઘડીની રાહ જોતા માતૃસેવા કરવા લાગ્યા.

એવામાં એક દિવસ માતા આર્યમ્બાનું સ્વાસ્થ્ય સહેજ કથળ્યું. અશક્તિનો અનુભવ થવા માંડયો. આથી આર્યમ્બાએ શંકરને પોતાને નદીએ સ્નાનાર્થે લઇ જવાની ઇચ્છા દર્શાવી. માતૃ-આજ્ઞાપાલક શંકર માતાને નદીએ લઇ ગયા. આર્યમ્બાએ સ્નાન કર્યું. એ પછી શંકરે સ્નાનાર્થે જળમાં પ્રવેશ કર્યો. માતા આર્યમ્બા કિનારે ઊભાં-ઊભાં બાળક શંકરને જોઈ હરખાતાં હતાં. એટલી વારમાં સ્નાન કરતા શંકરની ચીસ સંભળાઇ. નદીનો મગર શંકરનો પગ ખેંચી રહ્યો હતો. આર્યમ્બા એ જોઈ ભયભીત બની ગયાં. ત્યારે શંકરે માતાને કહ્યુ: 'હવે મારો અંતકાળ નજીક છે. જો હું માનસિક રીતે પણ સંન્યસ્ત ગ્રહણ કરું તો કદાચ મને પુનર્જન્મ મળી રહે! એ માટે તારી અનુમતિ આવશ્યક છે. તું મને સંન્યાસી થવાની અનુમતિ આપે તો કદાચ હું બચી જાઉં. હું સંન્યાસ નહિ ગ્રહણ કરું તો યે મૃત્યુ તો નિશ્ચિત છે. એ મૃત્યુ સારું નહિ હોય. તું પુત્ર ગુમાવીશ અને તારા અંતિમ સંસ્કાર કરનાર પણ કોઈ નહિ હોય. હું સંન્યાસ લઇશ તો પણ તારા અંતિમ સંસ્કાર કરવા તો આવીશ જ.'

મગરના મુખમાં સપડાયેલા પુત્રને ઉગારી લેવા આર્યમ્બાએ તેને સંન્યાસી થવાની અનુમતિ આપી. અનુમતિ મળતાં પાણીમાં જ શંકરે મનોમન સંન્યાસ ગ્રહણ કરી લીધો, અને એ સાથે જ મગરે શંકરના પગને છોડી દીધો. શંકર માટે એ શુભ ઘડી હતી. વૈદિકધર્મ માટે પણ એ ઉત્તમ ઘડી હતી. નદીમાંથી શંકર બહાર આવ્યા. માતા આર્યમ્બા

પોતાના અદ્વૈત સિદ્ધાંતની પ્રસ્થાપના માટે આદિ શંકરાચાર્યે અનેક ગ્રંથો રચ્યા. લગભગ બસો ઉપરાંત ગ્રંથો એમના નામે નોંધાયા છે, પણ આ સંખ્યા શંકાસ્પદ મનાય છે. આચાર્ય પછી શંકરપીઠ પર અધિષ્ઠિત અનેક વિદ્વાન આચાર્યોએ પણ આદ્ય શંકરાચાર્યના સિદ્ધાંતોને સ્પષ્ટ કરતી અનેક ગ્રંથરચનાઓ કરી છે. આ સઘળા આચાર્યો પણ શંકરાચાર્ય નામે ઓળખાતા હોઈ એમની રચનાઓ પણ આદ્ય શંકરાચાર્યની ગણાઈ જતી હોય એમ બને. એટલે ગ્રંથની અંતરંગપરીક્ષાના આધારે સંશોધકોએ આદ્ય શંકરાચાર્યની જે કૃતિઓ તારવી છે તેમાંની મુખ્ય અહીં દર્શાવી છે.

પ્રસ્થાનત્રયી પરનાં ભાષ્યો : પ્રસ્થાન શબ્દનો અર્થ અહીં 'ગમન' નહિ પણ 'માર્ગ' છે. વેદાન્તનાં ત્રણ પ્રસ્થાન એટલે ત્રણ માર્ગ : (૧) શ્રુતિ અર્થાત્ ઉપનિષદો, (૨) સ્મૃતિ એટલે કે ગીતા તથા (૩) સૂત્રો એટલે બ્રહ્મસૂત્રો. આ ત્રણ સ્થાનેથી આધ્યાત્મની યાત્રા આરંભીને છેવટ પરબ્રહ્મ પર્યંત પહોંચાય છે. આમ, આ ત્રણે ગ્રંથો બ્રહ્મ એટલે સત્ય સુધી પહોંચાડે છે. આચાર્યે તેના પર ભાષ્યો લખ્યાં છે.

* બ્રહ્મસૂત્રભાષ્ય : શંકરાચાર્યની સર્વાંગસુંદર અને પ્રૌઢ પ્રગલ્ભ રચના. સૂત્રાત્મકતાના કારણે ભાષ્યની સહાય વિના 'બ્રહ્મસૂત્ર' સમજવું અત્યંત કઠીન છે. આચાર્યે પોતાના આ ભાષ્ય દ્વારા સરળ સુબોધ ભાષામાં વિશદ રીતે સમજણ આપીને તેના જ્ઞાનનો માર્ગ આસાન કરી આપ્યો છે.

* ઉપનિષદ-ભાષ્યો : ઈશ, કેન, કઠ, પ્રશ્ન, મુંડક, માંડુક્ય, તૈત્તિરીય, ઐતરેય, છાંદોગ્ય, બૃહદારણ્યક, અને કૌષીતકી શ્વેતાશ્વતર એમ બાર ઉપનિષદો પર આચાર્યે ભાષ્યો લખ્યાં છે. તેમાં અનેક સિદ્ધાંતોનું સુંદર પ્રતિપાદન કરવા સાથે વચ્ચેવચ્ચે પોતાના વિચારો તથા તેની પુષ્ટિ અર્થે પ્રાચીન વેદાંતાચાર્યોના અભિપ્રાયો પણ તેમણે તેમાં ઉતાર્યા છે. આ બારેય ગ્રંથમાં બૃહદારણ્યક પરનું ભાષ્ય અધિક વિદ્વત્તાપૂર્ણ, વ્યાપક તથા સરલ ગણાય છે. આ ભાષ્યોમાં સરળ-સુબોધ ભાષા દ્વારા ગંભીર અર્થોનાં વિવેચનમાં એમણે પ્રયોજેલી ભાષા સંસ્કૃત ગદ્યના ઉત્તમ ઉદાહરણ રૂપ છે.

* ગીતાભાષ્ય : તત્ત્વજ્ઞાન વડે જ મોક્ષ મળી શકે એવા પોતાના અભિપ્રાયથી કર્મસંન્યાસ પર ભાર મૂકીને ગીતાની જ્ઞાનપરક વ્યાખ્યા કરી આચાર્યે જ્ઞાનકર્મસમુચ્ચયવાદી ટીકાકારોનું તેમાં ખંડન કર્યું છે.

* સ્તોત્રો : અનેક દેવતાઓની સ્તુતિ કરતાં આચાર્યે ઘણાં સ્તોત્રો રચ્યાં છે. તેઓ અદ્વૈતવાદી હતા, પણ વ્યવહારની ભૂમિકા પર તેઓ વિવિધ દેવતાઓની ઉપાસનાની સાર્થકતા સ્વીકારતા હતા. નિર્ગુણની ઉપલબ્ધિ માટે સગુણની ઉપાસનાને તેઓ એક પ્રબલ સાધન સમજતા હતા. આ ઉપાસનામાં બલ, સૌંદર્ય અને ગાંભીર્ય લાવવા તેમણે શિવ, વિષ્ણુ, દેવી, ગણેશ ઈત્યાદિ દેવતાઓનાં ભાવપૂર્ણ સુંદર સ્તોત્રો રચ્યાં છે. તત્ત્વજ્ઞાનના ઉચ્ચ નભોવિતાનમાં વિહરનાર દાર્શનિક આટલાં લલિતકોમલ, ભાવમધુર અને રસાર્દ્ર સ્તોત્રો રચે એ પણ આશ્ચર્યપ્રેરક ઘટના છે. નીચે દર્શાવેલાં સ્તોત્રો એમની જ રચના હોવાનું સંશોધકો સ્વીકારે છે.

૧. આનંદલહરી : શિખરિણી વૃત્તના વીસ શ્લોકોમાં દેવી ભગવતીનું અત્યંત સુંદર વર્ણન કરવા સાથે તેની સ્તુતિ કરી છે.

૨. દક્ષિણામૂર્તિસ્તોત્ર: શાર્દૂલવિક્રીડિતમાં રચાએલા આ સ્તોત્રમાં આચાર્યે વેદાંતની પ્રતિપાદના સાથે તાંત્રિક ઉપાસનાના કેટલાક પારિભાષિક શબ્દો આપ્યા છે. આચાર્યનો તંત્રવિષયક મત સમજવા આ સ્તોત્ર ઉપયુક્ત છે.

૩. ચર્પટમંજરી: 'ભજગોવિંદમ્ ભજગોવિન્દમ્' શબ્દોથી આરંભાતું આચાર્યનું સુખ્યાત સ્તોત્ર. વૈરાગ્યનો ઉપદેશ આપતું આ સ્તોત્ર તેની નાદમધુરતાને કારણે સવિશેષ જાણીતું છે.

૪. ષટ્પદી : સાત શ્લોકવાળું એક સુંદર સ્તોત્ર.

૫. હરિમીડે સ્તોત્ર : વિષ્ણુની પ્રશંસા સાથે આ સ્તોત્રમાં વેદાન્તની પીઠિકા દર્શાવી છે.

૬. શિવભુજંગપ્રયાત : ભુજંગપ્રયાત વૃત્તમાં શિવની સ્તુતિ કરતા ચૌદ શ્લોકો. મનાય છે કે આ સ્તોત્રથી પ્રસન્ન થઈ શિવે આચાર્યની માતાના અંતકાળ સમયે પોતાના શિવદૂતો મોકલ્યા હતા.

૭. સૌન્દર્યલહરી : કાવ્યની દૃષ્ટિએ આચાર્યનું આ સ્તોત્ર એક રસપૂર્ણ, પ્રૌઢ અને રહસ્યપૂર્ણ કૃતિ છે. આ એક શતક કાવ્ય છે અને સર્વ સંસ્કૃત સ્તોત્ર-સાહિત્યમાં મુકુટમણિ સમું અનુપમ ગણાય છે. આના પ્રથમ ૪૧ શ્લોકોમાં આચાર્યે તંત્રવિદ્યાનાં રહસ્યો સ્પષ્ટ કર્યાં છે. પછીના શ્લોકોમાં એમણે ત્રિપુરસુંદરીનાં અંગપ્રત્યંગોનું ચમત્કૃતિપૂર્ણ સુંદર વર્ણન કર્યું છે. ત્રિપુરસુંદરી આચાર્યની ઉપાસ્ય દેવી હતી.

* પ્રકરણગ્રંથ : વેદાન્તના પ્રતિપાદન અર્થે આચાર્યે રચેલા નાનામોટા ગ્રંથો પ્રકરણગ્રંથ કહેવાય છે, તેમાં અદ્વૈતના મૂળભૂત સિદ્ધાંતનું વર્ણન છે. પ્રસ્થાનત્રયી પરનાં એમનાં ભાષ્યો શાસ્ત્રીય ચર્ચાથી સમૃદ્ધ

આનંદથી ગદ્ગદિત થઈ ગયાં. એમણે પુનઃ પુત્રને લગ્ન માટેનો આગ્રહ કરવા માંડયો. પરંતુ શંકરે માતાને એમણે આપેલી અનુમતિની યાદ અપાવી અને કહ્યું : 'હવે મારે માત્ર એક માતા નથી. જે કોઈ મને ભિક્ષા આપે તે સહુ મારી માતાઓ છે. જે જ્ઞાનનું સૂચન કરે તે પિતા છે. જે શિષ્ય રૂપે આવે તે મારાં બાળકો છે. આમ, હવે મારે એક વિશાળ કુટુંબ બનતું જાય છે. માતા, હવે હું તારી રજા લઉં છું. તેમ છતાં જ્યારે તું મારો વિચાર કરીશ ત્યારે હું જરૂર આવીશ અને તારી સાથે રહીશ.' આ પ્રમાણે કહીને શંકરે માતાની અનુમતિ મેળવી ગૃહત્યાગ કર્યો. આપત્-સંન્યાસ તો લીધો હતો, હવે વિધિસર સંન્યાસ માટે એમણે ગુરુની શોધ આરંભી.

સંન્યાસ આશ્રમમાં પ્રવેશતાં પહેલાં શંકર બ્રહ્મચારી રૂપે રહી ભિક્ષાટન કરતા. એક દ્વાદશીના દિવસે કોઈ ગરીબ બ્રાહ્મણને ત્યાં તેઓ ભિક્ષાર્થે ગયા. એ બ્રાહ્મણ સ્વયં ભિક્ષાથી જીવનનિર્વાહ ચલાવતો હતો. પુરુષ તો ત્યારે ઘરમાં નહોતો, પરન્તુ બાળ સંન્યાસીનું મુખારવિંદ જોઈને સ્ત્રીને કશુંક આપવાની ઇચ્છા થઈ આવી. એથી સ્ત્રીએ અહીંતહીં શોધ કરી, પરન્તુ ઘરમાં કશું મળ્યું નહિ. ઘરમાં એકમાત્ર ફળ હતું તે યે આપી શકાય તેવી સ્થિતિમાં ન હોઈ એ આપતાં બ્રાહ્મણ સ્ત્રીનું અંતર કોચવાતું હતું. છતાં છેવટે દુઃખ સાથે એણે તે ફળ શંકરને ભિક્ષા રૂપે આપ્યું. શંકરને બ્રાહ્મણ-સ્ત્રીના સાચા સમર્પણનો ખયાલ આવ્યો. એમની ગરીબાઈ દૂર કરવાની ઇચ્છા થઈ આવી. એ જ વેળા એમણે લક્ષ્મીદેવીની સ્તુતિ રૂપે 'કનકધારાસ્તવન'ની રચના કરી. એમાં લક્ષ્મીદેવીની પ્રશંસા કરીને એ બ્રાહ્મણ દંપતીને દ્રવ્ય આપવાની નમ્ર પ્રાર્થના છે.

વિધિવત્ સંન્યાસની દીક્ષા આપી શકે તેવા ગુરુની શોધ માટે શંકર યાત્રા કરી રહ્યા હતા. આમ તો શિવના અવતાર શંકરને ગુરુની આવશ્યકતા નહોતી. પરન્તુ શાસ્ત્રોક્ત પરંપરાને અધીન રહીને ગુરુ પાસે જ સંન્યાસ લેવાની પારંપરિક રૂઢિનું ખંડન કરવા એ ઇચ્છતા નહોતા. શાસ્ત્રનું ઉલ્લંઘન કરવાની એમની ઇચ્છા નહોતી, કારણ શાસ્ત્રની પરંપરાનું મંડન કરવા જ તો એમણે જન્મ લીધો હતો. આથી એમણે ગુરુની શોધ કરવા માંડી. શંકરને એવા ગુરુનો મિલાપ નર્મદા નદીના કિનારે થયો એવો એક મત છે. વળી, કેટલાક ગ્રંથોમાં શંકરનો ગુરુ સાથેનો પ્રથમ સમાગમ બદરીકેદારમાં થયો હોવાનું નોંધાયું છે. આ બે મતોમાં નર્મદાતટે શંકરની મુલાકાત

પણ તર્કકઠોર હોઈ કેવળ વિદ્વાનોને જ ઉપયોગી છે, પરંતુ જનસામાન્યને અદ્વૈત વેદાન્ત સુભગ કરવા માટે એમણે આ પ્રકરણગ્રંથની રચના કરી છે. તેમાં—

૧) અદ્વૈતપંચકમ્ : માત્ર પાંચ જ શ્લોક, દરેકના અંતે 'શિવોઽહમ્' શબ્દ આવે છે.

૨) અદ્વૈતાનુભૂતિ : અદ્વૈત તત્ત્વનું વિવેચન કરતા ૮૪ શ્લોક.

૩) અનાત્મશ્રીવિગર્હણ : આત્મતત્ત્વના સાક્ષાત્કારની પરવા ન કરતા વિષયસુખમાં જ રાચનારા લોકોની નિર્ભર્ત્સના.

૪) ઉપદેશસાહસ્રી : ગદ્યમાં તેમ જ પદ્યમાં, એમ આ નામના બે ગ્રંથ છે. પદ્યમય પ્રબંધમાં વેદાન્તમાંના વિવિધ વિષયો પર તેર પ્રકરણો છે.

૫) ધન્યાષ્ટક : બ્રહ્મજ્ઞાનથી ધન્ય થએલા પુરુષની દૃષ્ટિનું સુંદર વર્ણન.

૬) વિવેકચૂડામણિ : અદ્વૈત પ્રતિપાદક એક વ્યાપક ગ્રંથ. તેમાં નાનામોટા ૫૮૧ શ્લોકોમાં વિવિધ સુંદર દૃષ્ટાંતો દ્વારા આચાર્યે વેદાન્તતત્ત્વોને સુંદર ભાષાશૈલીમાં સમજાવ્યાં છે.

બ્રહ્મ એ જ સત્ય, એટલે અંતિમ તત્ત્વ છે; જગત મિથ્યા, એટલે ભ્રમાત્મક છે; જીવ એ બ્રહ્મ જ છે, તથા બ્રહ્મથી જીવ કોઈ પ્રકારે ભિન્ન નથી, આ સિદ્ધાંતો એટલે અદ્વૈતવાદની આધારશીલા. આ સિદ્ધાંતોનું આદિ શંકરાચાર્યે આગવી રીતે પ્રતિપાદન કર્યું. એમનું માનવજીવન અનેક અસામાન્ય ગુણોથી સમૃદ્ધ હતું. એમના સંપર્કમાં આવનાર સૌ એમની સાથે અવિચ્છિન્ન સંબંધથી બંધાઈ જતા. એમની માતૃભક્તિ ઉત્કટ હતી અને પોતાના શિષ્યો પર પણ એમને અપાર પ્રેમ હતો. પ્રતિસ્પર્ધી પ્રત્યે પણ તેઓ ક્ષમાશીલ હતા. એમની માનસિક શક્તિ અપૂર્વ, ધારણાશક્તિ અતિ તીવ્ર તથા હૃદય ભાવકોમલ હતું.

માયાવાદના જેવા વિચારો રજૂ કરી એમણે દેશમાં અકર્મણ્યતા ફેલાવી અને માનવજીવનમાંથી મહત્ત્વાકાંક્ષાઓ ભૂંસી નાખી એવો આક્ષેપ પણ ઘણા કરે છે, પણ એમના ચરિત્ર પરથી એ આક્ષેપ ખોટો ઠરે છે. ક્યારેય તેઓ સ્વસ્થ બની બેઠા નથી. પોતાના અલ્પ આયુષ્યકાળમાં એમણે પ્રચંડ ગ્રંથ-રચનાઓ તો કરી જ, ઉપરાંત દેશના ખૂણેખૂણે ફરી વળી એમણે વૈદિક ધર્મની યશપતાકા પણ ફરકાવી. આલસ્ય, સુખાસીનતા, અકર્મણ્યતા જેવા દોષનો એમના જીવનમાં ક્યાંય સ્પર્શ સુધ્ધાં થયો જણાતો નથી. પોતાનાં પાંડિત્ય અને તર્કશક્તિના બળે એમણે ઈતર મતવાદીઓના અડ્ડાઓ હટાવીને ત્યાં વૈદિક ધર્મની પુનઃ પ્રતિષ્ઠા કરી. આ વૈદિક ધર્મ અગાઉ પણ પ્રચલિત તો હતો જ, પણ તેને માટે સતત અને શાસ્ત્રશુદ્ધ પ્રચારની જરૂર હતી, અને એ કાર્ય એમણે સિદ્ધ કર્યું એટલું જ નહિ, તેમણે આણેલી ધર્મજાગૃતિ કાયમ રાખવા દેશની ચારેય દિશામાં ચાર ધર્મપીઠો તથા સાધુઓના સંઘ સ્થાપ્યાં, જે આજ સદીઓ પછી યે કાર્યરત છે.

પાંડિત્ય અને કવિત્વનું એમનામાં અજબ સંમિશ્રણ હતું. પ્રતિસ્પર્ધીઓ પર કઠોર તર્કપ્રહાર કરનારા તેઓ ભાવભૂમિકા પર અત્યંત કુસુમકોમલ હતા. ભક્તિભાવથી તેઓ ઇશ્વરનું શરણ સ્વીકારી તેની કરુણા ઇચ્છતા, અને એ વેળા એમના કવિત્વમાં વિલક્ષણ આર્દ્રતા પ્રકટ થતી, એમનાં સ્તોત્રો મનોભિરામ લાગે છે તે આ ભાવકોમલતાના કારણે જ. શબ્દસૌષ્ઠવ, શ્લેષ આદિ અલંકાર અને પ્રેમરસથી ભર્યા આ સ્તોત્રો પંડિતો તેમ જ રસિકો બંનેમાં આસ્વાદ્ય લેખાયા છે. એમની કવિતા એ સંસ્કૃત સાહિત્યને મળેલી અમૂલ્ય ભેટ છે.

તેઓ તંત્રમંત્રશાસ્ત્રના મર્મજ્ઞ હતા. ત્રિપુરસુંદરીની એમની ઉપાસના તાંત્રિક હતી. પોતાના મઠોમાં એમણે ત્રિપુરસુંદરીની તાંત્રિક ઉપાસના શરૂ કરેલી તે પરંપરા આજે યે જારી છે. તેઓ આત્મજ્ઞાની છતાં કર્મપ્રવણ હતા. જ્ઞાનના ઉપાસક છતાં ઉપાસનાના સમર્થક હતા. વર્ણાશ્રમધર્મની મર્યાદા અક્ષુણ્ણ રહી વૈદિક ધર્મનો ધ્વજ સતત ફરકતો રહે એ માટે તેમને આ સઘળું જરૂરી લગતું હતું. આજે ભારતમાં વેદવિષયમાં જે શ્રદ્ધા તથા જ્ઞાન વિષે જે આદર દેખાય છે તેનું મુખ્ય શ્રેય એમને જ છે. લોકો એમને શંકરનો અવતાર માને છે, તો તેમના વિરોધકો પણ એમના ઉદાત્ત ચરિત્ર તથા સાત્ત્વિક જીવન પ્રત્યે તો આદર દાખવે જ છે. આજે યે ભારતમાં દ્વૈત, વિશિષ્ટાદ્વૈત, શક્તિવિશિષ્ટાદ્વૈત ઈત્યાદિ સંપ્રદાયો પ્રચલિત છે, ને તેનો અનુયાયી વર્ગ પણ મોટો છે, પરંતુ એમના અદ્વૈતમતને શિરોધાર્ય માનનારો વર્ગ પણ એટલો જ વ્યાપક છે.

માત્ર બત્રીસ વર્ષના આયુષ્યમાં એમણે આવું મહાકાર્ય સિદ્ધ કર્યું એ ઘટના પણ જગતમાં એક મહા આશ્ચર્ય છે. એમનો દિગ્વિજય એ માત્ર ધર્મવિજય નહિ, અનેક મતમતાંતરોમાં છિન્નભિન્ન રાષ્ટ્રને પુનઃ એકસૂત્રે બાંધનાર પવિત્ર ઉદ્દેશના અર્થમાં હતો. પોતાના જીવનકાળમાં જ આવી વ્યાપક કાર્યસિદ્ધિ તો સ્વયં બુદ્ધ કે મહાવીરે પણ કદાચ નહોતી મેળવી. એ બંનેના મતનો વિશેષ વ્યાપ તો એમના જીવનકાળ પછી થયો હતો. આદિ શંકરાચાર્યના જીવનકાર્યનું આ રીતે પણ અનોખું મહત્ત્વ છે.

—સં.

ગોવિંદ ભાગવત્પાદ સાથે થઈ હોવાનું વિશેષ શ્રદ્ધેય છે. આ ગોવિંદ ભાગવત્પાદ પતંજલિના શિષ્ય ગૌડપાદના શિષ્ય હતા. ગોવિંદ ભાગવત્પાદનું મૂળ નામ ચંદ્રશર્મા હતું. શંકરના જ્ઞાનથી એ ખૂબ પ્રસન્ન થયા અને એમણે શંકરને સંન્યાસની દીક્ષા આપી. વળી, ગૌડપાદ પાસેથી પોતે મેળવેલી બ્રહ્મસૂત્રની અદ્વૈતની સમજ પણ એમણે શંકરને આપી. શંકર ગોવિંદ ભાગવત્પાદના આશ્રમમાં લગભગ ત્રણેક વર્ષ રહ્યા. એ દરમિયાન એમના જ્ઞાનથી પ્રસન્ન થયેલા ગુરુએ શંકરને 'બ્રહ્મસૂત્ર' પર નૂતન દૃષ્ટિએ ટીકા લખવાનું સૂચવ્યું. આ માટે શંકરે હિન્દુઓના પવિત્ર સ્થળ કાશીમાં મુક્તિમંડપના મણિકર્ણિકા ઘાટ પાસે નિવાસ કર્યો. ક્રમશઃ બાળ સંન્યાસી શંકરની ખ્યાતિ પ્રસરવા લાગી. કેટલાક એમના શિષ્યો પણ બન્યા. ચોલ દેશમાંથી અભ્યાસાર્થે કાશી આવેલા વિષ્ણુશર્માને એમણે સંન્યાસની દીક્ષા આપી અને એનું નામ સનંદન રાખ્યું. આ સનંદન પાછળથી પદ્મપાદ રૂપે ઓળખાવા લાગ્યા. શંકરના પ્રમુખ ચાર શિષ્યોમાં સનંદન પ્રથમ આવે છે. કાશીમાં નિવાસ દરમિયાન શંકરે વૈદિક ધર્મનું ઊંડું ચિંતન-મનન કર્યું. આ કાળમાં જ કેવલાદ્વૈતની નૂતન વિચારધારાનો પાયો નખાયો.

કાશીમાં એક વાર સ્વયં સદાશિવ ચાંડાલનું રૂપ ધરીને શંકરની પાસે આવ્યા. એને સામાન્ય ચાંડાલ સમજી પ્રથમ તો શંકરે તેના પ્રત્યે ઘૃણા દાખવી, પરંતુ પછી વાતચીતમાં એ ચાંડાલની શરીર-આત્માની સમજથી એ કોઈ સામાન્ય માનવી નહિ, પરંતુ મહાજ્ઞાની હોવાની શંકરને પ્રતીતિ થઈ. શંકરે બ્રહ્મ જાણનાર આ જ્ઞાની ચાંડાલને ગુરુ માન્યો. એમણે ચાંડાલની ઊંડી સમજનો સ્વીકાર કર્યો. આના પ્રતિભાવ રૂપે 'મનીષાપંચકમ્'ની રચના થઈ. વેદ, ભગવદ્ગીતા અને અન્ય ધાર્મિક ગ્રંથોમાં જે સત્યનું નિરૂપણ થયું છે, તેનું જ નિરૂપણ આ 'મનીષાપંચકમ્'માં છે. પ્રથમ અસ્પૃશ્ય ગણીને ચાંડાલને ધિક્કારનાર શંકરે પાછળથી એને ગુરુ રૂપે પ્રસ્થાપિત કરીને બ્રહ્મજ્ઞાનનું બહુમાન કર્યું. આ સત્યનો આવિષ્કાર છે. જેને આ સત્યની પ્રતીતિ થાય છે તે બ્રહ્મજ્ઞાની બને છે. 'જો તમે બ્રહ્મ જાણનાર છો તો હું તમને નમું છું' એવું શંકરનું વચન એમના મહાજ્ઞાન-પરમજ્ઞાનનું દ્યોતક છે. શંકરે શાસ્ત્ર પ્રમાણે ધર્મને અનુસરવાનું કહ્યું છે. જગતને જ્ઞાન અર્પણ કરવાના ખાસ હેતુસર જ જાણે એ જગતમાં આવ્યા હતા. જ્ઞાન મેળવવાના સાધનરૂપ ધર્મનું બંધારણ એમણે શિષ્યોને

'વનફૂલ'ની લઘુકથા ◎ **ફૂલદાનીનું એક ફૂલ** ◎ સુકન્યા ઝવેરી

સરસામાન બંધાઈ રહ્યો હતો. ગાડી ઊપડવાને હવે એકાદ કલાક બાકી હતો. મનોમન હું ખૂબ ઉશ્કેરાએલો હતો. ફૂલદાની લાવવાનું યાદ જ નહોતું રહ્યું. એવામાં અચાનક કાર્તિક આવ્યો. હાથમાં ફૂલદાની હતી.

'ત્યારે તો ભાભી ખરેખર જ ઊપડયાં! બધું એકદમ તૈયાર...?'

'હા.' ગૃહિણીએ કહ્યું, 'અને આ શું? તમે ફૂલદાની લઈ આવ્યા?'

'હા. તે દિવસે તમે અમારી ફૂલદાની જોઇને કહેલું ને કે જતી વેળા તમે આવી ફૂલદાની ખરીદતા જશો. જગુ પાસેથી મને ખબર પડી કે એ ખરીદવાની વેળા જ નથી મળી, અને હવે લાવી શકત પણ નહિ એટલી ભીડમાં. એટલે હું જઇને લઈ આવ્યો. તમારી પાસે આયોડિન છે?'

'કેમ, આયોડિનની શી જરૂર પડી?'

'હાથીબાગમાં તો કંઈ ભીડ! એક જણે મારો પગ જ કચરી નાખ્યો.'

'બૂટ કાઢો જોઉં...' કાર્તિકે બૂટ કાઢ્યો.

'અરે! આંગળીઓ કચરી નાખી છે આ તો! એટલી ભીડમાં જઇને ફૂલદાની લઈ આવવાની શી જરૂર હતી? અને આ ધોતિયાની કિનારેય ચિરાઈ ગઈ છે...'

કાર્તિક હેં...હેં કરી હસવા લાગ્યો, પછી કહે, 'કેવી રીતે લઈ જશો આ ફૂલદાની, પેટીમાં?'

'ના રે. પેટી તો સાડી વગેરેથી ઠસોઠસ છે.'

'તો પછી?'

'આ બાસ્કેટમાં જ લઈ જવી પડશે. પણ એ યે ચિક્કાર ભરી છે.'

'લાવો હું ગોઠવી દઉં.'

પણ આખી બપોર ગાળીને ગૃહિણીએ નાનીમોટી અને જાતજાતના આકારની અનેક ચીજો કુશળતા વાપરીને મહામહેનતે ઠાંસીઠાંસીને ગોઠવી હતી. તે બોલી ઊઠી, 'તમે શું આ બધું ફરી બહાર કાઢશો? એના કરતાં લાવો, હાથમાં જ રાખીશું એને.' પણ પછી તુરત સમસ્યાનું સમાધાન થઈ ગયું.

'અરે આ કૉમોડ તો ખાલી જ જાય છે. કપડાંમાં લપેટીને એમાં જ મૂકી દઉં.' અને કાર્તિકે કપડાંમાં લપેટીને સારી રીતે કૉમોડમાં ફૂલદાની ગોઠવી દીધી. આયે જાણે એને જ ગરજ!

ઘેર પહોંચીને જોયું તો બગીચામાં જાતજાતનાં ગુલાબ ખીલ્યાં હતાં. લાલ, ગુલાબી, સફેદ, પીળાં, જાણે રંગનું બજાર ભરાયું! મારી દીકરી નવી ફૂલદાનીને ઉત્સાહભેર સજાવવા બેસી ગઈ. મેં કહ્યું, 'જા જમવાના ટેબલ પર મૂકી આવ. હું આવું છું.'

અને જમવા બેઠો ત્યારે ફૂલદાની સામે જોઈ હું હબકી ગયો. શું મારી આંખોમાં હેમરેજ તો નહોતું થયું ને? થાય તો ય નવાઈ નહિ. હું ડાયાબિટિક માણસ. ખાવાપીવાની કોઈ પરેજી પાળતો નથી. એકીટશે ફૂલો ભણી તાકી રહ્યો. ફૂલોમાં પેલું કાળુંકાળું શું દેખાય છે? કોઇને કંઈ કહ્યું નહિ. જમીને સીધો આંખના ડાક્તર પાસે પહોંચી ગયો. એણે આંખો બરાબર તપાસીને કહ્યું, 'તમારી આંખોમાં કંઈ થયું નથી. બધું બરાબર છે.'

'તો પછી એ કાળુંકાળું શું દેખાયું હશે?'

'કદાચ ચશ્માંના કાચ પર ડાઘ હશે.'

ઘેર પાછો ફર્યો. ચશ્માં કાઢી બરાબર સાફ કરી જોયું. કંઈ જ બદલાયું નહોતું. ગુલાબોની વચ્ચે હજી યે કાળું ધાબું દેખાતું હતું. હવે શું કરવું એ હું વિચારી શક્યો નહિ. અચાનક એ કાળું ધાબું હલી ઊઠ્યું. અરે! આ તો કાર્તિક! હા, હા. એ જ ટાલ, એ જ એના ભરાવદાર ગોળગોળ ગાલ ને એ જ એનો કાળો રંગ. મારા ભણી જોઈ જાણે એ મીઠું મરકતો હતો. એનો એ કાળો ચહેરો અચાનક હવે મને ગુલાબ કરતાં યે સુંદર લાગવા માંડ્યો. □

શીખવ્યું છે. ભગવાન સદાશિવે શંકરને પોતાનું દર્શન કરાવ્યું અને વૈદિક ધર્મનો પ્રચાર કરવા તેમ જ અદ્વૈત સિદ્ધાંતની પ્રતિષ્ઠા કરવા 'બ્રહ્મસૂત્ર' પર અદ્વૈત બ્રહ્મનું ભાષ્ય રચવા પ્રેરણા આપી. કાશીથી બદરીનાથ જઇને બદ્રિકાશ્રમ પાસેની 'વ્યાસ ગુફા'માં બેસીને શંકરે આ 'બ્રહ્મસૂત્ર–શાંકર ભાષ્ય'ની રચના કરી.

ભારતીય તત્ત્વદર્શનની પરંપરામાં અદ્વૈત અને દ્વૈત એ બે ધારાઓ છે. જેમાં અદ્વૈત મત વિશેષ પ્રભાવશાળી છે. આ મત અતિ પ્રાચીનકાલીન છે. અત્રેય, આશ્મરથ્ય, ઔડુલોમિ, કાર્ષ્ણાજિત, કાશકૃત્સ્ન અને જૈમિની આ મતના મુખ્ય પ્રવર્તક આચાર્યો છે. આ આચાર્યોની વિચારધારાને આધારે ઈ. સ.ની શરૂઆતમાં બાદરાયણે 'બ્રહ્મસૂત્ર'ની રચના કરેલી. આ ગ્રંથ અદ્વૈત મતનો સહુથી મહાન અને પ્રમુખ ગ્રંથ છે. આ 'બ્રહ્મસૂત્ર' પર આચાર્ય શંકરે માત્ર સોળ વર્ષની વયે 'બ્રહ્મસૂત્ર-શાંકરભાષ્ય' એ ગ્રંથ લખ્યો એમાં 'બ્રહ્મસૂત્ર' પરની ટીકા પ્રસ્તુત છે. અને શંકરે પુનઃ પ્રતિષ્ઠિત કરેલા અદ્વૈતમત–જેને કેવલાદ્વૈત એવું નામ અપાયું છે—તેનું દર્શન છે. શંકરનું અદ્વૈતમતનું કેવલાદ્વૈત રૂપે પુનઃસ્થાપન એ વિશ્વની એક શક્તિશાળી ઘટના છે. શંકરનું ચિંતન, મનન, દર્શન ને દૃષ્ટિનો સુમેળ એ ગ્રંથમાં છે. આ મતના પ્રચારાર્થે તેમણે જીવન વ્યતીત કર્યું, શિષ્યોને તેનું નૂતન દર્શન કરાવ્યું–શીખવ્યું. આથી એક વાર સ્વયં વેદવ્યાસે બ્રાહ્મણ રૂપે આવી, શંકરના 'બ્રહ્મસૂત્ર'ના અર્થઘટનોના જ્ઞાનથી પ્રભાવિત થઇને એ મતના વિશાળ પ્રચારાર્થે વધુ સોળ વર્ષનું આયુષ્ય આપ્યું એવી જનશ્રુતિ છે.

કાશીમાં એક વાર નગરના માર્ગ પરથી શંકર પસાર થઈ રહ્યા હતા ત્યારે એમણે એક વૈયાકરણીને વ્યાકરણના સૂત્રોનું વારંવાર રટણ કરતો સાંભળ્યો. જીવનના મર્મને ભૂલીને માત્ર વ્યાકરણના સૂત્રોમાં જીવન વ્યતીત કરનાર માનવી સમયનો દુરુપયોગ કરી રહ્યો છે એમ પ્રતીત થતાં શંકરે 'મોહમુદ્ગર' નામનું સ્તોત્ર રચ્યું. આ સ્તોત્ર આજે 'ભજગોવિંદમ્' નામે સુપ્રસિદ્ધ છે. એમાં આ જગતમાંથી વિદાય લેતી વેળાએ વ્યાકરણના સૂત્રો નહિ બચાવે, પરન્તુ ગોવિંદનું ભજન જ તારશે એવો મર્મ અભિવ્યક્ત થયો છે. 'ભજગોવિંદમ્' એ સરળ બાનીનું ઈશ્વર સ્તવન છે. આ સ્તોત્ર પરથી શંકરનું સંસ્કૃત ભાષા પરનું પ્રભુત્વ કેવું હતું તે પ્રતીત થાય છે. શંકરે સુંદર ને પ્રવાહી શૈલીમાં સંસારની અસારતાનું દર્શન કરાવીને વૈરાગ્યની ભાવનાને પુષ્ટિ આપવાનો પ્રયત્ન કર્યો છે. શંકર પેલા વૈયાકરણીને 'મૂઢમતે' એવું સંબોધન કરીને ગોવિંદનું ભજન કરવાનો પ્રબોધ આપે છે. સ્તોત્રના હાર્દ સમ શ્લોક આ રહ્યો :

भज गोविंदं भज गोविंद भज गोविंदं मूढमते।
प्राप्ते सन्निहिते मरणे न हि न हि रक्षति डुकृञ्करणे॥

'બ્રહ્મસૂત્ર' પર ભાષ્ય લખવું એ પર્યાપ્ત નથી. પરન્તુ અદ્વૈત મતના પ્રચારાર્થે શંકરે વિવિધ સ્થળોએ ફરીને વિભિન્ન મત ધરાવતા આચાર્યોની મુલાકાત કરીને અદ્વૈતનું પુનઃ પ્રતિષ્ઠાન કરવું જોઈએ એ

(અનુસંધાન પૃષ્ઠ ૧૩૪)

પૃથ્વીચન્દ્રચરિત્ર

જગતની જૂનામાં જૂની લોકકથાઓના ભંડાર માટે ભારત વિખ્યાત છે. આર્યોના આગમન પહેલાંય એ કથાઓ લોકકંઠે રમતી. એનો ગુણાઢ્યે પૈશાચીભાષામાં કરેલો 'બૃહત્કથા' નામે સંગ્રહ હજી મળ્યો નથી, પણ સોમદેવ જેવાએ સંસ્કૃતમાં 'કથાસરિત્સાગર' જેવામાં એ કથાઓમાંની કેટલીક સંઘરી લીધી છે. એમાંની જ કેટલીક વાતોને આધારે પછી કેટલીક કથાઓ કાળેકાળે રચાઈ છે. એવી જ એક – અનેકો દ્વારા અનેક કાળે ગુજરાતીમાં લખાએલી – કથા છે 'પૃથ્વીચન્દ્ર'ની. પરંતુ એક કૃતિ તરીકે એની મૂલ્યવત્તા કાયમની રહે એવું રૂપ એને આપ્યું છે માણિક્યસુંદરસૂરિએ.

માણિક્યસુંદરસૂરિ કૃત 'પૃથ્વીચન્દ્રચરિત્ર' સાડાપાંચસો વર્ષ પહેલાં (વિ. સં. ૧૪૭૮માં) લખાએલી કૃતિ છે. આપણે ત્યાં મધ્યકાળમાં પણ સરસ ગદ્ય લખાતું એનો આ એક ઉત્તમ નમૂનો છે. એ ગદ્ય 'પદ્યાનુગન્ધી' છે. એમાં છે બાણના જેવી પાંડિત્યમંડિત છટા, નાનાલાલ જેવું ડોલન, ચારણી કથા જેવા કથ્ય પ્રયોગો. એ કારણે સમગ્ર ગુજરાતી સાહિત્યની કેટલીક ઉત્તમ પ્રશિષ્ટ કૃતિઓમાં આનું સ્થાન છે.

ઉપર નોંધ્યું તેમ આપણી આ પ્રશિષ્ટ કૃતિનાં મૂળ લોકકૃતિમાં છે. આમ કેટલીયે કૃતિઓની બાબતમાં બન્યું છે. આ કૃતિની એક ખૂબી તો એ છે કે એક તરફથી એ પ્રશિષ્ટ કૃતિ છે – એક વાર્તારસિક સંસ્કૃતજ્ઞ પંડિતની, બીજી તરફથી આપણી આજસુધી વહેતી રહેલી વાર્તાકથનરીતિનાં કેટલાંય લક્ષણો એમાં વણાઇને સચવાઈ રહેલાં છે. મધ્યકાળનું આ જાતનું સાહિત્ય કથ્ય પ્રકારનું હતું એ બરાબર, પણ આજેય સાહિત્યની ભાષા કથ્ય અંશો ટાળીને જશે ક્યાં? લોકસાહિત્યના અભ્યાસીએ પણ શિષ્ટસાહિત્યની અવગણના કર્યે ના પાલવે. આખરે તો શિષ્ટ–લોકના ભેદો જળજડભેદો નથી. 'સાહિત્ય' ઠરાવતાં લક્ષણો સારી એવી માત્રામાં હોય તો જ કૃતિ સાહિત્યક્ષેત્રે નોંધપાત્ર બને. પછી એ ભલે લોકસાહિત્યની હોય કે શિષ્ટની.

માણિક્યસુંદર વિષે આપણે લગભગ કશું જ જાણતા નથી! એ એક સભાન સર્જક છે એ તો એમણે તેજેમઢ્યા શબ્દોના રચેલ સમાસો, પ્રગટાવેલ લય, સહજ રીતે યોજેલ અલંકારો પરથી સ્પષ્ટ બને છે. એ ઘડાએલી હથોટીવાળો વાર્તાકાર છે. એમને નામે સાત કૃતિઓ છે: 'ચતુઃપર્વી ચમ્પૂ', 'ચન્દ્રધવલધર્મદત્ત કથાનક', 'શુકરાજકથા', 'શ્રીધરચરિત્ર', 'ગુણવર્મચરિત્ર', 'મહાબલ–મલયસુન્દરીચરિત્ર' અને 'પૃથ્વીચન્દ્રચરિત્ર'. આ છેલ્લી કૃતિ એમને અમર કરી ગઈ છે. એ કૃતિનું બીજું નામ એમણે આપ્યું છે 'વાગ્વિલાસ'. એથી, મૂળ લેખકને ભલે અભિમત ન હોય છતાં, કૃતિની મર્યાદા પણ સૂચવાય છે. એમણે જ બતાવ્યા પ્રમાણે અંચલગચ્છના મેરુતુંગસૂરિના એ શિષ્યે સંવત ૧૪૭૮ની શ્રાવણ સુદ પાંચમ ને રવિવારે પાલનપુરમાં આ કૃતિ પૂરી કરી.

ખા...સ્સા પાંચ ઉલ્લાસોમાં પથરાઇને એ વાર્તા પડી છે. વાર્તા તો લાંબીમાં જ મજા. વાર્તામાં વાર્તા, ને જરાક અવકાશ મળ્યે હેઠે જીવે નામ-ટીપો, શબ્દટીપે, વર્ણનો, ચગાવ્યે જવાની નિરાંત મૂળ લેખકને તો હે; પણ આપણને ક્યાં છે? આપણને તો ઝટપટ પરિચય જોઇએ. એટલે વાર્તા સાથે ચેડાં ન કરીએ, ઘટનાક્રમ ને ગદ્યછટા જાળવીએ, સંક્ષેપ કરવા માટે કે કાંટછાંટ પછીનો વાર્તાપ્રવાહ ને મૂળની શૈલી જાળવવા માટે નછૂટકે થોડુંક ફેરવીએ, જૂની ને તરત ન સમજાતી ભાષાને આજનું રૂપ આપીએ, ને એમ પુનર્વિધાન કરીને, મૂળ સુધી ન જઈ શકનારને કૃતિનો શક્ય તેટલો યથાતથ ખ્યાલ આવે એવું કરીએ તોય બસ! આ તો એક પ્રયોગ છે.

કનુભાઇ જાની

વાણીની વેલડી દેવી ઇચ્છેલું આપજો સદા !
ધર્મ ચિન્તામણિ શ્રેષ્ઠ ફળજો સર્વને સદા !

પુણ્યે મળે મહીતળે પ્રસિદ્ધિ, પુણ્યે મળે મનવાંછિત સિદ્ધિ, પુણ્યે મળે નિર્મળ બુદ્ધિ, પુણ્યે મળે ગૃહે રિદ્ધિસિદ્ધિ, પુણ્યે મળે સઘળે બહુમાન, પુણ્યે તો મળે કેવળજ્ઞાન. એ જ પુણ્યે રાજા પૃથ્વીચન્દ્ર જીત્યો એ કથા, ચાલો, માંડીએ.

આ પૃથ્વી પર કૈં-કેટકેટલા દ્વીપસમુદ્ર છે. તેમાં છે એક જમ્બૂદ્વીપ. તેની નાભિએ જાણે એક પ્રદીપ! એવો છે મેરુપર્વત. એની ઉત્તરદક્ષિણે થઇને છે ચૌદ મહાનદી, છ વર્ષધર પર્વત ને સાત ક્ષેત્ર. એમાંનું એક તે ભરતક્ષેત્ર. જબરો પ્રદેશ. એમાં છે કૈંક પર્વતો, કૈંક દેશો! કાશ્મીર, કીર ને કમ્બોજ; સુર્પર, સૌવીર ને સુરાષ્ટ્ર – એવા એના દેશો તો અફાણ.

પણ એમાં વખણાય દેશ મરહઠ્ઠ–મહારાષ્ટ્ર. જે દેશે ગ્રામ, અભિરામ. ભલાં નગર જ્યાં, ના કોઈ કર. દુર્ગ, તો જ્યાં સ્વર્ગ. ધાન્ય, અસામાન્ય. આગર (બંધ), સોનારૂપાના સાગર. નદીમાં કાયમ જળ વહે, સુખ પણ કાયમ રહે. એવો એ દેશ, પુણ્યતણો નિવેશ, ગરવો દેશ.

એ દેશે પઈઠાણપુર નગર સોહ્ય; જ્યાં અન્યાય કદાપિ ન હોય. નગરે સોહે કાંગરા, નગરે સોહે કોટ, સોહે મોટીમોટી પોળ, સોહે વિશાળ દરવાજા. કોટને ફરતી મહાકાય ખાઈ, પાતાળ ભણી એવી ધાઈ. જાણે સાગર એનો ભાઈ! જે લે કૈલાસશિખર શું વાદ, એવા દેવોના પ્રાસાદ. વળી ધજાળા લખેસરીના આવાસ. આનંદે મન એવા ગરવા રાજભવન; તે પર અખંડ સુવર્ણમય દંડ, ધજા ફરફરે પ્રચંડ. નગરે કૈં આશ્ચર્યોનું જોર, કરે ચોરાશી ચૌટા શોરબકોર. રત્ને ભર્યાંભર્યાં હાટ; અનેક સુવર્ણમય ઘાટ. પહોળી મજાની વાટ, લોકને ના કો' વાતે ઉચાટ. પુણ્યે વિશાળ, પોશાળ–નિશાળ. અધ્યાત્મે દઢ, અનેક મઢ. લોક જ્યાં

જમે અપાર એવા ભોજનાગાર. જ્યાં જઈ પાણી પીએ સરવ એવી તો અસંખ્યાત પરવ. કૂવા, વાવ, સરોવર, વાડી, વાયે શીતળ વા ત્યાં દા'ડી. થયું છે અન્યાયનું જ્યાં દાટણ, એવું છે તે પૃથ્વી પીઠે પ્રસિદ્ધ પાટણ (નગર).

એ નગરે પૃથ્વીચન્દ્ર રાજ કરે છે. જેના મહેલમાં જિતાએલા અનેક રાજાઓ કાજ કરે છે. એ તો રિપુકુલ-કાલકેતુ, શરણાગત-વજ્રપંજર.

એને છે બુદ્ધિનિધાન એવો એક પરમહંસ નામે પ્રધાન. રૂપે, રૂડો; રાજપાટે, નથી કૂડો. પ્રધાન તો રાજનો અર્થ સારે, ને લોક ઉગારે, વેરને ને વિગ્રહને વારે. પાળે દીન-દુ:ખી-નિરાધાર; કરે સાધુજન પર ઉપકાર; શસ્ત્રે-શાસ્ત્રે કુશળ અપાર. ઘેર-ગભીર, અતિશે ધીર. જીભે વેણુ સદાય મધુરું; લીધું કાજ ન રહે અધૂરું. એની ને રાજાની વચ્ચે એવો નેહ, જાણે એ રાજાનો બીજો દેહ.

એક વાર રાજાએ રાત્રિતણે સમયે સ્વપ્ન એક દીઠું, ભારે મીઠું. કેવું એ સ્વપ્ન? જાણે ભૂપાળે દીઠી સોનાવરણી, દેવમનહરણી, ખલકતે નેપુર, ઝલકતે કુંડલ, ચન્દ્ર સમ ભાલ, રૂપે વિશાલ એવી એક લક્ષ્મી, એક બાલદેવી – હાથે વરમાળ. રાજાને કોમળ કંઠે જેવી એની વરમાળ લાગી કે રાજાની નિદ્રા ભાગી! નરેશ્વર જાગ્યો, સ્વપ્ન વિષે વિચારવા લાગ્યો.

એટલામાં પ્રભાત પ્રગટ્યું. થયા ધ્વનિ માંગલિક-શંખના, મૃદંગના, ભાટના. સ્વપ્નવિચારભરેલા ચિત્તે રાજાએ પલંગ ત્યાગ્યો. સ્નાનાદિક પ્રાત:કર્મો કીધાં. વસ્ત્રાલંકાર પરિધાન કીધાં, યાચકોને દાન દીધાં. પછી જ્યાં અનેકાનેક પ્રકારના લોક છે તેવી રાજસભામાં આવીને બેઠો. એ રાજસભા પણ કેવી છે? જ્યાં કેસરપાણીનો તો છંટકાવ કીધો છે, વણવીંધ્યાં મોતીના જ્યાં ચોક પૂર્યા છે, કપૂરના શંખ આળખ્યા છે, સુખડ-જબાદી મહેકે છે, મોતીસેરો જ્યાં લહેકે છે, ફૂલપડા ભર્યા છે, ચંદરવા તાણ્યા છે, કેડ ઊંચી પાદપીઠવાળું પુરુષદેહને લાયક સુવર્ણમય પડછંદ સિંધાસણ મંડાણું છે. એ સિંધાસણે રાજા બેઠો.

કેવો દીસે છે રાજા? માથે શ્વેતાતપત્ર છત્ર, ઢળે ચામર પવિત્ર; મસ્તકે મુગટ, કાને કુંડળ, છાતીએ નવસરો હાર; ધનતણો અવતાર. કહેવું શું? જાણે પૃથ્વીલોકતણો ઇન્દ્ર, જાણે સોલ કલાપૂર્ણ ચન્દ્ર!

એવે ટાણે પ્રતિહાર પ્રવેશી, પગે પડી, રાજા સામે આંખ માંડી, વિજ્ઞપ્તિ કરી જે અયોધ્યાનગરી થકી આપણે દ્વારે એક દૂત આવ્યો છે; જો માને આપનું મન તો અહીં કરાવું તેનું આગમન. રાયે આદેશ દીધો. દૂતે સભામાં પ્રવેશ કીધો. ઝૂકીને રાજાને આદર દીધો, પછી આસન લીધું જે રાજાએ સાદર દીધું. પછી એણે પોતાને સોંપાએલા કામની માંડી વાત :

'જ્યાં લોકને નથી કોઈ કલેશ, ના કોઈ વેરીનો કદી પ્રવેશ, એવો અનેક નગરોવાળો છે મનોહર કોશલદેશ. ત્યાં છે એક નગર અયોધ્યા. કેવું? ધનકનકસમૃદ્ધ, પૃથ્વીપીઠે પ્રસિદ્ધ. અત્યંત રમણીય, સકલલોકસ્પૃહણીય, ધરિત્રીનું ભાલતિલક, સકલ સૌંદર્યનું આલય, વસુધાવનિતાવલય.

એ નગરે ઈક્ષ્વાકુવંશનું ભૂષણ, પોતાના વંશના કમળસરના રાજહંસ જેવો શત્રુદલભંજક, અતુલબલપરાક્રમે વિષ્ણુ જેવો રાજા શ્રી સોમદેવ રાજ સંભાળે છે, પ્રજા પાળે છે, અન્યાય ટાળે છે.

એ રાજાના અંત:પુરની અંદર ગુણનિધાન, ભર્તારતણી ભક્તિના વિષયમાં મહાસાવધાન એવી પટ્ટરાણી છે નામે કમલલોચના.

એ રાણી તણી કૂખે થઈ છે એક કન્યા. મદનનાં ય માન મુકાવે એવી જાણે મંજરી, કેસરવરણી કાયાવાળી, નામે રત્નમંજરી. એ કન્યા ભણવાયોગ્ય થતાં એક પંડિતને સોંપી. કન્યાએ પંડિતજીને પૂરો સંતોષ આપ્યો. શસ્ત્ર શીખી, શાસ્ત્ર શીખી. ગણિત, ગીત, નૃત્ય ને નાટ્ય શીખી. કાવ્ય, વ્યાકરણ, નખ ને કાગળ કાપવાની કળા શીખી. પુરુષ-સ્ત્રી-પશુ-રત્ન-પરખની કળા, મંત્ર-તંત્ર ને તર્કવાદ શીખી. સંસ્કૃત-પ્રાકૃત-દેશ્ય આદિ ભાષાઓ શીખી. વેદ-વેદાંત-આગમથી માંડીને કૈવલ્યજ્ઞાન સુધીની બાતેરે વિદ્યા શીખી. ચિત્ર-ઔચિત્ય-નૃત્યથી માંડીને વૈદક-વારિતરણ-પ્રશ્નપ્રહેલિકાજ્ઞાન અને ધર્મધ્યાન સુધીનાં ચોસઠે વિજ્ઞાનો શીખી.

હવે, એ કુંવરી યૌવનાવસ્થાએ પહોંચી. સરખેસરખી સાહેલીઓ સંગે ક્રીડા કરે છે, એવે વખતે બેઠો આષાઢ. લોહને લાગે કાટ, ઘામથી થાય ઉકળાટ; છાશ થાય ખાટી, ભેજવાળી માટી. વિસ્તર્યો વર્ષાકાળ, પ્રવાસીતણો તો પોતે કાળ; નાઠો દુકાળ. ઉત્તરે ચઢ્યો ઘન, ઘેરાયું ગગન. દીસે ઘોર, નાચે મોર. મે વરસે અનરાધાર. પાણી તણાં પ્રવાહ ખળહળે; ખેડૂ હૈયે હરખ જ ચઢે. પંડિત બેસી પુસ્તક પઢે. પર્વતથી ઝરણાં વહી જાય, ભર્યાં સરોવરજળ છલકાય.

એવે વર્ષાકાળે રાજા સોમદેવે કરાવેલું સરોવર ભરાણું, સમુદ્ર સમાણું. વધામણીઓ ધાયો, રાજા કને આયો. મનમાં હરખાતા સરોવર પહોંચ્યા રાજા તો. સરોવર ભરચક દીઠું, લાગ્યું અતીવ મીઠું. તેડાવ્યા જોષી. મહોચ્છવતણું મુહૂર્ત લીધું, સગાં-સ્નેહીઓને તેડું કીધું.

એમ કરતાં આવ્યો આસો માસ. સઘળે દીસે ઉજાસ. કમલવને ઉલ્લાસ, હંસતણો વિલાસ. કાદવ સુકાય, નદીની નિરંકુશતા જાય. એવે અવસરે આસો સુદિ પંચમીતણે દિવસે ધામધૂમથી નરેશ્વર તો સરોવરતણી પાળે પહોંચ્યા છે. ધજાપતાકા ફરકે છે. દવે, ત્રિવાડી, દેવશર્મ, યજ્ઞશર્મ જેવા અનેક બ્રાહ્મણ મળ્યા છે. શાન્તિની વિધિ કરવાને કાજે ધાંટાધાંટી કરી કળકળે છે. ગળે છે ત્રાગડા, વેદના કાઢે છે રાગડા. બ્રાહ્મણ તો ભણી જાણે છે અઢાર વેદ ને અઢાર સ્મૃતિ.

ત્યાં તો કુંવરી રત્નમંજરી, રાજાની રજા મેળવી, અનેક સખીઓ સંગે ત્યાં કૌતુક જોવાને માટે આવી. પિતાને ખોળે બેઠી; તેનું દિવ્ય રૂપ દેખી રાજાના મનમાં ચિંતા પેઠી જે, 'કોણ એને યોગ્ય વર? કયો નર? કયો વિદ્યાધર?' એ વિચારતાં વિચારતાં રાજાએ સરોવર ભણી દૃષ્ટિ દીધી, તો બેસીને કમળે હંસો કરે કેલિ ત્યાં નિર્મળ જળે. કુંજડાં ને કારંડ જેવાં પંખીઓ કલરવે; તાપ ટળે. સરોવરમાં તો શતદલ, સહસ્રદલ કમલવન; જોતાં જ પ્રીતિ પમાડે મન.

એ શોભા સૌ જોતાં'તાં, ત્યાં એક રાજહંસ સરોવરમાંથી ઊડી આવીને બેઠો રાજાને હાથે; નીરખ્યો નરનાથે. તો રૂડો-રૂપાળો રળિયામણો, સોહામણો, ગુલછડીના ગુચ્છા જેવો શ્વેત, લાવણ્યોપેત; જાણે લક્ષ્મીદેવીતણું ચમર, જેથી મોહે અમર.

કૌતુકથી કુંવરીએ એ હંસને લીધો, રાજાએ કુંવરીને દીધો. જ્યાં કુંવરી હંસને જોવા ગઈ ધારીધારી, ત્યાં તો હંસે જમણી પાંખ પસારી. કુંવરીને પાંખમાં સંતાડતોકને પલકમાં હંસ તો ઊપડી ગયો. તત્કાળ હાહાકાર મચી ગયો. ધસમસતો ઊઠ્યો રાવ, કહે 'ધાઓ, ધાઓ'. દીધાં નિશાન ધાવ. પાયદળ ધાયું, હયદળ ધાયું. રાજવી ખળભળ્યા મૂછાળા. બ્રાહ્મણે સર્વે ઘર ભણી ભર્યા ઉચાળા. ત્રાડ પાડીને જેવો રાજા હંસ પૂઠે ધસી ગયો કે જોતજોતાંમાં તો હંસ કૂદતોક ને કમળમાં પેસી ગયો.

તે પછી તો કમળમાં પેઠા અનેક તારા. સમગ્ર સરોવર ડહોળી વળ્યા. પણ રાજહંસ ને કુંવરી ક્યાંય ના મળ્યાં. નિશ્વાસ મેલી રાજા પાછો વળ્યો.

આ દુ:ખમાં ને દુ:ખમાં છ માસ વીત્યા. બેઠી ઋતુ વસંત. આવ્યો ટાઢનો અંત. શીતળ દક્ખિણ વાયુ વાય, વિહસી ઊઠે સારી વનરાઈ.

સર્વે ભલ્લા માસડા પણ વૈશાખ ન તુલ્લ,
દવદાઝ્યાં જે રૂખડાં તેને માથે ફૂલ.

મ્હોર્યા સહકાર, ચંપક તો ઉદાર. બોરસલી, ચંપો ને ચમેલી, વૃક્ષો ને

વેલી, ફૂલ્યાંફાલ્યાં છે, મહેકે છે. ભમરા ને કોયલનાં વૃંદગાનો ઊભરાય છે. સારસજોડલીઓની હારોની હારો જાય છે. દિશાઓ કુસુમરેણુથી ભરાય છે. લોક કિલ્લોલ કરે છે. કોઈ વાય છે વીણા. કોઈ પરિધાન કરે છે વસ્ત્રો સુંદર ઝીણાં. સજે છે સોળે શણગાર, મુક્તાફળના ગળે હાર. વનમાં ગીતોના લલકાર. ચગ્યો છે રંગ. જળે કોઈ ક્રીડા કરે અભંગ.

વનપાલકે વસન્તનો અવસર લહી, રાજાને ખબર કહી. રાજા સોમદેવ આવ્યા વનમાંહી. તે જ સરોવર જોઈ, કુંવરી સાંભરી આવી મનમાંહી. એટલામાં એક પુરુષે કમલ એક તોડીને રાજાને ભેટ ધરી, ત્યાં તો તે જ કમળમધ્યેથી પ્રગટી રત્નમંજરી! દુઃખ તત્કાળ વહી ગયું. લોકને પરમાશ્ચર્ય થયું. તત્કાળ નગરે ખબર મોકલાવી. રાણી કમલલોચના તરત જ દોડી આવી. દીઠી બેટી, હરખે તરત જ ભેટી. ત્યાં તો મંડાણાં વધામણાં, મહોચ્છવે કરીને સોહામણાં.

સુંદર કૈંક વાજિંત્ર વાગ્યાં. દુઃખતણા દિન દૂર ભાગ્યા. એકવીસ મૂર્છના, ઓગણપચ્ચાસ તાન, એવાં થયાં ગીતગાન. યાચકોને રા'એ રાજી કીધાં, કે કંઈકંઈ પેરનાં વસ્ત્રો દીધાં. એણિપેરે રંગેચંગે ગાતાં-વાતાં પહોંચ્યાં નગરે. પહોંચ્યાં મહેલે. રાજા કુંવરીનું રૂપ નીરખીને પાછા ચિંતામાં ડૂબ્યા, ત્યાં તો થઈ આકાશવાણી : 'એ વારતા કહેશે કેવલનાણી.' (કેવલનાણી=કેવલજ્ઞાની)

આશ્ચર્યડૂબ્યા રાજાએ તો તરત પ્રધાનને તેડાવ્યો. પ્રધાન આવ્યો. પ્રણામ કર્યા. રાજા કહે, 'હે મંત્રીશ્વર! હવે તત્કાળ ચિંતા ધરો. પાણિ-ગ્રહણ યોગ્ય થઈ રત્નમંજરી; માટે સ્વયંવર કરો. નિમંત્રો નરેશ્વર; કન્યા આપણી, ઇચ્છાએ વરશે વર.'

પ્રધાને તો હુકમ કીધો. સૌ દૂતોને આદેશ દીધો : 'આ પૃથ્વીપીઠે જે કોઈ છે રાય ને રાણો, તેને તમે જાણો; તે સૌને આ સ્થાનકે આણો.'

તે પછી તો એક પા સુથારે મંડપ મંડાવ્યો, ને હું અહીં આપની કને આવ્યો. હવે આપ ત્યાં પધારો, આ વિનંતી ચિત્તે ધારો ને રાજા સોમદેવતણા મનનો આનંદ વધારો.'

રાજા પૃથ્વીચન્દ્રે વાત ચિત્તે દીધી, રાજા સોમદેવે મોકલેલા દૂતની મહેમાનગતિ કીધી. પછી કટક લઈને સ્વયંવરની વાટ લીધી. સૈન્ય-સહ જ્યારે તે ચાલ્યો, કટકભારે પાતાળે શેષનાગાધિરાજ હાલ્યો. કટકમાં તો કંઈ કંઈ હાથી, પર્વતસમાન, જલધરવાન, મદજલઝરતા, આલિ (અટકચાળાં) કરતા. કટકમાં તો છે કંઈ કંઈ ઘોડા. વાંકી દષ્ટ, સભર પૃષ્ઠ, ટૂંક ઊભા કાન, શોભીતે વાન, એવા હસમસંત હય, હેષારવે અંબર બધિર કરતા, શાલિહોત્રશાસ્ત્રમાંનાં બધાં લક્ષણોથી શોભતા, શ્વસે જાય છે, જાણે સૂર્યરથેથી વછૂટેલા ન હોય તેમ ધસે જાય છે.

કોટિએક પાયદળ છે તે પણ જેવું તેવું નથી. એક એક યોદ્ધો છે શૂરવીર, વિક્રાંત, દુર્દાંત, પવનવેગે પળે, યોદ્ધાને ધસીને મળે, બરાબર પકડે, ખરેખરનો જકડે. પાડે એક હાકે. તીર ને ભાલા તાકે. ચડતી-પડતી માલિકની છો થાય, એની નિયત ચલિત ના થાય. અવનવલાં આયુધ લે. અરે આભ પડે તો તેને ય એક વાર જે ટેકવી દે એવા.

ને રથ? ચપલ તુરંગમ સોતા, છત્રીસ દંડાયુધે ભરિયા. પવન વેગે સાંચરિયા. ધડધડાટે ધરા ઢંઢોળે; રજ ઊડે, રવિબિંબને રોળે. જાણે ધજા ફરકતાં દેવવિમાન, જાણે મનોરથ મૂર્તિમાન.

એણીપેરે ચતુરંગ સેના ચાલી. વાટમાં નગરો આવતાં જાય છે. લોક નરેશ્વરને અવનવી ભેટો ધરતા જાય છે.

એમ કરતાં વાટે એક આવી અટવી. અટવી યે કેવી? માંહ્ય તમાલ, તાલ, ખર્જુર, સહકાર, કાંચનાર જેવાં અગણિત વૃક્ષો દીસે; સૂર્યતણાં કિરણો બીને માંહી ન પેસે. માંહી ક્યાંક શિયાળવાંની લાળી, ક્યાંક ઘૂવડની ઘૂક, ક્યાંક વાનરની હૂક ,ક્યાંક વાઘસિંહની ત્રાડ કરાળ, બધું દીસે અતીવ વિકરાળ. ન ક્યાંયે વાટ, ન મળે ઘાટ! માંહી વાનર અહીંથી તહીં ઊછળે, સિંહત્રાડે મદગળ ખળભળે. અસંખ્ય પશુપંખી પરવરે, કાળભમ્મર ભીલે નજરે પડે. એવી મહા રુદ્ર છે અટવી.

એમાં અટવાણું રાજાનું સૈન્ય. ન મળે તાગ! ન શકે ચાલી ઘોડા-હાથી; ન કોઇ કળી શકે પોતાનો સાથી! અત્યંત કારમી હતી પર્વત-માળા, ડાબેજમણે દીસે છે દવતણી જ્વાળા! ચસકી ન શકયા સવાર ને ચસકી ન શકયા પાળા! ત્યાં તો દેખાયા ભીલ અત્યંત કાળા! તેવે ટાણે પૃથ્વીચન્દ્રરાજાને થયું કે 'ખરે જ આવી વિષમ વેળા જે ભીલ થયા ભેળા! એની સામે શી રીત ઝૂમીએ જેની તાકાત ના બૂઝીએ!' આવી વિમાસણમાં જેવું રાજાનુ ચિત્ત પડયું એવું જ કટક તો અટવી વીંધી પાર પડયું! ને વળી, આગળ જ એક નગર નજરે ચડયું! સૈન્ય તો એનું અપાર આશ્ચર્ય ધરે છે ને પરસ્પર વાત કરે છે:

'ભાઈ, કોઇએ કાંઈ જાણ્યું કે આ સૈન્ય અહીં કોણે આણ્યું!'

'અરે, આપણું તો રૂઠયું'તું દેવ!'

'પણ તૂઠયા લાગે છે કોઇ દાનવ કે કોઈ દેવ.'

'હા રે! દેવ જ થયો છે નોંધારાનો આધાર.'

'ને કટક તો હેલામાં કીધું આ અટવી પાર!'

'અરે, આપણો ધણી પૃથ્વીચન્દ્ર ધન્ય, આ તો એનું જ પુણ્ય!'

'હા; નહિ તો, કહે છે ને કે જે ગયા વિદેશે તે ભરખાયા કલેશે.'

'હા, ભૈ- સૌને આખરે તો છે ધર્મનો આધાર. એ જ છે સાચો વિચાર.'

આમ વાત કરતાં સૌ એક આંબાવાડિયામાં આવ્યા; ત્યાં પડાવ નખાવ્યા.

ત્યાં હાંફતો, પછવાડે વારેવારે જોતો, કાયરપણે રોતો, એક પુરુષ નરેશ્વરને શરણે દોડી આવ્યો, પાછળ ભરાયો. ત્યાં તો ઉઘાડી તરવારો તાકતા, 'મારો! મારો' હાકતા, કેટલાક જણ દોડી આવ્યા ને કહ્યું, 'આપો ચોર! એ મહા કઠોર. જે એને રાખે તે ઢોર!'

ત્યારે રાજસેવક બોલ્યો, 'અરે આ તો છે ખુદ રાજા પૃથ્વીચન્દ્ર. આને તો ન શકે પહોંચી ખુદ ઇન્દ્ર.' ત્યારે એક જણ કહેવા લાગ્યો : 'નરેશ્વર, પહેલાં વાત પૂરી વિચારો, પછી તમતારે છો ચોર ઉગારો. અમે કોટવાળ, રાખીએ નગરીની સંભાળ. પણ આ ચોર ભારે નઠોર. વિવિધ વેશ ધરે, બોલેબોલે ફરે. ચડે માળે પરનાળે. કમાડ તો એવાં ઉઘાડે કે સૂતાં લોક જરા ન જગાડે! સૂતેલાંને ઘોર નીંદર દે ને કાન-કોટનાં આભૂષણ કાઢી લે. એની પાસે કટારી છે તો કોઈ જ બંધન એને નડનાં નથી, અશ્વ છે તો ઊંચાં કોટકાંગરાં કનડતાં નથી, એ તો ત્રાહ્ય પમાડે. ગઢ ફાડે, ઘર ફાડે, ભલભલા રાજાના ય ભંડાર ફાડે. દિ'એ દીસે શાન્ત; પણ રાતે સાક્ષાત્ કૃતાન્ત. ફટકારો તો ય કબૂલે ના ચોરી, બાંધો તો તોડી જાય દોરી! લોઢાકેરી સાંકળ તોડી, ઘડી ન બંધાયો રહે બેડી! હાકે અલોપ થાય; ઘેરો તો સામો ધાય! ધરી કરે ખુલ્લી તરવાર, લાખો મહીંથી થાય આરપાર. એવો આ ચોર ગઢનાળે પેસતો લાધ્યો. અમે પાડીને બાંધ્યો. દાંતે દોર ત્રોડી નાઠો, તમારે શરણે અહીં આ પેઠો. પણ એ છે પાપી; એણે પ્રજા સંતાપી. તમે એને શરણ ન આપો, અમને સોંપો. નહિ તો, પ્રહાર દેશું, ને એ ચોર તો લેશું જ લેશું. ભારે જબરો છે અમારો રાજા! એની તોલે ના'વે કોઇ રાણો કે રાજા! હા! પેલું છે ને નગર પદ્મપુર, બહુ જાણીતું. ત્યાં છે એ, રાજા સમરકેતુ. વૈરી પ્રતિ સાક્ષાત્ કેતુ. એ જો આ વાત જાણશે તો તમારા અહંકારતણો અંત આણશે. એ કારણે ચોર સોંપી નિર્દોષ થાઓ, પછી તમે ફાવે ત્યાં જાઓ.'

એ વાત સાંભળી, પોતાના સુભટો સામે જોઈ, રાજા પૃથ્વીચંદ્ર મર્મમાં હસ્યા, કે તુરંત એ સુભટો ઉલ્લસ્યા. ઊઠયા તે વીર, તાક્યા તોમર ને તીર. નાઠા નગરરક્ષણહાર! પાછળ લાગતા જાય પ્રહાર!

નાસતા જ્યારે નગરે પેઠા ત્યારે માંડ શ્વાસ કાં'ક હેઠા બેઠા! જઈને વિનવ્યો સમરકેતુ રા'; દેખાડે સૌ પોતપોતાના ઘા.

સમરકેતુ રા'એ કોપ કીધો. સેનાપતિને આદેશ દીધો. થયું સામે દળ, મળ્યા સુભટ સબલ. વાજે પ્રયાણભેરી, બીકે કંપે વેરી. મુખ્ય હાથી પર અંબાડી માંડી, રાજાની સવારી ચડી. ચતુરંગ દલ બહાર પડ્યું, રજકણથી આકાશ મઢ્યું!

પછી તો, સમરકેતુએ દૂત મોકલ્યો ત્યાં રહી; એણે જઈ, પૃથ્વીચન્દ્રને આ વાત કહી: 'તું પારકે પ્રદેશે પેસે છે, અહીં અન્યાય કરી બેસે છે. તું તો છે અજાણ; પણ હજી માન સમરકેતુની આણ, નહિ તો ખોશે નિજ પ્રાણ. ચોર રાખ્યાનો તને દંડ થશે. લોકમાં નકામી હાંસી થશે.'

પણ પૃથ્વીચન્દ્રે તો એ વાત હસી કાઢી, દૂતને મૂક્યો બહાર કાઢી. પોતે દલ સાથે બહાર પડ્યો.

થયાં ભેળાં બન્ને દલ, ઊડીને બંધાયાં ધૂળનાં પડલ. કોઈ પોતાનું-પારકું બૂઝે નહિ, કશું જ સૂઝે નહિ! ન જાણે ભૂતળ, ન જાણે નભોમંડળ! ન પૂર્વ, ન પશ્ચિમ. બધું થયું એકાકાર. મળ્યાં બે દલ. વાગી રણભેરી ને માદલ, તૂરી ને કાહલ. બૂંગિયા વાજ્યા, ત્રાંસાતણા ત્રહત્રહાટે ત્રિભુવન ધ્રૂજ્યા-ગાજ્યા. ભેરીના ભણકારે ભૂમિ ફાટી, કાહલના કોલાહલે કાયર કમ્પ્યા. વીરો–અશ્વો–ગજો ન રહ્યા જંપ્યા! થયા પડકાર હાકલા. ઢોલ ધ્રસૂક્યો. હાહાકારે ગગનાંગણ ગાજ્યું. બે દળમાં મચી હલચલ. શેષનાગનું મસ્તક ડોલ્યું. કુલાચલનું ચક્ર ચળ્યું. કૂર્મની કરોડ ભાંજે; અંબર ગાજે. અકાળ, અકારણ, પ્રલયની શંકા થઈ. સંધિતણી વેળા વહી ગઈ. વાધ્યો ક્રોધ. ઝૂઝે યોધ. ઘા ચુકાવે, છત્રીસ દંડાયુધો ચલાવે. વજ્ર, ચક્ર ચાલે. ત્રિશૂળ, ભાલા ચાલે. વહ્નિ ને કરપત્રો ચાલે; ગોફણ ને ગદાયે ચાલે. એવાંએવાં હથિયારો ઝળકે. કાયર લળકે. રથારૂઢ ધનુર્ધર થાય; બાણોથી આકાશને છાય. કો ઘોડે ચડે, ઝટ વળી પડે. સુભટને ભીડે; યુદ્ધે જોડે. ઘોડા છૂટે મોંએ ધાય; ત્રૂટે પગે ઘસી જાય. હાથી કેરી સૂંઢો ત્રૂટે; કોઈકનાં વળી માથાં ફૂટે.

આવું ઘોર યુદ્ધ ચાલતું હતું ત્યાં એકાએક રાજા પૃથ્વીચન્દ્રતણે દળ વૈરીએ ભંગાણ પાડ્યું! એ નાસવા લાગ્યું! સમરકેતુને થયો ઉમેદ; પૃથ્વીચન્દ્રને વ્યાપ્યો ખેદ! ચિંતવતો એ: 'આ તે કેવી વાત! દળમાં આ શો અકસ્માત!' એમ રાજા ચિંતવતો હતો ત્યાં જ અચાનક આકાશમાર્ગે વીર એક પ્રકટ્યો! સૌમાં અપાર અચંબો પ્રગટ્યો! તે દેવે વૈરીના હાથથકી હથિયાર પાડ્યાં! રાજા સમરકેતુને બાંધીને પૃથ્વીચંદ્રને ચરણે આણ્યો. પછી તત્ક્ષણ એવો અલોપ થયો કે ન કોઈએ જોયો ન કોઈએ જાણ્યો!

સૈન્યમાં હર્ષ પ્રવર્ત્યો. જયજયકાર વર્ત્યો. સમરકેતુનું માન ગળ્યું; એટલે પૃથ્વીચન્દ્રે પણ એને બંધનમુક્ત કરી, પહેરામણી દીધી. આસન આપી, સબહુમાન વાત કીધી: 'તમે મનમાં ગર્વ આણો પણ મારી વાત ન જાણો! કોઈ વાર છોને સૂર્ય પૂર્વ છાંડે ને પશ્ચિમે ઉદય માંડે, સાગર મર્યાદા છાંડે, મેરુ ટળે, આકાશેથી નક્ષત્રસમુદાય ચળે, ધર્મ પાપીઘેર પળે, જળમાં અગ્નિ બળે, ધ્રુવમંડળ ખળભળે, અચળ કુલાચલ પર્વત ચળે, અમૃત વિખ થાય, પૃથ્વી રસાતાળ જાય, કંજૂસથી દાન દેવાય, પણ મારી પાસેથી શરણાગતને કોઈથી કેમ લેવાય?'

ત્યારે જે આવ્યો છે પૃથ્વીચન્દ્રને શરણે તે ચોર પડ્યો રાજાને ચરણે. કહે, 'સ્વામી! તું ધન્ય, તારું અદ્ભુત પુણ્ય. એણે જ મને ઉગાર્યો, નહિ તો કોટવાળે કર્યો હોત પૂરો; કે પછી પડત સંસાર ને ચાલત મનુષ્યજન્મોની હાર.'

ચોરને મૂખે ધર્મવાત સાંભળી પૃથ્વીચન્દ્ર કહે, 'અરે, તું તે અજબ છો! કહેને તારા મનની વાત!'

ત્યારે એણે માંડી આપવીતી: 'અંગદેશે શ્રીપુર નામે નગર. ત્યાં હતા શ્રેષ્ઠી લક્ષ્મીધર. તેનો પુત્ર હું શ્રીપતિ; પણ વિષમ દૈવગતિ! દશ કરોડની પૂંજી હતી, પણ તે પિતા સાથે થઈ વહેતી! પિતાના મૃત્યુ બાદ જે પૂંજી વહાણે ભરી, વહાણે જ તે ગાયબ કરી! કાંઈક વળી વાણોતરો ખાઈ ગયા, કાંઈક હાટફાડુઓ લઈ ગયા. ભોં-ભંડારેલું ભોંમાં જ રહ્યું! કાંઈક વળી રાજે ગ્રહ્યું! ઘર હતું તે બળી ગયું! લખેલ હતું તે ટળી ગયું! સઘળું ગયું; લાખેકનું માંડ રહ્યું. પછી કામ બીજું છાંડ્યું ને વહાણ ભરવા માંડ્યું.

મુહૂર્ત ગોતીને વહાણ ભર્યું. ત્રણસો ને સાઠ કરિયાણાં ચડાવ્યાં. સાત જાતતા તો પકવાન ચડાવ્યાં. પૂરતાં પાણી ભરાવ્યાં. દરિયાદેવ ને વાયસ પુજાવ્યા. ધામધૂમ થઈ. નાચગાન થયાં. કૂવાથંભ ઊભો કીધો. લંગર ઉપાડ્યું, સઢ ચડાવ્યો. ધામતીઓ ધામત (વહાણમાં પેસતું પાણી) ઉલેચવા લાગ્યો. વાઉરિયો (જાળ નાખનાર) તળે પેઠો. નીજામો (વહાણવટી) નાળે બેઠો. મોજાં ઊછળી-ઊછળી પડે; સુકાની સુકાન સમાલે. માલમ વહાણ જાળવે. એમ વહાણ ચાલ્યું જાય છે.

ત્યાં વંટોળ ફૂંકાયા, આકાશે થઈ મેઘછાયા. ચડ્યો પવન પ્રબલ, સાગર થયો ઉચ્છૃંખલ. મોજાં આકાશે ચડી તૂટે, સામે થનારના છક્કા છૂટે. વેળા કપરી આવી, વસ્તુઓ સૌ જળે પધરાવી. કોઈ 'હા! દૈવ!' કરે; કોઈ ઇષ્ટ સ્મરે. વહાણ ખડકે પટકાયું, ભાંગ્યું; મારે હાથ એક પાટિયું આવી લાગ્યું. તેને આધારે સમુદ્ર તરતોતરતો ત્રણ દિવસે હું કાંઠે આવ્યો, તે ય હતું વન, સાવ નિર્જન! વનમાં સરોવરે જઈ જળ પીધું, ફળફળાદિ મળ્યું તે ખાધું.

આગળ જતાં એક દીઠો જોગી, જાણે મૂર્તિમંત સંસારવિયોગી। હૃદયપૂર્વક મેં તો નમસ્કાર કર્યા. ત્યારે એણે મારી વાત પૂછી. પછી બોલ્યો, 'તને એક દઈશ, બીજું લઈશ.'

મેં કહ્યું, 'પહેલાં દે, પછી મુજ ગરીબ કને જે દેખે તે લે.'

જોગીએ તો ખંધખોડણી વિદ્યા દીધી, ને પછી મારા જ મસ્તકની માંગ કીધી! મને થયું આ વળી પૂર્વભવનું પાતક વળગ્યું! મેં તો વાળી મૂઠી, મેલી દોટ; ને પૂંઠે જોગી! નાસતોનાસતો આ નગરે આવી, રાતે ગઢની ખાળમાં ભરાઈ ગયો, પણ કોટવાળાને હાથે ઝલાઈ ગયો! તમે રક્ષણ દીધું, મોટું એહેસાન કીધું. કાં કે–

છારતણો જે આફરો, દાસીકેરો નેવ (સ્નેહ),
કાંબળકેરુ મોળિયું ખસતાં ન લાગે ખેવ.

એવી થઈ મારી સંપત્તિ. જાણો છો ને અનેક દૃષ્ટાન્ત – આભતણી છાંહ, કુપુરુષની બાંહ, આઢિયાનું તૂર, નદીનું પુર, કુરાજાની કૃપા, દીવાનું તેજ, મામીનું હેજ, શરદઋતુનો મેહ, દાસીનો નેડો આ બધાંનો વહેલો આવે છેડો. મારી સંપત્તિનો આવો અંજામ આવ્યો. એણે વૈરાગ્ય ઉપજાવ્યો. હવે હું તાપસદીક્ષા લઈશ, હવે સદા હું શિવ પામીશ.'

એની વાત સાંભળીને સમરકેતુનું ચિત્ત પણ વૈરાગ્યવાળું થયું. પૃથ્વીચન્દ્રને પ્રણમીને એણે કહ્યું: 'તારી સહાય તો કોઈ અદૃષ્ટ દેવતા કરે છે, સર્વ વિઘ્ન હરે છે. તારું અદ્ભુત ભાગ્ય, મુજને ઊપજ્યો વૈરાગ્ય. જેવું વીજનું ઝબકું, જેવું પોયણીને પાન પાણીનું ટબકું, જેવું સાગરનું મોજું, જેવો ધજાનો અંચલ, તેવો હવે લાગે છે સંસાર ચંચલ. મારું કહ્યું આટલું હૈયે ધરો, મારું આ રાજ્ય તમારું કરો.'

ત્યારે પૃથ્વીચન્દ્રે શ્રીપતિ અને સમરકેતુ બન્નેને કહ્યું: 'તમે કરો છો ધર્મ, પણ નથી જાણતા મર્મ! સાંભળો. ગુરુ તે જે આચારવંત, ભાટ તે જે વચનવંત, વચન તે જે સત્યવંત, તુરંગ તે જે તેજવંત! મનુષ્ય તે જે ધર્મવંત, અને રાજા તે જે પ્રજાવંત. અહો મહાભાગ! હૈયાનાં લોચનથી જાગ!

જેટલું અંતર સમુદ્ર ને કૂવા, જેટલું અંતર બાપને ફૂઆ, જેટલું અંતર પટસૂત્ર અને સૂતળી, જેટલું અંતર જીવતો માણસ ને પૂતળી, જેટલું અંતર રુદન ને રાગ, જેટલું અંતર અળશિયું ને નાગ, જેટલું અંતર હંસ ને કાગ, જેટલું અંતર આગિયો ને સૂર, એટલું અંતર પરધર્મ ને સ્વધર્મ. માટે જ, મનમાં નિશ્ચય રાખો : જેમ સૂર્ય વિના સિદ્ધિ નહિ, કુલસ્ત્રી વિના ઘર નહિ, તેમ સ્વધર્મ વિના મુક્તિ નહિ. અને જ્યાં હિંસા ત્યાં નહિ ધર્મતણી પ્રશંસા. માટે જ કહ્યુ છે : જેમ વિલંબે વણસે કાજ, કુ-ઠાકુરે વણસે રાજ, વણબોલ્યે વણસે વ્યાજ, કુપાત્રે વણસે દાન, કુપંડિતે વણસે છાત્ર, ક્ષયે વણસે ગાત્ર, તીડે વણસે નીવડયું ક્ષેત્ર, જેમ કુવ્યસને વણસે સત્કર્મ તેમ હિંસાએ વણસે ધર્મ.

આ વાત સાંભળીને તે બન્નેના મિથ્યાત્વની ભ્રાંતિ ટળી ગઈ. એટલામાં ભાગ્યયોગે, દૈવસંયોગે એક ચારણ શ્રમણ મહાત્મા ત્યાં આવી ચડ્યા; સ્નેહે સૌ તેને ચરણે પડ્યા. પગે લાગી, દીક્ષા માગી. તેણે દીધી; મનની ઇચ્છા પૂરી કીધી.

તે પછી એલા શ્રમણે તો રાજાને વિદાય કર્યો ને પોતે વિહાર કર્યો. પૃથ્વીચન્દ્રે તો આઘેઆઘે પરિયાણ કર્યું. પહેલો પદ્મપુરે પહોંચ્યો. લોકોને હર્ષ થયો. ત્યાં પરમહંસ પ્રધાન હતો, તેને સોંપ્યો રાજ્યનો કારભાર.

હવે રાજા પૃથ્વીચન્દ્ર તે નગરથી સાત પ્રયાણે અયોધ્યાનગરીએ પહોંચ્યો. સ્વયંવરે એને આવી પહોંચેલો જોઈને સોમદેવને હર્ષ થયો. એણે સામૈયું કરી, એને આદર આપ્યો. છાજતો ઉતારો આપ્યો.

સ્વયંવરનો મંડપ તો સુથારે એવો રૂડો-રૂપાળો બનાવ્યો! પોયણીને પાને છાયો. કપૂર-કસ્તૂરી મહેકે છે, ધજા-પતાકા લહેકે છે. ચંદરવા તો છક કરે છે, નમણી પૂતળીઓની શી નાજુકતા! મહીં થંભ, કુંભી, રત્નનાં તોરણ, અરીસા ઝઝે, મોતીઓની સેર, ફૂલોનાં ગુચ્છા ઠેરઠેર. મંડપમાં તો રાજાઓનાં નામ કોતરેલાં સિંહાસન માંડયાં છે તમામ.

આની કોર રાજા સોમદેવના દૂત ઉતારેઉતારે ફર્યા. સૌને તેડાં કર્યાં. નરેશ્વરો આવ્યા. મંડપ શોભાવ્યા. એવે ટાણે રાજા પૃથ્વીચન્દ્ર, જાણે સાક્ષાત્ ઇન્દ્ર, સ્વયંવરે આવીને બેઠો. બધા રાજાને મન સંદેહ એવો પેઠો જે 'આ રાજાને શું કન્યા જશે? અમારું આવ્યું ફોગટ થશે?' જેમ અક્ષરમાં ઓમ્‌કાર, મંત્રમાં હ્રીંકાર સુગંધદ્રવ્યોમાં કપૂર, દ્વીપમાં જમ્બૂદ્વીપ, રાગમાં શ્રીરાગ, જેમ ગૌરવમાં તો ગગન અને પવિત્રતામાં પવન, દેવોમાં ઇન્દ્ર ને ગ્રહગણમાં ચન્દ્ર તેમ સહુ રાજાઓમાં દીસે શ્રી પૃથ્વીચન્દ્ર નરેન્દ્ર.

પછી તો રાજા સોમદેવે પ્રતિહાર મોકલીને કન્યાને તેડું કરાવ્યું. સોહાગણ સ્ત્રીઓએ ધોળ-મંગળ સાથે કન્યાને રંગેચંગે સ્નાન કરાવ્યું. કન્યાએ તો પ્રસંગાનુરૂપ શ્વેત પાનેતર પહેર્યાં છે. હાર ને ઝૂમણું, કંદોરો ને કંકણ, કટક ને કુંડલ, કર્ણપીઠ ને નૂપુર. જેવાં તો કંઈક જાતનાં આભૂષણો ધારણ કરાવ્યાં છે. સેંથીએ સિંદૂર ભર્યું છે, મુખે તાંબૂલ ધર્યું છે. એથી કન્યા તો થઈ છે અલંકૃતગાત્ર, રૂપતણું પાત્ર. પાલખીએ ચડી દેવાંગના સમાન, આગળ થાય ગીતગાન. એ રીતે પહોંચી એ મંડપતણે દ્વાર; હાથમાં છે હાર.

એને નીરખીને રાજાઓ પાણિગ્રહણની વાંછા ધરે, વિવિધ ચેષ્ટા કરે. કોઈ હૈયાનો હાર હલાવે, કોઈ વળી બાંયનાં બેરખાં ચલાવે, કોઈ રત્નદલ ઉલાળે, કોઈ છરી ઉછાળે, કોઈ મિત્ર સાથે વાત કરવા માંડે, તો કોઈ લહેરથી જાણે ખાંડા પ્રતિ ક્ષણએક આંખ માંડે, કોઈ સંભાળતું કાનનું કુંડળ. એણિપેર ચેષ્ટા કરતું રાજમંડળ.

કન્યા તો આભરણતેજે ઉલ્લસતી, રંભાને ય હસતી, સ્વયંવર મંડપે આવી પહોંચી, કે યશોધરા નામે પ્રતિહારીએ એને સંબોધી : 'હે કુંવરી, અદ્‌ભુત તારાં ગુણ ને રૂપ; તેથી આકર્ષાઈ અહીં આવ્યા છે પૃથ્વી સમસ્તના ભૂપ. તું જેને વરશે તેની ઇચ્છા ફળશે. જો, આ છે સહજ સુંદર મગધરાજા મકરધ્વજ નામે. તેને ભાગ્યે જેમ રાજલક્ષ્મી વસે છે તેમ મુખે સરસ્વતી ઉલ્લસે છે. રણે તો એ વીર શત્રુભડ ભાંજે. તેને ગળે નાખ વરમાળ આજે.

અથવા આ જો, વારાણસીનો પ્રચંડબલ, અકલ, કર્મચન્દ્ર નામે રાય. તેને પસંદ કરાય.

અથવા આ વિદર્ભ-નરપતિ. કર્ણ જેવો મહાઉદાર, ધનુર્ધર; તેને અંગીકાર કર.

ગૌડદેશનો આ સિંહરથ રાજા જો. એણે અંજનાચલને કૈલાસ કર્યો, યમુનાને સ્થાને કીધો ગંગાનો પ્રવાહ, મિત્ર કીધા ચંદ્ર ને રાહુ. એમ જેણે બ્રહ્માની સૃષ્ટિ ફેરી, તેની વાત અનેરી. તેને કર તું આપણો જીવિતેશ્વર.'

એમ એણે તો એક પછી એક હરિકેતુ, મકરકેતુ, ધૂમકેતુ, પદ્મરથ, હેમરથ વગેરે મુખ્યમુખ્ય રાજાઓને વર્ણવ્યા-વખાણ્યા, પણ રત્નમંજરીએ એકે મનમાં ન આણ્યા.

પણ આગળ જતાં જોયો એક મુખચન્દ્ર. હતો એ રાજા પૃથ્વીચન્દ્ર. જોતાં જ હૈયે ઊભર્યો આનંદસાગર; અંતઃકરણે શાખ પૂરી કે આ જ છે ગુણસાગર.

પ્રતિહારી બોલી : 'કુંવરીબા, સાંભળો. પરાપૂર્વે થઈ ગયા સગર ચક્રવર્તિ. એમને અઢળક સંપત્તિ. લાખો અશ્વ, રથ, નિશાન, ગજ. હજારો ને લાખો ચારે પ્રકારનાં ગામ - ગ્રામ, સંબાધ, નગર અને પાટણ. કરોડોનું સૈન્ય, ચૌદ હજાર તો પ્રધાનો, ચૌદ રત્ન, હજારો સોના-રૂપાની ખાણ, લાખો દીવટિયા ને ત્રણસો ને સાઠ રસોઇયા. ચરણે રણઝણે નૂપુર એવાં ચોસઠસહસ્ર અંતઃપુર. રાજાને વૈભવનો તો નથી પાર. બત્રીસ સહસ્ર રાય, પ્રભાતે પડે પાય. એવો પ્રચંડ-ભુજદંડ, જેણે જાળવ્યા ભરતક્ષેત્રના છ ય ખંડ એવો નિરુપમમૂર્તિ, અદ્‌ભુતસ્ફૂર્તિ થઈ ગયો સગર ચક્રવર્તિ. એને ભગીરથ પુત્ર જેણે ગંગાને સમુદ્રે વહેતી કરીને દાખવ્યું પોતાનું ચરિત્ર. એણે રાજ્ય પાળ્યું દીર્ઘકાળ. તેના હતા દસ પુત્ર પ્રેમાળ. એમાં એકનું કુંતલ નામ. એને દીધું મરઠદેશનું ઠામ. એ કુંતલતણે વંશે જયંત, દેવાનિક આદિ પુત્રો થયા; તેમાંથી દેવાનિકનો પુત્ર પૃથ્વીશેખર. એણે સ્થાપ્યું પઈઠાણપુર જે વસી જાય સૌને ઉર.

હે કુંવરી, મધુરવાણ! એ પૃથ્વીશેખરનો પુત્ર પૃથ્વીચન્દ્ર જાણ. એ નરેશ્વર ઐશ્વર્યગુણે સાક્ષાત્ સુરેશ્વર, ધૈર્યે મેરુ, દાને નવજલધર, ગાંભીર્યે ક્ષીરસાગર, નિર્મલતામાં ગંગાજલ, સૌમ્યતામાં શશિમંડલ, પૃથ્વીભારવહને શેષનાગ. એ ઉપર, હે કુંવરી, તું ધર અનુરાગ, અહીં તારો છે ખરો લાગ.'

તે રત્નમંજરી કુંવરી પ્રતિહારીતણાં આવાં વચન કાને ધરી, ઉરે ઉમંગ ઊભરી, અંગે રોમાંચભરી, નૂપુર ઝણકાવતી, હરખભરી રાજા ઢૂકડી પહોંચી. લાજ ઠેલી, કોમળ કંઠે વરમાળ મેલી. તત્કાળ 'જયજય' નાદ થયો, આનંદ વ્યાપ્યો. ગાંધર્વ ગાવા લાગ્યા. દેવો પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. ગવાયાં ધોળ-મંગળ આનંદ-આનંદ છવાયો, મહોત્સવ ઊજવાયો.

હવે એવે અવસરે તે રાજમંડલમાં જે ધૂમકેતુ રાજા કહેવાતો, તેણે ધૂમકેતુ દેવતાનો મંત્ર સાધેલો, તે જે ચિંતવે, ધૂમકેતુ દેવતા તે કરે. તે દેવતા તો અંગારક, વિકાલક, ઇન્દ્રાગ્નિ, અર્ગલ, પુષ્પ, ભાવકેતુ જેવા એકયાશી ગ્રહમાંહેલો એક.

જે વારે પૃથ્વીચન્દ્ર રાજા તણે કંઠે વરમાળ પડી, ધૂમકેતુ રાજાને રીસ ચડી. રીસે થયો તે વિકરાળ. ધૂમકેતુ દેવતાતણો મંત્ર સ્મરીને તેણે ઉછાળી કરવાળ. તે ખડ્ગ ફીટીને પ્રગટ્યો વેતાળ. ઊંચો નવતાલ, કંઠે રુંડમાલ, ખપ્પર કરે; મુખથી 'ખાઉં, ખાઉં!' કરે. જાણે યમદૂત;

કાન જાણે હોડકાં, પગ સૂપડાં, આંખ ઊંડી, ભમ્મર ભૂંડી, પેટ ફૂંડી, આંખ રાતી, હાથે કરવત તાતી, વરવો વિકરાળ વેશ, મોકળા કેશ, ખડખડ હસે, ધરામંડલે ધસે. મસ્તકે મોટી અંગીઠી (સગડી) બળે, ભૈરવ (ચીબરી)ની જેમ કલકલે. એવો તે વૈતાળ દેખી સહુયે ભયભ્રાંત થયા. રાજવર્ગ અત્રતત્ર નાસવા લાગ્યો. એટલામાં ધૂમકેતુ રાજા ઊઠીને કન્યાને રથે નાખવા લાગ્યો કે સર્વ રાજાનો ભ્રમ ભાંગ્યો, ને રાય-રાણા ધસમસવા લાગ્યા.

એટલામાં તે વેતાળથકી અંધકાર ફેલાયો. અંધકાર ફેલાતાં જ કોણ અપર ને કોણ પર? અરે, ન દેખાય પોતાની છાયા! બે પ્રહર દિવસના ને ચાર પ્રહર રાત્રિતણા - છ પ્રહર તો જાણે ગર્ભવાસ જેવું અંધારું પ્રવર્ત્યું.

પછી થયું પ્રભાત. ફીટી રાક્ષસની વાત. ગગન ઉજ્જ્વલ, નિર્મલ દિગ્મંડલ. પૂર્વાચળે આશ્રિત થયું રવિમંડલ, વિહસે કમલ, વિસ્તરે પરિમલ, વાયુ વાય શીતલ; પ્રસન્ન મહીતલ. જેવાં પારેવાંનાં રતૂમડાં ચરણ તેવાં વિસ્તર્યાં સૂર્યતણાં કિરણ.

એવે પ્રભાતે દીસે ઘોડા; દીસે હાથી; દીસે પૂરેલા સાથિયા; દીસે રાય, રાણા, પરિવાર; પણ ના દીસે રત્નમંજરી! તે ઘડીએ સોમદેવ રાજાને થઈ ચિંતા; સગાં ને સનેહી સૌ થયાં શોકવંતાં. વીલું પડ્યું પૃથ્વીચન્દ્રનું વદન, રત્નમંજરીની માતા કરવા લાગી રુદન.

એવે ટાણે તે મંડપ કુંવરી વિના નિઃશ્રીક દીસવા લાગ્યો. જેમ લવણહીન રસોઈ, વ્યાકરણહીન વાણી, છંદરહિત કવિ, પ્રેમરહિત મેળાપ, પણછ વિનાનું ધનુષ્ય, પાણી વિનાનું તળાવ તેમ રત્નમંજરી વિના ન શોભે લોકસમુદાય. તે સભા થઈ છે નિષ્પ્રભા. રીઝીને જેને દેતા મોતીના ત્રાટ, તે ગીત ન ગાતા ભાટ. જે રીઝે ચિત, તે કોઈ ન ગાતા ગીત. જેથી આશ્ચર્ય જાગે એવાં ન કો' વાજિંત્ર વાગે. જેનાથી ધૂણીએ મસ્તક તે કો' ન વાંચે પુસ્તક. જેનું વખાણીએ ઔચિત્ય તેવું ન થાય નૃત્ય.

આવું દુઃખ સ્વયંવરમહીં પ્રવર્તેલું હતું ત્યાં તો ધરતીકંપ થયો. ધ્રૂજે થંભ, ધ્રૂજે કુંભ. રાયરાણાંની આસનપીઠે ધ્રૂજે, બેસવું કેમ તે કો'ને ન સૂઝે! કો' પડે, કો' કાયર રડે. આમ ધ્રુજારી વછૂટી; પછી સભાવચાળે પૃથ્વી ફૂટી. પડી મોટી ફાટ, તેમાંથી ફૂટ્યું તેજ અફાટ!

જોતજોતાંમાં તો ફાટમાંથી દિવ્યરૂપધારિણી, સિંહાસનારૂઢા એક સ્ત્રી દેખાવા લાગી. તે સ્ત્રીના ખોળામાં તેજભરી, શોભતી દેખાઈ રત્નમંજરી કુંવરી! સૌ આશ્ચર્યચકિત થઈ ગયાં. એ સ્ત્રીએ બેય હાથે કુંવરીને ઉપાડીને બહાર મેલી, ને તત્ક્ષણ પોતે પાછી પૃથ્વીમાં સમાઈ ગઈ કે તત્ક્ષણ પૃથ્વી હતી તેવી થઈ ગઈ. મનની ઘટવટ રાજાએ દૂર કીધી, કુંવરીને નિકટ લીધી.

એ ટાણે તો લોકના એવા જામ્યા મેળા કે ન રહી વાતની યે વેળા. હર્ષે લોક ઘેલું થયું. ઉત્સવ ને ઉજવણું થયું. કુંવરી ને પૃથ્વીચન્દ્ર સહિત રાજા આવાસે પહોંચ્યા. અન્ય રાજાઓ પોતપોતાને ઉતારે પહોંચ્યા.

વિવાહ-ઉત્સવ મંડાણા. ધોળ ને ગાન ગવાણાં. થયાં પક્વાન, રંધાયાં ધાન. જમાડાય છે જાન. કામેકાજે લાગી ગએલા સ્વજનો કેડ બાંધીને હાંફળાફાંફળા અહીંતહીં દોડાદોડ કરે છે. ઢીંચણિયાં ધરે છે, ચાકળા મૂકે છે, બાજઠ મૂકે છે. પછી પીરસાય છે ભોજન. બાદ ધરાય છે કપૂરમિશ્રિત પાન.

પછી મંગળવેળા વરતીને રાજા પૃથ્વીચન્દ્રને મંગળસ્નાન કરાવ્યું. વિવાહયોગ્ય વસ્ત્રો પહેર્યાં. સર્વાંગશૃંગાર ધર્યા. જાણે ઇન્દ્ર અવતર્યા. ગરવો એક ગજરાજ. તે પર ચડ્યા છે નરરાજ. માથે છત્ર ધરે છે, ચામર ઢળે છે. વાજિંત્ર વાગે છે. લોકો જોવા લાગે છે. મહોચ્છવ કરતો રાજા મંડપદ્વારે આવ્યો. ઉત્તમ વસ્ત્રોથી વધાવ્યો. ગજેન્દ્રેથી ઊતરી, ડાબે પગે કોડિયાનું સંપુટ ચાંપતોક ને એ મહીં પહોંચ્યો. આચારવિચાર થયા. ચાર મંગળફેરા વર્ત્યા. હસ્તમેળાપ થયા. રાજા સોમદેવે વરને ગજ-રથ-તુરંગમનાં દાન દીધાં. રાજા પૃથ્વીચન્દ્રે મહોચ્છવ સહિત, આમ, રત્નમંજરીનાં પાણિગ્રહણ કીધાં.

પછી સૌ ઉતારે વળ્યા. લોક જોવા મળ્યા. કોઈ વખાણે ભૂપ તો કોઈ કન્યાનું રૂપ. કોઈ વખાણે ભાગ્ય તો કોઈ સૌભાગ્ય. કોઈ દેહશૃંગાર તો કોઈ પરિવાર. એમ પ્રશસ્તાતાં બન્ને ઉતારે પહોંચ્યાં.

રાજા સોમદેવે તો બધાય રાજાઓની આગતા-સ્વાગતા કીધી; કોઇને ઘોડા તો કોઇને હાથી, કોઇને આભરણ તો કોઇને પટકૂળ - એણિપેરે પે'રામણી કીધી, ને વિદાય દીધી. રાયરાણા સૌ પોતપોતાને નગર પાછા ઊપડી ગયા.

રાજા પૃથ્વીચન્દ્રની તો રાજા સોમદેવ પોતાને આવાસે દિલ દઇને પરોણાચાકરી કરે છે ને બન્ને શિવમય સુખમય દિવસો પસાર કરે છે. એક ટાણે, એ જમાઈ-સસરો જોડાજોડ બેઠા છે રાજસભામાં. રાજસભા પણ કેવી? એક પા પાત્ર નાચે, બીજી પા વિદ્વાન બેઠા પુસ્તક વાંચે; મલ્લો મલ્લવિદ્યામાં ને રાગના જાણકારો રાજાને ખુશ કરવામાં રાચે. શુભબોલા રાજકૃપા મેળવે છે, તો કોચાબોલા પોતાનું જ અહિત કેળવે છે. આવી સભામાં, એ અવસરે, આનંદ છે ખરે. ત્યારે આવ્યો વનપાળ ને એણે વિનવ્યો ભૂપાળ: 'મહારાજ! જેમણે ત્રણે ભુવનને આનંદે ભર્યાં છે એવા શ્રી ધર્મનાથ તીર્થંકર આપણે ઉદ્યાનવને પધાર્યા છે. પ્રસંગ છે તો શ્રી ધર્મનાથનું માંડું ચરિત્ર? એ છે મહાપવિત્ર.

'આ ભરતક્ષેત્ર પ્રવરગુણે કરી મનોહર.:તેમાં રત્નપુર નામે નગર. ત્યાં દેવેન્દ્રને ય જીતનાર છે ભાનુ નામે નરેશ્વર. એની પટરાણી, સુવ્રતા નામે સૌએ જાણી. એક પ્રસંગને વિષે તે રાણી પોતાને આવાસે, પ્રસન્ન ચિત્તે પલંગે પોઢી હતી, રાતના બે પહોરના વખતે ભરં નિદ્રામાં હતી. ત્યાં એણે ચૌદ મહાસ્વપ્ન જોયાં.

રાણીએ પ્રથમ દીઠો સપ્તાંગ પ્રતિષ્ઠિત, મહાકાય ભદ્રજાતીય, અદ્વિતીય એવો ગજેન્દ્ર.

ત્યાર કેડે દીઠો જલરહિત મેઘ જેવો ધવલ-ઉજ્જ્વલ વૃષભ.

ને રાણીએ પછી દીઠો રૂપાનો જાણે ગોળો પાંડુર. વિસ્તીર્ણ કેશવાળીથી શોભતા સ્કંધ, મૂસે ધગતા સુવર્ણરસની માફક ચક્કર-ફરતી ઝગતી-પીળી આંખવાળો; એવો સિંહ.

ને દીઠી પદ્મધરામાં વિશાળ કમળે બેઠેલ, પગતળે જેણે ચાંપ્યા છે નવે નિધિઓને એવી લક્ષ્મીદેવી.

તે પછી દીઠી કુસુમમાલાની જોડ, અજોડ. ફૂલોથી નિષ્પન્ન પરિમલ મોહ્યા ભમરગુંજારવે શોભતી એવી.

ને દીઠો સકલ તાપહારી, ચકોરકુલરંજક ઉજ્જ્વલ ધવલ ચન્દ્રમાલ.

ને દીઠો સૂર્ય. પ્રભાતે પ્રાચીનાં જે ખોલે જ્યારે બાર, દેવોને ચડે પુષ્પઉપહાર; એવો પ્રખર કિરણનિકર જોયો સહસ્રકર.

પછી દીઠો ધ્વજ. ગરવા એક પ્રાસાદને શિખરે, કનકકળશ ને રત્નની પાટલીએથી, સુવર્ણદંડે, ઘંટડીઓને અવિરત નાદે ફરકતો.

ને દીઠી પૂર્ણ કળશની જોડ, સુવર્ણે ઘડેલી, રત્ને મઢેલી, પુષ્પમાળા આંકેલી, અમી ભરી.

ને દીઠું સરોવર. ફરતી વૃક્ષોની માળ, ફરતી વિસ્તૃત પાળ, પાળે પાળે દેરીઓ. ધૂવે કોઈ વસ્ત્રો, ભરે કોઈ પાત્રો, શીત કરે ગાત્રો. સરે કંઈ શતદલ-સહસ્રદલ પદ્મવન; વને ક્રીડા દેવતા કરે; એવું દીઠું સરોવર.

ને દીઠો સાગર, અનંતજલ, કોટિકોટાન મોજાં ઉછાળતો જાણે પૃથ્વીનું વલણ તેવો દીઠો મહાસમુદ્ર.

ને પછી દીઠું વિમાન (સાત માળનો મહાલય). સુવર્ણમય ભીંત, ખંડો રત્નખચિત, જાણે ગગનનું કુંડલ. દેવોનું ક્રીડાધામ. તેજે

જીત્યો જેણે ભાણ, એવું દીઠું વિમાન.

ને દીઠો રત્નરાશિ. વજ્ર, વૈદુર્યાદિ પ્રકાશક રત્નભંડાર.

ને છેલ્લે દીઠો વૈશ્વાનર. ફરતી, ધૂમરી લેતી જ્વાળાએ કરીને રમણીય, મધુઘૃતે પોષાએલો, કૂર્ચ (દાઢી) રહિતના દેવમુખ જેવો, ધૂમરહિત તેજસહિત, એવો દીઠો વૈશ્વાનર.

એ ચૌદ સ્વપ્ન જોતાં જ રાણી જાગી, નિદ્રા ભાગી. મનમાં વિમાસવા લાગી: 'મેં જે આ ચૌદ સોણલાં દીઠાં, એનાં ફળ તો હશે જ મીઠાં. એટલે સ્વામી કને જવા દે ને નિઃસંદેહ થવા દે.' એમ કહીને, એણે તો ન બોલાવી દાસી, ન બોલાવી કોઈ સખી; પાધરી જ પોતે, 'જય-વિજય' કહેતી રાજા સમક્ષ પહોંચી ગઈ જાતે. રાજાની નિદ્રા ઊડી; સ્વપ્નની વાત સાંભળી રૂડી, સાંભળીને રાજાએ સ્વપ્નનું ફળ કહ્યું. રાણીએ હૃદયે ગ્રહ્યું. પછી પાછી સ્વસ્થાનકે આવી, પર્યંકે બેસી, સખી સહિત ધર્મજાગરણે બાકીની રાત વિતાવી.

પ્રભાતને પ્હોરે નરેશ્વરે સભામહીં સ્વપ્નપાઠકને ય પૂછ્યું. પછી દાનયોગ્ય સૌનું નિર્ધનપણું બધું લૂછ્યું. પૂરા દિવસો જતાં જ રાણીની કુખે પરમેશ્વરનો થયો અવતાર. દેવતા કરે જયજયકાર.

અધોલોકની, ઊર્ધ્વલોકની, રુચક પર્વતની, ચાર દિશા ને ચાર ખૂણાની એમ થઈને છપ્પન દિક્કુમારિકાએ ભેળી થઈને કર્યું પ્રસૂતિકર્મ. ત્યારે ઇન્દ્રાસન ડોલ્યું. ઇન્દ્રને પણ પહેલાં તો કોપ થયો પણ પછી જ્ઞાનદૃષ્ટિ લાધતાં ભક્તિભાવ જાગ્યો. એણે આવીને સુઘોષા ઘંટા બજાવીને દેવલોકે પરમેશ્વરના અવતારની જાણ કરી. પછી તો દેવો ને ચોસઠે ઇન્દ્રે મળી, હર્ષનાદ કર્યો.

સહસ્રશઃ નિર્મળ કળશોએ જળ ભરીભરી પરમેશ્વરને સ્નાન કરાવ્યું. અંગ લૂછ્યું. વસ્ત્રો ધર્યાં. અબિલ-ગુલાલ, પુષ્પ, લેપન, માળા આદિથી પૂજન-અર્ચન કર્યાં. ગીત-નૃત્ય-વાજિંત્રાદિથી બધે પ્રકારે પૂજા કરી. ત્યારે ગગન ગાજ્યાં. શંખ ને શૃંગી, પણવ ને પડો, ભંભા ને ભેરી, વેણુ ને વીણા જેવાં ઓગણપચ્ચાસ વાદ્યો વાગ્યાં. એમ ભાવભક્તિએ પરમેશ્વરનો સ્નાનમહોત્સવ કરાવી, પાછા માતા પાસે મૂકી, બત્રીસબત્રીસ થાળ, સિંહાસનાદિક, બત્રીસ કરોડ સુવર્ણ-રત્નની વૃષ્ટિ કરી, સ્વામીને જમણા હાથને અંગૂઠે કરી અમીસંચાર, વસ્ત્ર-કુંડલ-માલા મૂકીને, ઇન્દ્ર સિધાવ્યો સ્વસ્થાને.

હવે પ્રભાતે દાસીએ રાજા આગળ વધામણી ખાધી કે 'હે સ્વામી! આપણે ત્યાં કુમાર પ્રાપ્ત થયો છે.' રાજાએ તેને ખુશ કરી. નગરમાં મહોત્સવ થયો. નગરનાં કોટકાંગરાં, પોળદ્વાર શણગારાયાં, મંડપો નખાયાં, તોરણો બંધાયાં, ધ્વજા-પતાકા ફરકી, નાચ-ગાન સ્વસ્તિવચન થવા લાગ્યાં. સૌએ અલંકાર્યાં ગાત્ર. 'ઓછવ, ઓછવ' સૌને મોંએ, બસ, વાત એકમાત્ર.

માતાને દોહદમાં ધર્મબુદ્ધિ થએલી. તેથી ધર્મનાથ નામ દીધું. પરમેશ્વરે રમત કરતાંકરતાં બાળપણું પસાર કરી દીધું. યૌવનવયે રાજકન્યાનું પાણિગ્રહણ કીધું. દીર્ઘ કાળ રાજકુમારપદ પાળ્યું. દીર્ઘ કાળ રાજલક્ષ્મી પાળી, પછી વિરક્તચિત્ત થયા સ્વામી. દીક્ષા લીધી. બે વરસનો છદ્મકાળ વિતાવી, કેવળજ્ઞાન પામી, સ્વામી હવે તો વિહાર-કર્મ કરે ને ચિત્તે શાતા ધારે ને ભવલોક તારે.'

ઉદ્યાનપાલકે આ વિગત કીધી. રાજા પૃથ્વીચંદ્ર ને રાજા સોમદેવે એને સુવર્ણદાને રાજી કરી વિદાય દીધી. પછી બંને જમાઈ-સસરો સ-પરિવાર ધર્મનાથને દર્શને આવ્યા. ત્યાં સમસ્ત પૃથ્વીનું અલંકરણ એવું દીઠું સમોસરણ (ઉપદેશસ્થળ),

શી તે સમોસરણની શોભા! દેવો બધા આવ્યા. વાયુએ મંડપ વાળ્યો. મેઘે ગંધોદક વર્ષ્યો. ફૂલપડા ભરાયા. ગરવો રત્નમંડપ, ઉપર પચરંગી પુષ્પ વરસે! પરિમલ વિલસે. રજત, રત્ન ને કનકના તો ફરતા કોટકાંગરા; કમાન-દરવાજા, સ્તંભ ને કુંભ, તોરણ ને છત્ર. મહીં પૂતળીઓ મૂકી છે ને આળખ્યા છે સિંહ શાર્દૂલ ને ગજ. ઉપર ફરકે છે નીરજ પચરંગી ધ્વજ. મંડપવચાળે એક વિશાળ બેઠક. ત્યાં એક મંગલ અશોકવૃક્ષ. એની છાયા તળે રત્નમય સિંહાસણ. એની ઉપર હતું જગનાથનું બેસણું. છત્ર-ચમર ઢળે છે. કાનનાં કુંડળ ઝગે છે. દુંદુભિ વાગે છે. ગગનાંગણ ગાજે છે. ધૂપ મહેકે છે. કોટિ લોક દર્શન કરે છે; અભિલાષ પૂર્ણ કરે છે. જગનાથ તો પૂછ્યા ઉત્તર આપે છે; પ્રભા બધે વ્યાપે છે. એમની તો છે મધુરી વાણી, ધર્માનુસારિણી, અમૃતાનુકારિણી.

ત્યાં આ બે નરેશ્વર પહોંચ્યા. ધર્મનાથને પ્રદક્ષિણા દઈ, આગળ બેઠા જઈ. ત્યારે ધર્મનાથ તીર્થંકરે ઉપદેશ દીધો. કેવો?—

હે ભાવિકો!

સદ્વંશ જન્મ, વપુ સુંદર, સ્ત્રી સુશીલ,
સમૃદ્ધિ યે સહુ પરાક્રમની પ્રસાદી,
સત્પુત્ર નિર્મળ, નિખાલસ મિત્રવર્ગ.
છે ધર્મથી જ મળતાં સહેજે ફળો આ.

હે જીવો! ઉત્તમ કુળે જન્મ દુર્લભ, ઉત્તમ કુળ કોનું જેણે ઇંદ્રિયો જીતી એવા જિનનું. માટે જ કહ્યું છે:

વંશોમાં જિનનો શ્રેષ્ઠ, સૌ કુળે કુળ શ્રાવક;
સિદ્ધિગતિ ગતિઓમાં, સૌ સુખે સુખ મુક્તિનું.

વંશ તો અનેક છે. મુખ્ય ચાળીસ જેટલા. ને જ્ઞાતિઓ મુખ્ય ચોર્યાસી. પણ એમાં શ્રેષ્ઠ તે જે હિંસા ટાળે, દયા સદાય પાળે.

'વપુ સુંદર' તે ક્યારે? જે શરીર પુણ્યમાર્ગે કાર્યરત રહે, પાપ નિવારે, તે જે જોયે આંખ ઠારે.

'સ્ત્રી સુશીલ'—કારણ કે કુભારજા મળ્યે, કુટુંબ ટળે! કુભાર્યા તો હાલતી-ચાલતી છરી, નરી મરી-મરચાંની ભૂકી! જીવતી ચિનગારી, મહાસંતાપકારી. સુશીલ પુણ્યશાળી પત્ની કુળ તારે.

સમૃદ્ધિ સાચી એ જે પરિશ્રમે પમાય ને પરાર્થે વપરાય. લોક તો દ્રવ્યાર્થે ભાતભાતનાં કામો કરે છે. કોઈ દેવ આરાધે, કોઈ મંત્ર સાધે. કોઈ રાજસભામાં તો કોઈ બુદ્ધિશાળીઓમાં બેસે. કોઈ સૈન્યે તો કોઈ વ્યાપારે પેસે. કોઈ ધૂતપણાથી ભલાં લોકને ભોળવે, કોઈ ભુજબળ કેળવે ને ભૂમંડળ ભમે. કોઈ યોગી પાછળ તો કોઈ રાજા પાછળ ભટકે; કોઈ હથોડા ટીપે, કોઈ હળ ખેડે તો કોઈ ખેડે સાગર. કોઈ વળી પરાથી કવિતા હરે, કોઈ હાથે વિષધરને ધરે, કોઈ પરાયે ધન ઘર ભરે; કોઈ વિદ્યાદાન કરે. એમ અનેક વ્યવસાય લોક કરે; પણ પુણ્યની કમાઈ તે જ અંતે સાચી ઠરે.

'સત્પુત્ર નિર્મળ' એમ કહ્યું, કાં કે, પાપે મળે કુપુત્ર જે કુસ્થાને વિલસે, પરાથી ભૂમિ ગ્રસે, ખુશામતથી રીઝે, પણ સાચું સાંભળતાં જ ખીજે! શ્વાનની પેર ભસે, અન્ય સામે હસે. પરંતુ પુણ્યે મળે નિર્મળ, દેવગુરુને કાર્યે તત્પર, એવા સત્પુત્ર પુણ્યે સભર.

'નિખાલસ મિત્રવર્ગ' કહ્યું, કાં કે એક જીવ સહજે દુર્જનપ્રકૃતિ; પાપતણે વિષયે મોટી આકૃતિ! મોંએ મીઠો, માંહ્યથી કાઠો (ધૂર્ત); પરાયાં છિદ્ર ફરે ખોળતો, વિણ-કારણ કૈંકને વગોવતો. તો એક જીવ વળી સહજે સાલસ સ્વભાવ, પુણ્ય ઉપર દાખે ઘણો ભાવ. ઉપકાર કરે, સૌનું સારું હૈયે ધરે. નવક્ષેત્રે વાવરે ધન, જેમ ચંદન તેવાં શીતળ જેનાં મન. સાંપડે એવા સુમિત્ર સુજાણ, તો જાણવું તે પુણ્યતણું પ્રમાણ.

એવાં ધર્મફલ દેખી, પ્રમાદ ઉવેખી, કર્તવ્ય કરી, પુણ્યતણે વિષયે ભાવનાસહિત લાભ લેવો. જેમ ઘર શોભે ઉત્તમ નારીથી, જેમ શરીર શોભે શીલશૃંગારથી, જેમ સરોવર શોભે કમલે, જેમ પુષ્પ શોભે પરિમલે, રાત્રિ શોભે ચંદ્રમંડલથી, તેમ ધર્મ શોભે ભાવનાથી.

આવો ઉપદેશ સાંભળી, બન્ને નરેશ્વરે ધર્મનાથ પ્રતિ કહ્યુ : 'હે જગનાથ, સંદેહ ટાળો, માટે ઊભો થયો છુ જોડી હાથ. આપનું તો બિરુદ છે સંદેહભંજક. કહેવાય છે ને ?—સમુદ્ર તો ઉલ્લંઘાય ભારંડ પક્ષીથી, નહિ કે મચ્છરથી. ગજેન્દ્ર હણાય સિંહે, ન સસલે. પર્વતના ડાળ તાણે નદીતણાં પૂર, નહિ કે વહેળા. સમુદ્રે સેતુબંધ તો બાંધે પર્વતશિલા, નહિ કે કાંકરીઓ. એ કારણે સ્વામી, અમારા સંદેહ પણ આપ જ ટાળી શકો : એક સંદેહ ઊપજ્યો સરોવરની પાળે, એક ઊપજ્યો અટવિ ઠામે, એક સંગ્રામે, એક સ્વયંવરે. ટાળો આ સંદેહ સર્વે.'

આવી વિનંતી સાંભળીને ધર્મનાથ બોલ્યા : 'અહો નરેશ્વર, સાંભળો; હવે કહું છું પૂર્વભવ, જે કારણે તમને થયો છે આવો અનુભવ.

આ ભારતક્ષેત્રની માંહી ભૃગુકચ્છ નામે નગર, જ્યાં નર્મદાનદી પ્રવર. પ્રૌઢ ધવલગૃહ, અનેક વ્યવસાયના લોક પુણ્યવિષયે સસ્પૃહ. જ્યાં પદ્મશ્રી નામે સર મનોહર. જ્યાં રાજ્ય પાળે દ્રોણ નામે નરેશ્વર. એને ઘેરે સાગર અને પૂરણ નામે પવિત્રચરિત્ર બે પુત્ર. તે બન્ને નર્મદા નદીમાં, મછવે ચડી, માછલાં મારવાને તત્પર થયા છે, એવે ટાણે માછલુ એક સામે આવ્યું. બન્ને પ્રતિ તાકીને બોલ્યું, 'રે દુરાચારીઓ, મ કરો પાપ, થશે નરકે ગયાનો સંતાપ. નહિ છૂટો હોં કરતાં ય વિલાપ. ન માનો તો જઇને પૂછો, કહેશે આપના બાપ.'

સાંભળીને બેય કુંવર તો થયા ભયભ્રાંત. તે જ નદીને કાંઠે દીઠા એક મુનીશ્વર. મછવામાંથી ઊતર્યા. નમસ્કાર કર્યા. એટલે મુનીશ્વર બોલ્યા : 'વત્સો ! તમે મારા પૌત્ર. હું પાળુ ચારિત્ર. તમે છો ક્ષાત્ર (ક્ષત્રિય), ને આ કાર્ય નથી તમારે પાત્ર. ભાઈ, એ કુંડળ શા કામનું જેથી તૂટે કાન ? એ ગુરુને શું કરીએ જેથી વણસે જ્ઞાન ? એ રાજાને શું કરીએ જેને પગે લાગ્યે પામીએ અપમાન ? એ તે કેવો ધર્મ જેથી વધે મમત ? એ તે કેવી રમત જેથી થાય પાપ ? વત્સો ! મારા ભક્ત વ્યંતરે, મત્સ્યમુખે આવીને, તમને જગાડયા; પુણ્યમાર્ગે લગાડયા. હવે પાપ પરિહરો, પુણ્ય કરો.'

પછી તો એ ઋષિવરે શીખ આપી, તે બન્નેએ કબૂલ રાખી. આવ્યા પોતાને ઘેર; પુણ્ય કરે અવનવી પેર. દે દાન, ધરે પ્રભુનું ધ્યાન. ધર્મ-વિધિ સઘળી પાળે, ચિત્તને ધર્મમાર્ગે જ વાળે.

કાળ જતાં રાજા દ્રોણે તે બેઉને રાજ્ય દીધું, પોતે રાણીસહિત ચારિત્ર લીધું. એવું નિર્મળ ચારિત્ર બન્નેએ પાળ્યું કે દેહ પડતાં, તે રાજા પાતાળમાં બલેન્દ્ર તરીકે અવતર્યા અને રાણી થઈ ઇન્દ્રાણી.

હવે, પૂરણ જે પદ્મશ્રી નામે હતી કલત્ર (પત્ની), મહા સચ્ચરિત્ર. તે પદ્મશ્રી, પૂરણ તથા સાગર ત્રણે ય પણ પુણ્ય કરીને ગયાં દેવલોકે, ને ત્યાં સુખ ભોગવી પાછાં અવતર્યાં મનુષ્ય લોકે. સાગરનો જીવ થયો સોમદેવ નરેન્દ્ર અને પૂરણનો તે પૃથ્વીચન્દ્ર. પદ્મશ્રી તે થઈ રત્નમંજરી. પૂર્વ-ભવનો ધર્મ ફળ્યો ને અહા સર્વસંયોગ મળ્યો !'

પૃથ્વીચન્દ્ર ને સોમદેવે આ ઉપદેશ સાંભળ્યો. ત્યાં, પાછું, ધર્મ-નાથે ઉમેર્યું : 'હવે કહું તમારા સંદેહની વાત. જે સમયે રત્નમંજરી સરોવરતણી પાળે પિતાને ખોળે બેઠી, 'કોને આ વરશે ?' એ ચિન્તા પિતાચિત્તે પેઠી, તે સમયે બલેન્દ્ર દાનવેશ્વરે જ્ઞાનદૃષ્ટિએ એનો પૂર્વ ભવ જાણી, પુત્ર પૃથ્વીચન્દ્રને માટે રાખવા રત્નમંજરી. હંસરૂપે અપ-હરી કુંવરી ને પોતા કને આણી. છ માસ પાતાલે સ્થાપી. પછી યોગ્ય કાળે પાછી આપી. રાજા પૃથ્વીચન્દ્રને સ્વપ્ન દીધું, અટવિમાં ને રણાં-ગણમાં મહાસાન્નિધ્ય (સહાય) કીધું.

અને સ્વયંવરે જેવો ધૂમકેતુ રાજા વેતાલાંધકાર વિસ્તારીને, રત્ન-મંજરીનું હરણ કરવા ગયો કે બલેન્દ્રની રાણીને હાથે તે ત્યાં જ પૂરો થયો. કુંવરીને છ પ્રહર પાતાળે રાખી, પ્રભાતે પ્રગટ કરી દાખી ! એમ એણે દાખવ્યો પૂર્વભવનેહ. ટળ્યાને હવે તમારા સૌ સંદેહ ?

હે પૃથ્વીચન્દ્ર ! તારું તો મહા અદ્ભુત છે ભાગ્ય ! એને કારણે તને તો ગૃહસ્થ વેષે જ હાથીએ ચડતાં આ જ ભવે ઊપજશે કેવલ્યજ્ઞાન, એ જ ગણાય ભાગ્યપ્રધાન. સોમદેવ રાજાને ત્રીજે ભવે મુક્તિ, આવી છે નિયતિની યુક્તિ.'

કહીને આ પૂર્વભવકહાણી, ઉપદેશ આપી એ કેવલનાણી ધર્મનાથ વિહારે સિધાવ્યા.

પછી સોમદેવની વિદાય લઈ, એક વાત મનમાં ધરી, રત્નમંજરી સહિત પૃથ્વીચન્દ્ર સ્વસ્થાનકે આવ્યા. સમસ્ત પઇઠાણપુરમાં વાજતે-ગાજતે સામૈયું થયું. રત્નમંજરી પટરાણી થઈ.

કાળ જતાં તેને પુત્ર જન્મ્યો, નામ પાડયું મહીધર. મોટો થતાં એ રૂપગુણમાં સૌથી પ્રશંસાયો. દીર્ઘકાળ સુધી પૃથ્વીચન્દ્રે રાજ્ય કર્યું.

એમાં એક વાર કાનડાદેશનો રાજા સિંહકેતુ એકાએક પઈઠાણપુર ઉપર ચડી આવે છે એવા વાવડ આવ્યા. લોકમાં વ્યાપી ભીતિ, તત્કાળ ગુપ્તચરોએ પૃથ્વીચન્દ્રને આપી પૂરી માહિતી. સાંભળતાં વાર પૃથ્વી-ચન્દ્ર કોપ કરી, તલવાર વગેરે ધારણ કરી. યુદ્ધ માટે તૈયાર થયો. સૈન્ય પણ સજ્જ થયું. ભંભા વાગી, ભેરી બાજી, ગગનાંગણ રહ્યું ગાજી.

રાજા જેવો પોતે હાથીએ ચડયો એવો વિમાસણમાં પડયો : 'રે જીવ ! હું બાહ્ય વેરીપૂંઠે ધાઉં છું, પણ અંતરના વેરી સામો ક્યારે થાઉં છું ? શી આમાં બુદ્ધિ, કે શી શુદ્ધિ ? જીતવા જોઈએ ક્રોધ જે થકી જન્મે છે આવા વિરોધ. જીતવું જોઈએ અભિમાન, જેને પર્વતનું ઉપ-માન. જીતવો જોઈએ લોભ, જેથી સંસારસાગરે ન થાય ક્ષોભ, જીતવો જોઈએ કામ, જે ફેડે પુણ્યનું કામ. જીતવો જોઈએ મોહ, જે છે પુણ્યનો દ્રોહ.' આમ ચિંતવતાં જ પ્રગટયું શુક્લધ્યાન, થયું કેવલ્યજ્ઞાન. વેર શમ્યું; વેરીનું શિર પણ નમ્યું.

આવી છે આ પ્રાચીન કથા – પૌરુષની ને પુણ્યની. પૃથ્વીના ચંદ્રની. તેથી—

જ્યાં સુધી મેરુ ને પૃથ્વી, ને તપે સૂર્યચન્દ્ર આ,
ત્યાં સુધી સ્મરશે હર્ષે લોકો આ પુણ્યની કથા. □

વકીલે આપેલા બિલ પર નજર ફેરવી અસીલે આશ્ચર્ય પામતાં પૂછ્યું : 'સાહેબ, હોટલમાં લંચનું બિલ આપે ચૂકવી આપેલું એટલે હું તો સમજેલો કે આજનું લંચ આપના તરફથી ગણવાનું હશે. ખેર, આપે તેનો યે બિલમાં સમાવેશ કર્યો છે એટલે એ તો હું આપી દઈશ. પરંતુ આ 'લંચન એડવાઈઝ'ના સો રૂપિયા શાના તે ન સમજાયું.'

'કેમ ? લંચમાં શું મંગાવવું તે માટે તમે મને પૂછેલું અને મેં એ અંગે વાનગીઓનાં નામ કહેલાં એ ભૂલી ગયા ?'

∞

એક મોટી કંપનીના સાહેબ સમક્ષ પગારવધારાની માગણી કરતાં ત્યાંના માણસે કહ્યુ, '...સાહેબ, આપને ખબર નહિ હોય પણ બીજી કંપનીઓવાળા ને મોટી ઑફિસોવાળા મારી પાછળ પડયા છે.'

'એમ ! કોણ કોણ છે એ ?'

'ઇલેક્ટ્રિક કંપનીવાળા, ગૅસ કંપનીવાળા, હૉશિગ કંપનીવાળા, મની લેન્ડિંગ કંપનીવાળા......'

કુસુમ સરોવર ને ત્યાંનાં ભીંતચિત્રો

લેખન અને રેખાંકન

વાસુદેવ સ્માર્ત

ઉત્તર પ્રદેશ રાજ્યના પુરાતત્ત્વ વિભાગે, મથુરા જિલ્લામાં ગોવર્ધનની નજીક આવેલા કુસુમ સરોવરના કિનારે, ભરતપુરના રાજા જવાહરસિંહે બંધાવેલી ભવ્ય છતરીઓમાંનાં લગભગ ૨૦૦ વર્ષ જૂનાં ભીંતચિત્રોની અનુકૃતિઓ કરવાનું કામ મને સોંપેલું. આ માટે ૧૯૭૯નો લગભગ આખો મે માસ વ્રજમંડલમાં રહેવાનું થયું હતું. શ્રીકૃષ્ણની એ લીલાભૂમિનું ભક્તિભાવપૂર્ણ વાતાવરણ, નૈસર્ગિક સૌંદર્ય અને ભીંતચિત્રોના ચિત્રકારોના વિશિષ્ટ કલાકૌશલના પરિચયનો એ અવિસ્મરણીય અનુભવ હતો. તેની ઝાંખી કરાવવાનો અહીં પ્રયત્ન છે.

ભારતની સાત મોક્ષદાયી નગરીઓમાં છેક પુરાણકાળથી ગણના પામતી મથુરા નગરીમાં શ્રીકૃષ્ણનો જન્મ, વ્રજમાં એમની વિધવિધ લીલા, અસુરોના સંહાર ઈત્યાદિને કારણે આ ભૂમિ કૃષ્ણભક્તિનું પરમ ધામ બની આજે ય દેશના ખૂણેખૂણેથી વૈષ્ણવ ભક્તોને એટલાં જ આકર્ષે છે. ગોકુલ, મથુરા, વૃંદાવન, નંદગાંવ, બરસાના, ગોવર્ધન, રાધાકુંડ, કૃષ્ણકુંડ વગેરે સ્થળો વૈષ્ણવોનાં વિખ્યાત ધામો છે.

મથુરાથી લગભગ ૨૫ કિ.મી. દૂર ગોવર્ધન ગામ છે. ઇન્દ્રના કોપથી વરસેલા બારે મેઘ સામે વ્રજનાં નરનારી ને પશુપક્ષીના રક્ષણાર્થે સાતસાત દિવસ સુધી શ્રીકૃષ્ણે જેને પોતાની ટચલી આંગળી પર ઊચકી રાખેલો તે 'ગિરિરાજ' ગોવર્ધન આજે યે, રાજસ્થાની શૈલીનાં લઘુચિત્રોમાં જેવો ખુલ્લા જાંબુડા કે ખુલ્લા રાખોડી રંગમાં ચીતરાએલો છે તેવો જ જાણે લાગે છે. બારેક માઈલ લાંબા આ પહાડને પુરાણોમાં 'અન્નકૂટ' પણ કહ્યો છે. ભાવિકો તેની દંડવત્ પ્રણામ કરતા જઇને પ્રદક્ષિણા કરે છે, એટલું જ નહિ, કેટલાક સંતો તો પ્રત્યેક દંડવત્ પ્રણામ પણ ૧૦૮ વાર કરીને પ્રદક્ષિણા કરે છે, જેને પૂરી થતાં લગભગ બે વર્ષ લાગે છે. ગોવર્ધનની પવિત્રતાનું એટલું માહાત્મ્ય છે કે તેનો એક નાનોશો પથ્થર પણ ત્યાંથી ખસેડીને કોઈ કામમાં વપરાતો નથી. આ પર્વતની વચ્ચે ગોવર્ધન ગામ વસ્યું છે ને તેની એક બાજુએ વિશાળ 'માનસી સરોવર' છે. એને 'માનસી ગંગા' પણ કહે છે. જયપુરના રાજા માનસિંહે તે બંધાવેલું ને તે પછી ભરતપુરના રાજાઓએ અનેકવાર તેને સમારાવ્યું છે. દીવાળીમાં જ્યારે આ વિશાળ સરોવરમાં હજારો દીવા તરતા મુકાય છે ત્યારે તેની શોભા એક અનેરું દૃશ્ય રચે છે.

ગોવર્ધનથી રાધાકુંડ જતાં ત્રણેક કિલોમીટર દૂર કુસુમ સરોવર આવે છે. શ્રીકૃષ્ણની લીલાસહચરી ગોપીઓનું એ વિહારસ્થાન હતું. શ્રીકૃષ્ણે અહીં રાધાજીનો શણગાર કરેલો. આ પ્રસંગનું એક સુંદર ભીંતચિત્ર અહીં આલેખાએલું છે. ઓધવજી અહીં વનસ્પતિ રૂપે સદા વિદ્યમાન છે એવું ભાવિકો માને છે.

કુસુમ સરોવરનો ઉલ્લેખ શ્રીમદ્ ભાગવત્ મહાપુરાણમાં ભાગવત્ માહાત્મ્યના બીજા અધ્યાયમાં આવે છે—

ગોવર્ધનગિરિનિકટે સખીસ્થલે તદ્રજ: કામ:।
તત્રત્યાઙ્કુરવલ્લીરૂપેણાસ્તે સ ઉદ્ધવો નૂનમ્ ॥ ૨૪॥
આત્મોત્સવરૂપત્વં હરિણા તસ્મૈ સમર્પિતં નિયતમ્।
તસ્મત્તત્ર સ્થિત્વા કુસુમસર: પરિસરે સવજ્રાભિ: ॥ ૨૫॥
ગોવર્ધનાદદૂરેણ વૃન્દારણ્યે સખીસ્થળે ।
પ્રવૃત્ત: કુસુમામ્ભોધૌ કૃષ્ણ સંકીર્તનોત્સવ : ॥ ૩૦॥

ગોવર્ધનગિરિની નિકટમાં શ્રીકૃષ્ણની સખીઓની ચરણરજ પામવાના આશયથી લતા-અંકુરો રૂપે ઉદ્ધવજી ગોપાંગનાઓની આ વિહારસ્થલીમાં વસે છે. (૨૪)


શ્રીકૃષ્ણે પોતાનું ઉત્સવસ્વરૂપ ઉદ્ધવજીને અર્પણ કર્યું હોઈ ભગવાનનો ઉત્સવ એ ઓધવજીનું અંગ છે. એનાથી એ અલગ રહી નથી શકતા એટલે તમે સૌ વજ્રનાભને સાથે લઈ કુસુમસર પાસે નિવાસ કરો.(૨૫).

ગોવર્ધનની નજીક કુસુમસર ગોપીઓની વિહારસ્થલી છે, ત્યાં શ્રીકૃષ્ણ-સંકીર્તનનો પ્રારંભ થયો. (૩૦)

આમ, શ્રીમદ્ ભાગવતમાં ઉલ્લેખિત આ કુસુમ સરોવર ઘણું પ્રાચીન સ્થાન છે. ઈ. ૧૭૬૩માં આજના ગાઝિયાબાદ પાસે ભરતપુરના રાજા સૂરજમલનું મૃત્યુ થએલું. તેની સ્મૃતિમાં તેના પરાક્રમી પુત્ર જવાહરસિંહે અહીં છતરીઓનું નિર્માણ કર્યું. પિતાના મૃત્યુનો બદલો લેવા જવાહરસિંહે મુઘલ રાજધાની દિલ્હી પર ચઢાઈ કરી તેને લૂંટયું હતું અને ત્યાંના લાલ કિલ્લામાં અકબરે ચિતોડ જીતીને ત્યાંથી આણેલા અષ્ટધાતુના જે દરવાજા બેસાડયા હતા તે ઉતરાવી લઇને તેને ભરતપુરના કિલ્લાના ઉત્તર તરફના સિંહદ્વારમાં બેસાડયા હતા. જે આજે પણ તે ત્યાં વિદ્યમાન હોઈ જાટ રાજાઓની વીરતાની સાક્ષી પૂરે છે. દિલ્હી લૂટતાં મેળવેલું અઢળક ધન તેણે ડીગ, ગોવર્ધન અને ભરતપુરમાં અનેક ભવ્ય ઇમારતો ઊભી કરવામાં વાપર્યું હતું, અને કુસુમ સરોવરના તીરે પિતાના સ્મારક રૂપે ભવ્ય છતરી બંધાવી તેને અત્યધિક સુંદર રીતે અલંકૃત કરી હતી. આ કુસુમ સરોવર અગાઉ એક કાચા કુંડ રૂપે હતું. ઈ. ૧૬૭૫માં ઓરછાના રાજા વીરસિંહે ત્યાં ઘાટ બંધાવ્યા અને રાજા સૂરજમલે તેને વિસ્તાર્યું હતું. જવાહરસિંહે ત્યાં સુંદર છતરી બંધાવી તેને સવિશેષ કલામંડિત કર્યું.

કુસુમ સરોવર સારી પેઠે ઊંડું અને વિસ્તૃત છે. એની ચારે તરફ પથ્થરનાં પગથિયાં અને બુરજો છે. એની પાછળના ભાગમાં ૪૬૦ ફૂટ જેટલા લાંબા ઊંચા ચોતરા ઉપર એક વિશાળ અને બે નાની છતરીઓ છે. સરોવર પર ક્રમબદ્ધ પંક્તિઓમાં બાંધેલા ઘાટ, બુરજો, અને ઘુમ્મટો સહિત સુંદર સ્થાપત્યશોભન સાથેની ભવ્ય છતરીઓ, આસપાસ મોટી પુષ્પવાટિકા ને લીલો કુંજાર વનવૈભવ ત્યારે એક સાથે જોતાં કોઈ સિદ્ધહસ્ત સ્થપતિએ નિર્માણ કરેલા મૂર્તિમંત સ્વપ્ન સમું લાગતું હશે. મધ્યની મુખ્ય છતરીમાં મૂલ્યવાન રંગબેરંગી પથ્થરોની પચ્ચીકારી, આરસપાણની સુંદર જાળીઓ, તથા કલાત્મક ઝરૂખા આજે પણ સુંદર દૃશ્ય રચે છે. એકમાત્ર અહીંની પુષ્પવાટિકામાં, અગાઉ જ્યાં દરરોજ બે-ત્રણ મણ ગુલાબ ઊતરતાં તેને સ્થાને આજે જે પુષ્પરહિત ઝાડી જોવા મળે છે તે ખૂંચે છે. પરંતુ સરોવરમાં તરતાં મત્સ્ય, કચ્છપો અને જલચર પક્ષીઓ એ રંજ જરા વારમાં જ દૂર કરી દે છે.

રાજા સૂરજમલ અને જવાહરસિંહે વ્રજમાં ડીગ, ગોવર્ધન અને વૃંદાવન ઇત્યાદિ સ્થળોએ જે અનેક સુંદર સ્થાપત્યસર્જનો કર્યાં તેમાં શોભન-શિલ્પનાં કંડારણ તથા પચ્ચીકારીની સાથે ઉત્તમ ચિત્રકામ પણ કરાવ્યું હતું. છતરીઓની વિશાળ દીવાલો પર અને ઘુમ્મટોમાં આજે યે તેમાંનાં ઘણાં સુરક્ષિત છે. લાગે છે કે જાટ રાજાઓએ સ્થાપત્યની સાથેસાથે ચિત્રકળાના ઉત્થાનમાં પણ સારું એવું યોગદાન કર્યું હતું.



ભરતપુરના રાજા સૂરજદેવના પુત્ર જવાહરસિંહે પિતાની સ્મૃતિમાં કુસુમ સરોવર પર બંધાવેલી કલામંડિત છતરીઓમાંનાં ભીંતચિત્રોની લેખકે જે અનુકૃતિઓ કરેલી તેમાંની કેટલીકનાં રેખાંકનો અહીં આપ્યાં છે. અઢારમી સદીના ઉત્તરાર્ધમાં બનેલાં આ ચિત્રો જુદાજુદા ચિત્રકારોએ બનાવ્યાં હોઈ તેની શૈલી એકબીજાથી અમુક અંશે અલગ પડે છે ખરી, પરંતુ તેના ચિત્રવિષયોમાં મુઘલ શૈલીથી ભિન્ન એવી ભારતીય પરંપરા જળવાએલી જોઈ શકાય છે. અહીં આપેલું રેખાંકન રાજા સૂરજમલની રાણીની છતરીમાંનું છે, જેમાં કૃષ્ણ-જન્મનો પ્રસંગ આલેખ્યો છે. ચિત્રમાં ઉપરના ભાગમાં વસુદેવને નવજાત કૃષ્ણ સોંપતી દેવકી બતાવી છે અને નીચેના ભાગમાં એ સમયે એમની ચોકી માટે રાખેલા સૈનિકો વગેરેને નિદ્રાધીન બની ગએલા આલેખ્યા છે. સામેના પૃષ્ઠમાં ઉપરના ચિત્રમાં રાધાનું કેશસંમાર્જન કરતા કૃષ્ણનું તથા નીચેના રેખાંકન દ્રોણ પર્વત સહિત હનુમાનને બાણ પર બેસારીને તેમને રામ પાસે મોકલતા ભરતનું ચિત્રાંકન છે.




સરોવરની એક બાજુએ ઊંચા વિશાળ ચોતરા ઉપર મુખ્ય છતરી રાજા સૂરજમલની છે, જે ૫૭ ફૂટ જેટલા મોટા ચતુષ્કોણાકારમાં છે. એનો ઉત્તમોત્તમ અલંકૃત ભાગ તેની શિલ્પાંકનથી અલંકૃત પરથાર છે. બારીક અને સફાઈદાર શિલ્પખચિત અહીંની અલંકરણ-પટ્ટિકાઓ સોપાન-પંક્તિઓને છોડી સમગ્ર ઈમારતની ચારે તરફ કંડારેલી છે.

રાજા સૂરજમલની છતરીની પાસે જ તેની બે રાણી-હંસિયા અને કિશોરીની તથા એક દાસી લક્ષ્મીની છતરીઓ છે. આમાંની અગ્નિકોણ તરફની બે છતરી રાણીઓની અને વાયવ્ય તરફની દાસીની છે. આ છતરીઓના ચોતરા ઉપર કેટલીક નાનીનાની બંગલીઓ છે, જેના છેડા પરની નજાકતભર સુંદર જાળીઓ અત્યંત આકર્ષક પરદો રચે છે. સરોવરનો એક તરફના ઘાટનો ઘણો ભાગ તૂટેલો છે. કહેવાય છે કે ગોસાંઇ હિમ્મત બહાદુરે એમાંના પથ્થરોનો વૃંદાવનઘાટમાં ઉપયોગ કર્યો હતો.

અહીંની ભીંતો ઉપર જે ચિત્રકામ છે તે આગવા પ્રકારનું છે. અકબરના આશ્રયે ભારતીય અને ઈરાની ચિત્રકારો દ્વારા જે સંમિશ્રિત





રાજા સૂરજમલની બીજી રાણીની છતરીના ઘુમ્મટમાં રામાયણના પ્રસંગોનું ચિત્રાંકન છે. તેમાંના આ એક અંશમાં નિદ્રાધીન કુંભકર્ણને જગાડવા તેના શરીર પર ચલાવાતા હાથીઓ તથા વાજિંત્રો દ્વારા ઘોંઘાટ કરતા રાક્ષસોને દર્શાવ્યા છે.

શૈલી વિકસી અને જહાંગીર તથા શાહજહાંના સમયમાં જે પરિપુષ્ટ બની તેમાં વ્રજની પરંપરાગત શૈલીનો પણ પ્રભાવ હતો. વળી, આ સંમિશ્રિત ચિત્રશૈલીએ વ્રજની ચિત્રકળાને પણ પ્રભાવિત કરી હતી. અરસપરસનું આ આદાનપ્રદાન ચિત્રકળાની ઉન્નતિમાં સહાયક સિદ્ધ થયું. અહીંનાં ભીંતચિત્રોમાં એનો પ્રભાવ જોવા મળે છે.

વ્રજની ચિત્રકલાનું આગવું સ્વરૂપ કૃષ્ણોપાસક ધર્માચાર્યો અને ભક્તોના સાંનિધ્યમાં એમની પ્રેરણાથી પ્રકાશમાં આવ્યું હતું. આ ચિત્રકળાએ કેટલાંક ઈરાની તત્ત્વોને પણ આત્મસાત્ કર્યાં ખરાં, પરંતુ શૈલીની દૃષ્ટિથી એ ભારતીય પરંપરાને અનુકૂળ હોવાથી દરબારી ચિત્રકલાના મિશ્રિત રૂપથી અધિક શુદ્ધ હતી. ભીંતચિત્રો તો ભારતીય કલાનું પ્રાચીન રૂપ છે. વ્રજભૂમિમાં પણ તે જુદાજુદા સમયે પ્રચલિત રહ્યું છે. મુઘલ શાસનમાં પણ તે પ્રચલિત હતું. ફતેહપુર સિક્રીના રાજભવનમાં પણ ભીંતચિત્રો હતાં જેમાંનાં ઘણાં હવે નષ્ટ થઈ ગયાં છે. વ્રજની ચિત્રકલાનો વ્યાપ તો અનેક રીતે વિસ્તરેલો છે. ભીંતચિત્રો, પટચિત્રો, છબીચિત્રો, ગ્રંથચિત્રો ઉપરાંત ભૂમિચિત્રો કે ધૂલિચિત્રોનો એક પ્રકાર પણ તેમાં પોષાયો છે.

કુસુમ સરોવરનાં વૈવિધ્યપૂર્ણ ભીંતચિત્રોને પાંચેક શૈલીમાં વિભાજિત કરી શકાય છે. આ દરેક શૈલીનું ચિત્રસંયોજન, આકૃતિનિર્માણ, સજાવટ અને રંગવિધાન એકબીજાથી સ્પષ્ટરૂપે જુદું પડે છે. ભીંતચિત્રોનાં આલેખનની વિવિધ પદ્ધતિ પણ અહીં યોજાઈ છે. તેમાં રાજા સૂરજમલની છતરીનાં ભીંતચિત્રો સ્પષ્ટતઃ રાજસ્થાની શૈલીનાં છે. રાજસ્થાની લઘુચિત્રોને જ જાણે વિશાળ ફલક પર મોટાં કરી આલેખ્યાં હોય તેવાં તે લાગે છે. રંગ, રેખા, વસ્ત્રપરિધાન, સજાવટ તથા ચિત્ર સંયોજન અને ચિત્રવિષયો પણ રાજસ્થાની લઘુચિત્રોની સમાન છે.

આ છતરીના વિશાળ ઘૂમ્મટ તળેના ખંડની ચારેય દીવાલો ઉપર ભીંતચિત્રો છે. તેમાં રાજા સૂરજમલના જીવનપ્રસંગો પણ ચિત્રિત છે. ભભકદાર પોશાકોમાં હથિયારસજ્જ રાજવી ને ભવ્ય સ્થાપત્યો વગેરેનું આલેખન એ કાળના ભરતપુરના રાજવી વૈભવનો ખયાલ આપે છે. રાજદરબારનું પણ એક ચિત્ર છે. એક ચિત્રમાં રાજસવારી આલેખી છે, જેમાં હાથી ઉપર સવાર રાજા, શણગારેલા હાથી-ઘોડા-ઊંટ અને રાજ્યાધિકારીઓ વગેરેનું વિગતસભર ચિત્રણ છે. એક ભીંત પર રાજદરબારીઓ સહિત પૂજા કરવા માટે રાજધાનીમાં પધારતા રાજાનું ચિત્ર છે. શિકારના એક ચિત્રમાં ભરતપુર અને ડીગની વચ્ચેનો વનપ્રદેશ દર્શાવ્યો છે, તેમાં સુંદર દૃશ્યાંકન ઉપરાંત, વિવિધ વૃક્ષો સવિગત ચીતરેલાં છે. શિકાર ખેલતો રાજા, ભાગદોડ કરતાં વનનાં પ્રાણીઓ વગેરેનું પણ તેમાં સુંદર નિરૂપણ છે. ઉપર ઘુમ્મટમાં સુંદર આલંકારિક શોભનો વચ્ચે વિધવિધ વાદ્યકારો ચીતરેલા છે.

બે નાની છતરીઓમાંની એક છતરીમાં શ્રીકૃષ્ણના જીવનપ્રસંગોને લઘુ ભીંતચિત્રો રૂપે આલેખ્યાં છે. તેમાં એક જ ચિત્રમાં અનેક પ્રસંગો સાંકળી લીધા છતાં સમગ્રપણે એક વિશાળ ચિત્રનું રૂપ દેખાય છે. આ આપણા પ્રાચીન ભીંતચિત્રોની પરંપરાનું પરિપાલન છે. આ ચિત્રો મુઘલ અને પહાડી ચિત્રકારોએ કર્યાં હોય તેમ લાગે છે.

જો કે અહીંનાં ભીંતચિત્રોમાંથી કેટલોક ભાગ ઊખડી ગયો છે, છતાં બાકીનો મોટો ભાગ હજી જળવાઈ રહ્યો છે. તેમાં દર્શાવેલા મહેલોની ઉત્તુંગ અટારીઓ, ઝરૂખા, ખંડ, દ્વાર-સિંહદ્વારો, અલંકૃત ગોખ વગેરે પૂરી વિગતથી આલેખ્યાં છે. આ અટારી-ઝરૂખામાં વિવિધ ક્રિયામાં

રત નારીવૃંદો, વાદકવૃંદો ને દરબારીજનોનાં આલેખન સાથે કૃષ્ણ-જન્મ, દેવકી-વસુદેવ, બાલકૃષ્ણને યમુના પાર લઈ જતા વસુદેવ, વાસુકિ નાગ, વગેરે કૃષ્ણજન્મની કથાના પાત્રો-પ્રસંગોનું સુંદર આલેખન છે. તેની લોચદાર રેખાઓ, મનુષ્યાકૃતિઓ ઈત્યાદી અત્યંત આકર્ષક છે. એક તરફ ગોવર્ધનધરણનું ચિત્ર છે. તેમાંનો ઘણો ભાગ નષ્ટ થઇ ગયો હોવા છતાં બચેલા ભાગમાં જે માનવવૃંદો જોવા મળે છે તે ચિત્રકારની કલ્પનાસમૃદ્ધિનાં દ્યોતક છે. આ છતરીના ઘુમ્મટમાં દશાવતાર તથા રાગરાગિણીનાં ચિત્રો છે. ઓસરીની ભીંતો પર મહારાસનું સુંદર આ-લેખન છે. એક ગવાક્ષમાં દ્રોણ પર્વત સહિત હનુમાનને બાણ પર બેસારીને તેને શ્રીરામ પાસે મોકલતા ભરતને દર્શાવ્યો છે. બીજા એક ગવાક્ષમાં રાધાનું કેશસંમાર્જન કરતા કૃષ્ણનું આલેખન છે, જ્યારે બીજી એક તરફ ગોપીવૃંદની વચ્ચે બંસી વગાડતા કમર લચકાવીને ઊભેલા કૃષ્ણનું સુંદર ચિત્ર છે.

બીજી છતરીનાં ગોચારણ ઈત્યાદિ વિષયક ચિત્રોમાં નાથદ્વારાની પિછવાઇઓનો પ્રભાવ જોવા મળે છે. તેમાં ચિત્રસંયોજન, મોટા કદ-ની સપ્રમાણ મનુષ્યાકૃતિઓ, તેની આજુબાજુ વૃક્ષવેલની સજાવટ, ખૂલતા સીમિત રંગો એ પિછવાઇઓનો જ પ્રભાવ સ્પષ્ટ કરે છે. આ ચિત્રકામ રાજસ્થાની ચિત્રકારોએ કર્યું લાગે છે. આ છતરીના ઘુમ્મટમાં રામાયણનાં ચિત્રો છે એ આનાથી થોડા ભિન્ન લાગે છે. તેમાં મોટી માંસલ દેહાકૃતિઓ, ગતિશીલ જોરદાર રેખાંકન, ઘેરા રંગો અને ભિન્ન ચિત્રસંયોજન સ્પષ્ટતઃ અલગ તરી આવે છે.

અહીંનાં ભીંતચિત્રોમાં દસેક ફૂટ લાંબા ને પાંચેક ફૂટ ઊંચા અર્ધ-ગોળાકાર વિસ્તારમાં રાધાકૃષ્ણના ગોચારણ અને વનભોજનનું સુંદર ચિત્ર છે. આની નીચે લાંબી પટ્ટીમાં જલવિહાર કરતી નૌકાઓ, જલચર પ્રાણીઓ, પ્રફુલ્લિત કમળોની વેલ વગેરેનું શોભન-આલેખન છે. ગોચારણના આલેખનમાં તરવરાટથી ઠમકતી ચાળીસ જેટલી ગાયો, તેમની વચ્ચે ગોપાલકો ને ગોપિકાઓનું ચિત્રાંકન અત્યંત ઉત્કૃષ્ટ છે. કાળી ધોળી રાતી, કાબરચીતરી, વિવિધ વળાંકવાળા ને વિધવિધ રીતે અલંકૃત શિંગવાળી આ ગાયો, તથા ખેલકૂલ કરતા ગોવત્સોનું વૈવિધ્ય ચિત્રકારની શક્તિ માટે અહોભાવ પ્રકટાવે છે. આવી જ રીતે વનભોજન કરતાં રાધાકૃષ્ણ, તેમની સમક્ષ વિધવિધ પદાર્થો ધરતાં ગોપગોપિકાઓ તથા ચિત્રની પાર્શ્વભૂમાં સઘન વૃક્ષોનું આલેખન નાથદ્વારાની પિછ-વાઇઓનું સ્મરણ કરાવે છે.

ઉપર ઘુમ્મટમાં રામાયણનાં ચિત્રો છે. તેમાં લંકાના સુવર્ણદુર્ગનું 'પરપેક્ટિવ'માં કરેલું આલેખન નોંધનીય છે. દુર્ગમાં નિદ્રસ્થ કુંભ-કર્ણને જગાડવા તેના મહાકાય દેહ પર ચારચાર હાથીઓ ચલાવાતા દર્શાવવા સાથે વાજિંત્રોનો ઘોંઘાટ કરતા રાક્ષસોનું આલેખન ધ્યાન ખેંચે તેટલું જોરદાર છે. વૃક્ષની શાખાઓ જેમ દેહ પર ફેલાએલી વીસ ભુજાઓ સાથે સુવર્ણ-સિંહાસન પર આરૂઢ શસ્ત્રસજ્જ રાવણ ને તેની પાસે બેસેલી મંદોદરીનું ચિત્ર પણ એવું પ્રભાવક છે. આ ઉપરાંત યુદ્ધના દૃશ્યમાં પ્રચંડકાય વિકરાળ રાક્ષસો અને વૃક્ષો તથા ભવનોનાં શિખરો ઉખેડી નાખતા રીંછ-વાનરો વગેરેનું રેખાંકન પણ એટલું જોરદાર છે. એક તરફ રાક્ષસીઓથી વીંટળાએલી સીતા આલેખિત છે, તો લંકાદુર્ગની આસપાસ સમુદ્રની ઊછળતી છોળો વચ્ચે વિવિધ જળ-ચરો અને તેની સામેના કિનારે યુદ્ધોત્સુક વાનરસેના વગેરેના ચિત્રાંકનમાં જોરદાર કાળી રેખાઓનો ઉપયોગ સમગ્ર ચિત્રના ભાવને વધુ બળવત્તર કરે છે.

આનાથી ભિન્ન એવાં ચિત્રો દાસી લક્ષ્મીની છતરીમાં છે, જે વ્રજની લોકશૈલીનાં છે. સાદગીભરી આકૃતિઓ, પુષ્ટ રેખા સાદું ચિત્ર-

—ઘરગથ્થુ ઓસડ—

ગોમૂત્ર

ગાયની જેમ ગોમૂત્રને પણ ઘણા પવિત્ર માને છે. આરોગ્ય માટે અનેક રીતે એ લાભકર હોઈ આમ મનાતું હશે.

ગોમૂત્ર સ્વાદે તૂરું, તીખું, કડવું અને ખારું હોય છે. તેની તાસિર ગરમ અને ગુણ જલદ છે. વળી, તે અગ્નિવર્ધક, હલકું, રસાયન અને વિષહર ગણાય છે.

પેટનો દુઃખાવો, ગોળો, આફરો, અજીર્ણ, અગ્નિમાંદ્ય, કબજિયાત વગેરે જેવી પેટની તકલીફોમાં ગોમૂત્રનું પાન ગુણ કરે છે. વળી, મોં અને આંખના રોગો, કફ અને વાયુજન્ય રોગો, પેશાબ તથા સ્ત્રીઓ-ના ઋતુસ્રાવની તકલીફોમાં પણ ગોમૂત્ર લાભકર્તા ગણાય છે. કમળો, પાંડુ, સોજા, ખાંસી, શ્વાસ, કરમિયા, બરોળની વૃદ્ધિ, કલેજાની તકલીફ, તાવ અને જલોદરમાં ગોમૂત્રના ઉપચારથી ફાયદો થાય છે. પ્રસૂતિ પછી ગોમૂત્રનું પાન સુવારોગ થતો રોકે છે એમ પણ મનાય છે. ગોમૂત્રનાં ટીપાં કાનમાં નાખવાથી દુખાવો મટે છે.

સોજા, ચામડીના રોગ, દુખાવા વગેરેમાં ગોમૂત્રનું માલિસ કરવા-માં આવે છે. માલિસ માટે કે ટીપાં પાડવા માટે ગોમૂત્રને સહેજ ગરમ કરીને વપરાય છે, જ્યારે પીવા માટે પ્રથમ તેને ગાળી લેવું જરૂરી છે. અને અલબત્ત, ગોમૂત્ર નીરોગી ગાયનું જ હોવું જરૂરી છે.

—વૈદ્ય નવીનભાઇ ઓઝા—

સંયોજન અને તેજ રંગોમાં માનવઆકૃતિઓ, પશુપક્ષી, વૃક્ષ, વાદળ અને પાણી વગેરેનું આલેખન સહજ અને સરળ રીતે કરેલું છે.


આ છતરીની હાલત બિસ્માર થઈ ગઈ છે, પણ એની એક ભીંત ઉપર ગોવર્ધનધારી કૃષ્ણના ચિત્રમાં સ્થાનિક લોકકળાની ક્ષમતાનો પરિ-ચય મળી રહે છે. આ ચિત્ર અસ્પષ્ટ દેખાતું હોવા છતાં ગોવર્ધન ,ઉપર વિરાજમાન ભગવાન વિષ્ણુ અને તેની સમક્ષ બે કર જોડી સ્તુતિ કરતા ઇન્દ્રનું આલેખન પરખી શકાય છે. પાસે શ્વેત ઐરાવત છે. ગિરિરાજનાં વૃક્ષો પર મર્કટો કૂદી રહ્યા છે, મોર ગળકે છે. ગોવર્ધનને કૃષ્ણે ટચલી આંગળી પર તોળી રાખ્યો છે, ને તેની આસપાસ ગોપગોપીઓ અને ભયભીત ગાયો વગેરે આશ્રય લઈ ઊભાં છે. કેટલાક ગોપ પોતાની લાકડી વડે ગોવર્ધનને ઊંચકી રાખવામાં કૃષ્ણને સહાય કરવા મથે છે. સરળ છતાં જોમવંતું રેખાંકન અને ઓછા રંગોમાં આલેખાએલા આ ચિત્રમાં કામળો ઓઢેલા મોટી આંખોવાળા વિવિધ પાત્રોનાં ચિત્રાંકનમાં સ્થા-નિક પ્રભાવ દેખાઈ આવે છે.

સરોવરનો ઘાટ ચડતાં આ છતરીઓ જેના પર છે તે ચોતરાની ભીંત ઉપર પણ નાની દેવડીમાં ગેરુઆ રંગની જાડી રેખાઓમાં છાયા-પ્રકાશ દર્શાવવા સાથે બનાવેલાં થોડાં ચિત્રો છે, જેમાં, કૃષ્ણયશોદા, રાસ વગેરેનાં ભીંતચિત્રોની શૈલી કંઈક અંશે મરાઠા શૈલીની અસર-વાળી લાગે છે.

ચિત્રો ઉપરાંત ચિત્રકારોએ અહીં ઠેરઠેર જે શોભન-આલેખનો કર્યાં છે તેમાં મુક્તપણે વિલસતી ફૂલવેલો, વિધવિધ પુષ્પો ને કળી-પાંદડીઓમાં જે વૈવિધ્ય છે તે જાણે કે આ સરોવરના 'કુસુમ સરોવર' નામને સાર્થ કરે છે. આમ, છેક કૃષ્ણચન્દ્રના સમયથી એક વિહારસ્થળ રૂપે ખ્યાત આ કુસુમ સરોવર તેની આસપાસ વેરાએલા ઉત્કૃષ્ટ કલા-વશેષોથી મંડિત થઈ, અહીં ઉદ્ધવજી વિદ્યમાન હોવાની પ્રતીતિ કરાવતું આજે યે એક માહાત્મ્યયુક્ત ધામ સમું શોભે છે. □

વિશ્વસંઘર્ષ અને વિલુપ્તિ

છોટુભાઈ સુથાર



બે સર્પિલ તારાવિશ્વોના પારસ્પરિક સંઘર્ષનું એક કલ્પનાચિત્ર. તારા વિશ્વો અથડાય ત્યારે એમનું આંતરતારકીય દ્રવ્ય જ અફળાય છે, પણ તેમાંના તારાઓને કશી જફા નડતી નથી. તારાવિશ્વોના સંઘર્ષનું વિશિષ્ટ યોગદાન એમના નાભિ ભાગનું જ હોય છે. બન્નેનાં કેન્દ્રો એકબીજા સાથે ભળી અદ્વૈત સાધે છે, જ્યારે ઉસેટાએલા તારા એકાત્મતા પ્રાપ્ત એ વિશ્વની બહારની ધારે કમાનાકાર તારાવલિ રચતા હોય છે.

આકાશમાં અસ્તિત્વ ધરાવતા અનેક તારાઓ પૈકી કેટલાક આપણી નજદીકના છે તો કેટલાક વળી અત્યંત દૂરના. નરી આંખે તેમ જ દૂરબીન વડે જોઈ શકાતા બધા તારા મંદાકિની વિશ્વના તારા છે. આપણા આ વિશ્વનો વ્યાસ એક લાખ પ્રકાશવર્ષ છે. મંદાકિની વિશ્વની વ્યાપ્તિથી અલગ, અવકાશમાં દૂર સુદૂર, અનેક તારાવિશ્વો આવેલાં છે. આ વિશ્વો પૈકી કેટલાંક યુગ્મ અને બહુલ રૂપ દાખવે છે, તો કેટલાંક વળી વિશ્વગુચ્છનું. અવકાશમાં વિશ્વગુચ્છના પણ ગુચ્છ અસ્તિત્વ ધરાવે છે. એક બીજા પ્રત્યે આકર્ષણ દાખવતા વૈશ્વિક પદાર્થોની પેઠે તારાવિશ્વો પણ અરસપરસ આકર્ષણ દાખવે છે. અવકાશી જ્યોતિઓ ગતિહીન યા નિશ્ચેષ્ટ હોતી નથી, અને એ કારણે તેઓ આપસી આકર્ષણની સમતુલા સાચવી રહે છે. આમ છતાંય આકર્ષણ દાખવતા આકાશી પદાર્થો પૈકી એક વધુ મોટો હોય તો તે નાના જ્યોતિને પોતાની વધુ નજદીક ખેંચતો રહે છે. તારાઓમાં આવું ખેંચાણ હોવા છતાં એનું પરિણામ તારાસંઘર્ષમાં અંત પામેલું જાણવા મળ્યું નથી. તારાઓમાં આપસનાં અંતરોનાં હિસાબે તારાવિશ્વોનાં અરસપરસનાં અંતરો ઘણાં મોટાં છે: અને છતાં આશ્ચર્યની વાત એ છે કે કેટલાંક તારાવિશ્વો એકબીજા સાથે ભેરવાઈ યા ભટકાઈ પડયા હોય એવું જોવા મળ્યું છે. આવી ઘટના વિશ્વસંઘર્ષની હોઈ શકે છે યા એકમાંથી બીજું વિશ્વ ઉદ્ભવ પામી રહ્યાની પણ હોઈ શકે છે.

કેટલુંક દ્રવ્ય અવકાશમાં ઉસેટાઈ રહેલું દેખાવાના કારણે 'મે-૮૨' તારાવિશ્વમાંથી બીજું તારાવિશ્વ આકાર લઈ રહ્યાની વાત હવે જાણીતી બની છે: પણ તારાવિશ્વો સંઘર્ષ રચે છે એ હકીકતને સમર્થન પ્રાપ્ત થવું હજી બાકી છે. એ અંગેના પુરાવા મેળવવાની વિજ્ઞાનીઓ કોશિશ કરી રહ્યા છે. હમણાંહમણાં જાણવા મળ્યું છે કે એકલતા પ્રાપ્ત કોઈ-કોઈ તારાવિશ્વની છેક બહારની ધારે કમાન યા કવચ આકારની અતિ ઝાંખી તારાસ્તરીય ગોઠવણી દેખાય છે. આ રચના અંડાકાર (Elliptical) યા ગોળાકાર તારાવિશ્વમાં જ દેખાય છે, દેવયાની તારાવિશ્વ જેવા સર્પિલ (Spiral) વિશ્વમાં એ દેખાતી નથી.


ઉપર્યુક્ત કમાન રચનાનો અભ્યાસ કરી કુઈ નામના ખગોળશાસ્ત્રીએ અનુમાન બાંધ્યું કે અંડાકાર તારાવિશ્વ સાથે સંલગ્ન કવચાકાર તારાવલિ વાસ્તવમાં બે સર્પિલ તારાવિશ્વોના પારસ્પરિક સંઘર્ષની નીપજ છે. એનું કહેવું છે કે ચપટા સર્પિલ તારાવિશ્વોની આપસની અથડામણ સમયે જે તારા ઉસેટાઈ જઈ વિશ્વધારોએ પહોંચે છે તેમના વડે આ પ્રકારની તારાવલિનો ઉગમ થાય છે. કિનારે પહોંચી અથડાતાં દરિયાઈ મોજાંના અગ્રભાગ તૂટી જતાં બિંદુમાળા રચાય છે તેવી આ ઘટના છે.


એકબીજા સાથે અથડાઈ પડેલાં તારાવિશ્વોના અંતિમ છેડે પહોંચનારા ઉક્ત તારાઓના ગતિવેગ એ તારાઓને અવકાશમાં છટકાવી દેવા પૂરતા પ્રબળ હોતા નથી; પરિણામે વિશ્વોના ગુરુત્વાકર્ષણને વશવર્તી એ તારા કમાન આકારની તારાવલિનું રૂપ ધારણ કરે છે. અલબત્ત, ક્ષેપણ પ્રક્રિયાનો ભાગ બનેલા એ તારાઓનો એમનાં વિશ્વકેન્દ્રો સાથેનો મૂળગત સંબંધ પણ ત્યારે શિથિલ બની જાય છે.

તારાવિશ્વો ટકરાય ત્યારે તેમના તારા આપસમાં ટકરાતા હશે. એવું માનવા આપણે પ્રેરાઇએ; પણ વાસ્તવિકતા સાવ જુદી છે. તારાવિશ્વો અથડાય ત્યારે એમનું આંતર્તારકીય દ્રવ્ય જ અફળાય છે, તારાઓને કશી જફા નડતી નથી. તારાવિશ્વોના સંઘર્ષનું વિશિષ્ટ યોગદાન એમના નાભિ ભાગનું જ હોય છે. વિશ્વકેન્દ્રો એકબીજા સાથે ભળી અદ્વૈત સાધે છે, જ્યારે ઉસેટાએલા તારા એકાત્મતા પ્રાપ્ત એ વિશ્વની બહારની ધારે કમાનાકાર તારાવલિ રચતા હોય છે. આજે પણ ૧૦ ટકા જેટલાં અંડાકાર તારાવિશ્વો તેમની અંતિમ સરહદે કમાનાકાર તારાવલિ ધારણ કરતાં હોવાનું જણાયું છે. આવાં તારાવિશ્વોના હિસાબે એકલવાયાં (Isolated) હોવાનું સમજાયું છે.

તારાવલિયુક્ત વિશ્વ અન્ય તારાવિશ્વ સાથે અથડાય છે ત્યારે તારાવલિને તેમ જ પોતાનામાં રહેલા યત્કિંચિત વાયુને ગુમાવી દઈને, તે સ્પષ્ટ રૂપવાળા અંડાકાર તારાવિશ્વમાં પલટાઈ જાય છે.

તારાવલિ વિનાનાં અંડાકાર તારાવિશ્વોને અન્ય તારાવિશ્વોના હિસાબે વધુ ઉત્ક્રાન્ત થયેલાં માનીએ તો તારાવલિવાળાં વિશ્વો વિશ્વ-ઉત્ક્રાન્તિનું મધ્ય ચરણ લેખાય, જ્યારે પ્રથમ ચરણ ઉત્પત્તિ-કાળનાં સર્પિલ તારાવિશ્વો ગણાય. બીજી રીતે કહીએ તો એમ કહેવાય કે સર્પિલ તારાવિશ્વો આપસમાં અથડાઈ તારાવલિયુક્ત અંડાકાર વિશ્વો બને છે અને આ અંડાકાર વિશ્વો વધુ સંઘર્ષ અનુભવી ધૂળ તેમ જ વાયુ વિનાનાં કેવળ તારાવાળાં અંડાકાર વિશ્વો બની જાય છે. આમ અંડાકાર તારાવિશ્વોને વધુ ઉત્ક્રાન્ત તારાવિશ્વો લેખી શકાય. આ દર્શાવે છે કે સંઘર્ષ સાથે વિલોપન સંકળાયેલું છે.






▷ તારાવિશ્વોના વિવિધ આકાર. મથાળેથી અનુક્રમે :
(૧) અંડાકાર તારાવિશ્વો. જેમાં ડાબીતરફ દર્શાવેલા દડાકારથી માંડી, પોતાના ફરવાના વેગને કારણે દબાઇને ચપટા–મધ્યમાં પહોળા ને કિનારે વધુ ચપટા, બે રકાબી એકબીજી પર ગોઠવી હોય તેવા આકારનાં હોય છે.
(૨, ૩ અને ૪) સર્પિલ આકારનાં તારાવિશ્વો. તેમાં ડાબી તરફ તેમનો અસલ આકાર તથા જમણી બાજુ તેના પડખાંમાંથી દેખાતા આકારનું વૈવિધ્ય દર્શાવ્યું છે. આપણું મંદાકિની તારાવિશ્વ આ ત્રણમાંના વચલા પ્રકાર જેવું લગભગ છે.
(૫) વર્તુલાકારે વિસ્તરેલા સર્પિલ આકારના છેડાવાળા (Barred spiral) વાળાં તારાવિશ્વ.
(૬) અનિશ્ચિત આકારનું તારાવિશ્વ. તેમાં પ્રક્ષુબ્ધ વાયુ ને તેજસ્વી તારાઓ હોય છે. કેટલાંકમાં ઓછો વાયુ અને વૃદ્ધ લાલ તારાઓ પણ જોવા મળે છે.
△ મથાળે : અવકાશમાં આપણા મંદાકિની તારાવિશ્વની પડોશનો વિસ્તાર દર્શાવ્યો છે જે લગભગ ખાલી જ છે. છતાં સ્થાનિક જૂથ નામે ઓળખાતા કેટલાંક તારાવિશ્વો આપણી નજીકમાં છે ખરાં. આકૃતિના કેન્દ્રમાં આપણું તારાવિશ્વ બતાવ્યું છે ને તેની પાસે જ બે મૅગેલન-મેઘ (Magallunic clouds) છે. લગભગ ૩,૦૦,૦૦૦ પ્રકાશવર્ષ જેટલા પહોળા વિસ્તારમાં આટલું જ છે. જે નાના વર્તુલમાં સમાવ્યું છે. એથી યે આગળ ૧,૭૦,૦૦,૦૦૦ પ્રકાશવર્ષ જેટલા વિસ્તાર (મોટા વર્તુળ)માં આપણી નજીકનાં અન્ય તારાવિશ્વો છે. આમાં દેવયાની તારાવિશ્વ (આકૃતિમાં મથાળે)નો પણ સમાવેશ છે. આકૃતિમાં દર્શાવેલાં તારાવિશ્વો તેના કદના પ્રમાણમાં બતાવેલાં નથી.

મંદાકિની વિશ્વ અને એના જૂથનું સૌથી મોટું 'દેવયાની તારાવિશ્વ' બંને સર્પિલ તારાવિશ્વો છે. ઉત્ક્રાન્તિક્રમે આ વિશ્વો અંડાકાર તારાવિશ્વો બની જવાનાં ખરાં ? એવો પ્રશ્ન સહેજે ઉદ્‌ભવે તેમ છે. આ પ્રશ્નની બુનિયાદમાં મંદાકિની વિશ્વના સીમાડે દેખા દઈ રહેલા કેટલાક અતિ ઉચ્ચવેગી યુવા તારાઓ છે. આ તારાઓની સંખ્યા પાંચ દસ સેંકડાની નહિ પણ અનેક લાખની છે.

ઉપર્યુક્ત બાબત અંડાકાર તારાવિશ્વની ધારે દેખા દેનારી કમાનાકાર તારાવલિ કરતાં તદ્દન ભિન્ન છે.

તારાવિશ્વની ધારે આવેલા તારાઓના કક્ષાભ્રમણ વેગ સામાન્ય રીતે ઓછા હોય છે. ઉપર્યુક્ત તારા કક્ષા વિભિન્નતા, કક્ષીય વેગ અને રાસાયણિક રચાનાની દૃષ્ટિએ મંદાકિની વિશ્વના અન્ય તારાઓના હિસાબે સાવ અલગતા દાખવે છે. એમની સીમાંત મોજૂદગીનું રહસ્ય આજ સુધી કલ્પી શકાયું ન હતું. વિશ્વ-ઉત્ક્રાન્તિના સિદ્ધાંત અનુસાર એવા તારાઓની તારાવિશ્વને સીમાડે અસ્તિત્વ ધરાવવાની વાત સંભવિત નથી. સીમાંતી તારા વધુ વેગ ધરાવવા ઉપરાંત ધાતુતત્ત્વોની સમૃદ્ધિની દૃષ્ટિએ વધુ સંપન્ન છે. મંદાકિની વિશ્વના જે તારા ઉચ્ચવેગી છે તે બધા ધાતુતત્ત્વોની દૃષ્ટિએ કંગાળ (વૃદ્ધ) તારા છે. એથી



△ આપણા મંદાકિની તારાવિશ્વની બહુ પાસે લગભગ (૧,૫૦,૦૦૦ પ્રકાશવર્ષ દૂર)ના મૅગેલન મેઘ (Magllunic clouds). ડાબી બાજુ મોટું અને જમણી બાજુ નાનું. દક્ષિણ આકાશમાં નરી આંખે યે તે પરખી શકાય છે. એની આ બે છબીઓ ઑસ્ટ્રેલિયામાં લીધેલી છે. મંદાકિની તારાવિશ્વના આ બે ઉપવિશ્વો ગણાય છે. એક કાળે આવું જ એક ત્રીજું નાનું ઉપવિશ્વ પણ હતું જે મંદાકિની તારાવિશ્વના આકર્ષણે ખેંચાઇને તેમાં ભળી ગયું અને એ પ્રક્રિયમાં ૭૦ કરોડ જેટલા, ધાતુતત્ત્વોમાં ભારે એવા તારાઓ ઉગમ પામી પોતાને મળેલા વેગને કારણે મંદાકિની વિશ્વના સીમાંતી તારા બની ગયા. મંદાકિની વિશ્વના તારાઓ કરતાં તેમની લાક્ષણિકતા ભિન્ન છે.


ઊલટું જે તારા ધાતુતત્ત્વોની દૃષ્ટિએ સમૃદ્ધ છે તે બધા મંદગતિવાળા (યુવા) તારા છે!

ઑસ્ટ્રેલિયાની માઉન્ટ સ્ટ્રૉમ્બોલ વેધશાળાના નિયામક ડૉ. આલેક રોજર્સ અને તેમના સાથીદારોએ ઉપર્યુક્ત તારા–વૈચિત્ર્યનો ઊંડાણથી અભ્યાસ કરી જે મંતવ્ય પ્રકટ કર્યું છે તેનો સાર આ પ્રમાણે છે: 'આપણા મંદાકિની વિશ્વને મૅગેલન-મેઘ નામથી ઓળખાતાં બે ઉપવિશ્વો છે. જૂના જમાનામાં એક નાનું ત્રીજું ઉપવિશ્વ પણ અસ્તિત્વ ધરાવતું હતું. આ ઉપવિશ્વને મંદાકિની વિશ્વે પોતાની તરફ ખેંચવા માંડ્યું. પરિણામે બંને તારાવિશ્વો સંઘર્ષ પૂરો થતાં એક થઈ ગયાં. આ પ્રક્રિયામાં ઉપવિશ્વના ૭૦ કરોડ જેટલા, ધાતુતત્ત્વોમાં ભારે, તારાઓનો ઉગમ થયેલો જે બધા એમને મળેલા વેગને કારણે વિશ્વ-કેન્દ્રથી ઊલટી દિશામાં ધકેલાઈ સીમાંતી તારા બની ગયા. મંદાકિની વિશ્વના સરહદી તારાઓના હિસાબે આ તારા તદ્દન ભિન્ન પ્રકારની લાક્ષણિકતાવાળા છે.'

ઉપર્યુક્ત વિવેચન પરથી તારણ કાઢી શકાશે કે મોટાં તારાવિશ્વ નાનાં તારાવિશ્વને હડપી જવાની વૃત્તિ દાખવે છે. અને તે માટે પ્રથમ આકર્ષણ, પછી સંઘર્ષ અને બાદમાં વિલોપનનું ચક્ર ચાલતું રહે છે.

તિમિંગલ નાના માછલાને ગળી જાય તેના જેવી ઉક્ત પ્રક્રિયા દર્શાવે છે કે તારાવિશ્વોની આલમમાં સંઘર્ષ અને વિલોપન અપવાદ રૂપે નથી. હા, કેટલાંક વધુ દળ જમાવી બેઠેલાં તારાવિશ્વો આંતરિક દળતુલા સાચવવામાં અસમર્થ બને છે ત્યારે પોતાનું કેટલુંક દ્રવ્ય અવકાશમાં નિક્ષિપ્ત કરી નવાં તારાવિશ્વોને જન્મ આપે છે. વિશ્વ-ઉત્પત્તિનો આ પ્રકાર વિશ્વ-વિલોપન કરતાં સાવ ઊલટો છે. અને તેથી એ બંનેના સંદર્ભમાં તારાવિશ્વોની ઉત્ક્રાન્તિ આપણે સમજવી રહી.

મંદાકિની વિશ્વે હડપ કરેલું તારાવિશ્વ ઘાટઘૂટ વિનાનું નાનું તારાવિશ્વ હતું એમ માનવું રહ્યું. મંદાકિની વિશ્વની નજદીકમાં એની સાથે સંઘર્ષ રચે એવું કોઈ સર્પિલ યા અંડાકાર તારાવિશ્વ નથી. આ દૃષ્ટિએ મંદાકિની વિશ્વનો નજદીકના ભવિષ્યમાં કમાનાકાર તારાવલિ-યુક્ત અંડાકાર વિશ્વમાં પલટાઈ જવાનો સંભવ ઓછો છે; અને છતાં ય બંને મૅગેલન ઉપવિશ્વોને હડપી જઈ અંડાકાર વિશ્વમાં પલટાઈ જવાની તે ક્ષમતા નહિ જ દાખવે એમ કહેવું યે તેટલું જ અશક્ય છે. □



▷ મેસીઅર-૮૨ (M-82)ની સંજ્ઞાથી ઓળખાતું આ એક અસામાન્ય તારાવિશ્વ છે. ફાટીને તે વિસ્તરતું જતું હોવાનું એક કાળે મનાતું હતું, કારણ તેમાંથી વાયુ અને રજ હજારો પ્રકાશવર્ષ જેટલા વિસ્તારમાં પ્રસરતાં દેખાતાં હતાં, પણ હવે તેનું કારણ ભિન્ન હોવાનું મનાય છે. રેડિયો તરંગોનો આ એક બહુ શક્તિશાળી સ્રોત છે.

આપણી જીવનસંસ્કૃતિ અને ૮ ની સંખ્યા

સ્વ. શંકરદેવ વિદ્યાલંકાર

આપણાં સાહિત્ય, સંસ્કૃતિ અને જીવન-વ્યવહારમાં વિવિધ સંખ્યા જુદીજુદી રીતે સંકળાએલી છે. ધાર્મિક અનુષ્ઠાનો, સાહિત્ય-રચના, સામાજિક કાર્યો, કર્મકાંડ, શાસ્ત્રો વગેરેમાં અન્ય શબ્દો સાથે સમાસ રૂપે જોડાઇને આ સંખ્યાઓએ પ્રબોધક અને મનોરંજક અર્થ-વિસ્તાર દ્વારા આપણી ભાષાકીય અને વ્યાવહારિક સંસ્કૃતિને સમૃદ્ધ બનાવી છે. સ્વ. શ્રી શંકરદેવ વિદ્યાલંકારે આ અગાઉ 'કુમાર'માં ૫, ૬, અને ૭ની સંખ્યાનો આવો વિસ્તાર દર્શાવ્યો છે. આ માસમાં એમની પ્રથમ સંવત્સરી આવે છે. એ પ્રસંગે એ સરસ્વતી ભક્તે સારસ્વત-વિનોદાર્થે અગાઉ લખી મોકલાવેલા આ રસપ્રદ લેખ દ્વારા એમને અંજલિ અર્પીએ.

અષ્ટ અન્ન : ભોજ્ય, પેય, ચોષ્ય, લેહ્ય, ખાદ્ય, ચર્વ્ય, નિષ્પેય અને ભક્ષ્ય, એ આઠ પ્રકારના ભોજ્ય પદાર્થો.

અષ્ટ આદિ શાબ્દિક :

इन्द्रश्चन्द्रः काशकृत्स्नापिशली शाकटायनः।
पाणिन्यमर जैनेन्द्राः जयन्त्यष्टादिशाब्दिकाः ॥

ઇન્દ્ર, ચન્દ્ર, કાશકૃત્સ્ન, અપિશલિ, શાકટાયન, પાણિનિ, અમરસિંહ અને જૈનેન્દ્ર એ પ્રાચીન આઠ વૈયાકરણી.

અષ્ટ ઉપદ્વીપો : સ્વર્ણપ્રસ્થ, ચન્દ્રશુક્લ, આવર્તન, રમણક, મંદર-હરિણ, પાંચજન્ય, સિંહલ અને લંકા.

અષ્ટક : (૧) તે સ્તોત્ર અથવા કાવ્ય જેમાં આઠ શ્લોકો અથવા આઠ કડીઓ હોય. જેમકે-ગંગાષ્ટક, રુદ્રાષ્ટક, દુર્ગાષ્ટક, મંગલાષ્ટક, ભ્રમરાષ્ટક, તારાષ્ટક વગેરે.

(૨) જેમાં આઠ પ્રકરણો અથવા અધ્યાયો હોય એવો ગ્રંથ. દા. ત. પાણિનીયાષ્ટકમ્-(પાણિનિ કૃત વ્યાકરણ ગ્રંથ – 'અષ્ટાધ્યાયી')

(૩) આઠ ઔષધિઓનો સમુદાય. જેમ કે-હિંગ્વાષ્ટક.

(૪) મનુસ્મૃતિ પ્રમાણે રાજાએ છોડવાના આઠ અવગુણ :

पैशुन्यं साहसं द्रोहः
ईर्ष्यासूयार्थ दूषणम् ।
वाग्दण्डजं च पारुष्यं
क्रोधजोऽपि गणोऽष्टकमः ।

(मनुस्मृति–७–४८)

પૈશુન્ય (પરોક્ષનિન્દા), સાહસ (લૂટફાટ, બલાત્કાર વગેરે) દ્રોહ (દગો, છદ્મવધ), ઈર્ષ્યા (અન્યના ગુણો પ્રત્યે અસહિષ્ણુતા), અસૂયા (પરગુણો પ્રત્યે દોષાવિષ્કરણ), અર્થદૂષણ (અર્થાપહરણ અને દેવને ન આપવું), વાક્દંડ (આક્રોશ, અપશબ્દ-પ્રયોગ) પારુષ્ય (તાડનાદિ)

અષ્ટકમળ : હઠયોગ પ્રમાણે મૂલાધારથી કપાલ સુધી દેહમાં ભિન્નભિન્ન સ્થાનોમાં આવેલાં આઠ કમળ (ચક્ર): મૂળાધાર, વિશુદ્ધિ, મણિપુર, સ્વાધિષ્ઠાન, અનાહત, આજ્ઞા-ચક્ર, સહસ્રાર ચક્ર અને સુરતિ કમળ.

અષ્ટકર્મન્ કે અષ્ટગાહિક : રાજાએ કરવાનાં આઠ કાર્યો :

आदाने च विसर्गे च
तथा प्रैष-निषेधयोः ।
पंचमे चार्थ वचने
व्यवहारस्य चेक्षणे ।
दंड-शुद्धयो सदा रक्तः
तेनाष्ट गतिको नृपः ॥

આદાન, વિસર્જન, પ્રૈષ, નિષેધ, અર્થ-વચન, વ્યવહાર, દંડ અને શુદ્ધિ.

અષ્ટકર્મ : જૈન મતાવલંબિઓએ કરવાનાં આઠ કર્મ : જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્પ, નામ, ગોત્ર અને અન્તરાય.

અષ્ટકુલ : પુરાણો પ્રમાણે સર્પોનાં આઠ કુળ : શેષ, વાસુકિ, કંબલ, કર્કોટક, પદ્મ, મહાપદ્મ, શંખ અને કુલિક.

અષ્ટકાલ : સંગીતમાં તાલનો સમય બતાવનાર આઠ કાળ : મહાહંસપદ, હંસપદ, કાકપદ, ગુરુ, લઘુ, દ્રુત, અણુ અને ત્રુટિ.

અષ્ટ કુલાચલ : પુરાણો પ્રમાણે આઠ વિખ્યાત પર્વતો—નીલ, નિષધ, વિન્ધ્ય, માલ્યવાન્, મલય, ગંધમાદન, હેમકૂટ ને હિમાલય.

અષ્ટ કલ્યાણી અથવા અષ્ટ મંગળ : જેના ચાર પગ, કપાળ, છાતી, કાંધ અને પૂછડી શ્વેત હોય એવો શુભ ચિહ્નવાળો અશ્વ.

અષ્ટ કૃષ્ણ : વલ્લભ સંપ્રદાય પ્રમાણે કૃષ્ણનાં આઠ સ્વરૂપો – શ્રીનાથ, નવનીતપ્રિય, મથુરાનાથ, વિઠ્ઠલનાથ, દ્વારિકાનાથ, ગોકુલનાથ, ગોકુલચંદ્ર અને મદન-મોહન.

અષ્ટ ગંધ–ગંધાષ્ટક : આઠ સુગંધિત પદાર્થો–ચંદન, અગર, દેવદાર, કુલિંજન, કુસુમ, શૈલજ, જટામાસી, ગોરોચન.

અષ્ટ ગુણ : ગૌતમધર્મસૂત્ર પ્રમાણે બ્રાહ્મણમાં આવશ્યક આઠ ગુણો—દયા, ક્ષમા, અનસૂયા, શૌચ, અનાયાસ, મંગલ, અકાર્પણ્ય અને અસ્પૃહા.

અષ્ટ ગજ : (૧) આઠ દિશાઓના પાલન માટે આઠ દિગ્ગજ (દિક્પાલ) હાથીઓ—

ऐरावतः पुंडरीकः
वामनः कुमुदोऽञ्जनः ।
पुष्पदन्तः सार्वभौमः
सुप्रतीकश्च दिग्गजाः ॥

(अमर–कोश)

ઐરાવત, પુંડરીક, વામન, કુમુદ, અંજન, પુષ્પદંત, સાર્વભૌમ અને સુપ્રતીક.

(૨) અષ્ટ દિક્પાલ : આઠ દિશાઓના પાલક આઠ દેવતાઓ—

इन्द्रो वह्निः पितृपति
नैऋतो वरुणो मरुत् ।
कुबेर ईशः पतयः
पूर्वादीनां दिशःक्रमात् ॥

(अमर–कोश)

ઇન્દ્ર (પૂર્વ દિશાનો), અગ્નિ (અગ્નિકોણનો). યમ (દક્ષિણનો). નૈઋતિ (નૈઋત્યકોણનો), વરુણ (પશ્ચિમનો), વાયુ (વાયવ્યકોણનો), કુબેર (ઉત્તરનો), શિવ (ઈશાનકોણનો).

અષ્ટાક્ષર : વૈષ્ણવોનો અષ્ટાક્ષરી મંત્ર.

(૧) ॐ नमो नारायणाय ॥

(૨) श्री कृष्णः शरणं मम ॥

અષ્ટાંગ : (૧) મહર્ષિ પતંજલિના યોગ-શાસ્ત્ર પ્રમાણે યોગનાં આઠ અંગો—

यमो नियमश्चासनं
प्राणायाम स्ततः परम् ।
प्रत्याहारो धारणा च
ध्यानं सार्धं समाधिना
अष्टांगान्याह रेतानि
योगिनां योग सिद्धये ॥

યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા, સમાધિ,

(૨) આયુર્વેદશાસ્ત્રના આઠ વિભાગો શલ્ય, શાલાક્ય, કાય-ચિકિત્સા, ભૂતવિદ્યા, કૌમાર-ભૃત્ય, અગદતંત્ર, રસાયનતંત્ર અને વાજીકરણ.

(૩) બૌદ્ધ ધર્મ પ્રમાણે દુ:ખનિવારણના આઠ માર્ગ (આઠ આર્ય-સત્ય)—સમ્યક્-દષ્ટિ, સમ્યક્-સંકલ્પ, સમ્યક્-વાણી, સમ્યક્-કર્મ, સમ્યક્-આજીવિકા, સમ્યક્-વ્યાયામ, સમ્યક્-સ્મૃતિ ને સમ્યક્-સમાધિ.

અષ્ટાંગ બુદ્ધિ : શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ, ધારણા, ચિંતન, ઉહાપોહ, અર્થ-વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન.

અષ્ટાંગ-પ્રણામ: શરીરનાં આઠે અંગ જેના વડે દંડવત્ પ્રણામ કરવામાં આવે છે તે - બે હાથ, બે પગ, બે જાનુ, છાતી, કપાલ, વાણી અને મન, અથવા હાથ, પગ, જાનુ, છાતી, માથું, મન, વાણી અને દૃષ્ટિ.

जानुभ्यां च तथा पद्भ्याम्
पाणिभ्यां उरसा धिया ।
शिरसा वचसा दृष्टया
प्रणामोऽष्टांग ईरितः ॥

અષ્ટાંગ અર્ઘ્ય: અર્ઘ્યની આઠ વસ્તુઓ-

आपः क्षीं कुशाग्रं च
दधि सर्पिः सतंडुलम् ।
यवः सिद्धार्थक श्वेत
अष्टांगोऽर्घ्यः प्रकीरितः ॥

પાણી, દૂધ, કુશાઘાસ, દહીં, ઘી, ચોખા, જવ અને શ્વેત સરસવ.

અષ્ટાંગ રાજ્યનાં આઠ અંગો: રાજા, મંત્રી, મિત્ર (સામંત), કોશ, રાજ્ય, દુર્ગ, સેના અને પ્રજા.

स्वाम्यमात्य–सुहृत्–कोश–
राष्ट्र–दुर्ग–बलानि च ।
राज्यांगानि प्रकृतयः
पौराणां श्रेणयोऽपि च ॥

(अमर-कोश)

અષ્ટાંગ ધૂપ: વૈદ્ય ચક્રપાણિદત્તે તાવનિવારણ માટે બતાવેલો અષ્ટાંગ ધૂપ—ગૂગળ, લીમડાનાં પાન, ઘોડાવજ, ઉપલેટ, હરડે, જવ, શ્વેત સરસવ અને ઘી.

અષ્ટ છાપ: ગોસ્વામી વિઠ્ઠલદાસજી દ્વારા સ્થાપિત આઠ કવિઓનો સમૂહ—સૂરદાસ, કુંભનદાસ, પરમાનંદદાસ કૃષ્ણદાસ, છીતસ્વામી, ગોવિન્દસ્વામી, ચતુર્ભુજદાસ અને નંદદાસ.

અષ્ટ તાલ: સંગીતમાં તાલના આઠ પ્રકાર —આડ, દોજ, જ્યોતિ, ચંદ્રશેખર, ગંજન, પંચતાલ, રૂપલ અને સમતાલ.

અષ્ટ તારિણી: આઠ તારિણીદેવીઓ—

तारा चोग्रा महोग्रा च
वज्रा काली सरस्वती ।
कामेश्वरी च चामुण्डा
इत्यष्टौ तारिण्यो मताः ॥

તારા, ઉગ્રા, મહોગ્રા, વજ્રા, કાલી, સરસ્વતી, કામેશ્વરી અને ચામુંડા.

અષ્ટ દિશાઓ: પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, તથા-આગ્નેય, નૈઋર્ત્ય, વાયવ્ય ને ઈશાન કોણ.

અષ્ટ દેહ: સ્થૂલ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ, વિરાટ, હિરણ્ય અને અવ્યાકૃત.

અષ્ટ દ્રવ્ય: યજ્ઞમાં આવશ્યક આઠ વસ્તુઓ-પીપળો, ઉમરો, પીપર, વડ, એ ચાર સમિધ તથા શ્વેત સરસવ, તલ, ખીર અને ઘી.

अश्वत्थोदुम्बर प्लक्ष
न्यग्रोध समिधस्तिलाः ।
सिद्धार्थ पायसाज्यानि
द्रव्याण्यष्टौ विप्रबुधाः ॥

અષ્ટ ધાતુ:

स्वर्ण रूप्यं च ताम्र च
रंगं यशद मेव च ।
सीसं लैाहं रसश्चेव
धातवोऽष्टौ प्रकीर्तिताः ॥

સોનું, ચાંદી, તાંબુ, જસત, પિત્તળ, સીસું, લોઢું અને પારો-આ આઠ ધાતુઓ.

અષ્ટ નાયિકા: સાહિત્યશાસ્ત્રમાં દર્શાવેલી આઠ નાયિકા-

(૧) સ્વાધીનપતિકા, ખંડિતા, અભિસારિકા, કલહાન્તરિતા, વિપ્રલબ્ધા, પ્રોષિતપતિકા, વાસકસજ્જા અને વિરહોત્કંઠિતા.

(૨) શ્રીકૃષ્ણની આઠ પ્રધાન રાણીઓ - રુક્મિણી, સત્યભામા, જાંબવતી. કાલિન્દી, મિત્રવિન્દા, યાજ્ઞજિતી, ભદ્રા અને લક્ષ્મણા.

(૩) ઇન્દ્રની આઠ પત્ની - ઉર્વશી, મેનકા, રંભા, પૂર્વચિતી, સ્વયંપ્રભા, ભિન્નકેશી, જનવલ્લભા અને ધૃતામી (તિલોત્તમા).

(૪) દુર્ગાની આઠ શક્તિઓ - ઉગ્રચંડા, પ્રચંડા, ચંડોગ્રા, ચંડનાયિકા, અતિચંડા, ચામુંડા, ચંડા, ચંડવતી.

અષ્ટ દ્રવ્ય: પૂજામાં ઉપયોગી આઠ વસ્તુઓ - પાણી, દૂધ, ઘી, દહીં, મધ, દર્ભ, ચોખા અને તલ.

અષ્ટપદી: આઠ પદવાળું ગીત. જયદેવના ગીત ગોવિન્દમાં એનો પ્રયોગ છે.

અષ્ટ પ્રકૃતિ: (૧) સાંખ્ય-શાસ્ત્ર પ્રમાણે જગતની આઠ મૂલ પ્રકૃતિઓ-અવ્યક્ત, મહાત્ અહંકાર, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ.

(૨) પરમ પુરુષની આઠ પ્રકૃતિઓ -

भूमिरापोऽनलो वायुः
खं मनो बुद्धि रेव च
अहंकार इतीयं मे
भिन्ना प्रकृतिरष्टधा ॥ (गीता)

પંચમહાભૂત તથા મન, બુદ્ધિ અને અહંકાર.

(૩) શુક્રનીતિ પ્રમાણે રાજ્યના આઠ કારભારીઓ - પ્રધાન, અમાત્ય, મંત્રી, સચિવ, સુમંત્રી, પંડિત, પ્રાડ્વિવાક અને પ્રતિનિધિ.

(૪) છત્રપતિ શિવાજીનું અષ્ટ પ્રધાનમંડળ - પંતપ્રધાન (પેશવા), અમાત્ય (મજુમદાર = નાણાખાતું સંભાળનાર), મંત્રી (વાકનીસ = વૃત્તાંત લેખક), સુમંત (ડબીર = નિજૂસચિવ), સચિવ (સુરનીસ = હિસાબ કિતાબનો મંત્રી), પંડિતરાવ (ધાર્મિક વિષયોનો મંત્રી); સેનાપતિ (સરનૌબત) અને ન્યાયાધીશ (પ્રાડ્વિવાક).

અષ્ટ ભાવ: સાહિત્ય શાસ્ત્ર પ્રમાણે-આઠ ભાવો - સ્તંભ, સ્વેદ, રોમાંચ, વૈસ્વર્ય, કંપ, વૈવર્ણ્ય, અશ્રુપાત અને પ્રલય.

(૨) કંપ, રોમાંચ, સ્ફુરણ, પ્રેમાશ્રુ, સ્વેદ, હાસ્ય, લાસ્ય અને ગાયન.

અષ્ટ ભુજા: આઠ ભુજાઓવાળી દેવી ૧) મહાલક્ષ્મી, ૨) દુર્ગા.

અષ્ટ ભૈરવ: શિવજીના આઠ ગણો - અસિતાંગ, સંહાર, રુરુ, કાલ, ક્રોધ, તામ્રચૂડ, ચન્દ્રચૂડ અને મહાભૈરવ.

અષ્ટ ભોગ: અન્ન, પાણી, પુષ્પ, તાંબૂલ, ચન્દન, વસ્ત્ર, શય્યા અને અલંકાર.

અષ્ટ મંગળ: (૧) રાજ્યાભિષેક સમયે આવશ્યક મનાતી આઠ વસ્તુ - સિંહ, વૃષભ, ગજ, જલકુંભ, પંખી, પતાકા, વાદ્ય ને દીપક.

(૨) બ્રાહ્મણ, અગ્નિ, ગાય, સુવર્ણ, ઘૃત, સૂર્ય, જલ અને રાજા.

लोकेऽस्मित् मंगलान्यष्टौ
ब्राह्मणो गैाः हुताशनः ।
हिरण्य सर्पिरादित्यः
आपो राजा तथाष्टमः ॥

(૩) આઠ ઔષધિઓ - વચ, કુઠ, બ્રાહ્મી, સરસવ, પીપળ, સારિવા, સૈંધવ અને ઘી.

અષ્ટ મહારોગ: આઠ પ્રકારના મોટા વ્યાધિઓ - વાતવ્યાધિ, અશ્મરી, કુષ્ઠ, ઉદક, ભગંદર, અર્શ અને સંગ્રહણી.

અષ્ટ રસ: સાહિત્યશાસ્ત્ર પ્રમાણે આઠ રસો-શૃંગાર, વીર, હાસ્ય, કરુણ, રૌદ્ર, બીભત્સ, ભયાનક અને અદ્ભુત.

અષ્ટ મધુ: આઠ પ્રકારના મધ - ભ્રામર, ક્ષૌદ્ર, પૌતિકા, છામક, અર્ઘ્ય, ઔદ્દાલ ને દાલ.

અષ્ટ યોગિની: શુભાશુભ બતાવનારી પાર્વતીની સખીઓ - (૧) મંગલા, પિંગલા, ધન્યા, ભ્રામરી, ભદ્રિકા, ઉલ્કા, સિદ્ધા, સંકટા.


(૨) માર્જની, કર્પૂરતિલકા, મલયગંધિની, કૌમુદિકા, ભેરુંડા, માતાલિ, નાયકી, જયા (શુભાચારા).

અષ્ટ માતૃકા: બ્રાહ્મી, માહેશ્વરી, કૌમારી, વૈષ્ણવી, વારાહી, ઇન્દ્રાણી, કૌબેરી ને ચામુંડા.

અષ્ટ મૂર્તિ: (૧) મહાદેવજીનાં આઠ સ્વરૂપો - પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, સૂર્ય, ચન્દ્ર અને ઋત્વિજ.

(૨) શિવજીની આઠ મૂર્તિઓ - શર્વ, ભવ,

(અનુસંધાન પૃષ્ઠ ૧૨૩)



મનુષ્યની ઉત્ક્રાંતિ મત્સ્યમાંથી થઇ હોવાનું મનાય છે, પરંતુ એ બંનેના દેહ વચ્ચે કોઈ સામ્ય દેખાતું નથી, એટલે મત્સ્યનો દેહ બદલાઇને મનુષ્યના દેહમાં પરિણમ્યો એ વિકૃતિ કયા માર્ગે કે પ્રકારે થઈ એનો ખયાલ આપતા વિકાસક્રમનો છેક હમણાં સુધી ખૂટતો અંકોડો પૂરો પાડનાર, ને સાત કરોડ વર્ષોથી લુપ્ત થઇ ગયાનું મનાએલાં પણ આજે યે લગભગ પોતાના અસલ પ્રાચીન સ્વરૂપમાં જીવિત એવાં રહસ્યમય મત્સ્ય.

સીલૅકૅન્થ

સુવ્રત પટેલ


કેટલાંક નામ એવાં હોય છે કે વારતહેવારે વાદવિવાદ સર્જ્યા કરે છે. સીલૅકૅન્થ એક એવું જ નામ છે. ગ્રીક ભાષાના આ શબ્દનો અર્થ થાય ભૂંગળી જેવી પોલી કરોડ (hollow-spined) ધરાવતું મત્સ્ય. પ્રાણીઓના વર્ગીકરણ અનુસાર વૈજ્ઞાનિકો એને સીલૅકૅન્થીની (coelacanthini) નામના ગણ (order)માં મૂકે છે. ઉત્ક્રાંતિના વિકાસક્રમમાં જળચર અને સ્થળચર પ્રાણીઓ વચ્ચેનો ખૂટતો અંકોડો એટલે સીલૅકૅન્થ. વૈજ્ઞાનિકો એને માનવીનો આદિ વડવો કહેવામાં પણ કશું ખોટું જોતા નથી. આજથી ૩૫,૦૦,૦૦,૦૦૦ (પાંત્રીસ કરોડ) વર્ષો અગાઉ આ મત્સ્યો દુનિયા આખીના સમુદ્રો ડહોળતાં હતાં. ઉત્ક્રાંતિના એક પગથિયે આ મત્સ્યો, પ્રાથમિક પગ જેવાં અંગો વડે ચાલીને, જમીન ઉપરનાં મીઠાં પાણીનાં જળાશયોમાં રહેવા લાગ્યાં. પછી છેલ્લા ડાયનોસરના જવા સાથે આ મત્સ્યો પણ, પૃથ્વીના પટ પરથી ભૂંસાઈ ગયાં. આમ માનવાનું કારણ એ હતું કે આ મત્સ્યો મીઠા પાણીમાં રહેતાં હતાં તે વખતના આશરે ૬૦ જેટલા અશ્મિભૂત અવશેષો (fossils) સાંપડ્યા છે. આ પરથી એવું અનુમનાયું કે આ મત્સ્યો સરીસૃપ યુગ (Age of reptiles) એટલે કે આશરે ૭,૦૦,૦૦,૦૦૦(સાતકરોડ)વર્ષો અગાઉ લુપ્ત થઈ ગયાં હોવાં જોઇએ. પણ આવું માની લેવામાં વૈજ્ઞાનિકોની ભૂલ હતી. ખરું પૂછો તો આ માટે જવાબદાર ખુદ આ મત્સ્યો હીલચાલ જ હતી. બન્યું એવું કે સરીસૃપ યુગ પછી કોઈ કારણસર, ઉત્ક્રાંતિમાં પીછેહઠ કરીને, આ મત્સ્યો મીઠા પાણીનાં તળાવો છોડીને વળી પાછાં સમુદ્રોમાં જતાં રહ્યાં. એટલું જ નહિ, એટલી ઊંડાઇએ પહોંચી ગયાં કે એમના વાવડ મળે નહિ કે ભવિષ્યમાં અશ્મીભૂત અવશેષ પણ મળે નહિ. (બહુ ઊંડાઇએ વસતા સમુદ્રના જીવો ફૉસિલ્સરૂપે ભાગ્યે જ મળે છે.)

આધુનિક યુગમાં આવાં મત્સ્યો હસ્તી ધરાવે છે એની જાણ ઈ. સ. ૧૯૩૮માં સૌપ્રથમ થઈ ત્યારે મૂએલું માનવી જીવતું થઇને પાછું ફરે એવું આશ્ચર્ય વૈજ્ઞાનિકોને થયું. આ દકિયાનૂસી જીવંત નમૂનાને એના શોધક (કુમારી લૅટિમર)ના નામ પરથી તેમ જ એ જ્યાંથી સૌ પ્રથમ મળીઆવ્યું(આફ્રિકાના પૂર્વ કાંઠેની કાલૂમ્ની નદીના મુખકાંઠેથી) તે પરથી, મૂળે અંગ્રેજ, ભણતરે રસાયણશાસ્ત્રી પણ શોખથી મત્સ્ય-વિજ્ઞાની બનેલા અને માછલીઓની ૧૦૦થી પણ વધુ જાતિઓ શોધી એમનું નામકરણ કરનાર ડૉ. જે. એલ. બી. સ્મિથે 'લૅટિમેરિયા કાલૂમ્ની' (Latimeria Chalumnae) એવું નામ આપ્યું. સ્મિથના જોવામાં જ્યારે આ મત્સ્ય આવ્યું ત્યારે એના પોચા ભાગોનો નાશ થએલો હોઈ, એની જાતિ નક્કી થઈ શકી ન હતી.

બરાબર ૧૪ વર્ષ પછી ઈ. ૧૯૫૨માં સ્મિથના પ્રયત્નોથી અગાઉના સ્થળેથી ૧૦૦૦ માઈલ ઉત્તરે આવેલા કોમોરો દ્વીપસમૂહમાંથી એનો બીજો નમૂનો મળી આવ્યો. આ નર સીલૅકૅન્થની લંબાઈ ૫૪ ઇંચ ને વજન હતું ૮૭ પાઉન્ડ. સ્મિથે એને નામ આપ્યું : મલાનિયા એન્જોઆની (Malania Anjouanae).*

* આ મત્સ્યની શોધકથા ડૉ. સ્મિથે પોતાના પુસ્તક Old Fourlegsમાં વિગતે કરી છે. એના શરીરની રચના અંગે ફ્રેન્ચ વૈજ્ઞાનિક જે. મિલોટ (J. Millot) અને એમના સાથીઓએ Anatomy of Coelacanth માં (૧૯૫૪) અનેક આકૃતિઓ સાથે ઊંડો અભ્યાસ કર્યો છે. એના રંગીન ચિત્રો અને રસમય વિગતો માટે જર્મન વૈજ્ઞાનિક ડૉ. બર્નાર્ડ ગ્ઝિમેક (Grzimek) સંપાદિત 'Animal life Encyclopedia'ના ૧૩ અને પાછળથી ઉમેરાએલા થઈને ૧૫ ભાગ ઉથલાવવા રહ્યા. ગુજરાતમાં એ શોધકથા અંગે થોડુંક વિગતે રસમય બયાન શ્રી હરિનારાયણ આચાર્યે 'પ્રકૃતિ'માં તેમજ 'કુમાર' (અંક-૪૪૪, ડિસેમ્બર ૧૯૬૦)માં કર્યું છે, તે જિજ્ઞાસુએ અચૂક જોવું.

આજથી ૩૫,૦૦,૦૦,૦૦૦ વર્ષ પહેલાં સીલૅકૅન્થ દુનિયા આખીના સમુદ્રો ડહોળતાં હતાં. ઉત્ક્રાંતિના એક તબક્કે, પ્રાથમિક પગ જેવાં અંગો વડે ચાલીને જમીન ઉપર નજીકનાં મીઠા પાણીનાં જળાશયો સુધી પહોંચી ત્યાં પણ એ રહેવા લાગ્યાં. એ કાળના એના અનેક અશ્મીભૂત અવશેષો મળ્યા છે. એ પછી, એટલે કે સાતેક કરોડ વર્ષ પહેલાં, એમની હસ્તિ નાબૂદ થઇ ગઇ હોવાનું મનાતું હતું. પરંતુ ઈ. ૧૯૩૮માં દક્ષિણ આફ્રિકાની સાગરકંઠાર પાસેથી એક સીલૅકૅન્થ મળી આવેલું. (નકશામાં તે ભાગ નાના કાળા ચોરસ વડે દર્શાવ્યો છે.) ૧૯૫૨માં તેની ઉત્તરે કોમોરો દ્વીપસમૂહમાં ઍન્જુઆ ટાપુ પાસેથી એનો બીજો નમૂનો મળ્યો, અને ૧૯૭૫ સુધીમાં તો આ ભાગમાંથી ૮૦ જેટલાં સીલૅકૅન્થ



મળ્યાં. આ સીલૅકૅન્થ 'લૅટિમેરિયા કાલૂમ્ની' નામે ઓળખાય છે. આ નકશામાં મોટા કાળા ચોરસ વડે તે વિસ્તાર દર્શાવ્યો છે. જ્યાંના ઊંડા સાગરમાં આજે યે સીલૅકૅન્થ જીવિત છે. સીલૅકૅન્થના અશ્મીભૂત અવશેષો મળ્યાનાં મુખ્ય સ્થાન નકશામાં ત્રિકોણ વડે દર્શાવ્યાં છે. ઈ. સ. ૧૯૭૪માં ભારતમાંથી પણ ૧૬,૫૦,૦૦,૦૦૦ વર્ષો પહેલાંના સીલૅકૅન્થનો અશ્મીભૂત અવશેષ મળ્યો છે. આ સીલૅકૅન્થ 'ઇન્ડોસીલૅકૅન્થસ' નામે ઓળખાય છે. ચીનમાં પણ ૨૨,૫૦,૦૦,૦૦૦ વર્ષો પહેલાંના તેના અશ્મીભૂત અવશેષ મળ્યા છે. એ સીલૅકૅન્થ 'સીનોસીલૅકૅન્થસ' નામે ઓળખાય છે.

હિંદી મહાસાગરમાં આવેલા આ દ્વીપ-સમૂહોના આદિવાસીઓ માટે આ માછલી કાંઈ નવી ન હતી. 'Kombessa' તરીકે પોતાની ભાષામાં ઓળખાતી આ માછલીને તેઓ સૂકવી, મીઠાયુક્ત કરીને ખાવામાં તેમ જ એની ખરછટ. ભીંગડાયુક્ત ચામડીને કાચપેપરની જેમ ઘસવામાં ઘણા વખતથી ઉપયોગમાં લેતા હતા !

અશ્મીભૂત અવશેષરૂપે મળી આવેલા મૂળ સીલૅકૅન્થ અને આજે જોવા મળતાં જીવંત સીલૅકૅન્થના બાહ્ય અંગ-ઉપાંગોમાં આટલી સદીઓ પછી પણ બહુ ઝાઝો ફેરફાર થયો નથી. કદાચ કદ થોડું વધ્યું છે. જીવંત સીલૅકૅન્થ સામાન્ય રીતે ૪૮ થી ૬૬ ઈંચની લંબાઈ અને ૭૦ થી ૧૮૦ પાઉન્ડ જેટલું વજન ધરાવે છે. એના પાંખિયા (fins) આપણા હાથપગના કોણી અને ઢીંચણ જેવા ખંડયુક્ત (lobed) અને માંસલ હોય છે, અને કદાચ આજે પણ આ અર્ધવિકસિત હાથપગની મદદથી એ સમુદ્રને તળિયે સરકતા હોવા જોઇએ. એમની પૂછડી મોટી, ફાટયુક્ત અને વચ્ચે એક વધારાની ભરાવદાર પૂછડી કે ખંડ ધરાવે છે,


પ્રથમના બે સીલૅકૅન્થ પછી ઈ. ૧૯૫૩ અને ૧૯૫૪માં પાંચ વધુ સીલૅકૅન્થ એ જ વિસ્તારમાં પકડાયાં. પછી પણ હિંદી મહાસાગરના માડાગાસ્કર અને મોઝામ્બિક વચ્ચેના વિસ્તારમાંથી તેમ જ કોમોરો દ્વીપસમૂહ પાસેના દરિયામાંથી વર્ષે દહાડે નહિનહિ તો ય ત્રણથી ચાર જેટલા સીલૅકૅન્થ સાંપડતા રહ્યાં છે (માત્ર આ જ વિસ્તારમાંથી સીલૅકૅન્થ કેમ મળી આવે છે એ પણ એક રહસ્ય જ રહ્યું છે), પણ એ બધાં બહુ સારી હાલતમાં નથી હોતાં. સડ્યા વગર, એનાં બધાં જ અંગ-ઉપાંગો જળવાઈ રહ્યાં હોય એવી સ્થિતિમાં સીલૅકૅન્થ તો મળ્યાં છેક ૧૯૭૨ અને ૧૯૭૫ની સાલમાં. ૧૯૭૫ના નમૂના કૅલિફૉર્નિયા ઍકૅડેમી ઑવ સાયન્સિસ દ્વારા પ્રયોજિત અભિયાનમાં, તેમ જ ૧૯૭૨ના નમૂના બ્રિટિશ રૉયલ સોસાયટી, ફ્રેન્ચ નૅશનલ મ્યૂઝિયમ ઑવ નેચરલ હિસ્ટરી અને અમેરિકાની ઍકૅડેમી ઑફ સાયન્સિઝના સંયુક્ત પ્રયાસોથી મેળવવામાં આવ્યા હતા. અગાઉના કિસ્સાઓની જેમ જ કોમોરો ટાપુઓના માછીમારો આવી બે માછલીઓ પકડી લાવ્યા, જેમાંથી એક તો સપાટી ઉપર આવ્યા પછી કેટલાક કલાકો જીવતી પણ રહી. પરંતુ પાણીનું દબાણ ઘટી જતાં અને ઉષ્ણતામાન વધી જતાં એ મૃત્યુ પામી. આ બંને સંશોધક જૂથની હકીકતો, સમીક્ષા સહિત તાજેતરના 'Proceedings of the Royal Society'ના અંકમાં તેમ જ કૅલિફૉર્નિયા ઍકૅડેમીના 'The Biology and Physiology of the Living Coelacanth' નામના ગ્રંથમાં કરવામાં આવી છે. આ સમીક્ષાનાં તારણો જોતાં એવું લાગે છે કે આ પ્રાચીન મત્સ્યના વર્ગીકરણમાં ધરમૂળથી ફેરફાર કરવો પડશે. આ નવી શોધ કહે છે કે સીલૅકૅન્થ એ અસ્થિ-મત્સ્યોના નહિ પણ કાસ્થિ-મત્સ્યોના વર્ગમાં આવે છે. આ શોધે ફરીથી સીલૅકૅન્થના નામનો વિવાદ-વંટોળ સરજ્યો છે. પણ આ બધું સમજવા માટે સમગ્ર મત્સ્ય પરિવારના વર્ગીકરણ ઉપર એક ઝડપી નજર કરી લઇએ.

પ્રાણીસૃષ્ટિમાં કરોડના મણકા ધરાવનાર પ્રાણીઓના સંઘ કે સમુદાયો (phyla)ના સભ્યોને પૃષ્ઠવંશી (vertebrates) કહેવાય છે. તેમાં માછલાં, ઉભયજીવી પ્રાણીઓ, સરિસૃપ પ્રાણીઓ, પક્ષીઓ અને સ્તન્ય પ્રાણીઓનો સમાવેશ થાય છે. આગળ જતાં સ્તન્ય પ્રાણીઓનો નર-વાનર ગણ (Primates) આમાંથી અલગ પડીને વાનર અને માનવ તરફ ફંટાય છે.

સમગ્ર મત્સ્ય આલમને સરળતા ખાતર ચારેક સમૂહ (groups)માં વહેંચી શકાય. સૌપ્રથમ ઍગ્નેથા (Agnatha) ગ્રૂપ આવે છે. આ શબ્દ ગ્રીક છે. 'A' એટલે 'વગર' અને 'ganthus' એટલે 'જડબાં' નામ દર્શાવે છે તેમ આ સમૂહની માછલીઓ જડબાં ધરાવતી નથી. આપણે એને હનુવિહીન કહી શકીએ. એમને ચક્રમુખી કે ચૂષમુખાં (cyclostomes) પણ કહેવાય છે, કારણ કે એના આગળના ભાગે, આહાર લેવા માટે માત્ર એક કાણું જ હોય છે. આ માછલાંઓ અત્યંત પ્રાથમિક મત્સ્યો કહી શકાય. આજે જોવા મળતી લૅમ્પ્રી (Lamprey) અને હૅગફિશ (Hagfish) આ ગ્રૂપમાં આવે છે.

બીજા સમૂહમાં પ્લૅકોડર્મી (Placodermi) કે એફીટોહૉઇડિયા (Aphetohyoidea) ગ્રૂપ આવે છે. આ માછલીઓની ચામડી કવચરક્ષિત હોય છે. એમને પાંખો તેમજ જડબાં હોય છે. આજે આ પ્રકારની માછલી માત્ર અશ્મિભૂત અવશેષરૂપે જ મળે છે, જે ક્લાઇમેટિયસ (Climatius) કહેવાય છે.


ઈ. ૧૯૭૪માં ભારતમાં ૧૬,૫૦,૦૦,૦૦૦ વર્ષો પહેલાંના સીલૅકૅન્થનો એક અશ્મિલ અવશેષ મળી આવ્યો. ખંડિત દશામાં હોવા છતાં એ અવશેષ પરથી ત્યારના સીલૅકૅન્થના ખડતલ દેહ તથા ૭૦ સે. મી. જેટલા કદનો અંદાજ બાંધી શકાય છે. 'ઈન્ડોસીલૅકૅન્થસ રૉબ્સ્ટસ' નામે તે ઓળખાય છે. એના મોંમાં દાંત હોય તેમ લાગતું નથી એટલે અન્ય નાની માછલીઓ વગેરેને એ મોં વાટે સીધી ગળી જતું હશે તેમ લાગે છે. લૅટિમેરિયા સીલૅકૅન્થના જે નમૂના મળ્યા છે તેના મોંમાં ય દાંત તો તદ્દન નબળા જ જણાયા છે, અને તેમના પેટમાંથી પણ નાનીનાની માછલીઓ આખી ને આખી મળી છે. આ સીલૅકૅન્થ બહુ તરી શકતાં નહિ હોય, પણ પોતાના પર (fins)ના ટેકે દરિયાને તળિયે કે ખડક પર સીલની માફક ચાલતાં હશે. ઊંડા પાણીમાં એ ખડકોની વચ્ચે લપાઈને શિકારની રાહ જોતાં હશે અને શિકાર નજીક આવતાં એકદમ તરાપ મારી તેને ગળી જતાં હશે. જે ઊંડાઇએ તે રહે છે તે ઊંડાઇએ એને આહારમાં ચાલે તેવી નાની માછલીઓ પણ પ્રાચીનકાળથી વસે છે. આજે મળે છે તે સીલૅકૅન્થ ૬૫ કે તેથી વધુ કિલોગ્રામ વજનવાળા, એક થી દોઢ મીટર લાંબા, ચીકણા ભદ્દાબેડોળ દેહવાળા



હોય છે. એના શરીર પર ખીચોખીચ ભીંગડાં અને તેનો વર્ણ પોલાદ જેવા ભૂરો ચળકતો હોય છે. એની આંખો અંધારામાં ઝગઝગતી હોય છે. ઊંડાણમાંથી ઉપર આવતાં પાણીનું દબાણ ઘટી જવાથી તથા ઉષ્ણતા વધી જવાથી તેઓ થોડા કલાકમાં જ મરી જાય છે, ને ત્યારે તેનો વર્ણ ભૂખરો તપખીરી બની જવા સાથે તેની તથા આંખની ચમક ગુમાવી દે છે. આ ઉપરાંત, સીલૅકૅન્થની પૂછડીના મધ્યમાં જોવા મળતો ગુચ્છા જેવો ભાગ પણ અન્ય કોઈ મત્સ્યમાં ક્યારેય પણ જોવા મળતો નથી.

ત્રીજા સમૂહમાં કૉન્ડ્રિક્થીઝ (Chondrichthyes), અર્થાત્, કોમલાસ્થિ, કૂર્ચાસ્થિ કે કાસ્થિમત્સ્યો આવે છે. શાર્ક, રેઈઝ (Rays) અને કાઇમિરા (Chimaeras-ચીમેરા) નામની માછલીઓ એનાં ઉદાહરણ છે. આ મત્સ્યોનું પિંજર મજબૂત હાડકાંનું નહિ, પણ એક પ્રકારનાં પોચાં હાડકાં – કાસ્થિ (Cratilage)નું બનેલું હોય છે. શાર્કની જેમ જ બધાંનાં જડબાં અત્યંત મજબૂત હોય છે.

છેલ્લું, સહુથી મોટું, આધુનિક, પૂર્ણવિકસિત, મત્સ્યજૂથ ઑસ્ટિક્થીઝ (Osteichthyes) કહેવાય છે. ગ્રીક ભાષામાં 'Osteon' એટલે 'અસ્થિ', અર્થાત્, અસ્થિમત્સ્યો. એમનાં માળખાં મજબૂત ને ખરેખરાં હાડકાંનાં બનેલાં હોય છે. આ ગ્રૂપના મત્સ્યોની ઉત્ક્રાંતિ ગૂંચવી નાખે એટએટલા આકાર-પ્રકારમાં જોવા મળે છે, એટલે ઉપરોક્ત ત્રણેય ગ્રૂપની જેમ એની કોઈ એકલદોકલ ખાસિયત નથી, પણ કેટલીક રીતે એમને સહેલાઈથી અલગ તારવી શકાય. જેમ કે આ મત્સ્યોનાં શરીરે ભીંગડાં (Scales) હોય છે. વળી એમાં આવેલી હવાની કોથળી (Swim bladder) એની લાક્ષણિકતા છતી કરે છે. આવી વ્યવસ્થા માછલીને પ્રયત્ન વગર, તરાપાની જેમ તરતી રાખે છે. માછલી ઉપર નીચે થતાં, આ કોથળીમાં જરૂર મુજબ વાયુની વધઘટ થતી હોવાથી, પાણીના દબાણની અસરોથી પણ એ મુક્ત રહી શકે છે. શાર્કમાં આવી કોથળીના અભાવને કારણે એણે સતત ગતિશીલ રહેવું પડે છે – ઊંઘમાં પણ! આ ઉપરાંત, આ ગ્રૂપની ખોરાકને પચાવવાની વ્યવસ્થા પણ આગવી છે. કાસ્થિમત્સ્ય (શાર્ક)ની અપેક્ષાએ આ ગ્રૂપની માછલીઓનાં આંતરડાં વધુ વિકસિત હોય છે. શાર્કની હોજરી કશું પચાવવા અસમર્થ હોય છે. એના આંતરડાના આરંભે, જઠર પછી, તરત જ એક ચક્રાકાર વ્યવસ્થા હોય છે, જે ખોરાકને દળી નાખે છે, જેને સર્પિલ કે આવર્ત વાલ્વ (Spiral valve) કહેવાય છે. આવી વ્યવસ્થા પૂર્ણ વિકસિત અસ્થિમત્સ્યોમાં જોવા મળતી નથી. ડૉ. સ્મિથે ૧૯૫૨માં શોધાએલા સીલૅકૅન્થમાં શાર્કના જેવી જ વ્યવસ્થા હોવાનું નોંધ્યું છે. આ સામ્યનું શું મહત્ત્વ છે તે આગળ વાંચતાં સમજાશે.



આ છેલ્લા ચોથા ગ્રૂપને વળી બે મુખ્ય ઉપજૂથ કે ઉપભાગ (Subdivision)માં વહેંચવામાં આવ્યું છે: ઍક્ટિનૉપ્ટેરિજિઆઈ Actinopterygii) અને કોનિક્થીઝ (Choanichthyes).

તમે જાપાનિસ પંખા જોયા હશે. એમાં જેમ અત્યંત બારીક સળિયાઓ (Rods) હોય છે, તેવા જ સળિયાઓ ઍક્ટિનૉપ્ટેરિજિઆઈ મત્સ્યોના પાંખિયા (Fins)માં જોવા મળે છે. આ સળિયાઓને 'rays' કહેવાય છે. આ પરથી આ પેટાભાગને 'Ray-finned' મત્સ્યો પણ કહે છે. આ પાંખોના માત્ર મૂળ આગળ જ થોડાઘણા સ્નાયુ હોય છે. આ મત્સ્યોમાં ટીલિયોસ્ટીઆઈ (Teleostei) પ્રકારનો વર્ગ આવે છે. વિદ્વાનો માને છે કે આજે જોવા મળતી મીઠા ને ખારા પાણીની ૪૦,૦૦૦ ભિન્નભિન્ન માછલીઓની જાતિઓમાંથી ઓછામાં ઓછી ૧૮,૦૦૦ માછલીઓ આ ટીલિયોસ્ટીઆઈમાં આવે છે. હવાની કોથળી ધરાવતાં આ મત્સ્યોને બહારની તરફ ખૂલતાં નસકોરાં હોય છે. આ નસકોરાં, મોંની અંદર નથી ખૂલતાં. કોનિક્થીઝ (દ્વિશ્વાસી-મીન) કે જેમાં સીલૅકૅન્થ આવે છે, તેની વાત જુદી છે. એનું નામ સૂચવે છે, તેમ એનાં નસકોરાં બહારની તરફ, તેમ જ અંદરની તરફ, એમ બંને બાજુએ ખૂલે છે. મનુષ્યમાં પણ આવી જ વ્યવસ્થા હોય છે. આપણે નાકમાંના પ્રવાહીને થોડા પ્રયત્ને મોંમાં ખેંચી શકીએ છીએ તે આવી વ્યવસ્થાને કારણે જ. આ વર્ગની માછલીઓ ચૂઈ તો ધરાવે જ છે, પણ એમની હવાની કોથળી, ઉત્ક્રાંતિ દરમિયાન વધુ વિકાસ પામતી ગઈ અને કાળે કરી એમાંથી ફેફસાં ઉદ્ભવ્યાં.

◁ આજની માછલીઓની પર (Ray fin) અને સીલૅકૅન્થની ખંડયુક્ત અસ્થિવાળી પર (Lobe fin). માછલીઓની પર એના શરીર સાથે જોડાએલી હોય છે પણ તેમાં અસ્થિ હોતાં નથી, અને તેનાં મૂળ પાસે થોડાઘણા સ્નાયુઓ હોય છે. સીલૅકૅન્થની પરમાં તેના છેડા સુધી સ્નાયુઓ હોય છે અને તેમાં પ્રાણીના પગની જેમ સાંધાવાળાં હાડકાં હોય છે. ઉત્ક્રાન્તિમાં કાળાનુક્રમે આ 'લૉબ-ફિન'નો વિકાસ પગ (અને હાથ) રૂપે થયો છે.

આદિશ્વાસીમીન ક્રૉસોપ્ટેરિજિઆઈ (Crossopterygii) નામના વળી એક નાના ગણ કે શ્રેણી (Order)માં આવે છે. આ ગણના મત્સ્યોની પાંખો માત્ર એના મૂળ આગળ જ નહિ, એની ટોચ સુધી સ્નાયુ ધરાવે છે. વળી, એમાં પાતળા સળિયા નહિ, પણ રીતસરનાં અસ્થિ હોય છે. આ ઉપરાંત, સાંધા પણ હોય છે. આથી આને 'Lobe-finned' મત્સ્યો પણ કહે છે. ટૂંકમાં આ પાંખિયાં ચાર-પગાં અને બે-પગાં (મનુષ્ય)ના હાથ-પગને ઘણી રીતે મળતાં આવે છે.

સમય જતાં, આ ક્રૉસોપ્ટેરિજિઆઈના વળી ત્રણેક ભિન્ન ઉપ-ગણ (Sub order) પડ્યા; ફેફસાંયુક્ત મીન (Lung fish), જમીન ને પાણી બંને ઉપર રહી શક્તા ઉભયજીવી (Amphibians), અને સીલૅકૅન્થીની.

આ પૈકી લંગફિશનો ફાંટો બહુ અગાઉથી છૂટો પડી ગયો, જે આજે ડિપ્નોઈ (Dipnoi) તરીકે ઓળખાય છે. વારસાગત મળેલાં અરધાં-પરધાં ફેફસાં અને અંદર ખૂલતાં નસકોરાંની સહાયથી એમણે હવામાંથી સીધો જ પ્રાણવાયુ લેવા માંડ્યો. હવે પાણી સુકાય તોય એમને વાંધો આવવાનો ન હતો. આથી વખતોવખત સુકાતાં ઝરણાં અને મીઠાં જળાશયોમાં રહેવાનો લહાવો એમણે લેવા માંડ્યો. એ સમયની લંગફિશના આજ સુધીમાં ૪૦ જેટલા અશ્મીભૂત અવશેષ સાંપડ્યા છે. આજે તો લંગફિશ માત્ર બે જ કુલ (Families)માં જોવા મળે છે. આ કુળમાં મુખ્યત્વે ત્રણેક જાતિઓ (Species) જોવા મળે છે, જે પૈકી એક જાતિ ઑસ્ટ્રેલિયામાં, અને બાકીની બે દક્ષિણ અમેરિકામાં તેમજ આફ્રિકામાં દેખાય મળે છે.

ઉભયજીવીઓ લંગફિશથી ઉત્ક્રાંતિમાં એક ડગલું આગળ વધ્યા. પગરૂપી પાંખિયા, અંદર શ્વાસ લેવાનું છિદ્ર અને ફેફસાં—આટલી પૂર્વભૂમિકા સાથે જળમર્યાદા મૂકીને પોતાની સહુથી મોટી દુશ્મન હવા સાથે એમણે સીધાં જ ચેડાં કરવાં માંડ્યાં. એક તળાવમાંથી બીજા તળાવમાં એ સરકવા લાગ્યાં. આથી આ અંગો વધુ વિકસતાં ગયા અને લાંબે ગાળે એમાંથી પગનો વિકાસ થયો. ઘણાં સંશોધકો આ ગ્રૂપને રાઈપીડિસ્ટિયા (Rhipidistia) વર્ગ કે ગણ (order)માં મૂકે છે, જેમાંથી પાછળથી ઉભયજીવીઓ ઊતરી આવ્યાં.

હવાના ખેલથી ડરી જનારાં, બાકીનાં મત્સ્યો મીઠા પાણીનાં જળાશયોમાં જ રહેવા લાગ્યાં. કાળે કરીને આમાંનાં ઘણાં મત્સ્યો નાશ પામ્યાં, જે આજે અશ્મીભૂત અવશેષરૂપે મળી આવે છે. બાકી જે બચ્યાં તે સીલૅકૅન્થ. બચેલાં સીલૅકૅન્થ પાછાં સમુદ્રમાં પહોંચી ગયાં. આ મત્સ્યોએ કેટલાંક મૂળભૂત લક્ષણો જાળવી રાખ્યાં. પણ ઉત્ક્રાંતિના ચક્કરમાં ક્યાંક અંદરના શ્વસન છિદ્રો ગુમાવી બેઠાં. એમનાં પ્રારંભિક ફેફસાં ધીમેધીમે હવાની કોથળીઓ બનીને રહી ગયાં. ખોપરી હાડકાંની અને કરોડના મણકા સ્થિતિસ્થાપક સ્તંભ બની રહ્યાં. આ અને અન્ય ફેરફારો નવા પર્યાવરણને અનુકૂલક્ષમ થવા માટે જરૂરી હતાં.

અશ્મીભૂત અવશેષોને આધારે એવું મનાતું હતું કે સીલૅકૅન્થ રાઈપીડિસ્ટિયા મત્સ્યોની નજદીકનું હોવું જોઇએ; જેમાંથી ધરતી પરના ઉભયજીવીઓ અને પાછળથી પૃષ્ઠવંશીઓ ઊતરી આવ્યાં છે. અગાઉનું આ વર્ગીકરણ સીલૅકૅન્થના બાહ્ય અંગ-ઉપાંગોને અનુલક્ષીને કરવામાં આવ્યું હતું. આધુનિક અભ્યાસ મુખ્યત્વે એના કોષો અને શરીરની આંતરિક પ્રક્રિયાને આવરી લે છે. આ નવા અભ્યાસે જણાવ્યું કે સીલૅકૅન્થ, ઉપર જોયું તેમ, અસ્થિમત્સ્યના વર્ગમાં નહિ, પણ શાર્ક મત્સ્યોના સમૂહમાં એટલે કે કાસ્થિમત્સ્યો (કૉન્ડ્રિક્થીઝ)ના વર્ગમાં આવે છે

શાર્ક અને સીલૅકૅન્થના શરીરમાંની આંતરસ્રાવી ગ્રંથિઓ અદ્ભુત સામ્ય ધરાવે છે. આ ઉપરાંત, આ બંનેમાં આપણે ઉપર જોયું તેમ, આંતરડામાં આવર્ત વાલ્વ હોય છે, તો વળી ગુદા આગળની ગ્રંથિઓ પણ એકસરખી જોવા મળે છે. આ ઉપરાંત, રુધિરને નિયંત્રણમાં રાખતી વિશિષ્ટ વ્યવસ્થા બંનેમાં જોવા મળે છે, જે અન્ય કોઈ વર્ગની માછલીમાં જોવા મળતી નથી. સામાન્યરીતે ખારા પાણીની બધી જ માછલીઓના લોહીમાં મીઠા(ક્ષારો)નું પ્રમાણ આજુબાજુના સમુદ્રના પાણી કરતાં હમેશાં ઓછા પ્રમાણમાં હોય છે. આને પરિણામે બંને પ્રવાહી વચ્ચે પરિસારક દાબ (Osmotic pressure) ઉદ્ભવે છે. આ દાબને કારણે માછલીમાંનું પ્રવાહી બહાર નીકળી જાય છે, અને એની અંદરનું મીઠાનું સંકેન્દ્રણ (concentration) વધી જાય છે. પણ શાર્ક અને રેઈઝ મત્સ્યોમાં આવું જોવા મળતું નથી. આ માછલીઓનું શરીર આવા પરિસારક દાબનો વિરોધ કરી શકે છે, કારણ કે એમના શરીરમાં પ્રોટીન ચયાપચય (metabolism)ના અંતે પેદા થતું યુરિયા (Urea) તેમની મદદે આવે છે. આવી અદ્વિતીય પદ્ધતિ શાર્કની જેમ જ, સીલૅકૅન્થમાં પણ જોવા મળી છે! બંનેની ખાવાની ટેવો પણ સરખી છે, જેમ કે શાર્કની જેમ સીલૅકૅન્થ પણ માંસાહારી છે. વળી સીલૅકૅન્થમાં કાસ્થિ સારા એવા પ્રમાણમાં જોવા મળે છે. આટ-આટલાં સામ્ય દર્શાવે છે કે શાર્ક અને સીલૅકૅન્થ બંને એક જ સમૂહમાં આવે છે.

જોકે આ નવા વર્ગીકરણનો સર્વાનુમતે સ્વીકાર થયો નથી. અગાઉના વર્ગીકરણના સમર્થકો કહે છે કે આ નવા વર્ગીકરણમાં કેટલાક મહત્ત્વના મુદ્દાઓ વિસારી દેવાયા છે. જેમ કે શાર્ક જેવાં મત્સ્યોનાં શરીર ઉપર ખંડયુક્ત પાંખિયાં જોવા મળતાં નથી. વળી શાર્કમાં અસ્થિ તો હોતાં જ નથી. જ્યારે આથી ઊલટું, સીલૅકૅન્થમાં આ બંને વસ્તુઓ એની ખાસિયત ગણાવી જોઈએ; જે માત્ર રાઈપીડિસ્ટિયામાં જ જોવા મળે છે. આ લોકો કહે છે કે આટઆટલી સદીઓનાં વહાણાં વાયાં પછી સંભવ છે કે સીલૅકૅન્થના શરીરે ઉત્ક્રાંતિના પગથિયે ચડીને પોતાના શરીરમાં આવા એકલ-દોકલ ફેરફાર કરી લીધા હોય. મહદ્ અંશે પિંજર કાસ્થિનું બનાવ્યું હોય. પણ એથી કાંઈ એને શાર્કની હરોળમાં ન મૂકી શકાય. વળી એ ન ભૂલવું જોઈએ કે સીલૅકૅન્થની ખોપરી અને પાંખિયા તો હાડકાં ધરાવે છે જ. જો આ નવું વર્ગીકરણ સ્વીકારી લઈએ, તો મત્સ્યના વર્ગીકરણમાં ધરમૂળથી ફેરફારો કરવા પડે.

આ પ્રશ્નો અને ચર્ચાઓનું નિરાકરણ જલ્દી આવવાનું નથી, એનું એક કારણ એ છે કે જ્યાંથી આ મત્સ્યો ઝડપાય છે એ કોમોરો દ્વીપસમૂહ છઠ્ઠી જુલાઈ, ૧૯૭૫ના રોજ આઝાદ થયા પછી બહુ મોટી રાજકીય ઊથલપાથલમાં સપડાયો છે, અને ત્યાંની સરકાર સીલૅકૅન્થને શોધવાના પ્રયાસોને બહુ પ્રોત્સાહન આપતી નથી.

આપણે જાણીએ છીએ કે દેડકા અને મેઢક (ટૉડ) જેવા ઉભયજીવીઓનાં બચ્ચાં પ્રારંભમાં તો પાણીમાં જ રહેતાં અને તરતાં હોય છે. આ બતાવે છે કે જમીન ઉપર આવ્યા પછી પણ એમનું પાણી સાથેનું મૂળ સગપણ તો કાયમ જ રહ્યું છે. આ કારણે જ પ્રાણીશાસ્ત્રીઓ સીલૅકૅન્થના બાહ્ય દેખાવ તથા જીવન-પ્રક્રિયાઓના અભ્યાસ ઉપરાંત તાજેતરના જન્મેલા બાળ-સીલૅકૅન્થનો અભ્યાસ કરવા ઉત્સુક છે. હજુ સુધી તો આ શક્ય બન્યું નથી. પણ જો આવી એકાદ તક પણ સાંપડે તો સીલૅકૅન્થ મત્સ્ય ઉભયજીવીઓની કેટલાં નજદીકનાં સગાં છે એની જાણકારી ઉપલબ્ધ થાય. ગમે તે હોય, સીલૅકૅન્થની આસપાસનું રહસ્ય અને પરિણામે એનું મહત્ત્વ અકબંધ રહ્યું છે. □

કૃતજ્ઞતા

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

'ડૉક્તર સાહેબ, ઘેર આવોને. બાઇને તાવ ચઢ્યો છે અને તાણ આવે છે.'

'ક્યારથી થયું છે?' 'બપોરથી. જોયું જાતું નથી સાહેબ!'

જરૂરી લાગી તે દવાઓ વગેરે સાથે લઈ હું એની સાથે ઊપડ્યો. ગામને છેવાડે એ લોકોનો વાસ હતો. લાગ મળે હાથફેરો કરી લે એવા લોકોની એ વસ્તી. માતાને નામે અહીં બકરા કે પાડો યે ક્યારેક વધેરાઈ જતો હોય તો ના નહિ. વાસની નજીક પહોંચતાં ક્યાંકથી ભૂવાના પડકારા ને ડાકલાંનો ડખાડખ અવાજ સંભળાયો. લાગ્યું કે મને બોલાવતાં પહેલાં આ લોકોએ કદાચ પોતાની રીતો પણ અજમાવવા માંડી હશે. આવી ડખાધમાલમાં દર્દીના શા હાલ થતા હશે!

અમે એની ઝૂંપડી પાસે પહોંચ્યા કે મારી સાથેના મરદે સાદ કર્યો, 'એ દાક્તર સા'બ આવી ગયા છે.'

'આવી ગયા? હારુ કર્યું.' કહેતી એક બાઈ બહાર આવી ને અમને અંદર આવવા કહ્યું.

વાંકા વળીને મેં ઝૂંપડીમાં પ્રવેશ કર્યો. ટટ્ટાર ઊભો રહું તો કદાચ છાપરે માથું અથડાશે એમ જોઈ લગભગ વાંકા જ ઊભા રહી મેં ચોપાસ નજર ફેરવી. એક ખૂણામાં ટમટમતા દીવેલના દીવાના આછા અજવાળે મેં એક બાઇને ખાટલીમાં પડેલી જોઈ. પાયા પાસે જ એક ડોસી બેઠી હતી. કદાચ મને લેવા આવનાર આદમીની મા હશે. એક તરફ ચૂલો, બેચાર હાંડલી ને ધોબાવાળાં થોડાં વાસણો તથા પાણીના માટલાથી વિશેષ ખાસ કંઈ અસબાબ હોય તેવું લાગ્યું નહિ.

'શું થાય છે બેન?' પૂછતો હું દર્દીની ખાટલી તરફ ઝૂક્યો.

'જુઓને બાપુ, બપોરની તાવમાં ધગે છે ને વારેવારે તણાય છે.' ડોશીએ જ જવાબ આપ્યો.

મારી પાસેની ટોર્ચ કાઢી મેં દર્દી બાઈના ચહેરા ભણી પેટાવી અને તેના હાથ પર હાથ મૂક્યો. શરીર ઠંડુંગાર લાગ્યું. હું વધુ કંઈ પૂછું એ પહેલાં તો બાઈનું શરીર તણાવા લાગ્યું. ધનુરનો કેસ લાગ્યો. 'આને રસ્તામાંથી કાંટો કે ખીલો વાગ્યો છે ખરો?' મેં પૂછ્યું.

'ના, સા'બ. બે દિ' પહેલાં છોકરી થઈ છે.' હવે જ મારું ધ્યાન દોરાયું કે બાઈની બાજુમાં ધાબળામાં વીંટાળેલું એક દુબળું બાળક પડ્યું હતું. તાણ શમાવવા એક ઈન્જેકશન આપી હું ઝૂંપડીની બહાર આવ્યો અને પેલા આદમીને પાસે બોલાવી કહ્યું, 'ઈન્જેકશનની જરૂર છે. હું નામ લખી આપું છું. લઈ આવો તો બાઈ ઊગરી જાય.'

'હોવે, લઈ આવીએ, એમાં શું?' કહી બહાર ઝાડ નીચે એક ખાટલી ઢાળી ઉપર ગોદડું નાખી એણે મને બેસાડ્યો અને 'હમણાં આવીએ, સાહેબ' કહી એ બીજા એક જણ સાથે ગામ ભણી ઊપડી ગયો.

વદની અંધારી રાતનું તારામઢ્યું આકાશ જોતો હું ઝાડ તળેની એ ખાટલી પર એમના પાછા ફરવાની રાહ જોતો બેઠો. પાસે જ વાસના બીજા એકબે મરદો પણ મારી પાસે આવી ભોંય પર મૂગામૂગા હોકલી ફૂંકતા બેઠા. નજીકમાં જ એક તરફ બાંધેલી ભેંસના છાણમૂતરની વિશિષ્ટ ગંધ ચોતરફ ફેલાતી હતી. વચ્ચેવચ્ચે પૂછડું ફંગોળી ભેંસે ઉડાડેલા ડાંસનો ગણગણાટ છેક મારા કાન સુધી પહોંચી જતો હતો. ક્યાંક વાગી રહેલાં ડાકલાં ને ક્યારેક ભસતાં કૂતરાંના અવાજ સિવાય શાંતિનો સોપો પડી ગયો હતો.

મેં પાસે બેઠેલા આદમીઓ સાથે આડીઅવળી વાત આદરી, પણ મારું ચિત્ત ખાટલીમાંના માંકડ કે પેલી ભેંસ પાસેના ચાંચડ મારા કપડાંમાં ભરાઈ ન બેસે તેમાં વ્યગ્ર હતું. પણ એ લોકો સાથે વાતો યે શી કરવી? થોડી વાર આકાશ તરફ મીટ માંડી જેની ઓળખ હતી તે તારાઓને ખોળવા પ્રયત્ન કરી જોયો. વચ્ચે વચ્ચે ઊભા થઈ આંટા પણ માર્યા.

થોડે દૂર ઝાંખરામાં કંઈ સરસરાટ થયો અને પછી દેડકાનો ચિત્કાર સાંભળ્યો. તુરત મેં એ તરફ ટોર્ચ પેટાવી નજર કરી પણ કંઈ દેખાયું નહિ. લાગ્યું કે સાપને પોતાનો આહાર મળી ગયો હતો. દાક્તરનો ધંધો, નવોનવો વિકાસ સાધતું વૈદક-વિજ્ઞાન, દવાઓના ખર્ચા, લોકોની ગરીબાઈ અને અજ્ઞાનના કારણે રોગોનું ભારણ વગેરે વગેરે વિવિધ વિચારો મારા મનમાં ઊઠીઊઠીને શમી જતા હતા. વિલંબ થઈ રહ્યો હોવાથી ઘેર પત્ની ચિંતા કરતી હશે તેનો ખ્યાલ પણ સતાવી ગયો.

કલાક–સવા કલાક પછી ગામ ભણીથી બે કૂતરાં દોડી આવતાં દેખાયાં. પાછળ પેલા બે જણ પણ ઉતાવળે પગલે આવતા હતા. પાસે આવતાં જ એમણે મારા હાથમાં ઇન્જેકશનનું એક ખોખું મૂક્યું. મેં મોડું થવાનું કારણ પૂછતાં કહે, 'પટેલને ઘેર જઈ એને ઊંઘમાંથી જગાડ્યા ને એને હારે લઇને દવાવાળાને ઘેર જઈ ઇને ઉઠાડ્યો. ત્યાંથી પછી બજારમાં જઈ દુકાન ઉઘડાવીને આ ઇંજીશન લીધાં, એટલે વાર તો લાગે ને? ભલું થાજો પટેલનું તે હારે આવ્યા ને આપણું કામ થયું.'

'સારું, પ્રાયમસ પર ઝટ પાણી ગરમ કરાવો.' કહી મેં ઇન્જેકશન માટે તૈયારી આદરી.

પ્રાયમસ તો અહીં ક્યાંથી હોય? એક બાઇએ તુરત ઊઠીને ચૂલામાં ભાંગેલાં બોયાંનો બાચકો નાખ્યો ને ચૂલા ઉપર પાણીની તપેલી ચડાવી. બળતાં બોયાંની ઊડતી કાળી રજ પાણીમાં પડતી હતી, પણ તેનો તો અહીં કશો ઉપાય ન હતો. અંતે પાણી ઊકળતાં બાઈએ પોતાના સાડલાના છેડા વડે પકડીને તપેલી ઉતારતાં કહ્યું. 'લ્યો સા'બ. આ પાણી ઊનું થઈ ગયું. ઈમાં તે કેટલીક વાર થાય!' ચૂલા પર પાણી ગરમ થતાં કદાચ વાર લાગશે એવી મારી દહેશત સમજી ગએલી એ બાઈનો તેમાં જવાબ હતો.

ઇન્જેકશન આપી ઘર ભણી વળતાં મેં કહ્યું, 'જુઓ, આ અત્યારે લાવ્યા એ જ ઇન્જેકશન લાવીને સવારે મને બોલાવજો, ને એમ ન બને તો આ બાઇને વેળાસર આણંદની મિશન હૉસ્પિટલમાં લઈ જજો.'

બીજા દિવસે મને બોલાવવા કોઈ આવ્યું નહિ. પેલું એક ઈન્જેકશન પણ પટેલે અપાવ્યું ત્યારે આવ્યું હતું ત્યાં મારી ફીની તો આશા જ ક્યાંથી રખાય? પ્રસૂતિ પછીના ધનુરમાં બાઈ કદાચ બચી પણ નહિ હોય.

પછી તો એકાદ માસ દરમિયાન એ વાત પણ હું વિસરી ગયો હતો. એક દિવસ સવારે છાપું જોતો બેઠો હતો ત્યાં અવાજ સંભળાયો: 'લ્યો સા'બ, આ મૂળા.' નજર ઊંચી કરી જોયું તો એક શાકવાળી બાઈ ઘરના ઓટલા પર તાજા કૂણા મૂળાનો બાચકો મૂકી પાછી ફરી રહી હતી. હું કંઈ પૂછું કે પૈસા આપું એ પહેલાં તો ખડકીની બહાર નીકળી ગઈ. અવાજ સાંભળી બહાર આવેલી મારી પત્ની પણ જોઈ રહી. કોણ આ આટલા બધા મૂળા મૂકી પૈસા લીધા વિના ચાલ્યું ગયું હશે તેની વિમાસણમાં અમે બંને એકબીજાં સામે ટીકી રહ્યાં.

થોડા દિવસ પછી ફરી એક સવારે એ જ અવાજ ફરી સંભળાયો: 'લ્યો સા'બ, ભાજી.' પણ ભાજીનો મોટો ઝુડો ઓટલા પર મૂકી એ બાઈ પાછી ફરે તે પહેલાં તો મારી પત્નીએ તેને પકડી પાડી. 'અરે બાઈ અમે તો તને ઓળખતાં યે નથી અને તું આમ તે દિવસે યે મૂળા મૂકી પૈસા લીધા વિના ચાલી ગએલી, અને આજે આ ભાજી મૂકીને હેંડતી થઈ? ઊભી રહે, પૈસા લેતી જા.'

'તમે મને ન ઓળખો, બુન! પણ મને તો સા'બે મરતી બચાવી છે.' અને વધુ કંઈ ઓળખ આપ્યા વિના જ આંખોમાં કૃતજ્ઞતાના ભાવ સાથે મલકતે મોંએ એ પૈસા લીધા વિના જ પૂંઠ ફેરવી ચાલતી થઈ. એની પૂંઠે લટકતી ઝોળીમાં નાનકડું બાળક જોઈ મારા મનમાં મહિના પહેલાંની પેલી અંધારી રાતની સ્મૃતિ જાગી ઊઠી. □

સાહિત્યસંપર્ક

સ્વ. પ્રો. વસંત જોષી



પ્રો. વસંત જોષીનું નામ 'કુમાર'ના વાચકોને ચિરપરિચિત છે. ૩૦ માર્ચ, ૧૯૮૨-ના રોજ હૃદયરોગના કારણે અમદાવાદમાં એમનું દુઃખદ અવસાન થયું. થોડાં વર્ષ પહેલાં એમના પર ઓચિંતો હૃદયરોગનો હુમલો થયો ત્યારે એ કારણે એમની આંખોને સારી પેઠે નુકસાન થયું હતું. અને આંખો જ એમને મન શરીરનું પ્રમુખ અંગ હતું! ગજબના વાચક હતા પ્રો. વસંત જોષી, અને એવા જ વાચાળ પણ. અંગ્રેજી સાહિત્યના તેઓ ઊંડા અભ્યાસી હતા; અરે, સાહિત્યમાત્રના અભ્યાસી. સાહિત્યના સંસાર કરતાં સંસારના સાહિત્યમાં એમને રસ હતો, અને એ રસના નાતે તેઓ મરાઠી-ગુજરાતીના અનેક મૂર્ધન્ય સર્જકોના પરિચયમાં રહ્યા હતા.

ગુજરાતના ઉચ્ચ શિક્ષણજગતમાં અને વિદ્યાર્થીઓમાં તેઓ પ્રો. વી. એન. જોષી કે જોષીસાહેબના નામથી જાણીતા હતા અને વાચકોમાં પ્રો. વસંત જોષીના નામથી ખ્યાત હતા. જન્મે એઓ મહારાષ્ટ્રીય બ્રાહ્મણ. પિતા તબીબ, પરંતુ જોષીસાહેબનો રસ તો એકમાત્ર સાહિત્ય. અંગ્રેજી સાહિત્ય સાથે એમ.એ. થઇ તેઓ ઉચ્ચ કેળવણીના ક્ષેત્રે પ્રવેશ્યા અને સાડા ત્રણ દાયકાથી પણ વધુ લાંબી શિક્ષણસાધનાથી ઉચ્ચ શિક્ષક તરીકેની સફળતાને વર્યા હતા. અમદાવાદની એચ. એલ. કૉલેજ ઑવ કૉમર્સમાં વર્ષો સુધી અંગ્રેજીનું અધ્યાપન કર્યા પછી એ જ સોસાયટી-સંચાલિત એલ. ડી. આર્ટ્સ કૉલેજમાં અંગ્રેજી વિભાગના વડા અને આચાર્ય તરીકે તેમણે નિવૃત્ત થયા ત્યાં સુધી સેવાઓ આપી હતી.

પણ એમનો વિદ્યારસ અને વાચનરસ એવો કે નિવૃત્ત થયા પછી પણ અનેક જૂનાનવા વિદ્યાર્થીઓ અવારનવાર તેમની પાસે પહોંચી જતા. તેઓ પણ સાચા વિદ્યા-અર્થીને માટે હમેશાં સહાયક બની રહેતા, અને એવો કોઇ વિદ્યાર્થી આવી ચડયો હોય તો પૂરો વર્ગ જ લઈ નાખે. અનેક સંદર્ભો અને અવતરણો એમને કંઠસ્થ! કોઈ ન હોય ત્યારે સતત વાચન. એ વાચન અંગ્રેજી સાહિત્યનું પણ હોય, ફ્રેંચ કે જર્મન સાહિત્યનું પણ હોય યા ગુજરાતી કે મરાઠી સાહિત્યનું પણ હોય; પણ એ સાહિત્યનું જ હોય. સાહિત્ય એ જ એમની દુનિયા. વ્યવહાર-દુનિયામાં જોષીસાહેબ કાચા પડે, કદાચ નાપાસ પણ થાય, પરંતુ એમનાં ધર્મપત્ની કુમુદબેન જેટલાં સાહિત્યનાં રસિક એટલાં જ વ્યવહારજગતનાં પણ જ્ઞાતા એટલે જોષીસાહેબની વ્યાવહારિક બેફિકરાઈ તેઓ નભાવી લેતાં!

'કુમાર'માં એમણે ગુજરાત, મહારાષ્ટ્ર ને વિશ્વની અનેક વિભૂતિઓના વિગતસભર અને પ્રેરણાદાયી ચરિત્રો લખ્યાં છે. આ ઉપરાંત, એમણે 'અંગોત્રી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત મરાઠી કવિતાના અનુવાદ, પુસ્તકોમાં વસંત બાપટ અને નારાયણ સુર્વેનાં કાવ્યોના સમજપૂર્વકના સુભગ અનુવાદો પણ આપ્યા છે. આંખોની તકલીફ વધી ગયા પછી લેખન-વાચન ન કરી શકવા બદલ તેમને સતત વસવસો રહેતો, પરંતુ કુમુદબેનના સાથથી એમની એ મુશ્કેલી હળવી થતી.

જન્મે મહારાષ્ટ્રના હોવા છતાં ય તેઓ ગુજરાતી પર કેટલો સારો કાબૂ ધરાવતા હતા તે તો 'કુમાર'ના વાચકો જાણે જ છે. જેટલી ઊંડી સમજ એમને સાહિત્યમાં હતી એટલો જ ઊંડો રસ એમને શાસ્ત્રીય સંગીતમાં પણ હતો. આજે અપ્રાપ્ય એવી દાયકાઓ પહેલાંની શાસ્ત્રીય સંગીતની રેકૉર્ડ્સનો એમના જેવો સંગ્રહ કદાચ કોઈ ગણ્યાગાંઠ્યા પાસે જ હશે. અને એવો જ ઉત્તમ સંગ્રહ એમણે ટપાલ-ટિકિટોનો પણ કર્યો છે, અનેક લેખકોના હસ્તાક્ષરો સાથેની સાહિત્યકૃતિઓ એમના સંગ્રહમાં છે. તેઓ માનવભૂખ્યા માનવ, વિદ્યાર્થી-ભૂખ્યા અધ્યાપક, વાચનભૂખ્યા વાચક ને શ્રોતા-ભૂખ્યા ગોષ્ઠીકાર હતા. એમનાં મધુર સ્મરણોને સંભારતાં સંભારતાં અંતઃકરણપૂર્વકની આ ભાવાંજલિ અર્પીએ છીએ. —ધી. પ.

સાર્વત્રિક 'વાવંટોળ'ની કથા

ધીરુ પરીખ

શ્રી ધીરુબહેન પટેલની દીર્ઘકાય નવલકથા 'વાવંટોળ'ની* પીઠિકા છે ૧૯૭૩-૭૪ના જાહેરજીવનના વરવા પ્રવાહો. હર્ષદરાય જેવા લક્ષ્મીનાથ અને તાયા જેવી અનાથ બાળકી-કિશોરી-યુવતીના જીવનના વ્યક્તિગત-કુટુંબગત તાણાવાણાથી ગૂંથાયેલું વાર્તાપોત લેખિકાની સર્ગશક્તિને કારણે સુચારુ બન્યું છે. હર્ષદરાય અને શોભાનો સુખી સંસાર, મૃણાલદેવીનો તાંત્રિક સંસાર, હર્ષદરાયનાં રસોઈયણ મહાલીબેન તથા નિરાધાર તાયાનો સ્વપ્નગરવો સંસાર વાર્તામાં સુપેરે આલેખાયો છે. એક તરફથી આ વ્યક્તિ-કુટુંબજીવનમાં વાવંટોળ જન્મે છે તો બીજી તરફથી સમાજ-જીવનમાં સાર્વત્રિક હિંસાનું વાતાવરણ ફાટી નીકળે છે. આજના સમાજનું આ કરુણ-વરવું ચિત્ર પણ અહીં એટલી જ સચોટતાથી આલેખાયું છે. લગભગ પ્રત્યેક પ્રકરણનો આરંભ કંઈ વિચારતત્ત્વના ત્રાગડાથી થાય છે અને એમાંથી વાર્તાજાળું ગૂંથાતું આવે છે. એમાં વિવિધ માનસિક, સામાજિક, આધ્યાત્મિક સ્તરનાં પાત્રો છે; વિવિધ માનસિક, સામાજિક, કૌટુંબિક સંઘર્ષના આવેગો છે. આ બધાને સહજ રીતે અભિવ્યક્ત કરે તેવી ભાષાશૈલી છે. અને આમ આ પ્રલંબ પટ પર પથરાયેલી વાર્તા વાચકચિત્તનો કબજો લઈ શકે તેવી બળુકી બની આવી છે.

આ વાર્તારસની પડછે લેખિકાનું જીવનદર્શન પણ મહદંશે પાત્રોની ઉક્તિઓમાં તો ક્યાંક ક્યાંક સીધા કથનરૂપે વ્યક્ત થયું છે. એક તબક્કે એવો નિરાશાવાદી સૂર સંભળાય છે કે આ દંભી, જડ, સ્વાર્થી સમાજમાં અને વ્યક્તિજીવનમાં ચોતરફથી વાવંટોળ ઊઠ્યો છે ત્યાં જવું ક્યાં? શાને આધારે જીવવું? મનુષ્ય દ્વારા મનુષ્યના થતા અપમાનની સ્થિતિમાં સંવેદનાનું શું? મરવા પડેલી માનવતાની અહીં દારુણ કહાણી છે. પણ એની સામે કલાકાર બિહારીના શબ્દો આશાસંચાર કરે તેવા છે. એ કહે છેઃ 'સારું છે આ દુનિયામાં કોઈક તો કોઇને ચાહે છે.' પ્રકૃતિમાંથી પાંગરેલી સંસ્કૃતિ અને સંસ્કૃતિની વિકૃતિની આ સંઘર્ષકથા છે. આ સંઘર્ષાવસ્થામાં સાંત્વના બક્ષનારો શબ્દ છે 'પ્રેમ'. ચાહનાથી બધું જીવવા જેવું બનતું હોય છે. ઘોર નિરાશામય વાતાવરણ અને અમાનુષીતાના વાવંટોળ વચ્ચે 'પ્રેમ'નો અમર દીવો ઝગમગે છે. આમ, એક રીતે આ આશાના સૂરમાં નવલકથા વિરમે છે.

પ્રસંગગૂંથણી, પાત્રાલેખન, સંવાદપાટવ, વર્ણનછટા અને ભાષાશૈલીમાં લેખિકાએ સર્જકતા અને કલાસૂઝ દાખવ્યાં છે તેને કારણે આ સુદીર્ઘ નવલકથા સુવાચ્ય બની શકી છે.

*(પ્રકાશક: એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., ૧૬૪, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૨; પાકું પૂઠું, પૃ. ૪૪૮, રૂ. ૨૮-૫૦.)

વિદિત : શ્રી રજનીકાન્ત જોશીના આ પ્રથમ વિવેચન સંગ્રહમાં ઉર્દૂના સાહિત્યકાર અમીર ખુસરો અને કૃષ્ણચંદ્ર પર, હિંદી સાહિત્યકાર પ્રેમચંદ અને યશપાલ પર, બંગાળી સાહિત્યકાર નઝરુલ અને વિષ્ણુ ડે, ગુજરાતી સાહિત્યકાર દયારામ અને ન્હાનાલાલ પર કવનજીવન-આધારિત માહિતીપ્રદ લેખો મળીને કુલ ૧૬ લઘુલેખો સમાવવામાં આવ્યા છે. એમાં કૃતિલક્ષી વિવેચનાના પણ લેખ છે. પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન સર્જકો પરના આ લેખો શ્રી જોશીના વાચન-વ્યાપનો સુપેરે પરિચય કરાવે છે. લખાવટ સરળ છે અને ક્યાંકક્યાંક હિંદીની છાંટવાળી પણ છે. લેખકનો શ્રમ અહીં આનંદ આપે તેવો છે. એમની પાસેથી વધુ ઘૂંટાયેલા લેખોના બીજા સંગ્રહની આશા જન્માવે તેવો આ સંગ્રહ અચૂક થઈ શક્યો છે. (પ્રકા. અમૃતા પ્રકાશન, સી/૫, ઓજસ એપાર્ટમેન્ટ્સ, સુરેન્દ્ર મંગળદાસ માર્ગ, અમદાવાદ-૧૫, પાકું પૂઠું, પૃ. ૧૬૪, રૂ. ૨૦.)

શ્રી કે. કા. શાસ્ત્રી : ગ્વાલગ્રંથ : જૂની ગુજરાતીના આરૂઢ અભ્યાસી શ્રી કેશવરામ કા. શાસ્ત્રીને ૭૫ વર્ષ થયાં એ નિમિત્તે એમની જીવન-સર્જન પ્રતિભાને વિવિધ લેખકો દ્વારા આ ગ્રંથમાં મૂલવવામાં આવી છે. 'આત્મગોષ્ઠી' વિભાગમાં શ્રી શાસ્ત્રીજીએ લાઘવથી આત્મવૃત્તાંત આપ્યું છે, જે એમના અભ્યાસીઓને ઉપયોગી થાય તેવું છે. 'ગ્રંથગોષ્ઠી' વિભાગમાં શ્રી શાસ્ત્રીજીનાં વિવિધ વિષયો પરનાં પુસ્તકોની વિસ્તૃત યાદી આપવામાં આવી છે. 'ગ્વાલગોષ્ઠી' વિભાગમાં સાહિત્યિક-ઐતિહાસિક-શૈક્ષણિક પાસાંઓ પર તદ્વિદોના લેખો સંગૃહીત કરાયા છે, જેમાં સર્વશ્રી પ્રવીણચંદ્ર પરીખ, નરોત્તમ પલાણ, શંભુપ્રસાદ દેસાઈ, અરવિંદ આચાર્ય, ભૂરુભા જાડેજા, નાથાલાલ રૈયારેલા, વિજયસિંહ ચાવડા, મુગટલાલ બાવીસી, પુષ્કર ગોકાણી આદિનો સમાવેશ થાય છે. 'સ્મૃતિ' વિભાગમાં તખ્તસિંહ પરમાર, દિલાવરસિંહ જાડેજા, સુરેશભાઈ દવે અને વી. પી. ત્રિવેદીનાં લખેલાં શાસ્ત્રીજીનાં રેખાચિત્રો આપવામાં આવ્યાં છે. આ ગ્રંથનું સંપાદન નરોત્તમ પલાણ અને નાથાલાલ રૈયારેલાએ કર્યું છે.

(વિક્રેતા : અક્ષર ભવન, પંચવટી સોસાયટી, કાલાવડ માર્ગ, રાજકોટ-૧; પાકું પૂઠું, પૃ. ૪૧૦, રૂ. ૫૦.)

અનુસંધાન] **આપણી જીવનસંસ્કૃતિ અને ૮ની સંખ્યા** [પૃષ્ઠ ૧૧૫થી

રુદ્ર, ઉગ્ર, ભીમ, ઈશાન, પશુપતિ ને મહાદેવ.

અષ્ટ મુદ્રા : સુરભિ, ચક્ર, ધ્યાન, યોનિ, કૂર્મ, પંકજ, લિંગ અને નિર્વાણ.

અષ્ટલોહ : સુવર્ણ વગેરે આઠ ધાતુઓ–સોનું, ચાંદી, તાંબુ, કલાઈ, સીસું, જસત, કાંતલોહ (ગજવેલ) લોઢું.

અષ્ઠ વર્ગ : (૧) આયુર્વેદ પ્રમાણે આઠ ઔષધિઓ–જીવક, ઋષભક, મેદા, મહામેદા, કાકોલી, ક્ષીરકાકોલી, ઋદ્ધિ, વૃદ્ધિ.

(૨) જ્યોતિઃશાસ્ત્રમાં રેખા અને બિંદુઓ વડે કરીને શુભાશુભ સૂચક જન્મકાલે રહેલા ગ્રહનો સમુદાય.

અષ્ટ વસુ : આઠ વસુઓ – (૧) ધર, ધ્રુવ, સોમ, જલ, અનિલ, અતલ, પ્રત્યૂષ, પ્રભાસ.

(૨) દ્રોણ, પ્રાણ, ધ્રુવ, અર્ક, અગ્નિ, દોષ, વસુ, વિભાવસુ.

અષ્ટ વાયન : (૧) દેવતાઓ માટે મિષ્ટાન્નનો નૈવેદ્ય.

(૨) બ્રાહ્મણ માટે ઉલાપન (વ્રતસમાપ્તિ) સમયે અપાતી વસ્તુઓ–હળદર, સોપારી, દક્ષિણા, સૂપડું, કંકણ, કાચમણિ, ધાન્ય અને વસ્ત્ર.

અષ્ટ વિવાહ : મનુસ્મૃતિ પ્રમાણે આઠ પ્રકારના વિવાહ (લગ્ન) – બ્રાહ્મ, દૈવ, આર્ષ, પ્રાજાપત્ય, અસુર, ગાંધર્વ, રાક્ષસ, પૈશાચ.

ब्राह्मो दैवस्तथैवार्षः
प्राजापत्यस्तथासुरः ।
गान्धर्वो राक्षसश्चैव
पैशाचश्चाष्टमोऽधमः ॥

અષ્ટ સિદ્ધિ : યોગની આઠ પ્રકારની સિદ્ધિઓ – અણિમા, મહિમા, ગરિમા, લઘિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઇશિત્વ, વશિત્વ.

अणिमा लघिमा प्राप्तिः
प्राकाम्य महिमा तथा ।
ईशित्वं च वशित्वं च
तथा कामावशायिता ॥


અષ્ટ સૌભાગ્ય : સૌભાગ્યવતી નારીનાં આઠ ચિહ્નો – સિન્દૂર, તિલક, કાજળ, નાકની વાળી, કર્ણાભૂષણ, કટિમેખલા (કંદોરો), હસ્ત-કંકણ અને ઝાંઝર. □

શતરંજ-કૉમ્બિનેશન

સુરેશ મોદી

આપણે આ વખતે જે સ્થિતિ (4r1k1/p4p1p/b4Qp1/2BN4/2qP4/6P1/5PP1/6K1) જોઇએ છીએ તેમાં કાળા પાસે

Winter



Abrahams

સફેદે રમવાનું

ઘોડાના બદલામાં હાથી છે. તેની ચાલ હોત તો કદાચ તે જીતી પણ શકત. પણ ચાલ સફેદની છે. પહેલી જ નજરે આકર્ષક લાગતી 1 N–K7ch ની ચાલથી સફેદને ફક્ત ડ્રૉ જ મળે છે. જુઓ : 1 N–K7ch, R×N; 2 Q×R, Q–QB8ch; 3 K–R2, Q–R3ch; 4 Q–R4 (અહીં જો સફેદ 4 K–N1 રમે તો કાળો 4... Q–B8ch; 5 K–R2, Q–R3ch વગેરેથી કાયમી શેહ આપીને ડ્રૉ મેળવી શકે.) Q×Q; 5 P×Q અને વિરુદ્ધ રંગનાં ખાનાં પર ચાલતા ઊંટવાળી અંતની સ્થિતિ ડ્રૉમાં જ પરિણમે. સફેદ પાસે એક આશ્ચર્યજનક ચાલ છે જેથી તે સહેલાઇથી અને તરત જ જીતે છે. તે ચાલ છે : 1 B–B8!!

આ શાંત ચાલમાં 2 Q–N7 મ્હાતની ધમકી છે. તેની સામે કાળો શું કરી શકે તે આપણે જોઇએ : 1..., K×B પછી 2 Q–R8થી મ્હાત થાય છે. 1..., R×B પછી 2N–K7 થી મ્હાત થાય છે. 1..., Q×N પછી તો મૂળ ધમકી જેમની તેમ જ છે; અને 1..., Q–QB8ch; 2 K–R2. અને હવે તેની પાસે 2..., Q–R3ની શેહ પણ નથી. કારણ તે ખાના ઉપર સફેદ ઊંટનો કાબૂ છે. શાંત દેખાતી ચાલ 1B–B8 શું શું કરે છે તે આશ્ચર્યજનક જ છે. અને એટલે 1..., Resigns. મતલબ કે કાળાએ હાર કબૂલી લેવા સિવાય છૂટકો નથી.



(ફોટો : વસંત પરીખ)

અગ્નિ (દિક્પાલ-૨)

પ્રકૃતિની ઘણી શક્તિશાળી ઘટનાઓને માનવે એક પ્રકારની ભીતિથી દેવત્વ રૂપે સ્વીકારી છે. અગ્નિ આ રીતે દેવ મનાય છે. લગભગ દરેક ધર્મમાં અગ્નિ અથવા તેના પર્યાય રૂપે પ્રકાશનું સ્થાન અતિ મહત્ત્વનું રહ્યું છે. ઈન્ડો-ઈરાની યુગમાં અગ્નિપૂજા થતી હતી. 'ઋગ્વેદ'ના સમયમાં એક લોકપ્રિય દેવ તરીકે અગ્નિની ગણના હતી. ઇન્દ્ર પછી મહત્ત્વના વૈદિક દેવ રૂપે અગ્નિનું સ્થાન છે. વેદમાં લગભગ ૨૦૦૦ જેટલાં સૂક્તો અગ્નિની સ્તુતિનાં મળે છે. 'ઋગ્વેદ'નો પ્રારંભ અગ્નિના સૂક્તથી થાય છે, અને અગ્નિને 'ઇશ્વરનો પુરોહિત' તથા 'સંદેશવાહક' રૂપે વર્ણવ્યો છે. 'કેન ઉપનિષદ'માં 'સર્વ પ્રાણીઓને જાણનાર' તરીકે અગ્નિને ઓળખાવ્યો છે, તેમ જ અન્ય દેવો કરતાં ચડિયાતા દેવ તરીકે ઇન્દ્ર અને વાયુ સાથે એનું સ્થાન છે. 'કઠ ઉપનિષદ' અને 'ભગવદ્ગીતા'માં અગ્નિને 'વૈશ્વાનર' કહી વર્ણવ્યો છે.

દશ્યમાન દેવ સૂર્યની બાળવા-દઝાડવાની શક્તિના અન્વયે માનવને અગ્નિ પ્રકટાવવાનો વિચાર સ્ફુર્યો હશે. 'હે અગ્નિ, હું તમને આ સમિધ આપું છું, તે સ્વીકારો. જોરથી સળગો ને તમારો પવિત્ર ધુમાડો ઊંચે ચડાવો, તમારી ધૂમ્રશિખા વડે છેક ઉપરના સ્વર્ગને સ્પર્શ કરો ને સૂર્યનાં કિરણો સાથે ભળી જાઓ.' એવી ઋગ્વેદની સ્તુતિમાં અગ્નિ માત્ર ઘરમાં નહિ, પરંતુ આકાશ-અંતરીક્ષમાં સૂર્ય-ઉષા રૂપે અને વાદળોમાં વીજળી રૂપે રહેતો હોવાનું ઉલ્લેખિત છે. આકાશમાંનાં વાદળોમાંથી અગ્નિ વીજળી રૂપે આવતો. 'યો અશ્મનો રન્તરગ્નિ જજાન' એ 'ઋગ્વેદ'નું કથન ચકમકના પથ્થર દ્વારા અગ્નિ પ્રકટાવી શકાય છે તેનું પ્રમાણ આપે છે. અરણીનાં બે લાકડાંને ઘસીને અગ્નિ પાડી શકાય છે. આ અગ્નિને માતરિશ્વા સ્વર્ગમાંથી પાછો લઈ આવેલો અને તેને સાચવવાનું કામ ભૃગુઓને સોંપ્યું એવી અનુશ્રુતિ પ્રચલિત છે. આને સમાન અનુશ્રુતિ પ્રોમિથિયસ સ્વર્ગમાંથી અગ્નિ લઈ આવેલો એવી ગ્રીકની પુરાણકથામાંથી મળે છે. ઋગ્વેદમાં સૂર્ય ને અગ્નિના એકત્વનું પ્રતિપાદન અનેક વાર થયેલું જોવા મળે છે. અગ્નિને ઉષાકાળમાં જાગ્રત થનાર આકાશમાંના પ્રકાશયુક્ત દિવ્ય તેજ તરીકે ઓળખાવ્યો છે. 'ઐતરેય બ્રાહ્મણ' (૮-૨૮)માં 'સૂર્ય અસ્ત સમયે અગ્નિમાં પ્રવેશ કરે છે, અને પ્રાતઃકાળમાં પુનઃ તેમાંથી ઉત્પન્ન થાય છે' એમ કહેલું છે તે ઉભયના એકત્વને નિર્દેશે છે. 'છાંદોગ્ય ઉપનિષદ'માં કમલના પુત્ર ઉપકોસલને ઉપદેશ આપતાં સ્વયં અગ્નિદેવ કહે છે કે, 'પૃથ્વી, અગ્નિ, અન્ન અને સૂર્ય એ બધાં મારાં જ રૂપ છે—એ હું જ છું. સૂર્યમાં જે પુરુષ દેખાય છે, તે હું જ છું.' અહીં સૂર્ય સાથે એકત્વનો નિર્દેશ સ્વયં અગ્નિદેવે જ કર્યો છે. દસ માસની ગર્ભાવસ્થા પછીની ગુપ્ત થવાની સૂર્યની વાર્તા પણ અગ્નિ વિષેની હોવાનું જણાય છે. અગ્નિનાં ત્રણ સ્થળો પૈકીનાં સમુદ્ર ને આકાશ સિવાયનું ત્રીજું સ્થળ એ વિષ્ણુનું તૃતીય પદનું સ્થળ હોવાનું મનાય છે.

પિશંગ દાઢી, અણીદાર જડબાં અને બળતા દાંત એવું અગ્નિદેવનું વર્ણન મળે છે. ઋગ્વેદકાળમાં તે દેવતમઃ – સર્વશ્રેષ્ઠ દેવ હોવાની માન્યતાના પ્રચલન સાથે દ્યાવાપૃથ્વીનું સર્જન એનું છે એ માન્યતા પણ પ્રચલિત બનતી ગઈ છે. આથી એની સાકારમાંથી નિરાકારની કલ્પના અસ્તિત્વમાં આવી અને તેમાં ભવ્યતાનું આરોપણ થવા માંડ્યું. ક્રમશઃ અગ્નિ મનુષ્ય અને દેવ વચ્ચેનો સેતુ ગણાવા લાગ્યો. 'દૂતો દેવાનામસિ મર્ત્યાનામ્' એ ઋગ્વેદનું કથન અગ્નિના દૂતત્વને છતું કરે છે. પછી એ માનવજાતિનો સહાયક બનતો ગયો એવો નિર્દેશ મળે છે. યજ્ઞ ઇન્દ્ર–મરુત ઈત્યાદિ દેવોને લાવવા માટે અગ્નિને ભલામણ કરાય છે. એ માનવજાતનો સ્વજન બની રહ્યો છે તે 'અગ્નિં મન્યે પિતરમગ્નમાપિમગ્નિં ભ્રાતરં સદમિત્ સખાયમ્' એવા ઋગ્વેદ (૧૦-૭૦-૧૧)ના ઉલ્લેખ પરથી સ્પષ્ટ થાય છે.

'કઠ ઉપનિષદ'ના પ્રથમ અધ્યાયની પ્રથમ વલ્લીના ૧૪મા શ્લોકમાં યમરાજા નચિકેતાને કહે છે કે 'એ અગ્નિ વડે અનંત સ્વર્ગલોક મેળવી શકાય છે. એ અગ્નિ જગતનો આધાર છે. ગુપ્ત રાખેલા એ અગ્નિને તું જાણી લે.' યમે નચિકેતાને જગતના મૂળરૂપ અગ્નિનું જ્ઞાન આપ્યું અને 'આ અગ્નિ તારા નામ વડે જ ઓળખાશે' એવું વરદાન આપ્યું. 'છાંદોગ્ય ઉપનિષદ'માં 'પૃથ્વીલોકમાં રહેનાર અને લોકોમાં વસનાર અગ્નિદેવને નમસ્કાર' એવી અગ્નિની સ્તુતિ છે. એમાં જ અગ્નિને વરસાદના દેવ રૂપે કહ્યો છે. 'પ્રશ્ન ઉપનિષદ'માં ગાર્હપત્ય, અન્વાહાર્ય પચન ને આહવનીય અગ્નિ એમ ત્રણ અગ્નિઓનો ઉલ્લેખ છે.

'અભિલષિતાર્થ ચિન્તામણિ, પૂર્વકારણાગમ, મત્સ્યપુરાણ, અગ્નિપુરાણ, રૂપાવતાર, વિષ્ણુધર્મોત્તર, શિલ્પરત્ન, શ્રી તત્ત્વનિધિ, સુપ્રભેદાગમ ઈત્યાદિમાં અગ્નિની મૂર્તિનું રૂપવિધાન મળે છે. ચતુર્ભુજ દ્વિમુખ, ત્રિપાદ, સપ્તજિહ્વા એ અગ્નિનું સામાન્ય સ્વરૂપ છે. ચાર શિંગ, ત્રણ પગ, બે મસ્તક ને સાત હાથવાળા સ્વરૂપની પણ કલ્પના છે. અહીં દર્શાવેલી મૂર્તિ ત્રિપાદ, ત્રિમુખ ને ત્રિહસ્ત છે. એનું વાહન મેષ ખંડિત છે. આ મૂર્તિ મોઢેરાના મંડોવરમાં છે. —પ્રફુલ્લ રાવલ

કચ્છના રાજવંશનો ઇતિહાસ તથા ત્યાંના અદ્વિતીય કલાકૌશલનો ખયાલ આપતું રાજઆવાસનું સંગ્રહસ્થાન

આયનામોલ

લેખક · રામસિંહજી રાઠોડ



કચ્છ રાજ્યની રાજમુદ્રા

ભુજિયાના ડુંગરી કિલ્લાની તળેટીમાં હેલારા લેતા હમીરસરના કાંઠે 'આલમપના ગઢ' છે. એમાં વસેલા ભુજ નગરની ચોવડી બજારેથી નીકળી 'સિરોમણુરાય'ના મંદિરને માર્ગે 'હોળી ચકલા'ના નાકામાં થઈને દરબારગઢના ચોકમાં અવાય છે. હજી આજેય ત્યાં છપ્પન માથે ભેરી વાગે છે. આ નગારખાનાના દરવાજામાંથી રાજગઢમાં પ્રવેશતાં સામે જ પ્રાગમહેલ દેખાય છે. દરબારગઢમાં એ નવી અને જૂની ઝરૂખાબંધ મો'લાત વચ્ચેથી વળી આગળ વધતાં નવા પ્રાગમહેલ અને જૂના 'દુઆર'ની દોઢીને જોડતા અટારિયા દરવાજા સોંસરા થઈ મનવિલાસ ચોકમાં આવો. અહીં લીમડાનું એક વર્ષોજૂનું ઘેઘૂર વૃક્ષ છે. એને પડખે જ ઠાબંધ ગોઠવાએલાં પાટલિયાં પગથિયાં ચડતાં જ 'આયનોમોલ'ની ઓસરીનું પ્રાંગણદ્વાર આવે છે.

અહીં પહોંચતાં જ કમનીય કંડારકામથી સજાવેલી આયનામોલની અગીતની હિંગળોક છાંટની પથ્થરિયા પરદી આગંતુકની આંખને જકડબંધ જાદુ લગાડી અંદર પ્રવેશવા માટે ઇજન આપે છે. અહીંથી પ્રવેશતાં જ પ્રથમ આવે 'મદનસિંહજી મ્યૂઝિયમ'; ત્યાંથી આગળ વધીએ એટલે આયનામોલમાં દાખલ થવાય, અને આ જ ખડકીમાં આવેલો દાદર ચઢી ઉપર જતાં ઉલછતરના માઢમાં પહોંચાય, જ્યાં 'કલાઅટારી-કચ્છ'ની રૂપશોભાભરી 'કચારી' રચવામાં આવી છે.

મદનાસહજી મ્યૂઝિયમમાં પ્રવેશતાં પડખે એક મોટો અરીસો જોવા મળે છે જેની બંને બાજુએ ફાનસ માટે દીપછડીઓ મૂકેલી છે. ઉપર 'ઓસાર એ આસ્થા'ની મુદ્રા સહિતનો કચ્છ રાજ્યનો ધ્વજ રાખ્યો છે. બારસાખ ઉપર કચ્છી મોતીગૂંથણનું મજાનું તોરણ અને ઓસરીમાં બનાવેલા લાંબા બેઠા ઓટલા ઉપર 'અણુથી આકાશ' સુધીમાં જેનાં નામ આવરી લેવાય એવી, તળ કચ્છમાં બનેલી અનેક અવનવી વસ્તુઓ સાથે કચ્છની ગૃહસજાવટ તથા અન્ય સાજશણગારના કલાકારીગરીના નમૂના જોવા મળે છે. પરંપરિત પ્રણાલિઓ દાખવતી કચ્છની કળાનું આગવું હીર એમાંથી પમાય છે.


અહીં રાખેલી કચ્છમાં જ બનેલી પંચધાતુસહ ત્રાંબાની બે ગુડદીઆ તોપ જોઈ આગળ વધીએ એટલે ૪૭ ફૂટ લાંબી કચ્છી કમાંગરી કલમની 'નાગપાંચમ'ની ભુજિયાની રાજસવારીની ચિત્રપટ્ટી આપણું ધ્યાન દોરે છે. 'કચ્છના રાઓશ્રી પ્રાગમલજી બહાદુરની સવારીનો આ નકશો વાઢા જુમા ઈબ્રામે શાં. ૧૯૩૨માં લખ્યો છે.' એમાં કચ્છના એ સમયના લોકજીવન અને રાજરસમની રસભરી માહિતી મળે છે. આ રાજસવારીમાં ચીતરાએલી મહારાવની હીરાજડિત પાલખી પણ આ સંગ્રહમાં હજી યે સચવાએલી છે. આ ઉપરાંત કચ્છી કમાંગરીનાં સંખ્યાબંધ સુંદર લઘુચિત્રો પણ કચ્છની ચિત્રકળાના પરિચય સાથે અનેકવિધ ઐતિહાસિક માહિતી આપે છે.

અહીં નાનાવિધ સૂક્ષ્મદર્શક યંત્રો અને દૂરબીનો, મોજણીયંત્રો, હવા સુવાસિત રાખવા માટેનો 'ગોળાપંપ', એ કાળે નવતર ગણાતા સ્ટીમએંજિનનો નાનકડો નમૂનો, નાંધલી રેલગાડી, કચ્છમાં જ બનાવેલી ચીનાઈ માટીની હાથીઘોડાની મૂર્તિઓ અને એવા અનેક અવનવા નમૂનાઓ તે સમયની કચ્છી કારીગરીનો પ્રત્યક્ષ પરિચય આપે છે. ચાંદીના કોતરકામ અને તેમાં ભાત ઉપસાવવામાં 'કચ્છ વર્ક' નામે વિખ્યાત એવી કારીગરીના ઉત્કૃષ્ટ નમૂના, રૂપાનું ઘોડાનું જીન, લોકશૈલીમાં ચાંદી તેમ જ અન્ય ધાતુના સુંદર જડતરવાળી લાકડાની પેટીઓ, આકાશદર્શનનો ગોળો, સૂરજ-ચંદરના સોનેરી પ્રતીકો તથા વિધવિધ વ્યાળ-મૂર્તિઓનો અહીંનો સંગ્રહ પણ પ્રેક્ષણીય છે.


તળ ગુજરાત જ્યારે માત્ર ગરબી અને ગીતો ગાતું હતું ત્યારે કચ્છમાં કચ્છની 'કવિતાની શાળા' અને આ આયનામોલમાં પીંગળબદ્ધ કવિતા તેની ઉન્નતિના શિખરે હતી. અન્યત્ર જ્યારે ગુજરાતી ગદ્ય ગોથાં ખાતું હતું ત્યારે કચ્છમાં 'ગુલમદારી શસ્ત્રવિદ્યા અને ગદ્દોલાની ગાથા'નું ઉચ્ચ કક્ષાનું ગદ્ય સાહિત્ય રચાતું હતું. વૈદક, ખેડ, 'કાચ અને ઘડિયાળ કીધાની રીત' બતાવતી ગુજરાતી ગદ્યમાં હસ્તલિખિત પોથીઓ અને તે સાથે એવી રીતે બનાવેલા કાચ વગેરેની બનાવટના અહીં સંઘરેલા નમૂનાઓ પણ જોવા જેવા છે. ત્રણ સૈકા જેટલું જૂનું આ ગુજરાતી ગદ્ય નાગરી લિપિમાં ટૂંકી વાક્યરચનાઓથી સરળ અને સચોટ છે. બહુભાષી કચ્છમાં ગુજરાતી ભાષાને ગૌરવ અપાવે એવાં શાસ્ત્રો રચાયાં છે, ભારતનું મસ્તક ઉન્નત રાખે એવાં કલાસર્જનો થયાં છે. દુનિયાભરમાં અજોડ એવી કચ્છની કવિતાની શાળામાંથી કવિઓ અને એમની કવિતાઓ પાંગરી છે. આયનામોલમાં આ બધાંનાં ઠાવકાં એંધાણ મળી રહે છે. અથર્વ વેદનો એક કાશ્મીરી ગ્રંથ પણ અહીં જોવા મળે છે.

અહીં જ 'ભુજના સુતાર લખમશીએ નવા સકાનું કીધલ' એક અજબ ઘડિયાળ છે. ભુજમાં જ ૧૪૦ વર્ષ પૂર્વે એ બનાવેલું. આજેય ચાલુ સ્થિતિમાં છે. દર મિનિટે તેમાં મીઠી રણકતી ઘંટડી વાગે છે. વર્ષ, માસ, શુકલ કે કૃષ્ણ પક્ષ, તિથિ, વાર, ચોઘડિયાં, કલાક, મિનિટ અને સેકન્ડ જ નહિ, સૂર્યોદય, સૂર્યાસ્ત અને ચંદ્રની કળા પણ તે બતાવે છે. એ જ રીતે આદિ ટાઈપરાઈટર, આદિ કૅમેરાનું મોટું હુડસરૂપ, અસલનું ચૂઠીવાજું, અંગ્રેજી ઘડિયાળ અને સોલ્ટર્સનો વજન કરવાનો કાંટો પણ અહીં છે, જે એ કાળે આપણા મુલકમાં અજાયબ નવતર ચીજ તરીકે આપણને આશ્ચર્ય આપતી કારીગરી ગણાતી હતી.

ભારતમાંથી જ્યારે બ્રિટિશ રાજનો ધ્વજ ઊતરી ગયો હતો અને ભારતીય પ્રજાસત્તાકમાં કચ્છ રાજ્યનું વિલિનીકરણ નહોતું થયું ત્યારે, તા. ૪ માર્ચથી ૩૧ મે સુધીના ૭૯ દિવસો દરમિયાન, મહારાઓશ્રી મદનસિંહજી કચ્છના સાર્વભૌમ રાજકર્તા મહારાવ હતા. એટલે ભુજની ટંકશાળામાં પડેલા એમની એ વારીના 'જયહિન્દ' સિક્કાનું સિક્કાશાસ્ત્રના ઈતિહાસમાં વિશિષ્ટ એવું મહામૂલ્ય ગણાય છે. આ ખંડમાં મહારાવશ્રી મદનસિંહજીની પૂરા કદની તસવીરની બંને બાજુએ એ










'હીરામોલ'ની શોભનખચિત પરસાળ△
▷હીરામોલની ભીંત ઉપર ભરેલા કચ્છ-
ના આરીભરતવાળા ચાકળાઓમાંના એક-
નો ફોટોગ્રાફ.

◁આયનામોલમાં 'શીતમોલ'નો ફુવારાખંડ. ચારે તરફ પાણીના હોજની વચ્ચે ગોઠવેલી બેઠક. મહારાઓના દીવાને ખાસ જેવા આ ખંડમાં વાતાવરણને શીતલ રાખવા ચાતુરીભરી રચના કરી છે.


△મથાળે : 'બહારમોલ'નો એક ભાગ. દર્પણો અને રંગબેરંગી આભલાંનાં શોભનથી ઓપતી ભીંતો, ઝુમ્મરો, ચિત્રો, આરસની ફરસબંધી ઈત્યાદિથી આ બહારમોલ રાજવી ઠાઠ, કચ્છની કલા-કારીગરી અને સમૃદ્ધિનો ખયાલ સામે છે.

સિક્કાની મોટી કરેલી પ્રતિકૃતિઓ મૂકી છે. કચ્છના રાજકર્તાઓને એમના રાજ્યારોહણ પ્રસંગે પરંપરામાં અપાતી આવેલી ઈ. ૧૮૭૫ની સાલની એક વિલ્કિન્સન કીરચ પણ 'મદનસિંહજી મ્યૂઝિયમ'ના ઉદ્‌ઘાટન વખતે મહારાવે અહીં ભેટ આપેલી તે જોવા મળે છે. કચ્છને 'પાર્ટ સી' સ્ટેટ બનાવવામાં મહારાવને સહાય કરનાર સ્વતંત્ર ભારતના પ્રથમ ગવર્નર જનરલ લૉર્ડ માઉન્ટબેટન મહારાવશ્રી મદનસિંહજીના ખાસ મિત્ર હતા. કચ્છ રાજ્યના વિલિનીકરણ વગેરે અંગે એમની સાથે જે પત્ર-વ્યવહાર થએલો તેની નકલો પણ અહીં પ્રદર્શિત કરેલી છે.


કચ્છની પ્રજાને પોતાના ઐતિહાસિક ગૌરવના દર્શનમાંથી પ્રેરણા મળતી રહે તે સારુ મહારાવ મદનસિંહજીએ ઈ. ૧૯૭૭ની ૧ જાન્યુઆરી-એ 'મહારાઓ ઑવ કચ્છ આયનામહેલ ટ્રસ્ટ' રચી આ આયનામોલ તાંબાપતરે લેખ કરીને પ્રજાને અર્પણ કર્યો. અહીં પ્રવેશદ્વાર પાસે જ




◁ લખપતજીની ચાખડી. જે પહેરીને ચાલતાં પાનીના ભાગ પર દબાણ આવી આંગળી ટેકવવા રાખેલા કમળડોડા ઉઘાડવાસ થઈ તેમાંથી અત્તર ફોરે તેવી અજબ રચના છે.



△ રાજઆવાસનાં એક દ્વારનાં કાષ્ઠ-કોતરણીના શોભનથી ખચિત બારણાં.





▷ રાણીવાસના પ્રવેશદ્વારનાં હાથીદાંતના જડતરવાળાં શોભનખચિત બારણાં. ઉપર તેમાંનો એક અંશ જેમાં વચ્ચે 'શ્રી ધોરમનાથ સરવર' (શ્રીવર) કંડાર્યા છે.

મૂકેલા એ તામ્રપત્રમાં પોતાની ભાવના વ્યકત કરતાં એમણે કહ્યુ છે :

'કચ્છનું ગૌરવ વધારતું ભુજનું મ્યૂઝિયમ ગુજરાતમાં સૌથી પ્રાચીન સંગ્રહાલય છે. એકસો વર્ષ પહેલાં અમારા પિતામહ કચ્છના મહારાઓશ્રી ખેંગારજી ત્રીજાના રાજ્યમાં એની પ્રતિષ્ઠા થઈ. એના શતાબ્દીવર્ષમાં, હવે એક સૈકા બાદ, ભારતના એક વિશિષ્ટ અંગ કચ્છને ભારતીય ઇતિહાસમાં સદા સ્મરણીય રાખવા, કચ્છની તવારીખ અને તેના ગૌરવભર્યા નામને દર્શનીય બનાવવા અમે 'મહારાઓ ઑવ કચ્છ આયનામહેલ ટ્રસ્ટ' સ્થાપિત કરીએ છીએ અને આ ટ્રસ્ટ હસ્તે કચ્છનો આયનામોલ પ્રજાને ચરણે ધરીએ છીએ. કચ્છી અરમાન અને કચ્છવતન વિશ્વભરના પ્રજાજનોનું આકર્ષણ બનો. કચ્છ આબાદ રહો.

મદનસિંહ, મહારાઓ ઑવ કચ્છ. ભુજ, ૧-૧-૧૯૭૭'

મહારાવે પ્રજાને આયનામોલ આપ્યો, તો પ્રજાએ તેના પ્રતિભાવ રૂપે 'માતાજીની મહેર-નજર'નું તામ્રપત્ર મહારાવને અર્પણ કર્યું. તે અહીં આયનામોલના પ્રવેશદ્વારની જમણી બાજુએ મૂકેલું છે.

આયનામોલમાં પ્રથમ આવે 'શીતમોલ'નો 'ફુવારાખંડ'. અહીંનો એ દીવાને ખાસ. તેની મધ્યમાં ચોફેર પેઢલીવાળું 'કચારી-આસન' (ખાસ બેઠકનો ઓટલો) ચણેલું છે. એની ઉપર પશ્ચિમાભિમુખ મહારાવ લખપતજીનું આરસનું શોભનમંડિત આસન છે, જેના ઉપર ઊંચે સોનેરી ભોરનું બુટ્ટાદાર ભરત ભરેલો ઝુલણપંખો લટકે છે.



▷ હાથીદાંતના જડતરવાળાં બારણાંનો એક શોભનઅંશ.





△ 'ભુજના સુતાર લખમશીએ નવા સકાનું કૌશેલ' અજબ ઘડિયાળ. ૧૪૦ ચાળીસ વર્ષ પૂર્વે કચ્છમાં બનાવેલું આ ઘડિયાળ વજનિયાના બળે આજે પણ ચાલુ છે. જમણી બાજુ તેનો મોટો કરી દર્શાવેલો ચંદો છે. આ ચંદાની ઉપરના ગોળાકારમાં સૂર્યનું મુખ છે. તેમાં મથાળે વર્ષ જોવા મળે છે. ચંદામાં બહારના વર્તુળમાં કલાક, અંદરનાં નાનાં વર્તુળમાં ઉપર બારના આંકડાની નીચે સેકંડ, અને નીચેના નાના વર્તુળમાં પક્ષ, તિથિ તથા ચંદ્રની કળા જોવા મળે છે. તે વર્તુળની ડાબી બાજુ વાર તથા ચોઘડિયાં અને જમણી બાજુ માસ બતાવે છે. સૂર્યોદય તથા સૂર્યાસ્તનો સમય પણ આ ઘડિયાળ દર્શાવે છે. દર મિનિટે આ ઘડિયાળમાં ઘંટડીનો મીઠો રણકાર થાય છે. ▽


આસન ઉપર હીર-કસબવાળી બિછાત અને રૂપેરી તકિયા ગોઠવેલા છે. મૃદંગ વગેરે વિવિધ વાદ્યો પણ ત્યાં જોવા મળે છે, મહારાવના આસન નજીક પગટેકણિયા પાસે એમની ચાખડીઓ મૂકી છે.

આ ચાખડીઓમાં એવી અજબ કરામત છે કે એ પહેરીને ચાલતાં એનું કમળ આકારનું આંગળીટેકણુ ખટકખટક કરતું ઉઘાડબંધ થાય. અને આમ ચાખડી પર પગની પાનીનું દબાણ આવતાં જ્યારે કમળ ઊઘડે ત્યારે તેમાંથી અત્તર ફોરતું જાય. વળી, આ 'મેવાળા બેઠક'ની ચોપાસ નાનાનાના કુવારાવાળો હોજ છે. એની કિનાર ઉપર કમળફૂલ જેવા દીપની હારમાળા ગોઠવેલી છે. તે હોજની ફરતે પરસાળ છે અને તેની થાંભલીઓ ઉપર દેવદેવીઓની ચિત્રછબીઓ તથા અરીસાના શણગાર છે. અને છેલ્લે ચોતરફ પથ્થરની ચણેલી દીવાલ છે. આ સમગ્ર ખંડ ઉપર ચૂનાની ભારે છત માત્ર લાકડાના ઓભાર ઉપર ટેકવાએલી છે. છત અને દીવાલ વચ્ચેના લગભગ દસેક ફૂટ ઊંચા ખુલ્લા ભાગને પાટિયાંથી બંધ કરેલ છે. અહીંનું સમગ્ર લાકડકામ કોતરણીથી શોભિત છે. 'શીતમોલ'ના ફુવારાઓમાં પાણી ચડાવવા માટે દરબારગઢની બહાર રેંટવાળી એક ઊંચી કોઠાવાવ છે, પણ હવે ભુજના વૉટરવર્કસનો લાભ લઈ ફુવારાની જૂની રચના જેમની તેમ સાચવીને ચાલુ રાખવામાં આવી છે.


શીતમોલના આ ફુવારાઓની વચ્ચે બેસીને લખપતજીએ 'રાગમાળા' અને 'લખપત પિંગળ'ની રચના કરી, અહીં જ એમણે કલા, સંગીત અને સાહિત્યનો વ્યાસંગ-વિલાસ માણ્યો ને વિકસાવ્યો. એમના મોજિલા જીવને ગોઠે એવા આ આવાસમાં સૂર્યનો સીધો પ્રકાશ આવે નહિ અને છતાં પૂરતો ઉજાશ પથરાઈ રહે તથા રાતને દિવસ બનાવે તેવાં કાચનાં વિધવિધ હાંડી-ઝુમ્મર ને અરીસા તથા ફુવારા થકી શીતલ વાતાવરણ બની રહે તેવી વિશિષ્ટ રચના કરેલી છે.

રાવશ્રી ખેંગારજી પહેલાએ સન ૧૫૪૦માં ભુજને તોરણ બાંધ્યું ત્યારની એમની 'ટીલામેડી'થી આરંભાઇને દરબારગઢમાં એક પછી એક આવતા જતા રાઓની વારીમાં એમની દિલ્લગી મુજબ કચ્છીઢબના રાજ-આવાસોની રચના થતી રહી. રાઓશ્રી મોટા ગોડજી અને મોટા દેશળજીના સમયમાં ઉલ્લેખનીય એવું ઘણું કલાત્મક કામ પણ થયું. મહારાઓ લખપતજીના સમયમાં એમની પ્રેરણાથી કચ્છી પરંપરાના કળાકસબી દહીંસરિયા સુથારો પૈકી 'ગઈધર દેવશી'એ આયનામોલનું બાંધકામ કરાવીને તેને કચ્છી કલાકારીગરીના શોભનથી શણગાર્યો. કચ્છના વિખ્યાત કલાધર રામસંગ માલમે તે સમયે કચ્છમાં બનતા વિવિધ પ્રકારના કાચ, ડચ લાદીઓની ફરસબંધી, દેશી અને આયાતી કલાકૌશલના વિશિષ્ટ હુન્નરી નમૂનાઓ તથા ઘડિયાળોથી એને વૈભવયુક્ત ઓપ આપ્યો. અલબત્ત, આમાં નવીનતા તરીકે બિલાયતથી આણેલી અનેક અવનવી ચીજો કચ્છી પરંપરાની વસ્તુઓ સાથે સુસંગત ન લાગે, પરંતુ એ કાળે અહીં અનવખ ચીજો તરીકે તેનું જે મૂલ્ય ને આકર્ષણ હતું તે તો આજે યે એવું ને એવું જ લાગે છે.















કચ્છના રાજઆવાસના
સંગ્રહની કલાકણિકાઓ.

મથાળે ડાબી બાજુથી અનુક્રમે : ખેંગારજીએ સિંહને હણીને સુલતાનનો જીવ બચાવેલો તેની સ્મૃતિમાં સુલતાને એમને ભેટ આપેલું સુવર્ણનું સિંહમસ્તક. લખપતજીએ છેક દિલ્હી સુધી પોતાના પરાક્રમનો ડંકો વગડાવ્યો હતો તેની કદર રૂપે દિલ્હીના બાદશાહે ભેટ આપેલું ડંકાનિશાન. હાથના પંજા આકારનું દુઆ-નિશાન. સૈન્યમાં મૃત મુસ્લિમ સૈનિકો પર ધરવામાં આવતા દુઆ આપતા આ હસ્ત આકારમાં કુરાનના કલમા કોરેલા છે. બખ્તરનો શિરટોપ, તેના પર સોનેરી જડતર સાથે ૧૭ મુઘલ બાદશાહોનાં નામ કોરેલાં છે. લખપતજીની ઢાલ, શોભન ઉપરાંત તેના પર સુંદર ચિત્રાંકન પણ કરેલું છે. 'કલા અટારી'ની ભીંત પર કરેલા ભાસ્કર્યમાં લોકશૈલીએ ભાગવત કંડારેલું છે. જમણી બાજુ નીચે : પિત્તળના શોભન-જડતરવાળી પેટીઓ.



આ ફુવારાખંડમાંથી 'બહારમોલ'માં દાખલ થવાય છે. અહીં થાંભલાઓ જ નહિ, છતમાં સુદ્ધાં અરીસા જડેલા છે. ચૂનાથી ચમકતી ભીંતો ઉપર રંગબેરંગી આભલાંનું ભાતીગળ જડતર છે. એક તરફના બાર ઉપર આદ્યશક્તિ, ગણપતિ, બ્રહ્મા વિષ્ણુ મહેશની કાષ્ઠમૂર્તિઓ છે. કચ્છના મહારાઓ, અને મુઘલ બાદશાહોની છબીઓ છે, કચ્છી કમાગરીમાં આલેખેલાં અનેક લઘુચિત્રો પણ કચ્છના ઇતિહાસ અને તત્કાલીન સમાજનો ખયાલ આપે છે. માદીકરી, ઓઢો-ઓઢલ, પ્રજાસત્તાક જેવી કચ્છીની 'બારભાયા મહાજન'ની કચારી, લખપતજીની પાઘડી બદલાઈ, જોધપુરના મહારાજા વખતસંગજી, દેશળજી બીજાનો દરબાર, લખપતજીની દિલ્હી અસવારી વગેરે ચિત્રો અભ્યસનીય છે. આમાંનાં કેટલાંક ચિત્રોમાં આલેખાએલાં આભૂષણોમાં તો સોનું અને સાચા મોતીનો ઉપયોગ કર્યો. છે. મહારાઓ લખપતજીના સમકાલીન ઇંગ્લૅન્ડના રાજા જ્યૉર્જ બીજાના કબીલાની છબીઓ મહારાઓના તેમની સાથેના સારા સંબંધોની સાહેદી પૂરે છે. પરસાળની ભીંત ઉપર ભોંતળથી બે ફૂટ ઊંચે સુધી કચ્છના આરીભરતના ચાકળા સ્થાનિક કલાસ્પર્શ સાથે એક નવી જ શોભા ઉમેરે છે. આ ભીંતોના ઉપરના ભાગે કચ્છની આગવી એવી ઊપસી આવતી ભાતનું શોભન છે.


રાજકુટુંબના આ આવાસોમાં બહારનો પ્રથમ ભાગ 'દરિયામોલ', પછી 'આયનામોલ' અને આ બેની વચ્ચે 'હીરામોલ' છે. આ હીરામોલની આરસજડી ભીંતો અને છતમાં સોનેરી કિનારમઢ્યા



મોટાં દર્પણો તથા કિંમતી પથ્થરો જડેલું સોનેરી વેલબુટ્ટાનું અલંકરણ છે. હીરામોલમાં લખપતજીનો શયનખંડ છે, જેમાં સોનાના પાયે ઢાળેલો લખપતજીનો ઢોલિયો ને તેના પર હીરાજડિત ઢાલતલવાર તથા એમની અન્ય અંગત વસ્તુઓ સાચવીને જેમની તેમ જ રાખી છે. લખપતજીમાં દેવાંશી અંશ હોવાની માન્યતાથી આજે યે અહીં રોજ ધૂપદીપ ધરવામાં આવે છે.

અહીંથી રાણીવાસમાં જવા માટેના દ્વારમાં હાથીદાંતનાં સુંદર બારીક જડતરવાળાં કમાડ બેસાડેલાં છે. લખપતજીના પિતા 'મહારાઓ શ્રી ગોડજીના વારામાં સન ૧૭૦૮માં કચ્છના સુથાર માધાએ તે ઘડ્યાં' હતાં તેવી તેના પર નોંધ છે. ઈ. ૧૯૫૯માં 'કચ્છનું સંસ્કૃતિદર્શન' પુસ્તકમાં તેની છબી પ્રકટ થએલી જે લંડનના 'વિક્ટોરિયા ઍન્ડ આલ્બર્ટ મ્યૂઝિયમ'ના ભારતીય વિભાગના વડા જે. સી. ઇરવિનના જોવામાં આવેલી. કચ્છી કારીગરીના અતિ ઉમદા નમૂના રૂપ આ કમાડને લંડન લઇ જવા એમણે બહુ તજવીજ કરી હતી. આ લેખકને વડોદરામાં તેની જાણ થઈ ત્યારે એણે મહારાઓશ્રીને આ કમાડસહિત અનેક અણમોલ વસ્તુઓ ધરાવતો આયનામોલ યથાતથ કચ્છના કલાવારસા તરીકે જળવાઈ રહે એ માટે નમ્ર સૂચન કરેલું'. મહારાવશ્રી મદનસિંહજીએ આ કમાડનો ફોટો લંડન મોકલાવી ઈરવિનને સંતોષ આપવા સાથે જણાવ્યું કે, આ અગાઉ લૉર્ડ કર્ઝને પણ આ કમાડ માટે માગણી કરી હતી, પણ કચ્છને માટે આયનામોલ અર્ચનીય હોઈ એ વખતે પણ એમની માગણી સ્વીકારાઈ નહોતી. પરંતુ આ કમાડની પુનઃ માગણીથી એના તથા એની સાથેના અહીંના કલાકૌશલના સંગ્રહનું મૂલ્ય ઓર સમજાયું અને પરિણામે કચ્છના ઇતિહાસ સાથે સદીઓથી સંકળાએલા આવા વારસાને કાયમ જાળવી રાખવા 'મદનસિંહજીનુ મ્યૂઝિયમ'ની સ્થાપના કરવામાં આવી.

અને આમ, કચ્છની કલાકારીગરી સાથે તેના ઐતિહાસિક ગૌરવ તથા મહત્ત્વને કાયમ કરવા 'મદનસિંહજી મ્યૂઝિયમ' દ્વારા જે પ્રયત્નો આરંભાયા તેના પરિણામે આયનામોલમાં એક 'કલાઅટારી કચ્છ'નું પણ નિર્માણ કરવામાં આવ્યું. મહારાવશ્રી મદનસિંહજીના શુભાશયથી આ ૧૯૮૨ના વર્ષે પહેલી જાન્યુઆરીએ એની પ્રતિષ્ઠા થઈ. આ



△ ઈ. ૧૮૮૪માં મહારાવશ્રી ખેંગારજી ત્રીજા-નાં લગ્ન થયેલાં. તે સમયની તેમની છબી તે (જમણી બાજુ) લગ્નમંડપ, 'કલાઅટારી'-માં ગોઠવેલી છે જેમાં પહેલાંના લગ્નપ્રસંગનું સરંજામ.

કલાઅટારીમાં આયનામોલમાંથી મળેલા મહારાવશ્રી ખેંગારજી ત્રીજાના સન ૧૮૮૪માં થએલા લગ્નના મંડપની સર્વ સામગ્રીને પુનઃ ગોઠવવામાં આવી છે. તેમાં તે પ્રસંગે રોપાએલા માણેકથંભથી માંડી પોંખણાં, રામણદીવડા, બાજોઠ, ચૉરી ઈત્યાદિ તે સમયે વપરાએલી સર્વ સામગ્રીને જોવા મળે છે.

કવિ દલપતરામે મહારાવ ખેંગારજી ત્રીજાના એ લગ્નને વર્ણવતી એક કવિતા કરી હતી, નવ વરવધૂને વર્ણવતાં એમણે લખ્યું:

'જોડ જથારથ શંભુ-શિવા, વળી જોડ જથારથ ઇન્દ્ર-ઇન્દ્રાણી,
જોડ જથારથ વિષ્ણુ-રમા, વળી જોડ જથારથ બ્રહ્મ-બ્રહ્માણી'.

પછી આગળ કહે છે–

'રામસીતા તણી જોડ જડી, દમયંતી અને નળ જોડ જડાણી,
રાવ ખેંગાર રૂડા નૃપને પણ તેમ જ જોડ મળી મકવાણી,'

આજથી લગભગ પૂરા એક સો વર્ષ પહેલાં સંવત ૧૯૪૯ના મહા વદ ૮ ને મંગળવાર, તા. ૧૯-૨-૧૮૮૪ના રોજ મહારાવ ખેંગારજી બાપાનાં લગ્ન થએલાં. એમના જીવનના એ મંગળ પ્રસંગને કવિ દલપતરામે બહુ વિસ્તારથી વિગતવાર વર્ણવ્યો છે, તેમાંથી તે કાળના રાજવીના લગ્નોત્સવ અંગે ઘણી રસમય માહિતી મળે છે. આ પ્રસંગે એક પ્રદર્શન પણ યોજાયું હતું. તે વિષે કવિ કહે છે:

'જુઓ જઈ જુગતે કરી, જગદરશણ દઈ ધ્યાન'

અને એ જગદરશણ કેવું?

'ગણે ન ગણિત પૂરી પડતી, વસ્તુ એક થકી એક હતી ચડતી.'

આમ, આ એ લગ્નપ્રસંગની સંખ્યાબંધ સ્મૃતિઓ અહીં સચવાએલી છે. તેમાં એ કાળના પોશાકો વગેરે સાથે એક મખમલી કનાત નોંધનીય છે. તેમાં ભરતકામ કરીને લખેલું લખાણ વાંચતાં તેના અંગે સારી માહિતી મળે છે. તેમાં લખ્યું છે:

'શ્રી આસાપુરાજી સત્ય છે. રાજ રાજેશ્વર ઈંદ્રાવતાર મહારાજાધિરાજ મિરઝાં મહારાઉશ્રી લખપતજીની સારી કચેરી સપ્તરંગી મખલખની હતી તે કચેરીની મખમલના જૂના નમૂના પ્રમાણે આ મખમલ મહારાજાધિરાજ મિરઝાં મહારાઉશ્રી દેશલજીએ ચીન મહાચીનમાં સહા નરસી નાથા હસ્તે સહા વીરજી નલીયાવાલાની મારફતે વણાવી આગલના જેવો આ તંબૂ તથા કચેરી સપ્તરંગી નવી કરાવી છે. બનાવનાર દરજી કચરા જસાણીએ સં. ૧૯૧૪ના અસાઢ સુદ ૨ ને રોજ સંપૂર્ણ કરી છે. લિખિતંગ મેતા વલ્લભજી લાધા.'


એ કાળની લખાવટ ઉપરાંત કચ્છનો વાણિજ્ય વ્યવહાર ક્યાં સુધી ફેલાયો હતો તે પણ આના પરથી જાણી શકાય છે.

આ ઉપરાંત, કચ્છી આરી ભરતના અસલના ઉમદા નમૂનાઓ, કચ્છી ઘાટનાં સોનાચાંદી ને મોતીનાં મૂલ્યવાન આભૂષણો, નાની

રાજકુંવરીના વસ્ત્રાભૂષણ, રાજકબિલાનાં દેવપૂજનનાં સાધનો, રાજછત્રો, ગણેશપતાકા, કિસમકિસમનાં હથિયારો, બખ્તરો, કલામઢી ઢાલો ઇત્યાદિ વિધવિધ ચીજો સુયોજિત રીતે ગોઠવેલી છે. આમાં સોનેરી તારના જડતર સાથે ઈબ્ને તૈમુર બાદશાહથી માંડી ગાઝી મહમદ બહાદુરશાહ અબુતુર શિરાજુદ્દીન સુધી ૧૭ બાદશાહોની નામાવલીવાળો એક બખ્તરી શિરટોપ ખાસ ધ્યાન ખેંચે છે. આવું જ એક પોલાદી તીરકામઠું છે. તેમાં કામઠાની બહારની બાજુ પર શોભનની વચ્ચેનું ફારસી લખાણ રસપ્રેરક છે, જેનો અર્થ છે: 'કમાનમાંથી હોશિયારીથી તીર છોડવું જોઈએ. તીર ફેંકવું એ જેવાતેવા તીરંદાજનું કામ નથી, એ ગમે તેના વશની વાત નથી. તીરને કમાનમાં ખેંચતી વખતે પોતાના હાથને બરાબર ગોઠવો, તીરને હળવે હાથે પકડો અને ધીમેથી ખેંચો; જ્યારે કમાનને મજબૂતીથી પકડો.' આ જ રીતે કમાનની અંદરની બાજુએ લખ્યું છે: 'કમાનમાંથી હજાર તીર નીકળે, કમાનદાર હોશમંદ હોવો જોઈએ. વીરોને ઈશ્વરી તાકાત વરી હોય છે, પણ યુદ્ધમાં જે પરેશાન બની જાય તેણે મેદાન છોડી દેવું જોઈએ.'

કચ્છ અને કચ્છી રાજવંશની પ્રશસ્તિ કરતા અનેક મુઘલાઇ તથા અન્ય ખરિતાઓ પણ અહીં જોવા મળે છે. અનેક સન્માનપત્રો, વિવિધ આકારના ચંબૂઓ, કલામય જડતર વાળાં પેટીપટારા, વિધવિધ જાતની બંદૂકો ને બારૂદદાનો, અનેક પ્રકારની લાકડીઓ, દીવાદીવીઓ, માટી અને લાખની કલાત્મક વસ્તુઓ, અનેક આકારના કલાશોભિત વિંઝણા, હસ્તલિખિત પ્રાચીન સચિત્ર પોથીઓ, ગ્રંથો વગેરેનો સંગ્રહ પણ પ્રેક્ષણીય છે.

યદુકુળના જાડેજાવંશની કચ્છના અઢારે અઢાર રાઓવાની પૂર્ણરંગી તસવીરો પણ અહીંનું એક આકર્ષણ છે. અહીંની ભીંત ઉપર લોકશૈલીએ ભાગવત-કથાનું ભાસ્કર્ય કંડારેલું છે. તેની ઉપરનીચેના ભાગમાં મૂકેલી આ છબીઓમાંની પૂર્ણકદની છ છબીઓ કચ્છના ખ્યાતનામ છબી-ચિત્રકાર એલ. સી. સોનીએ કરેલી છે. બાકીની છબીઓમાંથી સાત આયનામોલના સંગ્રહમાંનાં લઘુચિત્રો ઉપરથી; અને પાંચ જે તે સમયની સચિત્ર પોથીઓના આધારે કરેલી છે. આમાં પહેલા ભારમલજીની છબીની મૂળ નકલ બર્લિનની સ્ટેટ લાયબ્રેરીમાં સંઘરાએલી જહાંગીરી રજૂઆતમાંથી આ લેખકનાં મિત્ર મિસિસ



લખપતજીનો ઢોલિયો. એમનામાં દેવતાઈ અંશ હોવાની માન્યતાથી આજે પણ અહીં રોજ ધૂપદીપ કરવામાં આવે છે.

વેસ્ટકાફે મેળવી આપેલી તેના આધારે બનાવેલી છે, એ અસલ છબી બાદશાહ જહાંગીરના ચિત્રકાર ગોવર્ધને કરેલી છે. તેની સાથે ફારસીમાં લખાણ છે: 'કચ્છના રાજા રા'ભારાનું ચિત્ર ગોવર્ધને ચીતરેલું, બાદશાહના ૩૩મા વર્ષમાં એટલે કે હીજરી સન ૧૦૨૭ (ઇ. સ. ૧૬૧૭)માં. તે (રાજા) બાદશાહ નુરૂદ્દીન જહાંગીરની હજુરમાં અમદાવાદ આવ્યો. આ રા'ભારા ગુજરાતના મુખ્ય રાજાઓ પૈકી ઘણો મહત્ત્વનો રાજા છે, અને હજી લગી આ ભૂમિના કોઈ પણ રાજકર્તા સમક્ષ હાજર થયો નથી.'

આમ, કચ્છના ઇતિહાસ તથા કલાકૌશલનો બહુ અચ્છો ખયાલ આ 'આયનામોલ' અને 'મદનસિંહજી મ્યૂઝિયમ' તથા તેની સાથેની 'કલા–અટારી'માંથી મળી રહે છે. ભારતીય સંસ્કૃતિના ઇતિહાસમાં કચ્છની તવારીખ અને કલાકારીગરીનું એક અનોખું પ્રકરણ અહીં પ્રત્યક્ષ થાય છે. 'મદનસિંહજી મ્યૂઝિયમ' પ્રજાને અર્પણ કરતાં મહારાવ મદનસિંહજીએ કહેલું વાક્ય 'માણસાઈની મીઠી મતા મહોબ્બતથી માણી મનની મોજ મેળવીએ' તે ગુજરાતમાં અણમોલ એવા આ સંગ્રહસ્થાનની મુલાકાતમાં બિલકુલ યથાર્થ ઠરે છે. □

એ એન્જિનીઅર હતો, યુવાન હતો, કામ કરવાને સશક્ત અને આવડતવાળો હતો, પણ બેકાર હતો. અનેક સ્થળે આથડ્યા છતાં એને ક્યાંય કામ મળતું નહોતું. કોઇકે એને એક સ્થાન સૂચવ્યું, આશાભર્યો એ ત્યાં પહોંચી ગયો. જવાબ મળ્યો, 'અમારે ત્યાં જગ્યા તો ખાલી છે, પણ ઈજનેરની નહિ, ટાઇપિસ્ટની. ફરી તેના અંતરમાં નિરાશા ફરી વળી. પણ ક્યાં સુધી બેકાર રહેવું? આવું કામ પણ ક્યાં મળે તેમ હતું? એણે જવાબ આપ્યો, 'ભલે, હું ટાઇપિસ્ટ તરીકે કામ કરવા તૈયાર છું.'

'ભલે, ક્યારથી જોડાઓ છો?'

આ સવાલનો તો તેને ખયાલ જ નહોતો, અને એને ટાઈપ કરતાં પણ આવડતું નહોતું. પળભર એ વિચારી રહ્યો ને પછી કહ્યું, 'આજે શનિવાર છે. મંગળવારે હાજર થઈ જઈશ.'

અને એ મંગળવારે હાજર થયો ત્યારે લૂઈ જેને એને પૂછ્યું પણ ખરું, 'તમે એન્જિનીઅર હોવા છતાં આવું મામૂલી કામ સ્વીકારશો?'

'એન્જિનીઅર તો છું જ. ટાઇપિસ્ટ થઈશ તો એ જ્ઞાન કંઈ વિસરાઇ નહિ જાય. હકીકત તો એ છે કે હાલ મારે નોકરીની તાતી જરૂર છે.'

'પણ તમને ટાઇપિંગ ફાવે તો છે ને?'


'ખરું કહું તો મને ટાઇપિંગ આવડતું જ નહોતું, પણ આપને હા પાડીને ગયા પછી એક મિત્ર પાસેથી ટાઈપરાઇટર માગી લાવી રાત-દિવસ મચી પડીને શીખી લીધું.'

ત્રણ જ દિવસમાં એ કેવું ટાઇપિંગ શીખ્યો હશે? લૂઈએ પરીક્ષા કરવા થોડું કામ આપ્યું અને એ યુવકનું સ્વચ્છ સુંદર ટાઇપિંગ જોઈ ખુશ થતાં બોલી ઊઠ્યો, 'તમે ખરેખર ઉદ્યમી છો. આવો સંકલ્પ તમને જીવનમાં જરૂર ઊંચે લઈ જશે.' અને એમ જ બન્યું, પોતાના દૃઢ સંકલ્પબળે એ યુવક આગળ જતાં અમેરિકાનો પ્રમુખ બન્યો. એનું નામ હતું હર્બર્ટ હુવર.

—જ્યોતિર રાવળ

કલાવાર્તા

ચિત્રકાર વિનય ત્રિવેદી



'ઝીણા ઝરમર વરસે મેહ, પ્રભુજી ઘરે આવીયા રે લોલ, કે રાધા ગોરી ઉઘાડો કમાડ, ભિંજાય મારા મોળિયા રે.' આકાશમાં ઘેરાએલાં વાદળોમાંથી વરસતી વર્ષાની ધારાઓ, તેમાં ભિંજાતા અને રાધાનું દ્વાર ખખડાવતા કૃષ્ણ તથા ઘરમાં રાધા. પોતાની લાક્ષણિક રીતે કરેલા વિનુભાઈના એક બહુરંગી ચિત્રનું રેખાંકન.

મળીને છૂટા પડયા પછી યે જેની સ્મૃતિ મનમાં અંકાએલી રહે તેવા એક વિનુભાઈ છે. વિનુભાઈ એટલે વિનય ત્રિવેદી. ચિત્રકાર તરીકે એમની એક આગવી ખ્યાતિ છે. પણ તેઓ ચિત્રકાર ન હોત તો કથાકાર તરીકે યે તેમણે આવી જ લોકચાહના મેળવી હોત, એ એમની સાથે વાતો કરતાં તેમાંથી પ્રકટ થતા એમના કૃષ્ણપ્રેમ અને એમને હૈયે વસેલાં લોકગીતો પરથી માની શકાય. અને તેમનાં ચિત્રોમાં યે રંગરેખાની સાથે લોકગીતોના શબ્દો પણ હોય છે જ. કાંગરા અને રાજસ્થાની શૈલીનાં ઘણાં લઘુચિત્રોમાં ઉપર કે નીચે લખાણ જોવા મળે જ છે ને ? વિનુભાઈનાં ચિત્રોમાં થોડીક અબોલ જગ્યા પણ હોય છે જે એની પડખે મૂકેલી ચિત્રાકૃતિઓ અને લખાણને અભિવ્યક્ત થવામાં બળ પૂરે છે. પણ લોકગીત જ નહિ, ક્યારેક વળી સિનેમાના કોઈ ગીતની લીટી મૂકી દેતાં યે એ ખચકાતા નથી.

પ્રેમ, સ્નેહ એ એમને મન જીવનનું ઊંડાણ. સ્નેહ એટલે રસ, અને રસ એટલે રંગ, તથા રંગ એટલે જ ચિત્ર, આ એમનો ખયાલ છે. પણ એમનાં ચિત્રમાં જોવા મળતી લોકશૈલી ને લોકગીતની ઝલકવાળી પોતીકી શૈલી અપનાવ્યા પૂર્વે એમણે ચિત્રકળાનો પૂરતો અભ્યાસ કર્યો છે. અદ્યતન કલાની સૂઝ પણ મેળવી છે અને ચિત્રાંકનમાં અનેક અવનવા પ્રયોગો પણ એ કરી ચૂકયા છે; અને લોકકળાનાં વિધવિધ પાસાંને પણ એમણે આત્મસાત્ કર્યા છે. ચિત્રકલામાં ભારતીયતા માટે તેઓ આગ્રહી તથા લોકકલાના ચાહક હોઈ તેમણે તેમાંથી શોભનયુક્ત ગતિશીલ સૌષ્ઠવને પોતાનાં ચિત્રોમાં ઉતાર્યું છે. લોકભરત જેવાં લક્ષણવાળી બેવડી રેખાઓ અને તેજસ્વી રંગો એ એમનાં ચિત્રોમાં પ્રથમ દૃષ્ટિએ જ ધ્યાન દોરતી લાક્ષણિકતાઓ છે. રાધાકૃષ્ણ તો એમનાં પ્રિય પાત્રો છે જ, પણ એ ઉપરાંત, એમણે ગામડાની ગોરીથી માંડીને ગામડા સુધી પહોંચી ગએલા શહેરી પ્રભાવને પણ પ્રતિકાત્મક રૂપે પોતાનાં ચિત્રોમાં આલેખ્યો છે. ગુજરાતની કલાનો ઇતિહાસ લખાશે ત્યારે સૌરાષ્ટ્રની લોકકલાનો વિનિયોગ કરનારાઓની નોંધમાં વિનુભાઈનું નામ પણ હશે જ એમ સહેજે કલ્પી શકાય છે.



કલાકાર વિનય ત્રિવેદી

ભાવનગરમાં ઈ. ૧૯૨૯માં એમનો જન્મ. પિતા પ્રભાશંકરે વડોદરામાં ભણીને સ્થાપત્યનો ડિપ્લોમા મેળવેલો. પુત્રને પણ એ જ પંથે દોરવાની એમની મનેચ્છા હતી, પરંતુ વિનુભાઇને ચિત્રકળાનો નાદ લાગ્યો. આપણા બે જાણીતા કલાકાર સોમાલાલ શાહ અને જગુભાઈ શાહ ત્યારે ભાવનગરમાં. એમણે પ્રકટાવેલી કલાજ્યોત વડે ઝગેલી દીપશિખાઓ સમા માર્કંડ ભટ્ટ, જ્યોતિ ભટ્ટ, કનેરિયા, નરેન્દ્ર પટેલ, ડૉ. બલર વગેરેની સાથે વિનુભાઈ પણ ખરા. કલાના ક્ષેત્રે આ સૌએ ભાવનગરનું નામ રોશન કર્યું છે.

મૅટ્રિક સુધીનું ભણતર પૂરું થયું ત્યારે પિતા સાથે વિચારવિમર્શ કરીએમણે સ્થપતિ થવાને બદલે ચિત્રકાર બનવાનો નિર્ણય કર્યો અને મુંબઈની કલાશાળામાં જવાનું નક્કી કર્યું. એમનો ત્યાંનો ખર્ચ ઉપાડવા જેવી આર્થિક સ્થિતિ તો નહોતી, પણ ત્યારે મુંબઇમાં વસતા ભાવનગરના જ ચિત્રકાર વિનાયક પંડયાની સલાહથી અર્ધ સમયની નોકરી કરવા સાથે નૂતન કલામંદિરમાં કલાશિક્ષણ લેવાની અજમાયશ કરી. અને આ રીતે સ્કૂલ ઑવ આર્ટ્સની પરીક્ષા પણ આપીને ચારસો વિદ્યાર્થીઓમાંથી આઠમું સ્થાન મેળવ્યું. પરંતુ આ રીતે ભણવાનું એમને ફાવ્યું નહિ અને વર્ષ પછી એ ભાવનગર આવતા રહ્યા. પોતાની મનોકામના ધારવા પ્રમાણે ન ફળ્યાનો વસવસો એમને ત્યારે સતત સતાવતો હતો.

પરંતુ એક વિધિયોગ સાંપડી ગયો. વડોદરામાં ફેકલ્ટી ઑવ ફાઈન આર્ટ્સની સ્થાપના થઇ. માર્કંડ ભટ્ટ તેના આચાર્ય હતા અને બેન્દ્રે તથા મણિસાહેબ જેવા કલાવિદો કલાશિક્ષણ માટે નિયુક્ત થયા હતા. તેમના પહેલા જ જૂથના વિદ્યાર્થી થવાનું સૌભાગ્ય વિનુભાઈને સાંપડી ગયું, અને વધુમાં સૌરાષ્ટ્ર સરકારની સ્કોલરશિપ પણ મળી. થોડા જ સમયમાં વિનુભાઈ બેન્દ્રેસાહેબના પ્રિય શિષ્ય બની ગયા.

અભ્યાસકાળમાં મોટા કદનાં ચિત્રો કરવાની એમને તકો મળી જ હતી અને એ અનુભવે ઈ. ૧૯૫૫–'૫૬માં પાર્લામેન્ટ હાઉસ માટે ૪ × ૧૨ ફૂટના કદનું એક મ્યુરલ બનાવ્યું હતું. ૧૯૬૮માં કૅનેડામાં મૉન્ટ્રીઅલ મુકામે યોજાએલા વિશ્વમેળા માટે ૨૨ × ૧૬ ફૂટનાં કદનાં બે મોટાં તૈલચિત્રો કર્યાં. ૧૯૬૯માં






હીરભરતની ભાતીગળ લોકશૈલીને પોતાનાં ચિત્રાંકનમાં વણી લઇને વિનુભાઇએ એક આગવી લઢણ વિકસાવી છે. અહીં એમનાં બે ચિત્રો અને બે રેખાંકનો આપ્યાં છે. (મથાળે ડાબી બાજુથી) પ્રથમ ચિત્રમાં નદીને કાંઠે ઝાડ નીચે ગાડું છોડી તેની તળે બે ઘડી આરામમાં લેટેલા ગાડાખેડૂને દર્શાવ્યો છે. જમણી બાજુના ચિત્રમાં બાગમાં ફુવારા પાસે મળતાં બે પ્રેમીઓનું નિરૂપણ છે. તેમાં ફરતી કિનારે વૃક્ષો અને મથાળે મધ્યમાં ફુવારો દર્શાવી બાગનો ખયાલ આપ્યો છે. મધ્યમાં સાઈકલને ટેકે ઊભેલો યુવક અને બાજુમાં યુવતી દર્શાવ્યાં છે ને વચ્ચેના માર્ગ પર એક ફિલ્મી ગીતની પંક્તિ. ત્રીજા ચિત્ર (રેખાંકન)માં મુખ્ય આલેખન ગાય-વત્સનું છે, પણ તેના મથાળે ઊગતો સૂર્ય, ઘરમાં ચાલતું વલોણું, ચરવા જતું ગોધન તથા બાજુમાં ગમાણમાં બાંધેલી ગાયો વગેરે દર્શાવ્યાં છે. અને છેલ્લા રેખાંકનમાં રાધાને માર્ગ વચ્ચે છેડતો કાનુડો.

‘ગાંધીદર્શન’ માટે ૧૪ પેનલો પણ બનાવી. એ પછી ૧૯૭૧માં શ્રી જયંત પરીખ સાથે મુંબઇની તાજ આર્ટ ગૅલેરીમાં પોતાનાં ચિત્રો પ્રદર્શિત કર્યાં. ’૭૮માં નાગદાના બિરલા વિષ્ણુમંદિર માટે વીસ જેટલાં ડ્રૉઇંગ્સ આપ્યાં. ’૭૯માં ગુજરાત રાજ્યના ટપાલટિકિટ પ્રદર્શન ‘ગુજપેક્સ’ના પાંચ દિવસ માટે રોજ-રોજની ખાસ રદ્દીકરણની પાંચ છાપોમાં ત્રણનાં ડિઝાઇન પણ એમણે કરેલાં. ૧૯૮૦માં એમણે મુંબઈની જહાંગીર આર્ટ ગૅલેરીમાં ફરી પોતાનાં ચિત્રો પ્રદર્શિત કર્યાં હતાં. સ્વામિનારાયણ સંપ્રદાયનાં પુસ્તકોમાં પણ એમનાં આલેખનો પ્રકાશિત થયાં છે. બનારસ કલાભવન તથા ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીમાં પણ એમનાં ચિત્રો સંઘરાયાં છે.

વડોદરામાં જ્યાં એમણે કલાશિક્ષણ લીધેલું તે જ સંસ્થામાં ૧૯૬૦થી તેઓ પ્રાધ્યાપક છે. કલાગુરુઓ પાસેથી જે સ્નેહ તેમણે સંપાદિત કરેલો તે આજે પોતાના વિદ્યાર્થીઓને આપવા સાથે કલાક્ષેત્રે એમણે જેમ પોતાની એક આગવી પ્રતિભા વિકસાવી છે એવી જ પ્રતિભા એમના વિદ્યાર્થીઓમાં યે અવશ્ય ખીલી ઊઠશે એમ માનવું સહેજે અતિરેકભર્યું નથી જ.

—નટુ પરીખ

અનુસંધાન] **આદ્ય શંકરાચાર્ય** [પૃષ્ઠ ૯૮થી

માટે એમનું આયુષ્ય લંબાવી આપવામાં આવ્યું હતું. વેદવ્યાસની આજ્ઞાનું પાલન કરીને શંકરે અદ્વૈત મતના પ્રચારાર્થે ચારે દિશાઓમાં પરિભ્રમણ કર્યું. જે ભારતવર્ષમાં શંકરના દિગ્વિજયતરીકે સુવિખ્યાત છે.

શંકરના કાશીનિવાસ દરમિયાન, જેમણે એમનું શિષ્યત્વ સ્વીકાર્યું હતું તે પદ્મપાદ સનંદનનો એક પ્રસંગ સુપ્રસિદ્ધ છે. એક વાર આચાર્ય ગંગાનદીએ સ્નાનાર્થે ગયા હતા. પદ્મપાદ ગુરુના વસ્ત્ર સહિત સામે કિનારે ઊભા હતા. શંકર સ્નાન કરીને ભીને વસ્ત્રે સામે કિનારે પહોંચી ગયા અને ત્યાંથી પદ્મપાદની પાસે વસ્ત્રની માગણી કરી. કશુંયે વિચાર્યા વગર પદ્મપાદે પૂર જોશમાં વહેતાં ગંગાના પ્રવાહમાં ઝંપલાવ્યું. કિનારે ઊભેલાં સહુ કોઈ તો ચકિત થઈ ગયાં, પણ કહે છે કે સ્વયં ગંગાએ પદ્મપાદને સહાય કરી. પદ્મપાદે નૃસિંહમંત્રની સિદ્ધિ મેળવી હતી. આ નૃસિંહમંત્ર સિદ્ધિને પ્રતાપે શંકરનું શિર લેવા આવેલા કાપાલિકનો સંહાર થયો હતો એવી પણ એક કથા છે.

વેદવ્યાસની અનુજ્ઞાએ દિગ્વિજય માટે નીકળેલા શંકરે પૂર્વ તરફ પ્રસ્થાન કર્યું. એ સમયે યમુનાના કિનારે પ્રયાગમાં વૈદિક ધર્મના ઉદ્ધારક અને મીમાંસક કુમારિલ ભટ્ટ રહેતા હતા. એ મહાન વિદ્વાનને મળવા શંકર પ્રયાગ પહોંચ્યા. ત્યારે, બૌદ્ધ ગુરુ પાસેથી બૌદ્ધ આગમોનું જ્ઞાન મેળવીને પછી એ જ ગુરુને પરાજિત કરી કુમારિલ ભટ્ટે એમનો તિરસ્કાર કર્યો હતો, તથા જૈમિનીના પૂર્વમીમાંસા શાસ્ત્રનું અનુસરણ કરીને ઈશ્વરના અસ્તિત્વનું ખંડન પણ કર્યું હતું. આ બે પાપોનું પ્રાયશ્ચિત્ત કરવા કુમારિલ અગ્નિસ્નાન કરી દેહ ત્યાગવા તત્પર થયા હતા. શંકરની મહેચ્છા કુમારિલ સાથે પૂર્વમીમાંસાની ઊણપોની સ્પષ્ટતા કરવાની હતી. પરન્તુ એ ન થઈ શક્યું. શંકરે માત્ર કર્મનો માર્ગ કશું કરતો નથી એ સનાતન સત્ય કુમારિલ ભટ્ટને ગળે ઉતાર્યું. કુમારિલ ભટ્ટે શંકરને વિનંતી કરી : 'આ સત્યથી સમગ્ર જગતને જ્ઞાત કરવું જોઈએ. હું મારી આ પરિસ્થિતિમાં આ ધ્યેયને લઈ શકું તેમ નથી. જો તમે મંડનમિશ્ર પાસે જાઓ અને જ્ઞાન માર્ગે એને જીતો તો સમગ્ર જગત આ સત્યથી પરિચિત થશે.' અગ્નિસ્નાન કરતા કુમારિલને જીવિત રાખવાની ઇચ્છા શંકરે વ્યક્ત કરી. પરન્તુ તેનો સ્વીકાર ન કરતાં એમણે આચાર્ય શંકરને તારક-મંત્રનો ઉપદેશ આપીને પોતાને કૃતાર્થ કરવાની ઇચ્છા દર્શાવી અને સવેળા મંડનમિશ્ર પાસે જવાની વિનવણી કરી. શંકરે કુમારિલને તારકમંત્રનો ઉપદેશ આપીને સ્થૂળ-સૂક્ષ્મ મોહમાયાથી રહિત બનાવીને કૃતાર્થ કર્યા.

આ પછી કુમારિલ ભટ્ટની વિનંતીથી શંકર માહિષ્મતી નગરીમાં રહેતા મંડનમિશ્રને મળવા ગયા. મંડનમિશ્રનું મૂળ નામ વિશ્વરૂપ હતું. એમનાં પત્નીનું નામ હતું ભારતીદેવી. બન્ને બ્રહ્મા-સરસ્વતીનાં અવતાર મનાતાં. કુમારિલ ભટ્ટ, જૈમિની અને મંડનમિશ્ર પૂર્વમીમાંસાના પ્રખર પંડિતો હતા. માહિષ્મતી આવીને શંકરે પનિહારીઓને પંડિત મંડનમિશ્રના આવાસ વિષે પૂછ્યું ત્યારે, જે ઘરનાં આંગણે પિંજરમાં બેઠેલી સારિકાઓ જગત નિત્ય છે કે અનિત્ય છે, અને કર્મ ફળ આપે છે કે ઈશ્વર ફળ આપે છે એવા ગહન વિષયોની, તેમ જ વેદવચન સ્વત: પ્રમાણ છે કે અન્ય શાસ્ત્રોના સંવાદથી પ્રમાણ છે, એમ પ્રમાણવાદની ચર્ચા કરતી હોય તે ઘર મંડનમિશ્રનું જાણજો ! એવો ઉત્તર આપ્યો. આ ઉત્તર મંડનમિશ્રની વિદ્વત્તાનો સમ્યક્ પરિચય આપે છે. અહીં ઉલ્લેખિત પ્રમાણવાદ એ ગંગેશ મિશ્ર રચિત 'તત્ત્વચિંતામણિ'માં દર્શાવેલા ૬૪ વાદો પૈકીનો એક વાદ છે. ગંગેશ મિશ્રના ઉક્ત ગ્રંથ પર અનેક ટીકાઓ લખાઈ છે. ગદાધરે લખેલી ટીકામાં પ્રમાણવાદનું અધ્યયન કરનારની બુદ્ધિ શક્તિ ઊંચી હોવાનું નોંધ્યું છે. મંડનમિશ્રની સારિકાઓ પ્રમાણવાદની ચર્ચા કરતી હતી, એ દર્શાવે છે કે જેમને ત્યાંનાં પક્ષીઓની બુદ્ધિકક્ષા ઊંચી હતી તે સ્વયં મંડનમિશ્રની બુદ્ધિશક્તિની તો કલ્પના જ કરવી રહી! ખરે જ મંડનમિશ્ર અપૂર્વ વિલક્ષણ-વિચક્ષણ બુદ્ધિપ્રતિભા ધરાવતા હતા. માહિષ્મતી નગરીની પ્રસિદ્ધિમાં આ મંડનમિશ્ર અને ભારતીદેવીની વિદ્વત્તાનો ફાળો સવિશેષ છે.

બાળ સંન્યાસી શંકર મંડનમિશ્રના આવાસે પહોંચ્યા ત્યારે મંડનમિશ્ર શ્રાદ્ધવિધિમાં પ્રવૃત્ત હતા. તેઓ સંપત્તિવાન હોઈ શ્રાદ્ધ-વિધિ ભવ્ય રીતે ઊજવતા હતા. એમણે ઘણા સોમયજ્ઞ પણ કર્યા હતા. ગૃહદ્વાર બંધ હતું. એથી યોગિક બળે શંકરે ઘરમાં પ્રવેશ કર્યો. પૂર્વમીમાંસાના પ્રખર પંડિત મંડનમિશ્ર ને બાળ સંન્યાસી શંકરનું આ સુભગ મિલન હતું. એ બે વિચારધારાના દ્વંદ્વનું ઐતિહાસિક મિલન હતું. એવી જનશ્રુતિ છે કે યોગિક બળે ગૃહમાં પ્રવેશેલા શંકર અને મંડનમિશ્ર વચ્ચે પ્રારંભે જે ચર્ચા થઈ તેમા મંડનમિશ્ર ઉગ્ર થઈ ગયા હતા, જ્યારે શંકર એમને શાંતિથી ઉત્તર આપતા હતા. પરન્તુ પછી મંડનમિશ્રે શંકરાચાર્યને ભિક્ષા લેવાનું નિમંત્રણ આપ્યું ત્યારે 'હું વાદરૂપી ભિક્ષા માટે અહીં આવ્યો છું' એવા શંકરના ઉત્તરરૂપે શ્રાદ્ધ-વિધિ પત્યા પછી બીજા દિવસથી બન્ને વચ્ચે વાદ-વિવાદ પ્રારંભાયો.

'વાદ-વિવાદ'નો અત્યારે માત્ર 'શાબ્દિક લડત' એવો અર્થ પ્રચલિત છે, પરન્તુ 'વાદ'માં વિચારની ફેરબદલીનો અર્થ નિહિત છે. સામેનાના મતને જાણવો અને સત્યને જાણવું એ વાદનો સત્યાર્થ છે. પ્રતિસ્પર્ધી કેવળ ખોટો છે એમ માનવું એ જલ્પ છે. આ બે સિવાય ત્રીજો વિતંડા-વાદ છે. એમાં માત્ર પ્રતિસ્પર્ધીના મતનું સત્ય જાણ્યા સિવાય ખંડન કરવું એ ભાવના વિહિત છે. શંકરાચાર્ય અને મંડનમિશ્ર વચ્ચે વિચારોનું સંક્રમણ થયું હતું. એ એક શુદ્ધ સત્યાર્થવાદ હતો. શાસ્ત્રાર્થ પૂર્વે ઉભય પક્ષે આગવી પ્રતિજ્ઞા હતી. શંકરની પ્રતિજ્ઞા હતી કે જો પોતે શાસ્ત્રાર્થમાં હારે તો સંન્યાસનો ત્યાગ કરીને ગૃહસ્થધર્મનો સ્વીકાર કરશે. મંડનમિશ્રની પ્રતિજ્ઞા હતી કે જો પોતે હારે તો ગૃહસ્થધર્મનો ત્યાગ કરીને સંન્યસ્ત ધારણ કરશે. સામસામા છેડાની આ પ્રતિજ્ઞા હતી. આ શાસ્ત્રાર્થના જય-પરાજયનો નિર્ણય કોણ કરે એ પ્રશ્ન ઊભો થયો. નિર્ણાયક માટે મંડનમિશ્રનાં વિદુષી પત્ની ભારતીદેવીની પસંદગી થઈ. જેની સાથે વિવાદ કરવાનો છે તેની અર્ધાંગનાને નિર્ણાયક તરીકે રાખવામાં શંકરે જરા ય આનાકાની ન કરી. એમણે એનો સ્વીકાર કર્યો. સ્વકીય મત વિષેનો દૃઢ વિશ્વાસ શંકરને કેવો હશે તેનું આ પ્રમાણ છે. ભારતીદેવીને માત્ર નિર્ણાયક રૂપે જ ફરજ બજાવવાની નહોતી, પણ ગૃહિણી ધર્મનું પાલન પણ કરવાનું હતું, આથી એમણે બન્નેના ગળામાં પુષ્પમાળાઓ પહેરાવી અને કહ્યું કે જેનો પરાજય થશે તેની માળા કરમાઈ જશે. સાત દિવસના શાસ્ત્રાર્થને અન્તે મંડનમિશ્રની માળા કરમાઈ ગઈ. એ શાસ્ત્રાર્થમાં પરાજિત થયા. મંડનમિશ્રની કર્મકાંડની વિચારધારાની સામે શંકરે કર્મ-કાંડ ગૌણ છે અને જ્ઞાનકાંડ મુખ્ય છે એવું પ્રતિપાદન કરીને મંડનમિશ્રને વાદ-વિવાદમાં પરાજિત કર્યા. મંડનમિશ્રે આ શાસ્ત્રાર્થમાં પરાજય સ્વીકાર્યો. પરન્તુ એમનાં વિદુષી પત્ની ભારતીદેવીએ શંકરને કહ્યું કે, એમની અર્ધાંગના રૂપ મારી સાથે તમારો શાસ્ત્રાર્થ હજી બાકી છે. એક સન્નારી સાથે શાસ્ત્રાર્થ કરવાનું શંકરને ઉચિત ન લાગ્યું. પણ ભારતીદેવીએ મુનિ યાજ્ઞવલ્ક્ય અને વિદુષી ગાર્ગી તેમ જ રાજર્ષિ જનક અને વિદુષી સુલભાના વિવાદનું પૌરાણિક પ્રમાણ ટાંક્યું, આથી શંકરાચાર્યને ભારતીદેવી સાથે શાસ્ત્રાર્થ કરવો પડ્યો. પરન્તુ એ વિદુષીએ શંકરને પરાજિત કરવા માટે કામશાસ્ત્રના પ્રશ્નો પૂછવા માંડ્યાં. બાળ બ્રહ્મચારી શંકર કામશાસ્ત્રથી તદ્દન અજ્ઞાત હતા. એમણે મુદત માગી અને શિષ્યો સાથે અન્યત્ર ગમન કર્યું. એવી કથા પ્રચલિત છે કે અમરુક નામના રાજાના દેહમાં પ્રવેશીને શંકરે કામશાસ્ત્ર વિષેનું જ્ઞાન મેળવી લીધું. એ પછી

‘કુમાર’નાં ઈ. ૧૯૮૧ના વર્ષનાં પારિતોષિકો

પારિતોષિક	વિષય	વિજેતા	નિર્ણાયકો
 કુમાર ચન્દ્રક	વર્ષભરના શ્રેષ્ઠ સાહિત્યસર્જન (‘અંગારાની ફાંટ’ રેડિયો-નાટિકા) માટે	 શ્રી હસમુખ બારાડીને	સર્વશ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અનંતરાય રાવળ યશવન્ત શુક્લ.
ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી તરફથી રૂ. ૫૧	વર્ષભરના શ્રેષ્ઠ વિજ્ઞાન લેખ માટે	ડૉ. છોટુભાઈ સુથારને તેમના ખગોળ વિષયક લેખો માટે	‘કુમાર’ના તંત્રી
‘કુમાર’ તરફથી રૂ. ૩૦	વર્ષની શ્રેષ્ઠ વાર્તા-નવલિકા માટે	શ્રી યોસેફ મૅકવાનને ‘એક ધરી–બે બાજુ’ માટે	શ્રી અનંતરાય રાવળ અને ‘કુમાર’ના તંત્રી
ગિરીશકાકા પારિતોષિક તેમના પરિવાર તરફથી રૂ. ૨૫	શ્રેષ્ઠ જોડણીશુદ્ધ અને વ્યાકરણશુદ્ધ લખાણ માટે	ડૉ. સુશ્રુત પટેલને	‘કુમાર’ના તંત્રી

એમણે ભારતીદેવી જોડે કામશાસ્ત્રનો વિવાદ કર્યો અને તેમના સઘળા પ્રશ્નોનું નિરાકરણ કર્યું. એક સંન્યાસીનો સંસારી–અને તે પણ સ્ત્રી સાથેનો કામશાસ્ત્ર–વિષયક વિવાદ અને એમાં સંન્યાસીનું વિજયી થવું એ ઘટના જ શંકરની પ્રતિભાની દ્યોતક છે.

પરાજિત થએલા મંડનમિશ્રે સંન્યસ્તની દીક્ષા લીધી અને શંકરાચાર્યના મહાન શિષ્ય બની રહ્યા. હવે સંન્યાસી મંડનમિશ્રે સુરેશ્વરાચાર્ય એવું નામ ધારણ કર્યું. ભારતીદેવી પણ એમનાં શિષ્યા બની રહ્યાં. ભારતીદેવી માટે શંકરે શારદાપીઠની સ્થાપના કરી. શંકરના અદ્વૈત સિદ્ધાંતનું નિરૂપણ કરતો એમનો ગ્રંથ છે ‘નૈષ્કર્મ્યસિદ્ધિ.’ એ પછી શંકર મંડનમિશ્રને લઈને કૈલાસ તરફ ગયા. બદ્રી-કેદાર જતાં ગૌડપાદને મળ્યા. રસ્તે ગોવિંદ ભાગવત્પાદની મુલાકાત થઈ. શંકરે એમને નમસ્કાર કર્યા અને ‘દક્ષિણામૂર્તિ અષ્ટક’ની રચના કરી. એ પછી પદયાત્રા કરીને શંકર કાંચી ગયા, ચિદમ્બરમ્, જગન્નાથ, ગોકર્ણ, તિરુપતિ, દ્વારકા, પંઢરપુર, મથુરા, રામેશ્વર વગેરે અનેક ધામોમાં જઇને અદ્વૈત સિદ્ધાંતને પ્રવર્તાવ્યો.

એમના આ દિગ્વિજય દરમિયાન એક દિવસ માતાએ શંકરનું સ્મરણ કર્યું. આથી શંકર કાલડી આવ્યા. માતા આર્યમ્બાનો અંત નજીક હતો. આથી શંકરે માતાના મોક્ષાર્થે સદાશિવની સ્તુતિ કરેલી. એ સ્તુતિમાં શંકરનાં જ્ઞાન અને નમ્રતાનાં દર્શન થાય છે. વળી, વિષ્ણુસ્તુતિ કરીને માતાને વૈકુંઠમાં વાસ કરાવ્યો. આર્યમ્બાનું મૃત્યુ થતાં ત્યાંના બ્રાહ્મણોએ સંન્યાસી શંકર તેમના અંતિમ સંસ્કાર ન કરી શકે તેવું કહીને તેમનો વિરોધ કર્યો, પરન્તુ શંકર માતા સાથે વચનબદ્ધ હોઇ પોતે જ અગ્નિસંસ્કાર કરવા ઇચ્છતા હતા. ત્યાંના બ્રાહ્મણોએ મદદ આપવાનો ઈન્કાર કર્યો. શંકરે ઘરઆંગણે જ માતાના શરીરના પ્રત્યેક અંગોને વિભક્ત કરીને એક પછી એક અગ્નિસંસ્કાર આપ્યો. કેરળમાં આજે પણ ઘરઆંગણે અગ્નિસંસ્કાર અપાય છે.

શંકરે દિગ્વિજય દરમિયાન કર્ણાટકના પશ્ચિમ કાંઠે આવેલા એક ગામની મુલાકાત લીધેલી ત્યારે પ્રભાકર નામનો બ્રાહ્મણ પોતાના પુત્રને લઇ આચાર્ય પાસે આવ્યો. ‘મારો પુત્ર જન્મથી મૂગો છે. તમે એને બોલતો કરી શકો તેમ છો?’ આટલું કહીને તેણે પુત્રને આચાર્ય સામે ધર્યો. આચાર્યે એ મૂગા છોકરા સામે જોઇને પૂછ્યું : ‘તું કોણ છે?’ તરત જ છોકરાએ જવાબ આપ્યો : ‘હે ગુરુ! હું જડ નથી, પણ જે જડ છે તે મારા સામીપ્યને લીધે પ્રવર્તે છે, એ વાતમાં મને કશો જ સંદેહ નથી. છ ઊર્મિઓથી તથા છ ભાવવિકારોથી રહિત અને કેવળ સુખ સ્વરૂપ જે પરમપદ છે તે હું છું! આ મુમુક્ષ લોકોને પણ મારા જેવો અનુભવ થાય એમ હું ઇચ્છું છું.’ જડ બાળકનો આ જવાબ તેની આંતરચેતનાનો દ્યોતક છે. પોતાના જડ-મૂગા બાળકને બોલતો જોઇને બ્રાહ્મણ ખુશ થઈ ગયો. પુત્રને લઇને એ ઘેર ગયો. પણ ત્યાં પુનઃ એ બોલતો બંધ થઈ ગયો. વળી તે એને આચાર્ય પાસે લઈ આવ્યો. બાળક બોલવા લાગ્યો. બ્રાહ્મણ વાત પામી ગયો. એણે ‘આ મારો પુત્ર નથી, તમારો છે’ એમ કહીને પુત્ર શંકરને સોંપી દીધો. આ મૂગા બાળકે શંકર સમક્ષ પોતાની ઓળખ આપીને જે બાર શ્લોકો કહ્યા તેમાં પરમાત્મ તત્ત્વનું નિરૂપણ છે. આ બાર શ્લોકો ‘હસ્તામલક’ નામથી પ્રસિદ્ધ થયા છે અને તેના રચયિતાનું નામ પણ ‘હસ્તામલક’ પડ્યું છે. જડ લાગતો ‘હસ્તામલક’ એ પછી શંકરના પ્રમુખ ચાર શિષ્યો પૈકીનો એક ગણાયો. સુરેશ્વરાચાર્ય અને પદ્મપાદ પછીના શંકરના ત્રીજા મુખ્ય

શિષ્ય તે આ હસ્તામલક. આચાર્યના ચોથા શિષ્ય હતા ગિરિ. એ પણ પૂર્વે મંદ બુદ્ધિવાળા હતા, પરન્તુ શંકરના અનુગ્રહથી એનામાં વિદ્યા-તેજ પ્રકટ્યું હતું. શંકરે એને ચૌદ વિદ્યાઓ આપી. આથી બ્રહ્મતત્ત્વનો પ્રકાશ કરનાર તોટકવૃત્તો બોલતાબોલતા તે શંકર પાસે પહોંચ્યા હતા. આ પરથી એ તોટકાચાર્ય તરીકે ઓળખાવા લાગ્યા હતા.

દિગ્વિજય દરમિયાન શંકરે બૌદ્ધ, જૈન, ચાર્વાક આદિ વૈદિકધર્મના વિરોધીમતાવલંબીઓનું ખંડનકરીને પુનઃએમને વૈદિકધર્મમાં પરિવર્તિત કર્યા. સાંખ્યમતનો પણ પરાભવ કર્યો. હૃદય તેમજ માનસ ઉભયને સ્પર્શતી એમની દલીલ સરળ છતાં અસરકારક રહેતી. એમણે એકેશ્વરનું સ્થાપન કર્યું, અને અનેક સ્તોત્રો રચીને વિવિધ દેવદેવીઓની પૂજામાં એક-વાક્યતા આણી. આ સઘળા સ્તોત્રોનો ફલિતાર્થ એ હતો કે તમે ગમે તે ઇશ્વરને સ્તવો પરંતુ અંતે પ્રાર્થના એક જ ઇશ્વર સુધી પહોંચે છે. વળી, આત્મા જ ઇશ્વર છે, અને જગત માયાવી છે–માત્ર ભ્રમણા છે. શંકરે મોક્ષ માટે જ્ઞાનમાર્ગ ચીંધ્યો છે. એ માર્ગે બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થાય છે, જે મોક્ષ પ્રતિની ગતિ છે. 'વિવેકચૂડામણિ'માં એમણે જ્ઞાનમાર્ગે મોક્ષપ્રાપ્તિની દિશાનું દર્શન કરાવ્યું છે. કર્મથી શુદ્ધિ થાય છે અને સગુણ બ્રહ્મની ઉપાસનાથી અપર બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. આ કર્મમાર્ગ-થી જ્ઞાનમાર્ગમાં પ્રવેશ કરાય છે, ને જ્ઞાન માટે આંતરશુદ્ધિ આવશ્યક છે.

જીવાત્મા નિર્વિશેષ બ્રહ્મરૂપ છે અને આ બ્રહ્મ જ સત્ય છે, જગત મિથ્યા છે. આ અનુભવ-રહસ્યમાં પ્રસ્થાનત્રયીનું પારમાર્થિક પરમ તાત્પર્ય છે અને બ્રહ્મવાદમાં તેનું વ્યાવહારિક અવાન્તર તાત્પર્ય છે તેનું પ્રતિપાદન કરનાર મત તે 'કેવલ અદ્વૈત.' બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે એ કેવલાદ્વૈત સિદ્ધાંત છે. જીવ બ્રહ્મ સાથે અદ્વૈત છે, એવું શંકરનું પ્રતિપાદન છે. જીવ અને બ્રહ્મની વચ્ચે જગત તો મિથ્યા છે. જીવ બ્રહ્મ સ્વરૂપ છે, આથી વાસ્તવમાં આ આખી સૃષ્ટિમાં બ્રહ્મતત્ત્વ એક જ અને અદ્વિતીય તત્ત્વ છે. આથી શંકરના અદ્વૈત આગળ 'કેવળ' શબ્દ લગા-ડવામાં આવ્યો છે. 'જે છે તે એ જ છે.' કેવળ બ્રહ્મ જ છે, અર્થાત્ બ્રહ્મ જેવું બીજું કાંઈ નથી, એનાથી વિભિન્ન પણ કંઈ નથી. જીવ વચ્ચે એનો ભેદ નથી. જગતનો આભાસ તો માયાથી ઉત્પન્ન થએલો છે. આમ, શંકરને માયાવાદ અભીષ્ટ છે. આથી કેટલાકના મત પ્રમાણે શંકરનો કેવલાદ્વૈતનો વાદ માયાવાદ તરીકે ઓળખાય છે.

શંકરની આ વિચારધારામાં માયાવાદનું બીજ રોપનાર હતા ગૌડ-પાદાચાર્ય. એમના પર બૌદ્ધધર્મના વિજ્ઞાનવાદની અને શૂન્યવાદની ઊંડી અસર હતી. એમના 'માંડૂક્યકારિકા'માં માયાવાદ તરવરતો હતો. શંકર પર આ માયાવાદનો પ્રભાવ પડ્યો હતો. કેમ કે 'બ્રહ્મસૂત્ર'નું શિક્ષણ શંકરે ગૌડપાદાચાર્ય પાસેથી લીધું હતું. આમ, માયાવાદની અસર લઇને શંકરે સ્વતંત્ર બુદ્ધિશક્તિથી પ્રસ્થાનત્રયીમાં નિર્વિશેષ બ્રહ્મ બ્રહ્મવાદનું માયાદ્વારથી સ્થાપન કર્યું.

અદ્વૈતનું આ નૂતન દર્શન હતું. એ કાળના વિદ્વાનો ને ધાર્મિકો-માં આ વિચારધારાનો ખાસ્સો પ્રભાવ પડ્યો. પ્રારંભે થોડોક ઊહા-પોહ પણ થયો, પરન્તુ શંકરે સ્વકીય અપ્રતિમ પ્રતિભાના બળે, વિશુદ્ધ ચારિત્ર્યના પ્રભાવે અને અદ્ભુત વ્યવસ્થાશક્તિથી વિરોધીઓને મ્હાત કર્યા, એટલું જ નહીં, પોતાના મતના અનુયાયી પણ બનાવ્યા. આથી ધર્મના નામે ચાલતા અનાચારો પર નિયંત્રણ આવ્યું. મતમતાંતરનું વેર શમ્યું. તાંત્રિકોને પરાસ્ત કર્યા. બૌદ્ધ ધર્મને નામઃશેષ કર્યો અને કાપાલિકોને ઊખેડી નાખ્યા. નવી ધર્મદૃષ્ટિનો આવિષ્કાર થઇ દેશમાં આધ્યાત્મિક જાગૃતિનું મોજું ફરી વળ્યું. વેદોનો પ્રચાર વધ્યો. ધાર્મિક અસ્થિરતા અને અંધાધૂંધી શમી ગઈ.

શંકરનો આ કેવલાદ્વૈત શાંકરમત તરીકે પ્રચલિત છે. જો કે અદ્વૈત-મત ખાસ્સો જૂનો છે. એના પ્રવર્તક આચાર્યોનો ઉલ્લેખ આગળ કર્યો છે. અદ્વૈતમતનું પણ સૂક્ષ્મદૃષ્ટિએ નિરૂપણ કરીને કેવલમત અદ્વૈતની નૂતન વિચારધારાના પ્રવર્તક અને પ્રચારક તો શંકર જ છે. આમ તો ઉપનિષદો અદ્વૈતમતનું સ્થાપન કરે છે એવો તો શંકરનો પણ મત છે.

કેવલાદ્વૈતમત દ્વારા હિન્દુધર્મનું નવું સંગઠન ઊભું કરનાર શંકરની આધ્યાત્મિક સિદ્ધિના બળે સમગ્ર ભારતવર્ષમાં એકાળે ઐક્ય સ્થપાયું. શંકરે અનેક ગ્રંથો લખીને પોતાના મતનો પ્રચાર કર્યો હતો, એટલું જ નહિ, એમના શિષ્યોએ પણ વિદ્વત્તાપૂર્ણ ગ્રંથો દ્વારા એ મતને સમર્થન આપીને હિન્દુધર્મને જીવતદાન આપ્યું હતું. ધર્મરક્ષક શંકરની વ્યવસ્થાશક્તિ પણ અનુપમ હતી. પોતે સ્થાપેલ કેવલાદ્વૈતમતનો પ્રચાર કરવા તેમ જ ભારતની એકતાને રક્ષવા એમણે ભારતવર્ષમાં ચાર દિશામાં ચાર મઠોની સ્થાપના કરી. આ પ્રત્યેક મઠના એક આચાર્ય હોય જે પોતાના વિસ્તારમાં શિષ્યોને શિક્ષણ તથા જુદીજુદી ઉપાધિ આપે તેવી એક સુંદર વ્યવસ્થા શંકરે ઊભી કરી છે. જગતભરના કોઈ પણ ધર્મ કે સંપ્રદાયમાં આટલી સુંદર વ્યવસ્થા જોવા મળતી નથી. શંકરાચાર્યે યોજેલી આ વ્યવસ્થા 'મઠામ્નાય સેતુ' તરીકે ઓળખાય છે. 'આમ્નાય' એટલે બંધારણ. મઠોનું બંધારણ, તેને કેમ ચલાવવા, કયા મઠમાં કોણ ગાદીપતિ બની શકે તથા ત્યાં કયા વેદ-મંત્રનો ઉપદેશ કરવાનો એવી સઘળી બાબતોનું માર્ગદર્શન એમાં છે. એ જ મઠનું બંધારણ. શંકરાચાર્યે સ્થાપેલી ચાર મઠ-પીઠોની વ્યવસ્થા અને તેના પ્રથમ આચાર્યો આ મુજબ છે:

પૂર્વામ્નાય	–	ગોવર્ધન મઠ	–	પદ્મપાદાચાર્ય
પશ્ચિમામ્નાય	–	શારદા મઠ	–	સુરેશ્વરાચાર્ય
ઉત્તરામ્નાય	–	જ્યોતિર્મઠ	–	તોટકાચાર્ય
દક્ષિણામ્નાય	–	શ્રૃંગેરી મઠ	–	શંકરાચાર્ય

મઠ–પીઠના સર્જન પછી અખાડાનું સ્થાન આવે છે. અખાડા-ઓની સંખ્યા છ છે: (૧) આહ્વાન અખાડો, (૨) અટલ અખાડો, (૩) નિર્વાણ અખાડો, (૪) આનંદ અખાડો, (૫) નિરંજન અખાડો અને (૬) ભૈરવ અખાડો. પ્રથમ અખાડાની સ્થાપના વિ. સં. ૮૭૩માં થઈ હતી જ્યારે અંતિમ અખાડાની સ્થાપના વિ. સં. ૧૪૧૪માં.

અખાડાઓ પછી બાવન મઢીઓનું સર્જન થયું, જે આઠ ભાગ-માં વિભક્ત છે. એ જ રીતે બાવન શાક્ત પીઠો છે. અખાડા, મઢીઓ તથા પીઠોને આંતરિક સંબંધ છે.

માત્ર બત્રીસ વર્ષના અલ્પ આયુષ્યમાં સમગ્ર ભારતવર્ષનું પરિભ્રમણ કરીને કેવલાદ્વૈત મતનું સ્થાપન અને પ્રચાર કરનાર શંકરા-ચાર્ય પ્રતિભાશાળી ગ્રંથકાર પણ હતા. બ્રહ્મસૂત્ર, ગીતા અને ઉપનિષદ ઉપરનાં ભાષ્યોમાં એમની અપૂર્વ પ્રતિભાનાં દર્શન થાય છે. 'વિવેક-ચૂડામણિ' જેવા ગ્રંથમાં એમની પ્રતિભાનું બીજું પાસું છતું થાય છે. 'સૌંદર્યલહરી', 'મોહમુદ્ગર', 'સદાશિવ સ્તુતિ' અને અન્ય સ્તોત્રોમાં એમની કોમલ પદાવલિયુક્ત કવિતા મ્હોરી છે. તત્ત્વજ્ઞાની ભાષ્યકાર શંકર અને કવિ શંકર ક્યારેક સ્પર્ધા કરતા હોય એમ લાગે છે. પરન્તુ સઘળું સર્જન કેવળ બિનઅંગત છે. કોઈ ગ્રંથમાં એમના જીવન વિશેની સહેજ પણ માહિતી મળતી નથી. એમના જીવનચરિત્રના અનેક ગ્રંથો રચાયા છે. એ સઘળાં ચરિત્રોમાં આનંદગિરિ રચિત 'શંકર-વિજય' સહુથી વિશેષ પ્રાચીન અને શ્રદ્ધેય ચરિત્ર છે. માધવાચાર્યે પણ 'શંકર જય' નામે જીવનચરિત્ર લખ્યું છે.

આદિ ભારતીય અદ્વૈત તત્ત્વચિંતન અને બૌદ્ધિક પ્રતિભાના બળે ઊર્ધ્વ શિખર પર આરોહણ કરનાર આ શંકરાચાર્ય બત્રીસ વર્ષની વયે ઈ. ૮૨૦માં પોતાની જીવનલીલા સંકેલી લીધી. શંકરનો કેવલાદ્વૈત આજે પણ અજેય છે. વિશ્વના તત્ત્વજ્ઞાનનું એ એક ઉત્તુંગ શિખર છે. □

ઇતિહાસ-ધારા

અશોક હર્ષ

ભારતનાં એક પછી એક રાજ્યને ગળતા જતા અંગ્રેજોએ એમની કુટિલનીતિથી પંજાબનું રાજ્ય પણ ગળી જવાનો પેંતરો રચેલો, પણ પંજાબકેસરી રણજિતસિંહના શૌર્ય, ધૈર્ય અને દીર્ઘદૃષ્ટિ આગળ એમનું કંઈ ઊપજતું નહોતું. તેમણે પોતાના કેટલાય જાસૂસો પંજાબમાં મોકલી આપેલા જે ગામેગામ ફરીને ત્યાંની બાતમી ગુપ્ત રીતે અંગ્રેજ અધિકારીઓને પહોંચાડતા.

એક દિવસ ઍલેક્ઝાન્ડર બર્ન્સ નામનો અંગ્રેજ તેના કેટલાક સાથીઓ સાથે રણજિતસિંહના દરબારમાં આવી પહોંચ્યો. તેની મીઠી-મીઠી વાતો પરથી જ તેના મનનું કપટ કળી જતાં રણજિતસિંહને વાર ન લાગી. બર્ન્સ અને તેના સાથીઓ પંજાબમાં ફરતાંફરતાં તેનાં વિવિધ સ્થાનના નકશાઓ પણ ગુપ્તપણે તૈયાર કર્યે જતા હતા. પોતાની સાથે રણજિતસિંહને ભેટ ધરવા તે પટારા ભરીને અનેક મૂલ્યવાન વસ્તુઓ લેતો આવેલો. એ પાછળ એનો આશય રણજિતસિંહના દરબારમાં કોઈ પણ રીતે પ્રવેશ મેળવવાનો હતો, કારણ તો જ પોતાની કુટિલ જાળ સારા યે પંજાબમાં ફેલાવી શકાય.

રણજિતસિંહે એ બધી ભેટોનો સ્વીકાર કરી બર્ન્સને માનપૂર્વક નજીકના એક આસને બેસાડયો, ત્યાં તે બોલ્યો, 'આપને ભેટ આપવા હું કેટલાક ઉમદા ઘોડા પણ લાવ્યો છું, એમના પર આપ એક વાર નજર નાખી જુઓ એવી મારી વિનંતિ છે.'

રણજિતસિંહ ક્ષણેક વિચાર કરીને ઊઠયા અને દરબાર બરખાસ્ત કરી દીધો. બર્ન્સની મનની મનમાં જ રહી ગઈ અને બળતોપચતો તે કેટલીક વારે પોતાના નિવાસસ્થાને પહોંચ્યો. દરમિયાન મહારાજા રણજિતસિંહ આ વણનોતર્યા પરોણાઓ વિષે વિચાર કરતા રહ્યા.

ત્યાં તો તેમના એક જાસૂસે આવી સમાચાર આપ્યા કે બર્ન્સ અહીં હતો એ દરમિયાન તેના સાથીઓ રાજધાનીનો નકશો ઉતારી રહ્યા હતા. રણજિતસિંહે આ સાંભળી તરત પોતાના મંત્રી હરિસિંહને બોલાવ્યો અને આ નવા અંગ્રેજ પરોણાની હીલચાલ પર કડક જાપ્તો રાખવાનું જણાવતાં કહ્યું, 'અહીં આવવા પાછળ એમનો ઉદ્દેશ આપણા રાજ્યમાં કંઈક નવાજૂની કરવાનો લાગે છે.'

'મહારાજ', હરિસિંહે જવાબ આપ્યો, 'એમણે રાજધાનીમાં પ્રવેશ કર્યો ત્યારથી જ એમની પાછળ જાસૂસો ગોઠવાઈ ગયા છે અને એમની દરેક હીલચાલ પર નજર રાખી રહ્યા છે.'

'પણ બર્ન્સના સાથીઓ રાજધાનીના નકશા ઉતારી રહ્યા છે તે જાણો છો?' રણજિતસિંહે હરિસિંહ તરફ વેધક નજરે જોતાં પૂછયું.

'જી હા, મહારાજ, પરંતુ એમાંનો એકે નકશો તે સાથે લઈ જઈ નહિ શકે, એ બાબતમાં આપ નિશ્ચિંત રહેજો. એટલું જ નહિ, જો મહારાજાની આજ્ઞા હોય તો બર્ન્સ અને તેના સાથીઓને ગુપચુપ ઠાર કરવાની પણ યોજના છે.'

'ના, હરિસિંહ, આપણે સબૂરીથી કામ લેવાનું છે. રાજકાજમાં શક્તિ કરતાં યુક્તિ જ કાર્યસાધક નીવડે છે. બર્ન્સને એવી એકાદ યુક્તિ બતાવો જેથી એનો બધો ગર્વ ગળી જાય'.

'સારું, મહારાજ.' કહી હરિસિંહ ચાલતો થયો.

બીજા જ દિવસે એણે વિશાળ મેદાનમાં એક ભવ્ય શમિયાનો ઊભો કરાવ્યો, અને શીખ સૈનિકોની પરેડ જોવા બર્ન્સને ખાસ આગ્રહભર્યું આમંત્રણ આપ્યું. મહારાજા રણજિતસિંહે બર્ન્સને પોતાની જોડે જ આસન પર બેસાડયો અને થોડી વારે પરેડ શરૂ થઈ. શીખ સૈનિકો રણજિતસિંહને સલામી આપતા શિસ્તબદ્ધ આગળ વધતા ગયા.

હજાર... બે હજાર... પાંચ હજાર! અને છતાં ય સલામીનો ક્યાંય અંત દેખાતો નહોતો. બર્ન્સ તો વિચારમાં પડી ગયો કે રણજિતસિંહ પાસે કેટલું ક સૈન્ય છે? સવારથી શરૂ થયેલી પરેડ બાર વાગવા આવ્યા છતાં હજુ પૂરી થવા નહોતી પામી. બર્ન્સ બેઠોબેઠો કંટાળી ગયો હતો, પરંતુ મહારાજાની આજ્ઞા સિવાય જઈ શી રીતે શકાય?

એમ કરતાં બપોરના ત્રણ વાગતાં બર્ન્સ ઊંચોનીચો થવા લાગ્યો, પણ પરેડનો અંત ક્યાંય દેખાતો નહોતો. સવારના આઠ વાગ્યાથી શરૂ થયેલો એ કાર્યક્રમ સાંજે છેક પાંચ વાગ્યે પૂરો થયો.

બર્ન્સ માંડમાંડ છૂટયો, પણ તેના પેટમાં એ પરેડે જબરો ધ્રાસકો નાખી દીધો—અધધધ! આવડું મોટું ને શિસ્તબદ્ધ શીખ સૈન્ય મહારાજા રણજિતસિંહ ધરાવે છે! એ પછી થોડા જ દિવસમાં તેણે લાહોરની વિદાય લીધી, ને પોતાને પંજાબ મોકલનાર અંગ્રેજ અધિકારીઓને ચોખ્ખું જણાવી દીધું કે મહારાજાના પોતે નજરોનજર જોયેલા શિસ્તબદ્ધ અને કસાયેલા ગંજાવર સૈન્ય સામે અંગ્રેજોની દાળ ગળે તેમ નહોતી.

હકીકતમાં તો હરિસિંહે મહારાજા રણજિતસિંહે સૂચવ્યા મુજબની યુક્તિ જ કામે લગાડી હતી. એકના એક સૈનિકોને એણે સારા ય દિવસ શમિયાના આગળથી પસાર કરેલા, અને બર્ન્સ એમનાં દાઢીમૂછના કારણે એમને ઓળખી ન શકતાં ઠગાઈ જ ગયેલો!

અંગ્રેજોનું શાસન ભારતીયોએ કદી દિલથી સ્વીકાર્યું નહોતું. અને અંગ્રેજો પણ એ હકીકતથી વાકેફ હતા. એ જમાનામાં પટણાનો કમિશનર ટેલર એક રસ્તે થઇને નીકળતાં પુસ્તકોની એક દુકાન પર તેની નજર પડી જેના પર પાટિયું ટીંગાડેલું. 'પીરઅલી લખનૌવાલે'.

ટેલર એ દુકાનમાં ચડી ગયો. દુકાનમાં પુસ્તકો ઉપરાંત કેટલાંક છાપાં પણ હતાં જેમાનું એક હતું 'હરકારા'. ટેલર એ અંગ્રેજ વિરોધી અખબારને જોતાં જ તમતમી ઊઠયો અને પીરઅલીને પૂછયું, 'તમને જિંદગી વધુ ગમે કે મોત?'

'જિંદગી.' પીરઅલીએ તેનો આશય ન સમજતાં જવાબ આપ્યો.

'જો જિંદગી પ્યારી હોય તો કંપની સરકાર વિરુદ્ધ લોકોને ઉશ્કેરતાં આવાં છાપાં વેચવાનું બંધ કરો.'

હકીકતમાં અંગ્રેજો સામેના વિપ્લવની પ્રવૃત્તિનો આ દુકાન ખાસ અડ્ડો હતી. ૧૮૫૭માં મેરઠ અને દિલ્હીની સાથે પટણામાં પણ અંગ્રેજો સામે વિપ્લવ જાગેલો, જેમાં પીરઅલીને જેલમાં પૂરી દઈ તેની ભારે દુર્દશા કરવામાં આવેલી. અંતે લોહી ટપકતા ડીલે એને ફાંસીના માચડા પર લઈ જવામાં આવતો હતો ત્યારે ત્યાં હાજર રહેલા કમિશનર ટેલરે તેને કહ્યું, 'પીરઅલી, હજી તને જિંદગી જોઈતી હોય તો તારા સાથીઓનાં નામ બતાવી દે.'

'ટેલરસાહેબ, ઈન્સાનને કોઈ વખત એવો આવે છે જ્યારે મોત કરતાં જિંદગી વધુ કિંમતી હોય છે, જ્યારે કોઈ વખત એવો પણ આવે છે કે જિંદગી કરતાં મોત અનેકગણું કિંમતી થઈ પડે છે. આ વખત પણ એવો જ છે.'

આવા મક્કમ જવાબ સાથે પીરઅલી ખુશીથી ફાંસીએ લટકી ગયો.

હે ઈશ્વર! તું મને એક હજાર રૂપિયા આપે તો હું વચન આપું છું કે એમાંથી પાંચસો ધર્માદામાં આપી દઈશ. આમ છતાં યે વિશ્વાસ ન પડતો હોય તો મારા પૂરતા પાંચસો આપીશ તો યે હું સ્વીકારી લઈશ.

ꙮ

કહેવાય છે કે પૈસાપાત્રોને સ્વર્ગમાં સ્થાન મેળવવું અત્યંત મુશ્કેલ છે, ગરીબોને મૃત્યુલોકમાં જીવતા રહેવું.

> હાટહાટ હીરા નહિ કંચનકા ન પહાર,
> સિંહનકા ટોલા નહિ સંત વિરલ સંસાર.

સ્વ. નંદશંકર (કરણઘેલાના કર્તા ને સર મનુભાઈના પિતા) અસાધારણ શક્તિવાળા અમલદાર તરીકે સર્વત્ર દીપી નીકળ્યા હતા. નાંદોદમાં ઍડમિનિસ્ટ્રેટરની જગ્યાએ હતા તે વેળા, કહેવાય છે કે, એક લાંબો તુમાર ખોવાઈ ગયેલો તે પોતાની સ્મરણશક્તિને બળે સર્વાંગ સંપૂર્ણ પુનરપિ લખાવી આપેલો. એઓ ધોળકા તાલુકામાં મામલતદાર હતા તે વખતે એક લાઇસન્સ ટૅક્સની એમણે ન્યાયપુરઃસર કરેલી આકારણી કલેક્ટરને ઓછી લાગી, ને નંદશંકરને વધારે આકારણીનું પત્રક બનાવી લાવવાનો હુકમ કર્યો, જવાબમાં નંદશંકરે રાજીનામું આપી દીધું. કલેક્ટર આ હિંમત જોઈ અપ્રસન્ન થયો નહિ.

કહેવતોના અર્થ : 'ઘંટીના સો ફેરા ને ઘંટનો એક.' કોઈ પણ નાના પ્રયત્નને મુકાબલે મોટાનું સામર્થ્ય અથવા મહત્તા બતાવવાને વપરાતી આ કહેવતનો અર્થ પણ એટલો જ સ્પષ્ટ છે.

ગણિત-ગમ્મત

બે એવા અપૂર્ણાંક શોધો કે જેમાં ૦, ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૯ એ દરેક અંકનો માત્ર એક જ વાર ઉપયોગ થયો હોય અને તે બે અપૂર્ણાંકનો સરવાળો ૧ થાય.

જવાબ

$$\frac{૧૪૮}{૨૯૬} + \frac{૩૫}{૭૦} = ૧$$


—સુરેશચંદ્ર ટી. ઠાકર

રૂપાના દાગીના રાખવાની પેટીમાં કપૂર પણ મૂકી રાખજો. તેથી રૂપું કાળું નહિ પડે.

એક ઘનફૂટ એલ્યુમીનિયમનું વજન એક ઘનફૂટ ગ્રેનાઈટ કરતાં વધુ થાય છે.

असतोऽपि भवति गुणवान्
सद्स्योऽपि परं भवन्त्यसद्वृत्ताः।
पंकादुदेति कमलं,
कलमयः कमलादपि भवन्ति॥

અનેકવાર દુષ્ટ પુરુષોમાંથી પણ સજ્જન થઈ શકે છે. અને સારા પુરુષો પણ દુષ્ટ વૃત્તિવાળા થઇ જાય છે. પ્રકૃતિમાં કાદવમાંથી કમળ ફૂલ જન્મે છે, અને તે જ સુંદર કમળમાં કીટ ઉત્પન્ન થાય છે.



કલાકણિકા : ચાર પાયા પર ઊંચી બેઠક અને તેના પર બેસનારની પીઠ ટેકવવા માટેના ટેકણવાળું સાધન તે ખુરશી. સદીઓ જૂના આ રાચમાં દેશ અને કાળ અનુસાર સતત ફેરફારો થતા રહી તેમાં મબલખ વૈવિધ્ય વિકસ્યું છે. કાષ્ઠથી માંડી સંગેમરમર અને સોનારૂપા સાથે મૂલ્યવાન ઝવેરાતનો તેમાં ઉપયોગ થયો છે. રોજિંદા ઘરવપરાશથી માંડી શાસનમાં ઉચ્ચ સ્થાન સુધી તેની પ્રતિષ્ઠા રહી છે અને તેના મોહમાં કાવાદાવાયુક્ત અનેક કથાઓ પણ સરજાઈ છે. દરજ્જાનું એ એક પ્રતીક છે. સ્વાભાવિક રીતે જ તેના શોભન માટે પ્રયત્ન થતા જ રહે; અને તેમાંથી જ તેનું વૈવિધ્ય વિકસ્યું છે. અહીં ઈટાલીની સોળમી સદીની કાષ્ઠની એક ખુરશી દર્શાવી છે. તેની પીઠ, બેઠક અને પાયાના આકાર તથા શોભન તે યુગની ઈટાલીની કળા અને કારીગરીનાં દ્યોતક છે.